



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ



ભગવાન શ્રી જયસેનાચાર્યદેવ

# જ્ઞાનચક્ષુ

(શ્રીસમયસાર ગા. ૩૨૦ જયસેનાચાર્યરચિત ટીકા ઉપર
રાજકોટ તથા સોનગઢમાં થયેલાં
પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પ્રવચનો)



: પ્રકાશક :
**શ્રી દિગંબર જૈન
સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

ભગવાનશ્રી કુંદકુંદ-કહાન જૈનશાસ્ત્રમાળા પુષ્પ—૨૫૨

ॐ

नमः सर्वज्ञाय।

# જ્ઞાનચક્ષુ

(શ્રીસમયસાર ગા. ૩૨૦ જયસેનાચાર્યરચિત ટીકા ઉપર
રાજકોટ તથા સોનગઢમાં થયેલાં
પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પ્રવચનો))

卐

: લેખક :
બ્ર. હરિલાલ જૈન

卐

: પ્રકાશક :
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૦૦ વીર સંવત ૨૦૭૨ ઈ.સ. ૨૦૧૬


જ્ઞાનચક્ષુ (ગુજરાતી)ના
**❀ સ્થાયી પ્રકાશન પુરસ્કર્તા ❀**
**શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
**બોરીવલી–મુંબઈ**

જ્ઞાનચક્ષુ (ગુજરાતી)ના
**❀ કાયમી કિંમત ઘટાડનાર પુરસ્કર્તા ❀**
**શ્રી બોરીવલી દિગંબર જૈન મુમુક્ષુ મંડળ**
**બોરીવલી–મુંબઈ**

**કિંમત ૩૦/–**

મુદ્રક
**સ્મૃતિ ઓફસેટ,**
પ્લોટ નં. ૧૩, કહાનવાડી, અંકુર સ્કૂલ રોડ,
સોનગઢ-૩૬૪૨૫૦

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ✻ શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ ક્હાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!

## પ્રકાશકીય નિવેદન

ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ પ્રણીત સર્વોત્કૃષ્ટ પરમાગમ શ્રી સમયસાર શાસ્ત્રનાં ગાથા ૩૨૦ના (જયસેનાચાર્ય રચિત) તાત્પર્યવૃત્તિ ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં અલૌકિક પ્રવચનો પ્રથમ રાજકોટમાં તથા સોનગઢમાં થયા હતા. તેનું સંકલન આ પુસ્તકમાં કરવામાં આવેલ છે.

જિજ્ઞાસુજીવોના જ્ઞાનચક્ષુ ખોલી નાંખે ને ચૈતન્ય પરમેશ્વરનાં દર્શન કરાવે એવા અલૌકિક પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો આ 'જ્ઞાનચક્ષુ' દ્વારા પ્રગટ થાય છે. ખરેખર જ્ઞાનઅંજન વડે પૂજ્ય ગુરુદેવશ્રીએ આપણાં ચક્ષુ ખોલ્યાં છે.

આ શાસ્ત્ર તે વખતે છપાયેલું હતું. બાદમાં ઘણા વખતથી તે અપ્રાપ્ય હોવાથી અને શાસ્ત્રની માંગણી રહેતાં તે ફરીથી છપાવવાનું ટ્રસ્ટે નક્કી કરેલ છે. આ પ્રવચનોનું સુંદર સંકલન બ્ર. હરિભાઈ જૈન સોનગઢે કરેલ છે. તેમનું તથા આ સંસ્કરણનું મુદ્રણકાર્ય 'સ્મૃતિ ઑફસેટે' સુંદર રીતે કરી આપેલ છે. આ નૂતન પ્રકાશનના શુભાવસરે તે બંને પ્રતિ કૃતજ્ઞતા વ્યક્ત કરીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનાં આત્મલક્ષી હેતુભૂત અધ્યાત્મરહસ્ય ભરપૂર આ સુંદર પ્રવચનો આત્માર્થી જીવોને સાચો મોક્ષમાર્ગ સમજવામાં તેમજ પામવામાં પ્રબળ નિમિત્તભૂત બનો એવી ભાવના ભાવીએ છીએ.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની
૧૨૭મી જન્મજયંતી
તા. ૮-૦૫-૨૦૧૬

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ-૩૬૪૨૫૦

❀

# અનુક્રમણિકા

સમયસાર ગાથા ૩૨૦ તથા તાત્પર્યવૃત્તિ ટીકા ........ ૨-૭
પ્રવચનના પ્રારંભમાં ગુરુદેવશ્રીની પ્રેરણા ........ ૮
જ્ઞાયકસ્વભાવી આત્મા ........ ૯
ક્ષાયિકજ્ઞાન અકારક ને અવેદક છે ........ ૨૪
શુદ્ધદ્રવ્યાર્થિકનયે પારિણામિક-પરમભાવરૂપ જીવનું વર્ણન ........ ૩૭
પાંચ ભાવોમાંથી મોક્ષના કારણનો વિચાર ........ ૬૦
પારિણામિકભાવ : તેમાં શુદ્ધ ને અશુદ્ધ પ્રકાર ........ ૭૦
ભવ્યત્વશક્તિની વ્યક્તિરૂપ મોક્ષમાર્ગના ૩ ભાવો;
તે મોક્ષમાર્ગના બીજા અનેક નામો ........ ૮૩
મોક્ષમાર્ગનાં અનેક નામો (પરમાત્મધ્યાનભાવના—નામમાળા) ........ ૮૭
શુદ્ધદ્રવ્ય અને શુદ્ધપર્યાયના ભિન્ન-અભિન્નપણા બાબત વિચાર ........ ૧૦૪
આત્માના ક્યા ભાવો મોક્ષનું કારણ છે? ........ ૧૨૩
શક્તિરૂપ મોક્ષ....અને....વ્યક્તિરૂપ મોક્ષ ........ ૧૪૨
નિષ્ક્રિયભાવ અને સક્રિયભાવ ........ ૧૪૬
ધ્યેય અને ધ્યાન ........ ૧૫૭
ધર્મી જીવ કોને ભાવે છે ? ........ ૧૬૭
ઉપસંહાર ........ ૧૭૨

✾

# સાધક જીવની દૃષ્ટિ

❀


અધ્યાત્મમાં હંમેશાં નિશ્ચયનય જ મુખ્ય છે; તેના જ આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહારનયથી કથન કરવામાં આવે ત્યાં પણ નિશ્ચયનયને જ મુખ્ય અને વ્યવહારનયને ગૌણ કરવાનો આશય છે—એમ સમજવું; કારણ કે પુરુષાર્થ વડે પોતામાં શુદ્ધપર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશાં નિશ્ચયનય જ આદરણીય છે; તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બન્ને નયો કદી આદરણીય નથી. વ્યવહારનયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ-દ્વેષના વિકલ્પો જ ઊઠે છે.

છયે દ્રવ્યો, તેમના ગુણો અને તેમના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને વ્યવહારનયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહારનયને મુખ્ય કરીને તથા નિશ્ચયનયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચયનયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહારનયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મશાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે—એમ વ્યવહારનયે કહેવામાં–સમજાવવામાં આવે; પણ તે દરેક વખતે નિશ્ચયનય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચયનય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહારનય આદરણીય છે—એમ માનવું તે ભૂલ છે. ત્રણે કાળે એકલા નિશ્ચયનયના આશ્રયે જ ધર્મ પ્રગટે છે એમ સમજવું.

સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ જ કરતા જાય છે, તેથી સાધકદશામાં નિશ્ચયની મુખ્યતાના જોરે સાધકને શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે. એ રીતે નિશ્ચયની મુખ્યતાના જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય-ગૌણપણું હોતું નથી અને નય પણ હોતા નથી.

❀

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



# જ્ઞાનચક્ષુ

(ચક્ષુના દૃષ્ટાંતે અકારક-અવેદક જ્ઞાનસ્વભાવનું વર્ણન)

શ્રી સમયસાર ગા. ૩૨૦
જયસેનાચાર્યરચિત ટીકા ઉપર
પૂજ્ય શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

: લેખક :
બ્ર. હરિલાલ જૈન

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# समयसार गाथा ३२० : तात्पर्यवृत्ति टीका

(અહીં પ્રથમ મૂળ ગાથા, સંસ્કૃત ટીકા અને ગુજરાતી અનુવાદ આપેલ છે, પછી પૃ. ૯ થી પ્રવચનોનો પ્રારંભ થયો છે.)

दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव।
जाणदि य बंधमोक्खं कम्मुदयं णिज्जरं चेव॥३२०॥

(दिट्ठी सयं पि णाणं ને બદલે આત્મખ્યાતિ-ટીકામાં दिट्ठी जहेव णाणं એવો પાઠ છે.)

तमेव अकर्तृत्वभोक्तृत्वभावं विशेषण समर्थयति; [दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव] यथा दृष्टिः कर्त्री दृश्यमग्निरूपं वस्तुसंधुक्षणं पुरुषवन्न करोति तथैव च तप्तायःपिंडवदनुभवरूपेण न वेदयति। तथा शुद्धज्ञानमप्यभेदेन शुद्धज्ञानपरिणत जीवो वा स्वयं शुद्धोपादानरूपेण न करोति न च वेदयति। अथवा पाठांतरं [दिट्ठी खयंपि णाणं] तस्य व्याख्यानं—न केवलं दृष्टिः क्षायिकज्ञानमपि निश्चयेन कर्मणामकारक तथैवावेदकमपि। तथाभूतः सन् किं करोति? [जाणदि य बंधमोक्खं] जानाति च। कौ? बंधमोक्षौ। न केवलं बंधमोक्षौ [कम्मुदयं णिज्जरं चेव] शुभाशुभरूपं कर्मोदयं सविपाकाविपाकरूपेण सकामाकामरूपेण वा द्विधा निर्जरां चैव जानाति इति।

एवं सर्वविशुद्धपारिणामिकपरमभावग्राहकेण शुद्धोपादानभूतेन शुद्धद्रव्यार्थिकनयेन कर्तृत्व-भोक्तृत्व-बंध-मोक्षादिकारणपरिणामशून्यो जीव इति सूचितं। समुदाय-पातनिकायां पश्चाद्गाथाचतुष्टयेन जीवस्याकर्तृत्वगुणव्याख्यानमुख्यत्ववेन सामान्यविवरणं कृतं। पुनरपि गाथाचतुष्टयेन शुद्धस्यापि यत्प्रकृतिभिर्बंधो भवति तदज्ञानस्य माहात्म्यमित्यज्ञान-सामर्थ्यकथनरूपेण विशेषविवरणं कृतं पुनश्च गाथाचतुष्टयेन जीवस्याभोक्तृत्व-गुणव्यारथ्यानमुख्यत्वेन व्याख्यानं कृतं। तदनन्तरं शुद्धनिश्चयेन तस्यैव कर्तृत्वबंधमोक्षादिक-कारणपरिणामवर्जनरूपस्य द्वादशगाथाव्याख्यानस्योपसंहाररूपेण गाथाद्वयं गतं॥ इति समयसारव्याख्यायां शुद्धात्मानुभूतिलक्षणायां तात्पर्यवृत्तौ मोक्षाधिकार संबंधिनी चूलिका समाप्ता। अथवा द्वितीयव्याख्यानेनात्र मोक्षाधिकार समाप्तः।

# સમયસાર ગાથા ૩૨૦ 'તાત્પર્યવૃત્તિ' ટીકાનો ગુજરાતી અનુવાદ

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે !
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

તે જ અકર્તૃત્વભોક્તૃત્વભાવને વિશેષપણે દઢ કરે છે :—

(दिट्ठी सयं पि णाणं अकारयं तह अवेदयं चेव) જેવી રીતે નેત્ર-કર્તા-દશ્ય એવી અગ્નિરૂપ વસ્તુને, સંધુક્ષણ (સંધૂકણ) કરનાર પુરુષની માફક કરતું નથી અને, તપેલા લોખંડના પિંડની માફક, અનુભવરૂપે વેદતું નથી તેવી રીતે શુદ્ધ જ્ઞાન પણ અથવા અભેદથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ પોતે શુદ્ધ-ઉપાદાનરૂપે કરતો નથી અને વેદતો નથી અથવા પાઠાન્તર : 'दिट्ठी खयं पि णाणं' તેનું વ્યાખ્યાન :—માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિક જ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો (શુદ્ધજ્ઞાન પરિણત જીવ) શું કરે છે ? (जाणदि य बंधमोक्खं) જાણે છે કોને ? બંધ-મોક્ષને, માત્ર બંધ-મોક્ષને નહીં. (कम्मुदयं णिज्जरं चेव) શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપે ને સકામ-અકામરૂપે બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.

સર્વવિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધ-ઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષનાં કારણ ને પરિણામથી શૂન્ય છે એમ સમુદાયપાતનિકામાં કહેવામાં આવ્યું હતું. પછી ચાર ગાથા દ્વારા જીવનું અકર્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી સામાન્ય વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા 'શુદ્ધને પણ જે પ્રકૃતિ સાથે બંધ થાય છે તે અજ્ઞાનનું માહાત્મ્ય છે' એમ અજ્ઞાનનું સામર્થ્ય કહેવારૂપે વિશેષ વિવરણ કરવામાં આવ્યું. ત્યાર પછી ચાર ગાથા દ્વારા જીવનું અભોક્તૃત્વગુણના વ્યાખ્યાનની મુખ્યતાથી વ્યાખ્યાન કરવામાં આવ્યું. ત્યારપછી બે ગાથા કહેવામાં આવી જેના દ્વારા, પૂર્વે બાર ગાથામાં શુદ્ધ નિશ્ચયથી કર્તૃત્વભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષના કારણ ને પરિણામના અભાવરૂપ જે વ્યાખ્યાન કરવામાં આવ્યું હતું તેનો જ ઉપસંહાર કરવામાં આવ્યો. આ રીતે સમયસારની શુદ્ધાત્માનુભૂતિલક્ષણ 'તાત્પર્યવૃત્તિ' નામની ટીકામાં મોક્ષાધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ. અથવા બીજી રીતે વ્યાખ્યાન કરતાં, અહીં મોક્ષાધિકાર સમાપ્ત થયો.

किं च विशेषः—औपशमिकादिपंचभावानां मध्ये केन भावेन मोक्षो भवतीति विचार्यते। तत्रौपशमिकक्षायोपशमिकक्षायिकौदयिकभावचतुष्टयं पर्यायरूपं भवति, शुद्धपारिणामिकस्तु द्रव्यरूप इति। तच्च परस्परसापेक्षं द्रव्यपर्यायद्वयात्मा पदार्थो भण्यते।

तत्र तावज्जीवत्वभव्यत्वाभव्यत्वत्रिविधपरिणामिकभावमध्ये शुद्धजीवत्व शक्तिलक्षणं यत्पारिणामिकत्वं तच्छुद्धद्रव्यार्थिकनयाश्रितत्वान्निरावरणं शुद्धपारिणामिक-भावसंज्ञं ज्ञातव्यं तत्तु बंधमोक्षपर्यायपरिणतिरहितं। यत्पुनर्दशप्राणरूपंजीवत्वं भव्याभव्यत्वद्वयं तत्पर्यायार्थिकनयाश्रितत्वादशुद्धपारिणामिकभावसंज्ञमिति। कथमशुद्धमिति चेत्, संसारिणां शुद्धनयेन सिद्धानां तु सर्वथैव दशप्राणरूप जीवत्व-भव्याभव्यत्वद्वयाभावादिति।

तत्र त्रयस्य मध्ये भव्यत्वलक्षणपारिणामिकस्यतु यथासंभवं सम्यक्त्वादिजीवगुणघातकं देशघातिसर्वघातिसंज्ञं मोहादिकर्मसामान्यं पर्यायर्थिकनयेन प्रच्छादकं भवति इति विज्ञेयं। तत्र च यदा कालादिलब्धिवशेन भव्यत्वशक्तर्व्यक्तिभवति तदायं जीवः सहजशुद्धपारिणामिकभावलक्षणनिजपरमात्म-द्रव्यसम्यक्श्रद्धानज्ञानानुचरणपर्यायेण परिणमति। तच्च परिणमनमागम-भाषयौपशमिकक्षायोपशमिकं भावत्रयं भण्यते। अध्यात्मभाषया पुनः शुद्धात्माभिमुखपरिणामः शुद्धोपयोग इत्यादि पर्यायसंज्ञां लभते।

स च पर्यायः शुद्धपारिणामिकभावलक्षणशुद्धात्मद्रव्यात्कथंचिद्भिन्नः। कस्मात्? भावनारूपत्वात्। शुद्धपारिणामिकस्तु भावनारूपो न भवति। यद्यकांतेन

વળી વિશેષ કહેવામાં આવે છે :—

ઔપશમિકાદિ પાંચ ભાવોમાં ક્યા ભાવથી મોક્ષ થાય છે તે વિચારવામાં આવે છે.

ત્યાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે અને શુદ્ધ પારિણામિક (ભાવ) દ્રવ્યરૂપ છે. એ પરસ્પર સાપેક્ષ એવું દ્રવ્યપર્યાયદ્વય (દ્રવ્ય અને પર્યાયનું જોડકું) તે આત્મા-પદાર્થ છે.

ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિક ભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને 'શુદ્ધપારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધમોક્ષપર્યાયપરિણતિ રહિત છે. પરંતુ જે દશપ્રાણરૂપ જીવત્વ અને ભવ્યત્વ-અભવ્યત્વદ્વય તે પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધપારિણામિકભાવ' સંજ્ઞાવાળાં છે. પ્રશ્ન :—'અશુદ્ધ' કેમ ? ઉત્તર :— સંસારીઓને શુદ્ધનયથી અને સિદ્ધોને તો સર્વથા જ દશપ્રાણરૂપ જીવત્વનો અને ભવ્યત્વ-અભવ્યત્વનો અભાવ હોવાથી.

તે ત્રણમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક 'દેશઘાતિ' અને 'સર્વઘાતિ' એવાં નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાય પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી 'ઔપશમિક', 'ક્ષાયોપશમિક' તથા 'ક્ષાયિક' એવા ભાવત્રય કહેવાય છે, અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઇત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.

તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. શા માટે ? ભાવનારૂપ હોવાથી, શુદ્ધપારિણામિક (ભાવ) તો ભાવનારૂપ નથી. જો (તે પર્યાય) એકાંતે શુદ્ધ-પારિણામિકથી અભિન્ન હોય, તો મોક્ષનો પ્રસંગ બનતાં આ ભાવનારૂપ મોક્ષકારણભૂત (પર્યાય)નો વિનાશ થતાં શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે. પણ એમ તો બનતું નથી (કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે.)

शुद्धपारिणामिकादभिन्नो भवति तदास्य भावनारूपस्य मोक्षकारणभूतस्य मोक्षप्रस्तावे विनाशे जाते सति शुद्धपारिणामिकभावस्यापि विनाशः प्राप्नोति; न च तथा।

ततः स्थितं—शुद्धपारिणामिकभावविषये या भावना तद्रूपं यदौपशमिकादि-भावत्रयं तत्समस्तरागादिरहितत्वेन शुद्धोपादानकारणत्वात् मोक्षकारणं भवति, न च शुद्धपारिणामिकः।

यस्तु शक्तिरूपो मोक्षः स शुद्धपारिणामिकपूर्वमेव तिष्ठति। अयं तु व्यक्तिरूप मोक्षविचारो वर्तते।

तथा चोक्त सिद्धान्ते—'निष्क्रियः शुद्धपारिणामिकः' निष्क्रिय इति कोऽर्थः? बंधकारणभूता या क्रिया रागादिपरिणतिः तद्रूपो न भवति, मोक्षकारणभूता च क्रिया शुद्धभावनापरिणतिस्तद्रूपश्च न भवति। ततो ज्ञायते शुद्धपारिणामिकभावो ध्येयरूपो भवति ध्यानरूपो न भवति। कस्मात्? ध्यानस्य विनश्वरत्वात्। तथा योगीन्द्रदेवैप्युक्तं—णवि उपज्जई णवि मरई बंध ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ।।

किंच विवक्षितैकदेशशुद्धनयाश्रितेयं भावना निर्विकारस्वसंवेदनलक्षण-क्षायोपशमिकन्यत्वेन यद्यप्येकदेशव्यक्तिरूपा भवति तथापि ध्यातापुरुषः यदेव सकल निरावरणमखंडैकप्रत्यक्षप्रतिभासमयविनश्वरं शुद्धपारिणामकिपरमभावलक्षणं निजपरमात्मद्रव्यं तदेवाहमिति भावयति, न च खंडज्ञानरूपमिति भावार्थः।

इदं तु व्याख्यानं परस्परसापेक्षागमाध्यात्मनयद्वयाभिप्रायस्यानिरोनैव कथितं सिद्धयतीति ज्ञातव्यं विवेकिभिः।।३२०।।

માટે આમ ઠર્યું :—શુદ્ધપારિણામિકભાવવિષયક (શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી) જે ભાવના તે-રૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો તેઓ સમસ્ત રાગાદિથી રહિત હોવાને લીધે શુદ્ધ-ઉપાદાન કારણભૂત હોવાથી મોક્ષકારણ (મોક્ષનાં કારણ) છે, પરંતુ શુદ્ધપારિણામિક નહીં (અર્થાત્ શુદ્ધપારિણામિકભાવ મોક્ષનું કારણ નથી).

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

એવી જ રીતે સિદ્ધાંતમાં કહ્યું છે કે '**निष्क्रियः शुद्धपारिणामिकः**' અર્થાત્ શુદ્ધપારિણામિક (ભાવ) નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે ? (શુદ્ધપારિણામિક ભાવ) બંધના કારણભૂત જે ક્રિયા—રાગાદિપરિણતિ, તે-રૂપ નથી અને મોક્ષના કારણભૂત જે ક્રિયા-શુદ્ધભાવનાપરિણતિ, તે-રૂપ પણ નથી. માટે એમ જાણવામાં આવે છે કે શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. શા માટે ? કારણ કે ધ્યાન વિનશ્વર છે. (અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે). શ્રી યોગીન્દ્રદેવે પણ કહ્યું છે કે '**ण वि उपज्जइ ण वि मरइ बंधु ण मोक्खु करेइ। जिउ परमत्थे जोइया जिणवर एउ भणेइ॥**' (અર્થાત્ હે યોગી ! પરમાર્થે જીવ ઊપજતો પણ નથી, મરતો પણ નથી અને બંધ-મોક્ષ કરતો નથી—એમ શ્રી જિનવર કહે છે.)

વળી તે સ્પષ્ટ કરવામાં આવે છે :—વિવક્ષિત-એકદેશશુદ્ધનયાશ્રિત આ ભાવના (અર્થાત્ કહેવા ધારેલી આંશિક શુદ્ધિરૂપ આ પરિણતિ) નિર્વિકાર-સ્વસંવેદનલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી જોકે એકદેશ વ્યક્તિરૂપ છે તોપણ ધ્યાતા પુરુષ એમ ભાવે છે કે 'જે સકલનિરાવરણ-અખંડ-એક-પ્રત્યક્ષપ્રતિભાસમય-અવિનશ્વર-શુદ્ધપારિણામિકભાવલક્ષણનિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું', પરંતુ એમ ભાવતો નથી કે 'ખંડજ્ઞાનરૂપ હું છું.'—આમ ભાવાર્થ છે.

આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના તેમ જ નયદ્વયના (દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિકનયના) અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું હોવાથી સિદ્ધ છે (—નિર્બાધ છે) એમ વિવેકીઓએ જાણવું.

(અનુવાદક : પં. શ્રી હિંમતલાલ જે. શાહ)



પ્રવચનના પ્રારંભમાં જ પ્રમોદપૂર્વક ગુરુદેવ કહે છે કે--જુઓ ભાઈ ! આત્માના સ્વભાવની આ વાત ઝીણી છે;—ઝીણી છે પણ મહા કલ્યાણકારી છે, માટે સમજવામાં વિશેષ ધ્યાન રાખવું; પરંતુ ઝીણી છે માટે નહિ સમજાય એમ ન માની લેવું આ વાત મારા સ્વભાવની છે ને મારે સમજવા જેવી જ છે—એમ તેનો મહિમા લાવીને અંતરના પ્રયત્નથી સમજવું. જીવોને સમજવા માટે તો આચાર્યદેવે આ વાત કીધી છે, માટે તે સમજી શકાય ને અનુભવમાં લઈ શકાય એવી છે.

આ ગાથા ઉપર જયસેનાચાર્યની ટીકા વ્યાખ્યાનમાં પહેલી જ વાર વંચાય છે. ઝીણું લાગે તો વિશેષ લક્ષ રાખીને સમજવું.

# જ્ઞાયકસ્વભાવી આત્મા

પરભાવોથી ભિન્ન એવા જ્ઞાયકસ્વભાવી આત્માનું સ્વરૂપ બતાવતાં ગુરુદેવશ્રી કહે છે કે અહો! જ્ઞાતાદષ્ટાસ્વભાવરૂપી આંખ, તેમાં રાગના કર્તૃત્વરૂપી અગ્નિનો કણિયો કેમ સમાય? જ્ઞાનચક્ષુ રાગને કેમ કરે?

અહીં જ્ઞાયકસ્વભાવી આત્મા પરનો ને રાગાદિનો અકર્તા-અભોક્તા છે—તે વાત સમજાવે છે. જ્ઞાનસ્વભાવી આત્મા છે તે પોતાના જ્ઞાનભાવથી ભિન્ન અન્ય ભાવોનો કર્તા-ભોક્તા નથી. શરીર-મન-વાણી-કર્મ વગેરે જડ પદાર્થોને તો આત્મા કદી કરે નહીં ને તેને ભોગવે પણ નહીં. તેને હું કરું—હું ભોગવું એમ અજ્ઞાનથી જ જીવ માને છે, પણ તેને કરતો કે ભોગવતો નથી. પુણ્ય-પાપ જે તેનું સ્વરૂપ નથી તેને પણ જ્ઞાનભાવે આત્મા કરતો કે ભોગવતો નથી, માત્ર જાણે જ છે. સર્વવિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મા તે પોતાથી ભિન્ન ભાવોનો કરનાર કે ભોગવનાર નથી, તે-રૂપે થનાર નથી. કર્મોની બંધ-મોક્ષરૂપ અવસ્થાનો કર્તા આત્મા નથી, આત્મા તો જ્ઞાતાભાવમાત્ર છે. તેનું જ્ઞાન પર પદાર્થોને તો કરતું—વેદતું નથી, ને વ્યવહારસંબંધી રાગાદિ વિકલ્પો તેને પણ તે કરતું—ભોગવતું નથી. આવા સહજ જ્ઞાનસ્વરૂપ આત્માને શ્રદ્ધામાં—જ્ઞાનમાં-અનુભવમાં લેવો તે ધર્મ છે. આવા આનંદમૂર્તિ આત્માના જ્ઞાનસ્વભાવમાં અકર્તા-અભોક્તાપણું ક્યા પ્રકારે છે તે અહીં વિશેષ સમજાવશે; તથા તેના ઉપશમાદિ પાંચ ભાવોમાંથી મોક્ષના કારણ રૂપ ભાવો ક્યા છે તે પણ સમજાવશે.

અજ્ઞાનને લીધે જીવ ચાર ગતિમાં રખડીને દુઃખી થઈ રહ્યો છે; તે દુઃખથી છૂટકારો કેમ થાય ને પરમ સુખનો અનુભવ કેમ પ્રગટે?—કે પોતાનો સાચો સ્વભાવ જાણ્યે—અનુભવ્યે સુખ પ્રગટે ને દુઃખથી મુક્તિ થાય. રાગાદિ કાર્યોને તથા દેહાદિ પરનાં કાર્યોને પોતાનાં માનીને, અને પોતાના જ્ઞાનસ્વરૂપને ભૂલીને ભ્રમણાથી જીવ ચાર ગતિમાં ભમી રહ્યો છે, તેનાથી છૂટવા જ્ઞાનસ્વભાવી આત્મા જેવો છે તેવો જાણવો જોઈએ. તે માટે વીતરાગી સંતોએ અલૌકિક રીતે તેનું સ્વરૂપ સમજાવ્યું છે.

## જ્ઞાનચક્ષુના દૃષ્ટાંતે આત્માના જ્ઞાયકસ્વભાવની સમજણ

આત્માનું સ્વરૂપ એવું નથી કે દેહાદિની ક્રિયાને કે કર્મના ઉદયાદિને કરે; જ્ઞાનસ્વરૂપ આત્મા વિશુદ્ધ જ્ઞાયકભાવમાત્ર છે, તેનું જ્ઞાન પરજ્ઞેયોને કરતું નથી કે ભોગવતું નથી. આંખનું દૃષ્ટાંત આપીને આચાર્યદેવ તે વાત સમજાવે છે—

જ્યમ નેત્ર, તેમ જ જ્ઞાન નથી કારક, નથી વેદક અરે!
જાણે જ કર્મોદય, નિરજરા, બંધ તેમ જ મોક્ષને. ૩૨૦

જેમ નેત્ર એટલે કે આંખ, તે અગ્નિને દેખે છે પણ તેને તે કરતી નથી, ને અગ્નિને તે વેદતી પણ નથી, તેમ જ્ઞાન પણ આંખની માફક કર્મને કે રાગાદિને જાણે જ છે, પણ તેને પોતે કરતું કે વેદતું નથી. જ્ઞાનમાં વિકારનું કે જડનું વેદન નથી. દર્શન ને જ્ઞાન તે ભગવાન આત્માનાં ચક્ષુ છે; તે દર્શન–જ્ઞાનચક્ષુ શરીરને કે રાગાદિ વિકલ્પોને કરતા નથી. જેમ આંખ વડે અગ્નિ સળગે નહિ તેમ જ્ઞાનભાવ વડે પરનાં કે રાગનાં કામ થાય નહિ; જેમ સંધુકણ એટલે કે બળતણ તે અગ્નિનું કર્તા છે, ને અગ્નિથી તપ્ત લોખંડનો ગોળો તે અગ્નિની ઉષ્ણતાનો વેદનાર છે, એ રીતે તેમને અગ્નિનું કર્તા-ભોક્તાપણું છે, પણ તે બંનેને જોનારી દૃષ્ટિ (આંખ) તે તો કાંઈ અગ્નિને કરતી કે ભોગવતી નથી. આંખ જો અગ્નિને વેદે તો પોતે દાઝી જાય. તેમ શુદ્ધ જ્ઞાન પણ રાગાદિ ભાવોને કે કર્મની બંધ-મુક્ત અવસ્થાને કરતું કે વેદતું નથી, એટલે તે અકર્તા ને અભોક્તા છે. આંખ જો અગ્નિને કરે તો તે પોતે અગ્નિરૂપ થઈને બળી જાય; તેમ જ્ઞાનચક્ષુ જો રાગાદિ કષાય-અગ્નિને કરે તો તે જ્ઞાન પોતે જ રાગ થઈ જાય. પણ શુદ્ધ જ્ઞાન તો જ્ઞાન જ છે, તેમાં રાગાદિનું કર્તા-ભોક્તાપણું નથી.

અહીં 'શુદ્ધજ્ઞાન'ને જેમ અકર્તા ને અભોક્તા કહ્યું તેમ અભેદદૃષ્ટિથી કહીએ તો 'શુદ્ધજ્ઞાનપરિણતિરૂપે પરિણમેલો જીવ' તે પણ રાગાદિનો અકર્તા ને અભોક્તા છે, તે પોતે શુદ્ધ ઉપાદાનરૂપે તેને કરતો ભોગવતો નથી. શુદ્ધજ્ઞાન પરિણત ધર્મી જીવ તે કર્મનો કે વિકારનો કર્તા નથી, ભોક્તા નથી; તેમાં તન્મય થઈને પોતે તે-રૂપે પરિણમતો નથી, પણ દૃષ્ટિની માફક જ્ઞાતા જ રહે છે. આવા જ્ઞાનભાવરૂપ પરિણમન તે ધર્મ છે. શુદ્ધજીવ શુદ્ધઉપાદાનરૂપ થઈને અશુદ્ધ એવા રાગાદિ વ્યવહારભાવોને કરતો નથી. શુદ્ધજ્ઞાનરૂપ પરિણમેલો જ્ઞાનીજીવ અશુદ્ધભાવમાં તન્મય થતો નથી, એટલે તેને કરતો કે ભોગવતો નથી. આ રીતે અકર્તા-અભોક્તા એવું શુદ્ધસ્વરૂપ સમજતાં આત્માને ધર્મ થાય છે. આવું સ્વરૂપ સમજી પોતાના જ્ઞાતાદૃષ્ટાસ્વભાવની સન્મુખ થઈને રાગાદિના અકર્તા-અભોક્તાપણે પરિણમવું તે વીતરાગદેવે કહેલો મોક્ષમાર્ગ છે.

અહો, જ્ઞાતાદૃષ્ટાસ્વભાવરૂપી આંખ, તેમાં રાગના કર્તૃત્વરૂપી અગ્નિનો કણિયો સમાય તેમ નથી; શું આંખમાં તણખો સમાય? ન સમાય. શુભ-અશુભ રાગ તે તો આગસમાન છે, તે જ્ઞાનચક્ષુમાં કેમ સમાય? જ્ઞાનચક્ષુ તેને કેમ કરે? ને તેને કેમ ભોગવે? તે તો તેનાથી ભિન્ન રહીને તેને માત્ર જાણે છે.

જેમ સંધૂકણ વડે અગ્નિ સળગાવવાની ક્રિયા આંખ નથી કરતી. આંખ તો તેને જાણે જ છે, તેમ જ્ઞેયપદાર્થોની ક્રિયાને આત્મા કરતો નથી, તે તો તેને જાણે જ છે; પુણ્ય-પાપ પણ જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાન તેને જાણે જ છે પણ તેને કરતું નથી. જો જ્ઞાન પોતે પુણ્ય-પાપને કરે તો જ્ઞાન પોતે પુણ્ય-પાપ થઈ જાય, જુદું ન રહે;–જેમ અગ્નિને આંખ પોતે સળગાવે તો આંખ પણ સળગી જાય. જેમ જ્ઞાનસ્વભાવી આત્મા પરનો કે રાગાદિનો કર્તા નથી તેમ તે તેનો ભોક્તા પણ નથી. આવો એનો સ્વભાવ છે. આવા આત્મસ્વભાવને શ્રદ્ધા-જ્ઞાન-અનુભવમાં લેવો તે મોક્ષનું કારણ છે.

આ તો બહારની આંખ દેખાય છે તે તો પુદ્‌ગલની રચના છે; આત્મા તો જ્ઞાનનેત્રવાળો છે. નેત્ર પોતાથી બહારની વસ્તુઓને આઘીપાછી કરતું નથી, તેમ જગતનો દ્રષ્ટા એવો આત્મા દશ્યપદાર્થોમાં કોઈને આઘુંપાછું કરતો નથી, પોતે પોતામાં રહીને વિશ્વને દેખે જ છે. રાગ પણ જ્ઞાનથી ભિન્ન વસ્તુ છે, બંનેનું સ્વરૂપ જુદું છે; જો જુદું ન હોય તો જ્ઞાનની જેમ રાગ વગર આત્મા જીવી શકે નહીં; પણ સિદ્ધભગવંતો સદાય રાગ વગર જ ચૈતન્યપ્રાણથી જીવે છે. માટે રાગ અને જ્ઞાન એક વસ્તુ નથી; તેથી રાગનું કાર્ય જ્ઞાનમાં નથી; જ્ઞાન રાગનું કર્તા નથી.

## પોતાનું સ્વરૂપ સૂઝ પડે તેવું છે.

અહો, આ તો ભેદજ્ઞાન કરીને આત્માનો સ્વભાવ દેખાડે છે. ભાઈ, તારે તારા આત્માને આ ભવભ્રમણથી છોડાવવા માટેની રીત સંતો તને સમજાવે છે તારા ચૈતન્યસ્વરૂપને ભૂલીને, પરના કર્તૃત્વની મિથ્યાબુદ્ધિથી તું અનંતકાળ દુઃખી થયો; તેનાથી હવે છૂટવા માટે આ તારા સાચા સ્વરૂપની વાત છે. આ પોતાનું સ્વરૂપ છે–એટલે સૂઝ પડે એવું છે; અભ્યાસ ન હોય તેથી અઘરું લાગે પણ રુચિપૂર્વક પ્રયત્ન કરતાં બધી સૂઝ પડે તેવું છે. પોતાનું સ્વરૂપ પોતાને કેમ ન સમજાય?

## આત્મા કેવો છે? અરિહંતોનો અપૂર્વ માર્ગ

તારો આત્મા કેવો છે?–શાંત-શીતલ અકષાયસ્વરૂપ જ્ઞાતાદ્રષ્ટા આત્મા છે. શાંતરસથી ભરેલું જ્ઞાન, તે કષાયોનું અકર્તા-અભોક્તા જ છે. આત્માનો દ્રવ્ય સ્વભાવ તો ત્રિકાળ આવો છે જ, ને તેનું ભાન થતાં જે શુદ્ધ જ્ઞાનપર્યાય પ્રગટીને આત્મા સાથે અભેદ થઈ તે પર્યાયમાં પણ રાગાદિનું કર્તા-ભોક્તાપણું નથી. રાગની શુભવૃત્તિ ઊઠે તેનું કર્તાભોક્તાપણું જ્ઞાનીના જ્ઞાનમાં નથી, કેમકે તે શુભવૃત્તિ સાથે તેનું જ્ઞાન એકમેક થતું નથી પણ જુદું જ પરિણમે છે. અરે, રાગ તો જ્ઞાનથી વિરુદ્ધ ભાવ છે, રાગમાં તો

આકુળતારૂપ અગ્નિ છે, ને જ્ઞાન તો શાંતરસમાં તરબોળ છે; જ્ઞાનથી વિરુદ્ધ એવા રાગવડે મોક્ષમાર્ગ થવાનું માનવું તે તો દુશ્મન વડે લાભ માનવા જેવું છે. ભાઈ, રાગમાં જ્ઞાન કદી તન્મય થતું નથી, તો તે જ્ઞાન રાગનું સાધન કેમ થાય? ને રાગને તે પોતાનું સાધન કેમ બનાવે? અહો, અરિહંતોનો અપૂર્વ માર્ગ છે, તેમાં રાગની અપેક્ષા જ ક્યાં છે? એકલા અંતર્સ્વભાવનો માર્ગ....બીજા બધાયથી નિરપેક્ષ છે.

સંધૂકણ સળગીને અગ્નિ થાય છે ત્યાં આંખ કાંઈ તેને કરતી નથી, આંખ તો દેખે જ છે. અગ્નિની મોટી લોને જોતાં આંખ ઊની થઈ જતી નથી. અહીં બહારની આંખનું દૃષ્ટાંત આપીને અંતરનો જ્ઞાનસ્વભાવ સમજાવવો છે; સિદ્ધાંત સમજી લ્યે તેને માટે દૃષ્ટાંત કહેવાય. પણ દાખલાને જ પકડીને અટકી જાય તો એકલા દાખલાથી કાંઈ પાર પડે તેવું નથી; અંદરની વસ્તુને લક્ષમાં લ્યે ત્યારે જ સાચો ખ્યાલ આવે. આમ તો જગતમાં કોઈ દ્રવ્ય બીજા દ્રવ્યની ક્રિયા કરતું નથી, પણ અહીં તો અત્યારે આત્માના જ્ઞાયકસ્વભાવની વાત સમજાવવી છે. જેમ આંખ બહારના પદાર્થોથી દૂર રહીને દેખે છે પણ તેને કરતી નથી; તેમ આત્માના જ્ઞાનસ્વભાવથી રાગ દૂર છે—ભિન્ન છે—અન્ય છે. તે રાગને કે શરીરાદિની ક્રિયાને કરે એવું આત્માના જ્ઞાનમાં નથી. અજ્ઞાનમાં રાગાદિનું કર્તૃત્વ છે, પણ પરનું કર્તૃત્વ તો અજ્ઞાનમાંય નથી. અજ્ઞાની મિથ્યાબુદ્ધિથી (શકટનો ભાર જેમ શ્વાન ખેંચે—તેમ) પરનું કર્તૃત્વ માને છે. પણ બાપુ! આંખની જેમ જ્ઞાન જગતને જાણે ખરું પણ જગતનાં કામને કરે નહિ; આંખથી અગ્નિ સળગાવાય નહિ તેમ આત્માથી જગતનાં કામ થાય નહિ.

જગતના બધાય પદાર્થો સ્વતંત્ર પોતપોતાની શક્તિરૂપ ઐશ્વર્યવાળા ઈશ્વર છે, તે પોતે પોતાનાં કામ કરનાર છે; તેના અધિકારમાં વચ્ચે બીજો કોઈ ભ્રમણાથી તેનો ઈશ્વર થવા જાય—એટલે કે તેનો કર્તા થવાનું માને તો તે મિથ્યાત્વરૂપ ભ્રમણાથી તે પોતે દુઃખી થાય છે. અજ્ઞાની પોતામાં ભ્રમણા ભલે કરે છતાં પરનાં કામ કરી તો શકતો નથી. અરે, તું જ્ઞાન! જ્ઞાનમાં તો જડનાં કે રાગનાં કામ કેમ હોય? અહીં તો હજી જીવમાં પણ એના પાંચ ભાવોનું સૂક્ષ્મ સ્વરૂપ સમજાવશે, ને તેમાંથી મોક્ષનું કારણ કયા ભાવ છે તે બતાવશે.

## પરભાવને કરે તે 'સાચો આત્મા' નહિ

ભાઈ, આવા તારા સત્ય સ્વરૂપને તું જાણ! તારું સાચું સ્વરૂપ તો જ્ઞાનમય છે, રાગમાં કાંઈ તારું સત્પણું નથી. રાગથી લાભ માનવા જઈશ તો તારા સત્માં છેતરાઈ જઈશ. તારા સત્માં તો જ્ઞાન-આનંદ ભર્યો છે, જાણવારૂપ જ્ઞાનભાવમાં તારી સત્તા છે.

અનંત ગુણોથી અભેદ તારો આત્મા, તે જ્યાં ગુણભેદના વિકલ્પ વડેય અનુભવમાં નથી આવતો, ત્યાં રાગાદિનું કર્તાભોક્તાપણું તેના અનુભવમાં કેવું? ઠંડી બરફની પાટ જેવી જે શીતળ ચૈતન્યશીલા, તેમાંથી રાગાદિ વિકલ્પોરૂપી અગ્નિ કેમ નીકળે? જેમાં જે તન્મય હોય તેને જ તે કરી કે ભોગવી શકે. પણ જેનાથી જે ભિન્ન હોય તે તેને કરી કે વેદી શકે નહિ. જ્ઞાન સિવાય બીજા ભાવોને કરે કે વેદે તે સાચો આત્મા નહિ, રાગાદિ પરભાવોનું કર્તૃત્વ દેખનારને સાચો આત્મા દેખાતો નથી. દ્રવ્યસ્વભાવમાં રાગ-દ્વેષાદિ નથી એટલે તે સ્વભાવને જોનારી જ્ઞાનદૃષ્ટિમાં પણ રાગદ્વેષનું-કર્તાભોક્તાપણું નથી. રાગદ્વેષની ઉત્પત્તિ જ્ઞાનમાંથી થતી નથી. રાગ અને જ્ઞાન ત્રિકાળ ભિન્ન છે—આવું અપૂર્વ ભેદજ્ઞાન આનંદથી ભરેલું છે ને તે જન્મ-મરણના અંતનો ઉપાય છે.

## જ્ઞાનચેતનારૂપે પરિણમતા જ્ઞાની મુક્ત છે

ભાઈ, તું જ્ઞાન છો; તારો જ્ઞાનસ્વભાવ કેવો છે તેને તું ઓળખ. 'સર્વવિશુદ્ધ જ્ઞાન' એટલે રાગાદિ વગરનું શુદ્ધ જ્ઞાન, તેનું સ્વરૂપ સમજાવતાં આચાર્યદેવે કહ્યું કે આત્મા જ્યાં સુધી રાગ અને જ્ઞાનનું ભેદજ્ઞાન કરતો નથી ને અજ્ઞાનભાવથી કર્મ તથા કર્મફળના કર્તા-ભોક્તાપણામાં લીન વર્તે છે ત્યાં સુધી તે મિથ્યાદૃષ્ટિ—સંસારી છે. અને જ્યારે ભેદજ્ઞાન કરીને જ્ઞાયક-દર્શકભાવરૂપે પરિણમે છે ત્યારે તે 'મુક્ત' છે, તે કર્મને કે તેના ફળને કરતો—ભોગવતો નથી; કર્મચેતના કે કર્મફળચેતના એ બંનેથી રહિત એવી પોતાની જ્ઞાનચેતનારૂપે પરિણમે છે. જ્ઞાનચેતના કહો કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, તે-રૂપે જે જીવ પરિણમ્યો તે મુક્ત જ છે. પરભાવોનું કર્તા-ભોક્તાપણું અજ્ઞાનમાં હતું, જ્ઞાનમાં તેનો અભાવ છે. આચાર્યદેવ કહે છે કે—આમ જાણીને હે જીવો! હે આત્મબુદ્ધિવાળા પ્રવીણ પુરુષો! તમે અજ્ઞાનીપણાને છોડો. ને શુદ્ધ એક આત્મામય જ્ઞાનતેજમાં નિશ્ચલ થઈને જ્ઞાનીપણાને સેવો.

જ્ઞાનીની 'જ્ઞાનચેતના'નું સ્વરૂપ કોઈ અદ્‌ભુત છે! તે કર્મચેતનાથી રહિત હોવાથી અકર્તા છે, ને કર્મફળચેતનાથી રહિત હોવાથી અભોક્તા છે. આ રીતે જ્ઞાનચેતનાવંત જ્ઞાની કર્મને કરતા કે ભોગવતા નથી. એકલી જ્ઞાનચેતનામય હોવાથી તે કેવળ જ્ઞાતા જ છે. એટલે શુભ-અશુભ કર્મબંધને તથા કર્મફળને કેવળ જાણે જ છે. આ રીતે જ્ઞાનસ્વભાવમાં જ નિશ્ચલ હોવાથી 'स हि मुक्त एव.'

એ પ્રમાણે જ્ઞાનીની જ્ઞાનચેતનામાં કર્મનું અકર્તાપણું ને અવેદકપણું બતાવીને આ ૩૨૦મી ગાથામાં તે વાત દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે. 'જ્ઞાનનું સ્વરૂપ' સમજાવતા આચાર્યદેવે

દૃષ્ટિનું દૃષ્ટાંત આપ્યું. જેમ દૃષ્ટિ એટલે કે આંખ બાહ્ય પદાર્થોને કરતી-ભોગવતી નથી; જેમ અગ્નિના સંસર્ગમાં રહેલો લોખંડનો ગોળો પોતે ઉષ્ણ થઈને અગ્નિની ઉષ્ણતાને અનુભવે છે (એટલે કે પોતે ઉષ્ણ થાય છે) પણ તેને જોનારી દૃષ્ટિ (આંખ) કાંઈ ઉની થતી નથી, કેમકે તેને અગ્નિ સાથે સંસર્ગ નથી—એકતા નથી; આ સૌને દેખાય એવું દૃષ્ટાંત છે. તેમ (આંખની માફક) શુદ્ધજ્ઞાન પણ કાંઈ પરદ્રવ્યને કે રાગાદિને ભોગવતું નથી, તે જ્ઞાન રાગના સંસર્ગ વગરનું છે. 'શુદ્ધજ્ઞાન' એટલે અભેદનયથી તે શુદ્ધજ્ઞાનપરિણતિરૂપે પરિણમેલો જીવ, તે જાણનાર જ છે, કર્મોનો કર્તા-ભોક્તા નથી અને જ્યાં કર્મોનો કર્તા-ભોક્તા નથી ત્યાં તેને બંધન પણ ક્યાંથી થાય? માટે તે મુક્ત જ છે.—'स हि मुक्त एव.'

## ચૈતન્યચક્ષુ તે જ આત્માની આંખ છે....તેનાથી જીવની શોભા છે

જેમ આંખ પરથી છૂટી છે તેમ જ્ઞાન પરથી છૂટું છે, જેમ આંખ તેમ જ્ઞાન પરને દેખે, પણ તેને કરે કે ભોગવે નહિ. પદાર્થને દેખનારી આંખ તેને દૂર કે નજીક કરતી નથી; સોનું દેખાય માટે તેને નજીક લાવવું કે કોલસો દેખાય તેને દૂર કરવો—એ કામ આંખનું નથી, આંખનું કામ બંનેને જોવાનું જ છે; તેમ આત્માનું જ્ઞાનચક્ષુ પરદ્રવ્યને મેળવે નહિ, છોડે નહિ, માત્ર જાણે. અમુક વસ્તુને દેખતાં જ્ઞાન રાજી (રાગી) થાય ને અમુક વસ્તુને દેખતાં જ્ઞાન નારાજ (દ્વેષી) થાય એવું જ્ઞાનમાં નથી. એટલે તે રાગ-દ્વેષનું કર્તા નથી તેમ તેના ફળનું ભોક્તા પણ નથી. આવા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્મા છે, તેને ઓળખીને અનુભવવો તે ધર્મ છે.

અહો, પોતાનું જ્ઞાનચક્ષુ કેવું છે એની પણ જીવને ખબર નથી. ભાઈ, પરવસ્તુ તો તારા જ્ઞાનથી બહાર છે, એને કાંઈ જ્ઞાન ન મેળવે. જેમ આંખ કાંઈ બહારના પદાર્થોને દેખતાં તેમને પોતામાં ઘૂસાડી દેતી નથી, તેમ બહારના જ્ઞેય પદાર્થોને જાણનારું જ્ઞાન કાંઈ તે પદાર્થોને પોતામાં ઘૂસાડી દેતું નથી. પદાર્થો જ્ઞાનમાં પ્રવેશતા નથી, જ્ઞાનથી બહાર જુદા જ રહે છે. જ્ઞાનના અનુભવમાં તો આનંદ વગેરે પોતાના અનંત ગુણનો રસ સમાય છે. પણ પરદ્રવ્યો કે રાગ તેમાં સમાતા નથી. ભગવાન આત્માનું આવું જ્ઞાનસ્વરૂપ આ ગાથામાં સમજાવ્યું છે.

જેમ આંખ છે તો શરીરની શોભા છે, તેમ ભગવાન આત્માની શોભા ચૈતન્ય-આંખ વડે છે; ચૈતન્યચક્ષુ તે જ આત્માની આંખ છે. તે આંખ વડે આત્મા કદી રાગાદિને કરતો-ભોગવતો નથી, કર્મને બાંધવા-છોડવાનો તેનો સ્વભાવ નથી. આવી શુદ્ધ જ્ઞાનપર્યાયરૂપે પરિણમેલો સમ્યગ્દૃષ્ટિ આત્મા (ભલે ચોથા ગુણસ્થાને હોય તોપણ) રાગાદિનો કે દેહ-

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



મન-વાણીની કોઈ ક્રિયાનો કર્તા નથી. આત્મા તો પોતાની જ્ઞાનચેતના સાથે અભેદ થઈને પરિણમ્યો ત્યાં કર્મચેતનાનું કર્તૃત્વ ક્યાં રહે? સમ્યગ્દષ્ટિ જ્ઞાનચેતનારૂપે જ પરિણમે છે. રાગાદિને જાણે ભલે, પણ તે રૂપે થઈને—તન્મય થઈને પરિણમતા નથી. અને તન્મય થતા નથી માટે તેના કર્તા-ભોક્તા નથી. આવી જ્ઞાનચેતનારૂપ ચક્ષુ વડે જીવ શોભે છે.

## સાચો આત્મા......પરથી જુદો, રાગથી જુદો

જગતના જડ-ચેતન પદાર્થો સ્વતંત્ર જ્ઞેયો છે, ને આત્મા સ્વતંત્ર જ્ઞાતા છે. પદાર્થો દૃશ્ય છે, આત્મા દૃષ્ટા છે; તેમની વચ્ચે કર્તા-કર્મપણાનો સંબંધ નથી. જેમ નદીમાં પાણીનાં પૂર વહ્યે જતાં હોય ને કાંઠે ઊભોઊભો માણસ સ્થિર આંખે તે જોતો હોય, ત્યાં કાંઈ તે માણસ પૂરમાં તણાઈ જતો નથી, તેમ પરિણમી રહેલા જગતના પદાર્થોને તટસ્થપણે જાણનારો આત્મા, તે કાંઈ પરમાં તણાઈ જતો નથી. જગતના પદાર્થોના કાર્યોના કર્તા તે પદાર્થો પોતે જ છે, આત્મા નહિ. મકાન-ખોરાક-શરીર વગેરે પુદ્‌ગલમય પદાર્થોને જો આત્મા ભોગવે તો આત્મા પણ પુદ્‌ગલમય થઈ જાય, એ પુદ્‌ગલમય પદાર્થો તો જુદા છે, ને તેના તરફની લાગણીઓ પણ જ્ઞાનભાવથી જુદી છે, જ્ઞાન તે લાગણીઓને પણ કરતું નથી—ભોગવતું નથી. આ શરીરનાં એક્કેય રજકણને કે પગ-હાથને આત્મા હલાવતો નથી, આત્મા તેનો દૃષ્ટા—સાક્ષી છે.

પોતાનો આવો જ્ઞાનસ્વભાવી આત્મા જેની દૃષ્ટિમાં આવ્યો છે તે ધર્મી જીવ રાગાદિ વિભાવનું કાર્ય જ્ઞાનને સોંપતો નથી પોતે તેનો કર્તા થતો નથી. આંખને વેળુ ઉપાડવાનું કામ સોંપાય નહિ તેમ જ્ઞાનચક્ષુને જગતનાં કે રાગના કામ સોંપાય નહિ. આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્યપિંડ છે, તેનાં કામ તો ચૈતન્યમય હોય. અજ્ઞાનીઓ ભ્રમણાથી ચૈતન્યભગવાનને પણ જડનો (શરીરનો) કર્તા-ભોક્તા માને છે, પણ તેથી કાંઈ તે તેને કરી કે ભોગવી તો શકતો નથી. ઊંધી માન્યતાનું મિથ્યાત્વ તેને લાગે છે. તેવા જીવને આચાર્યદેવે આત્માનો સાચો સ્વભાવ સમજાવ્યો છે,—કે જેને અનુભવમાં લેતાં જ પરમ સુખ અને ધર્મ થાય છે.

ગુણ-ગુણી અભેદ છે, એટલે જેમ શુદ્ધજ્ઞાન કર્મના બંધ-મોક્ષને કે ઉદય-નિર્જરાને કરતું નથી તેમ શુદ્ધજ્ઞાનપરિણત જીવ પણ તેને કરતો નથી. શુદ્ધ-ઉપાદાનરૂપ ચૈતન્યસ્વભાવ અને તેના ભાનરૂપ શુદ્ધ જ્ઞાનપર્યાય, તેમાં ક્યાંય પરનું—રાગનું કર્તા-ભોક્તાપણું નથી. 'શુદ્ધજ્ઞાન' કહેતાં સ્વભાવ તરફ ઢળેલી જ્ઞાનપર્યાય. અથવા અભેદપણે તે જ્ઞાનપર્યાયરૂપે પરિણમેલો જીવ. તેને રાગનું કર્તા-ભોક્તાપણું નથી, ત્રિકાળીવસ્તુમાં નથી ને તેને અનુભવનારી પર્યાયમાં પણ નથી.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જો આત્મા પરને કરે—ભોગવે તો બંને પદાર્થો એક થઈ જાય.

રાગાદિક પણ ઉપાધિભાવો છે, તે સહજશુદ્ધજ્ઞાનનું કાર્ય નથી.

આવા સ્વભાવની શુદ્ધદૃષ્ટિરૂપે પરિણમેલો જીવ શુદ્ધઉપાદાનપણે રાગાદિને કરતો નથી; તે પોતાના નિર્મળ ભાવોને કરે છે, પણ પરને કરતો નથી. રાગાદિ વિભાવનું કર્તૃત્વ-ભોક્તૃત્વ અશુદ્ધઉપાદાનમાં છે, પણ અંતર્દૃષ્ટિથી જ્યાં શુદ્ધઉપાદાનરૂપે પરિણમ્યો ત્યાં તે અશુદ્ધભાવોનું કર્તૃત્વ રહેતું નથી.

જગમાં આ જીવ સિવાયના બીજા જીવો તેમજ અજીવ પદાર્થો છે, જીવની અવસ્થામાં રાગાદિ છે—એ બધાયનું અસ્તિત્વ છે ખરું, પણ શુદ્ધસ્વભાવ તરફ એટલે કે સાચા આત્મા તરફ વળેલો જીવ તે બધાયથી પોતાને ભિન્ન અનુભવે છે. હું ચૈતન્યસૂર્ય છું જ્ઞાનપ્રકાશનો પૂંજ છું—એવી અનુભવદશારૂપ પરિણમેલો જીવ તે રાગાદિનો કર્તા-ભોક્તા થતો નથી. નિર્મળ પર્યાય થઈ તેની સાથે અભેદ જીવ છે, એટલે જેમ નિર્મળ જ્ઞાનપર્યાયમાં પરભાવનું કર્તા-ભોક્તાપણું નથી તેમ તે પર્યાયરૂપે પરિણમેલો જીવ પણ પરભાવનો કર્તા-ભોક્તા નથી; શુદ્ધપર્યાયમાં કે અખંડ દ્રવ્યમાં રાગાદિનું કર્તૃત્વ-ભોક્તૃત્વ નથી. આવા આત્માને ઓળખવો તે જ સાચા આત્માની ઓળખાણ છે, અને તે જ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

## વીતરાગી અહિંસા તે પરમ ધર્મ

અરે, તારી ચૈતન્યજાતમાં તો સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ ભર્યા છે, સિદ્ધ પરમાત્મા જેવા ગુણો તારામાં ભર્યા છે, ભાઈ! શરીરાદિ તો જડનાં થઈને રહ્યાં છે, તે તારામાં આવ્યાં નથી ને તારારૂપ થયાં નથી. જે પોતાના નથી છતાં તેનો હું કર્તા—એમ અજ્ઞાની માને છે તે મિથ્યાત્વ છે, મિથ્યાત્વનું મહાપાપ અનંત દુઃખનું કારણ છે. શુદ્ધ જ્ઞાતાસ્વભાવી આત્માને પરનો કે રાગનો કર્તા માનતાં પોતાના જ્ઞાતાભાવની હિંસા થાય છે, ચૈતન્યપ્રાણ હણાય છે, તે જ હિંસા છે.

જ્ઞાની કે અજ્ઞાની કોઈ જીવ પોતાથી ભિન્ન જગતના કોઈ પણ પદાર્થને કરી કે ભોગવી શકતો નથી. ફેર એટલો છે કે અજ્ઞાની 'હું કરું—હું ભોગવું' એમ સ્વ-પરની એકતાની મિથ્યામાન્યતા કરે છે, ને જ્ઞાની સ્વ-પરની ભિન્નતારૂપ યથાર્થ વસ્તુસ્વરૂપ જાણે છે, પરથી ભિન્નતા ઉપરાંત અહીં તો એમ બતાવવું છે કે શુદ્ધજ્ઞાનની દૃષ્ટિવાળા જ્ઞાનીને રાગાદિભાવોનુંય કર્તા-ભોક્તાપણું નથી. આવા શુદ્ધજ્ઞાનની દૃષ્ટિ થતાં નિર્મળ-

વીતરાગીપર્યાય થઈ તેનું નામ ધર્મ, અને તે જ પરમ અહિંસા. ભગવાને આવી વીતરાગ અહિંસાને પરમધર્મ કહ્યો છે.

પ્રશ્ન :—આમાં અમારે કરવાનું શું આવ્યું?

ઉત્તર :—ભાઈ, આમાં કરવાનું એ આવ્યું કે જડથી ને રાગથી ભિન્ન પોતાનું ચૈતન્યસ્વરૂપ જેવું છે તેવું દૃષ્ટિમાં લઈને તેનો અનુભવ કરવો. મોક્ષને માટે આ જ કરવા જેવું છે. આનાથી વિરુદ્ધ બીજું કાંઈ કરવાનું ચૈતન્યપ્રભુને સોંપવું તે હિંસા છે, અધર્મ છે.

## ધર્માત્માની ધર્મક્રિયા કેવી છે?

જ્ઞાનસ્વરૂપ આત્મા પોતાથી બહારમાં તો કાંઈ કરી શકતો નથી. અશુદ્ધ ઉપાદાનપણેય અજ્ઞાની માત્ર રાગને કરે છે, પણ પરને તો અશુદ્ધ ઉપાદાનપણે પણ નથી કરતો; અને આત્માના ભાનની સાચી ભૂમિકામાં તો ધર્માત્મા રાગાદિનેય નથી કરતા. અંતરની અનુભવદૃષ્ટિમાં તો ધર્મી પોતાના અતીન્દ્રિય આનંદને જ ભોગવે છે. આવું આનંદનું વેદન એ જ ધર્મીની ધર્મક્રિયા છે. આવી ક્રિયા કરે તેને જ્ઞાની કહેવાય. ધર્મી થતાં પોતાની શાંત જ્ઞાન-આનંદમય વીતરાગદશાને જ તે કરે છે ને તે તેને જ ભોગવે છે,—તન્મયપણે વેદે છે.

વ્યવસ્થિત ભાષા નીકળે, ઈચ્છાનુસાર શરીર ચાલે, છતાં તે કાર્યો આત્માનાં નથી. જે કાર્યમાં જે હોય તેનો તે કર્તા હોય, ભાષામાં આત્મા નથી, ભાષામાં તો પુદ્ગલના રજકણો છે. ભાષાનાં રજકણોની ખાણ તો પુદ્ગલોમાં છે, આત્માની ખાણમાં અવાજનાં રજકણો નથી, એટલે આત્મા તેનો કર્તા નથી. એ જ રીતે શરીરનાં રજકણોમાં આત્મા નથી. આત્મા તેનો કર્તા નથી. અને ધર્મદૃષ્ટિમાં ધર્મી જીવ વિભાવનો પણ કર્તા નથી. ધર્માત્માની સાચી ક્રિયા અંતર્દૃષ્ટિ વડે ઓળખાય છે. 'થોડું લખ્યું ઝાઝું કરીને જાણજો'—એમ આ ટૂંકા સિદ્ધાન્ત-નિયમો બધે લાગુ કરીને વસ્તુસ્વરૂપ સમજી લેજો.

## નિજભાવનું ગ્રહણ....પરભાવનો ત્યાગ

શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મા પરભાવનો કર્તા નથી. જ્ઞાન કહો કે આત્મા કહો, ગુણ-ગુણી અભેદ કરીને કહ્યું કે શુદ્ધઆત્મા રાગાદિને તથા કર્મોને જાણે છે પણ તેને કરતો નથી. જુઓ, આ સાધકદશાની વાત છે,–જેને હજી તે પ્રકારનો વ્યવહાર છે છતાં શુદ્ધસ્વભાવની દૃષ્ટિમાં તેવું કર્તૃત્વ છૂટી ગયું છે–એવા સાધકની આ વાત છે. નિશ્ચયરત્નત્રયરૂપ મુનિદશારૂપે આત્મા પરિણમે ત્યાં દેહ ઉપરથી વસ્ત્રાદિ છૂટી જ ગયા

હોય ને દિગંબરદશા જ હોય; ત્યાં વસ્ત્ર છૂટ્યા તેને આત્મા જાણનાર છે, પણ છોડનાર નથી. આત્મા પરને ગ્રહનાર કે પરને છોડનાર નથી; પરપદાર્થો તો ત્રણેકાળે આત્માથી છૂટા છે જ. છૂટા છે જ તેને છોડવું શું? 'આ મારા' એમ અભિપ્રાયમાં ખોટી પક્કડ કરી હતી, તેને બદલે છૂટાને છૂટા જાણ્યા એટલે 'આ મારા' એવો મિથ્યા અભિપ્રાય છૂટી ગયો, મારાપણાની મિથ્યાબુદ્ધિનો ત્યાગ થયો, ને પરથી ભિન્ન એવા નિજસ્વરૂપનું સમ્યક્ભાન થયું, આ રીતે ધર્મીને સમ્યક્ત્વાદિ નિજભાવનું ગ્રહણ (અર્થાત્ ઉત્પાદ) અને મિથ્યાત્વાદિ પરભાવનો ત્યાગ (અર્થાત્ વ્યય) છે. અને જ્યાં આવા ગ્રહણ-ત્યાગ થયા ત્યાં દુઃખનું વેદન રહેતું નથી, એટલે તે ધર્મી જીવ દુઃખ વગેરે પરભાવનો ભોક્તા પણ નથી. અનુકૂળ સંયોગમાં હર્ષની લાગણી, ને પ્રતિકૂળ સંયોગમાં ખેદની લાગણી તેનું વેદન જ્ઞાનમાં નથી. જ્ઞાનનું સ્વરૂપ હર્ષ-શોકથી રહિત છે. તેવી લાગણી થાય તેને જ્ઞાની જ્ઞાનભાવથી જાણે ખરા કે આવી લાગણી થઈ; પણ મારું જ્ઞાન જ હર્ષ-શોકરૂપ થઈ ગયું એમ કાંઈ જ્ઞાની નથી જાણતા. હર્ષાદિની લાગણી વખતેય તેનાથી રહિત એવા અકારક-અવેદક જ્ઞાનરૂપે જ ધર્મી પોતાને ઓળખે છે.

## જ્ઞાનમાં પાપ નથી, તેમ જ્ઞાનમાં પુણ્ય પણ નથી.

નિર્મળ જ્ઞાનપર્યાયમાં રાગનું કર્તૃત્વ ભોક્તૃત્વ નથી તેમ તે જ્ઞાનપર્યાયમાં અભેદ એવો આખો શુદ્ધ આત્મા પણ તેનો અકર્તા-અભોક્તા છે, એમ કહીને આખોય જ્ઞાયકસ્વભાવ અકારક-અવેદક બતાવ્યો. આવા આત્માનું ભાન થાય તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે; અને તે ધર્મનું મૂળ છે. લોકો દયાને ધર્મનું મૂળ કહે છે પણ એ તો માત્ર ઉપચાર છે, દયાદિ શુભ પરિણામ એ કાંઈ મોક્ષનું કારણ નથી, એ તો પુણ્યબંધનું કારણ છે, અહીં તો કહે છે કે જ્ઞાનમાં જેમ હિંસાનો અશુભભાવ નથી, તેમ જ્ઞાનમાં દયાનો શુભભાવ પણ નથી. શુભ-અશુભભાવ કરવાનું કામ જ્ઞાનને સોંપવું તે તો અજ્ઞાન છે, તેને જ્ઞાનની ખબર નથી. જેમ પાપભાવ જ્ઞાનનો સ્વભાવ નથી તેમ શુભવિકલ્પ તે પણ શુદ્ધજ્ઞાનનું કાર્ય નથી. આ રીતે શુદ્ધજ્ઞાનરૂપે પરિણમતો જ્ઞાની રાગાદિને કરતો નથી, માત્ર જાણે જ છે. 'જાણે જ છે' એટલે કે જ્ઞાનરૂપે જ પરિણમે છે.—કાંઈ પરસન્મુખ થઈને એને જાણવાની વાત નથી.

## આવો માર્ગ વીતરાગનો....

જુઓ, આ જાણવારૂપ જ્ઞાનક્રિયામાં મોક્ષમાર્ગ સમાય છે. જ્યાં અંતર્મુખ દૃષ્ટિ વડે પર્યાયની એકતા શુદ્ધસ્વભાવ સાથે થઈ ત્યાં દ્રવ્યમાં કે પર્યાયમાં ક્યાંય વ્યવહારના

વિકલ્પોનું કર્તૃત્વ રહેતું નથી; જ્ઞાનમાં કોઈ વિકલ્પનું કર્તૃત્વ નથી, તેનું ભોક્તૃત્વ નથી, તેનું ગ્રહણ નથી, તે-રૂપ પરિણમન નથી. આવો જ્ઞાનસ્વરૂપ આત્મા છે તેને ધર્મી જીવ અનુભવે છે. ભગવાને આવા અનુભવને મોક્ષમાર્ગ કહ્યો છે :—

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.

વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્મા દિવ્યધ્વનિવડે આવો માર્ગ ઉપદેશી રહ્યા છે ને ગણધરો વગેરે શ્રોતાજનો ભક્તિપૂર્વક તે સાક્ષાત્ સાંભળી રહયા છે, ત્યાં ઘણાય જીવો આવો અનુભવ કરી કરીને મોક્ષમાર્ગરૂપે પરિણમી રહ્યા છે. કુંદકુંદાચાર્યદેવે એ સીમંધર ભગવાનની વાણી સાંભળીને આ ભરતક્ષેત્રમાં પણ એ જ મોક્ષમાર્ગ પ્રસિદ્ધ કર્યો છે, ને એવો અનુભવ અત્યારે પણ થઈ શકે છે. મોક્ષમાર્ગની રીત ત્રણે કાળે એક જ છે.

શ્રીગુરુના ઉપદેશથી આવા મોક્ષમાર્ગરૂપે જે જીવ પરિણમ્યો તેને, તે મોક્ષમાર્ગ ઉપદેશનારા દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ઘણું જ બહુમાન ને વિનયાદિ હોય છે. અને છતાં તે વિનયાદિ શુભરાગ અને અંતરનું જ્ઞાન—એ બંનેના લક્ષણ જુદા છે—એવું જ્ઞાન પણ તે જ ક્ષણે વર્તે છે; વંદનાદિ વિનય વખતે જ એનું જ્ઞાન અંતર્સ્વભાવમાં નમેલું છે, રાગમાં નમેલું નથી. શિષ્યને કેવળજ્ઞાન થાય અને તે કેવળજ્ઞાન થયા પછી પણ છદ્મસ્થ ગુરુ પ્રત્યે વંદનાદિ વિનય કરે—એવો તો માર્ગ નથી; એ તો વીતરાગ થયા, હવે તેને વંદનાદિનો રાગ કેવો ? ઊલટું ગુરુને એમ થાય કે વાહ, ધન્ય છે એને...કે જે પદને હું સાધી રહ્યો છું તે કૈવલ્યપદ એણે સાધી લીધું, વીતરાગને તો વિકલ્પ હોતો જ નથી, પણ અહીં તો કહે છે કે—જેને તે પ્રકારનો વિકલ્પ આવે છે એવા જ્ઞાનીને પણ તે વિકલ્પનું કર્તૃત્વ જ્ઞાનમાં નથી.—-આવો જ્ઞાનસ્વભાવ છે, ને આવો વીતરાગનો માર્ગ છે. જેમ બહારના કણિયા આંખમાં સમાતા નથી તેમ બાહ્યવૃત્તિરૂપ શુભાશુભરાગ તે જ્ઞાનભાવમાં સમાતા નથી. રાગ તો આકુળતાની ભઠ્ઠી છે ને જ્ઞાનભાવ તો પરમ શાંતરસનો સમુદ્ર છે, તે જ્ઞાનસમુદ્રમાં રાગરૂપ અગ્નિ કેમ સમાય? જ્ઞાન પોતે રાગમાં ભળ્યા વગર તેનાથી મુક્ત રહીને તેને જાણે છે. આવો જ્ઞાનસ્વભાવ સમ્યગ્દર્શનમાં ભાસ્યો છે.

## જ્ઞાન અને રાગ જુદા છે

જ્ઞાન અને રાગ જુદા છે,—એમ જુદાપણું કહો કે અકર્તાપણું કહો; કેમકે ભિન્નપણામાં કર્તાપણું ન હોય. પોતાથી ભિન્ન હોય તેને આત્મા જાણે ખરો પણ કરે નહિ. જેમ કેવળજ્ઞાનમાં વિકલ્પ નથી તેમ સાધકના શ્રુતજ્ઞાનમાં પણ વિકલ્પ નથી; જ્ઞાનથી

વિકલ્પ જુદો છે, એટલે જ્ઞાનમાં તે નથી. કેવળજ્ઞાનની ભૂમિકામાં તો વિકલ્પ છે જ નહિ, જ્યારે શ્રુતજ્ઞાનની ભૂમિકામાં દેવ-ગુરુની ભક્તિ વગેરે વિકલ્પો છે પણ જ્ઞાની તેને કરતો નથી, તેને જ્ઞાનથી ભિન્નપણે જાણે છે. એટલે જ્ઞાનીને વિકલ્પ જ્ઞાનના જ્ઞેયપણે છે પણ જ્ઞાનના કાર્યપણે નથી, જ્ઞાનપણે પરિણમેલો જીવ રાગાદિકકષાયોને સ્પર્શતો ય નથી,—સ્પર્શ્યો ત્યારે કહેવાય કે જો તેની સાથે એકતા કરે. જેમ આંખ અગ્નિને અડતી નથી, (અડે તો દાઝી જાય) તેમ જ્ઞાનચક્ષુ શુભાશુભ-કષાયરૂપ અગ્નિને અડતું નથી; જો અડે એટલે કે એકત્વ કરે તો તે અજ્ઞાન થઈ જાય; માટે જ્ઞાન પરભાવોને અડતું નથી, કરતું નથી, વેદતું નથી, તન્મય થતું નથી, આવા જ્ઞાનસ્વરૂપ આત્મા તે જ સાચો આત્મા છે. રાગને કરે એવો આત્મા તે 'સાચો આત્મા' નથી, એટલે કે આત્માનું ભૂતાર્થસ્વરૂપ એવું નથી. શુભરાગ વગેરે વ્યવહારક્રિયા કરતાં કરતાં નિશ્ચય સમ્યક્ત્વાદિ થશે—એમ જે માને તેણે સાચા આત્માને નથી જાણ્યો પણ રાગને (અનાત્માને) જ આત્મા માન્યો છે, તે મોટો ખોટો છે (-મિથ્યાદૃષ્ટિ છે). સત્ય એવા ભૂતાર્થ આત્માને જાણ્યા વગર સમ્યગ્દર્શન ન થાય, સમ્યગ્દર્શન વગર ચારિત્રદશા (મુનિપણું) ન હોય, ને ચારિત્રદશા વગર મોક્ષ ન હોય. ચારિત્ર (મુનિદશા) વગર તો સમ્યગ્દર્શન હોઈ શકે, પણ ચારિત્રદશા સમ્યગ્દર્શન વગર કદી હોઈ શકે નહિ. માટે મોક્ષાર્થિએ સાચા આત્માનો નિર્ણય કરીને સમ્યગ્દર્શન કરવું જોઈએ.

## સત્ છેતરાશે નહિ

શ્રીગુરુ કરુણાથી સંબોધે છે કે બાપુ! અનંતકાળે મોંઘું એવું આ મનુષ્યપણું મળ્યું ને સત્યધર્મ સમજવાનો યોગ મળ્યો, તેમાં જો અત્યારે તારા સત્સ્વભાવને ઓળખીને તેનું શરણ ન લીધું તો ચારગતિમાં ક્યાંય તને શરણ નહિ મળે. તું બહારથી કે રાગથી ધર્મ મનાવી દે તેથી કદાચ જગતના અજ્ઞાનીઓ છેતરાશે ને તેઓ તને માન આપશે, પણ ભગવાનના માર્ગમાં એ વાત નહિ ચાલે, તારો આત્મા તને જવાબ નહીં આપે, રાગથી ધર્મ માનતાં તારો આત્મા છેતરાઈ જશે, સત્ નહિ છેતરાય; સત્ તો જેવું છે તેવું જ રહેશે. તું બીજું માન તેથી કાંઈ સત્ ફરી નહિ જાય. રાગને તું ધર્મ માન તેથી કાંઈ રાગ તને શરણ નહિ આપે. ભાઈ! તને શરણરૂપ ને સુખરૂપ તારો વીતરાગસ્વભાવ છે, બીજું કોઈ નહિ. ભગવાન! તારા અંતરમાં બિરાજમાન આવા આત્માને એકવાર જો તો ખરો.

## સાચો આત્મા જ્ઞાનસ્વરૂપ છે, રાગસ્વરૂપ નથી

જ્ઞાનને આત્મા સાથે અભેદ છે ને રાગ સાથે ભેદ છે; એટલે રાગથી ધર્મ થવાનું

માનવું તે તો દુશ્મનથી ટેકો મળે–એમ માનવા જેવું છે. અહા, આ પ્રભુનો માર્ગ...એટલે આત્માના સ્વભાવનો માર્ગ...એટલે આત્માના સ્વભાવનો માર્ગ અલૌકિક છે. આત્મા સ્વયં શુદ્ધ ઉપાદાન થઈને કર્મોને કે રાગને કરતો નથી, માત્ર જાણે છે. જુઓ, આમાં ત્રણ બોલ આવ્યા—

* સ્વભાવસન્મુખ થયેલ શુદ્ધજ્ઞાનપર્યાય રાગાદિને કરે નહિ.

* જ્ઞાનપરિણત આત્મા રાગાદિને કરે નહિ.

* આત્મા શુદ્ધઉપાદાનપણે રાગાદિને કરે નહિ.

શુદ્ધજ્ઞાનપર્યાય કહો, જ્ઞાનપરિણત આત્મા કહો કે શુદ્ધઉપાદાન કહો, તેમાં ક્યાંય રાગાદિનું કર્તૃત્વ નથી.

પ્રશ્ન :–શુદ્ધજ્ઞાનપર્યાયરૂપે પરિણમતો આત્મા રાગાદિને શુદ્ધઉપાદાનપણે ભલે ન કરે પરંતુ નિમિત્તપણે તો કરે ને?

ઉત્તર :—ભાઈ, અહીં એ વાત નથી; અહીં તો શુદ્ધઆત્માની દૃષ્ટિની વાત છે, તેમાં તો રાગનું નિમિત્તકર્તાપણું પણ નથી. 'હું રાગનો નિમિત્ત છું'—એમ જ્યાં સુધી અશુદ્ધદૃષ્ટિ રહે ત્યાં સુધી સમ્યગ્દર્શન થતું નથી. શુદ્ધઉપાદાન-સ્વભાવની દૃષ્ટિ વગર ધર્મ થતો નથી. અહીં તો આત્મા રાગનો જાણનાર છે એટલે રાગ તે જ્ઞેયપણે જ્ઞાનનું નિમિત્ત છે એવી વાત છે, પણ આત્મા કર્તા થઈને રાગને કે કર્મને નિમિત્ત થાય એ વાત અહીં નથી. જ્ઞાન અને રાગભાવોનું એકદમ પૃથક્કરણ કરવાની આ વાત છે. સત્સ્વરૂપ આત્મા એટલે કે સાચો આત્મા તે તો જ્ઞાનસ્વરૂપ છે, તે રાગસ્વરૂપ નથી. રાગાદિ તો સત્સ્વભાવમાં અવિદ્યમાન છે.

## અભેદમાં એકાગ્ર થતાં ભેદ દેખાતા નથી

સમયસારની સાતમી ગાથામાં આચાર્યદેવે એમ સમજાવ્યું કે જ્ઞાનીને શુદ્ધદૃષ્ટિમાં એક જ્ઞાયકભાવ જ પ્રકાશમાન છે; શુદ્ધદૃષ્ટિમાં દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયના ભેદો પણ નથી; અભેદમાં પર્યાય એકાગ્ર થઈ ત્યાં ભેદ દેખાતા નથી. જ્ઞાનીને નિર્મળપર્યાયો તો છે, પણ તેના ભેદના વિકલ્પમાં જ્ઞાની રોકાતા નથી.

શુદ્ધઉપાદનમાં ઉદયભાવો નથી; ૪ ગતિ, ૪ કષાય, ૬ લેશ્યા, ૩ વેદ, ૧ મિથ્યાદર્શન, ૧ અજ્ઞાન, ૧ અસંયમ, ૧ અસિદ્ધત્વ—એમ સામાન્યપણે ૨૧ પ્રકારનાં ઉદયભાવો છે (–કે જેમને તત્ત્વાર્થસૂત્રમાં જીવનાં ભાવો તરીકે વર્ણવ્યા છે) તે ભાવો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આત્માના પરમશુદ્ધસ્વભાવમાં નથી, ને તે સ્વભાવને અનુભવનારી નિર્મળપર્યાયમાં પણ તે ભાવો નથી. જ્ઞાન-દર્શન-ચારિત્રના ભેદનો સૂક્ષ્મ વિકલ્પ તે પણ ઉદયભાવ છે, અભેદ આત્મામાં તે વિદ્યમાન નથી. ગુણો તો બધાય વિદ્યમાન છે, પણ એક શુદ્ધવસ્તુને અભેદપણે અનુભવતાં તે ગુણભેદો નથી દેખાતાં; એક શુદ્ધદ્રવ્ય અનંતગુણ-પર્યાયોને અભેદપણે પી ગયું છે, તેમાં બધા નિર્મળ ગુણ-પર્યાયો સમાઈ જાય છે, પણ તેના ભેદ નથી. ભેદને દેખતાં વિકલ્પ થાય છે ને અભેદ અનુભવમાં આનંદનું વેદન થાય છે. માટે ભેદને ગૌણ કરીને અભેદ આત્માનો અનુભવ કરાવ્યો છે.—આ જૈનસિદ્ધાન્તનું મહાન રહસ્ય છે.

## જેમાં જે હોય તે તેને કરે છે

આત્માના સ્વભાવભૂત જે ચૈતન્યભાવ તેમાંથી રાગાદિક ઉદયભાવ ન નીકળે. જેમ બરફની ઠંડી શીલામાંથી અગ્નિ ન નીકળે તેમ અકષાયી શાંત ચૈતન્યરસનો ઢીમ આત્મા તે કષાયઅગ્નિને કેમ ઉત્પન્ન કરે?—ને શાંતરસમાં તેનું વેદન કેમ હોય? જે સ્વરૂપે જે હોય તે તે જ તેને કરે ને ભોગવે. દેહાદિ જડપદાર્થો તો આત્મામાં નથી, તો આત્મા તેને કેમ વેદે? અને રાગાદિ પરભાવો પણ આત્માના સ્વભાવમાં નથી, તો સ્વભાવદૃષ્ટિવાળો આત્મા તેને કેમ ભોગવે? આ રીતે જેમાં જે ન હોય તેને તે કરતો કે ભોગવતો નથી. આત્માનો જ્ઞાયકસ્વભાવ વિકારનો અકર્તા ને અવેદક છે, કેમકે તેમાં વિકાર નથી.

## સૂક્ષ્મ ને અતીન્દ્રિય હોવા છતાં સમજી શકાય તેવું છે

ભાઈ! તું પોતે આવા સ્વભાવરૂપ છો. તારો આવો સ્વભાવ તને સમજાય તેવો છે. ભલે સૂક્ષ્મ ને અતીન્દ્રિય છે, પણ કાંઈ એવો નથી કે ન સમજાય. રાગાદિને કરવું ને વેદવું એ તો જીવ અનાદિથી કરી જ રહ્યો છે, એ કાંઈ શુદ્ધ આત્માનું કાર્ય નથી. શુદ્ધ આત્મસ્વરૂપ શું ને તેનું સાચું કાર્ય શું એ અપૂર્વ વાત આચાર્યદેવે આ સમયસારમાં સમજાવી છે. શુદ્ધ આત્મા જડને તો નથી સ્પર્શતો, રાગનેય નથી સ્પર્શતો; રાગાદિનો સ્પર્શ—અનુભવ અશુદ્ધ અવસ્થામાં છે, પણ ત્રિકાળી સ્વભાવમાં તેનો સ્પર્શ નથી, તેથી તે સ્વભાવને દેખનારી પવિત્રદૃષ્ટિથી જોતાં આત્મા રાગાદિનો કર્તા-ભોક્તા નથી. સમવસરણમાં સર્વજ્ઞ ભગવાને આવો આત્મા દેખાડ્યો છે; ચક્રવર્તી—ઈન્દ્રો ને ગણધરો આદરપૂર્વક તે ઉપદેશ ઝીલીને આવો અનુભવ કરે છે. સૂક્ષ્મ અને અતીન્દ્રિય હોવા છતાં સમજી શકાય તેવી આ વાત છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આત્માનું જ્ઞાન રાગાદિ વિકલ્પોરૂપ થતું નથી. રાગ અને જ્ઞાન સદાય ભિન્ન છે; એટલે જ્ઞાનસ્વરૂપ આત્મા શુદ્ધઉપાદાનપણે કર્મનો કે રાગનો કર્તા-ભોક્તા નથી. રાગાદિનું કર્તૃત્વ અશુદ્ધઉપાદાનમાં છે, શુદ્ધઉપાદાનમાં નહિ. શુદ્ધ ઉપાદાન કહો કે શુદ્ધનિશ્ચયનયનો વિષય કહો; તેના અનુભવથી સમ્યગ્દર્શનાદિ થાય છે. આવો અનુભવ કરનાર જીવ કર્મોના ઉદય-નિર્જરાને કે બંધ-મોક્ષને કરતો નથી, વેદતો નથી, પણ તેને માત્ર જાણે જ છે.

આમ મૂળ ગાથાનો અર્થ કર્યો. હવે જયસેનસ્વામીએ ટીકામાં 'दिट्ठी जहेव णाणं'.... એ પાઠને બદલે 'दिट्ठी खयंपि णाणं'....એવું પાઠાન્તર સ્વીકારીને, દૃષ્ટિની સાથે ક્ષાયિકજ્ઞાન લઈને તે ક્ષાયિકજ્ઞાનમાં અકર્તૃત્વ બતાવ્યું છે; તે વાત કરે છે.

જ્ઞાયકસ્વભાવ સાથે એકતા કરીને જે જ્ઞાયકભાવરૂપ પરિણમન થયું તે મોક્ષનો માર્ગ છે. માટે, જ્ઞાની કહે છે કે હે વત્સ! તું તારા જ્ઞાયકસ્વભાવનો નિર્ણય કરીને, તારી પરિણતિને તેમાં જ વાળ; તારી પરિણતિને પર તરફથી પાછી વાળીને સ્વ તરફ વાળ; સ્વભાવના મહિમામાં જ તેને એકાગ્ર કર. સમયસારમાં આવે છે ને—

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને<br>
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે.

યોગસારમાં પણ કહ્યું છે કે—

જેમ રમતું મન વિષયમાં, તેમ જો આત્મે લીન;<br>
શીઘ્ર લહે નિર્વાણપદ, ધરે ન દેહ નવીન.

—પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનનામૃત બોલ નં. ૧૩૫

# ક્ષાયિકજ્ઞાન અકારક ને અવેદક છે

ક્ષાયિકજ્ઞાન એટલે કેવળજ્ઞાનરૂપી અનંતચક્ષુ, તેમાં પરભાવનું કે કર્મોનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ નથી; એ દિવ્યજ્ઞાનચક્ષુની માફક સાધકના શ્રુતજ્ઞાનચક્ષુમાં પણ પરભાવનું કે કર્મોનું કર્તૃત્વ-ભોક્તૃત્વ નથી; જ્ઞાન તો બંને એક જ જાતનાં છે. આમ ક્ષાયિકજ્ઞાન દ્વારા સમજાવે છે કે હે જીવ ! તારું જ્ઞાનસ્વરૂપ પણ આવું જ છે—એમ તું સમજ.

હવે, 'दिट्ठी खयंपि णाणं' એવું જે પાઠાંતર છે તેની વ્યાખ્યા :—''માત્ર દૃષ્ટિ જ નહિ પરંતુ ક્ષાયિકજ્ઞાન પણ નિશ્ચયથી કર્મોનું અકારક તેમ જ અવેદક પણ છે. તેવો હોતો થકો શુદ્ધજ્ઞાનપરિણત જીવ શું કરે છે?—જાણે છે.—કોને? બંધ-મોક્ષને; માત્ર બંધ-મોક્ષને નહિ, શુભ-અશુભરૂપ કર્મોદયને તથા સવિપાક-અવિપાકરૂપ ને સકામ-અકામ બે પ્રકારની નિર્જરાને પણ જાણે છે.''

જેમ શુદ્ધદૃષ્ટિ અકર્તા ને અભોક્તા છે તેમ ક્ષાયિકજ્ઞાન પણ કર્મના બંધ-મોક્ષ વગેરેનું અકર્તા ને અભોક્તા છે. પહેલા અર્થમાં 'દૃષ્ટિ'નો અર્થ નેત્ર-ચક્ષુ કર્યો હતો; અને આ બીજા અર્થમાં 'દૃષ્ટિ' એટલે શુદ્ધદૃષ્ટિ (સમ્યક્દૃષ્ટિ) એવો અર્થ છે. ચોથા ગુણસ્થાનની દૃષ્ટિથી માંડીને ઠેઠ ક્ષાયિકજ્ઞાન સુધી કર્મોનું ને રાગાદિ ભાવોનું અકર્તા—અભોક્તાપણું છે. ધર્મીને જેમ દૃષ્ટિમાં અકર્તાપણું છે, તેમ જ્ઞાનમાં પણ ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને ઠેઠ કેવળજ્ઞાન સુધી રાગાદિનું અકર્તાપણું પરિણમી રહ્યું છે. સાધકદશાની શરૂઆતથી માંડીને સિદ્ધદશા સુધી જ્ઞાનમાં ક્યાંય રાગ સાથે તન્મયપણું નથી એટલે તેનું કર્તૃત્વ નથી. (એ જ રીતે ભોક્તૃત્વનું પણ સમજી લેવું.) કેવળજ્ઞાન થતાં પુણ્યનું કે વાણી વગેરેનું કર્તા-ભોક્તાપણું થઈ જાય—એમ નથી. એ સમવસરણાદિ પુણ્યફળ ને એ દિવ્યવાણી વગેરે બધુંય જ્ઞાનથી ભિન્ન છે, જ્ઞાન તે કોઈને કરતુંય નથી ને ભોગવતુંય નથી, માત્ર જાણે છે. ભગવાનના ક્ષાયિકજ્ઞાનની જેમ સાધકનું જ્ઞાન પણ માત્ર જાણનાર છે, તે કાળે વર્તતા રાગાદિને કે કર્મની અવસ્થાને તે જ્ઞાન કરતું કે ભોગવતું નથી; જ્ઞાન તો જ્ઞાનરૂપે જ પરિણમે છે, એટલે જાણે જ છે.

## તીર્થંકરો દિવ્યધ્વનિના જ્ઞાતા છે....કર્તા નહી

અહો ! જ્ઞાનસ્વભાવ આત્મા, તે સર્વજ્ઞભગવાને અને સંતોએ પ્રસિદ્ધ કર્યો છે. જ્ઞાનનું કાર્ય શું—એની પણ જગતને ખબર નથી, તે અહીં ઓળખાવ્યું છે. સાધકદશામાં ઓછું જ્ઞાન હતું ને ક્ષાયિકજ્ઞાન થતાં અનંતગણું વધી ગયું, પણ જ્ઞાન વધ્યું તેથી તે પરનું કર્તા થઈ જાય એમ નથી. ઉત્કૃષ્ટજ્ઞાન ને ઉત્કૃષ્ટવીર્ય પણ પરને કરી કે ભોગવી શકતા નથી. તીર્થંકરોનું કેવળજ્ઞાન દિવ્યધ્વનિને કરે છે—એમ ખરેખર નથી, જ્ઞાનમાં જડનું કર્તૃત્વ કેમ હોય ? આત્મસ્વરૂપ દેખાડવામાં નિમિત્ત તરીકે હોવાથી ભગવાનની વાણી પૂજ્ય છે, પરંતુ તેથી કાંઈ ભગવાનનું જ્ઞાન તે વાણીનું કર્તા થઈ જતું નથી. જો જ્ઞાનમાં વાણીનું કર્તૃત્વ માને તો તેણે, ભગવાનની વાણીમાં કહેલી જીવ-અજીવની ભિન્નતાને જાણી નથી, ભગવાનના જ્ઞાનને ઓળખ્યું નથી ને વાણીને પણ સાચા સ્વરૂપે ઓળખી નથી. ભગવાન દિવ્યધ્વનિના જ્ઞાતા છે, કર્તા નહીં. પોતામાં હજી પરની કર્તૃત્વબુદ્ધિ પડી છે એટલે બીજામાં પણ તે જીવ કર્તૃત્વ વગરના જ્ઞાનને ઓળખી શકતો નથી. ઓળખે તો તેને ભેદજ્ઞાન થયા વગર રહે નહિ.—એ વાત મોક્ષમાર્ગ પ્રકાશકમાં પં. શ્રી ટોડરમલજીએ સમજાવી છે.

## મિથ્યાત્વનું શલ્ય એટલે લોઢાની કણી

અરે, આવા જ્ઞાનસ્વભાવની ઓળખાણ વગર સંસારમાં રખડતો જીવ સ્વર્ગમાંય અનંતવાર ગયો; પણ અંદરનું મિથ્યાત્વશલ્ય છૂટ્યા વગર મોક્ષમાર્ગ એના હાથમાં ન આવ્યો, જેમ ઉપરથી રૂઝાયેલા ગૂમડાની અંદર જો લોઢાની કણી રહી ગઈ હોય તો તે ગૂમડું પાકીને રસી થાય ને અસહ્ય પીડા કરે, તેમ બહાર કષાયો મંદ પડી ગયેલા દેખાય, વ્રત, તપ-ત્યાગ-શાસ્ત્રભણતર કરતો હોય પણ અંદરમાં સ્વ-પરની એકતાબુદ્ધિરૂપ લોઢાની કણી પડી હોય તો તે ભયંકર ભવદુઃખ દેનાર છે. મિથ્યાત્વ મટતાં જીવ સિદ્ધસદૃશ છે—એમ કહ્યું છે. 'જેવા સિદ્ધ તેવો હું' એમ ભાન થયું ત્યારે મિથ્યાત્વ છૂટ્યું. પહેલાં આવી ઓળખાણ કરવી તે જ ધર્મની મહાન ક્રિયા છે.

## ક્ષાયિકજ્ઞાન અને સાધકનું જ્ઞાન....બંને અકર્તા

આત્મા વિજ્ઞાનઘન છે. જેમ કેવળજ્ઞાન થતાં તે ક્ષાયિકજ્ઞાનમાં રાગનું જરાય કર્તા-ભોક્તાપણું નથી તેમ નીચે (સાધકદશામાં) પણ જ્ઞાન તેવા જ સ્વભાવવાળું છે.

કેવળજ્ઞાન થતાં સર્વજ્ઞ શું કરે ? (ત્રણ કાળ ત્રણ લોકને) જાણે.
નીચે સાધકદશામાં જ્ઞાનીનું જ્ઞાન શું કરે ?....જાણે.

બસ! આત્માનું એ જ કામ છે; જ્ઞાનપરિણમન તે જ આત્મા છે, તેમાં પરનું કર્તાપણું કે ભોક્તાપણું નથી. પોતાની અવસ્થામાં તે-તે કાળે વર્તતા રાગનેય જ્ઞાન તો જાણે જ છે. રાગને જાણતાં જ્ઞાન તો જ્ઞાનરૂપે જ રહે છે, રાગરૂપ થઈ જતું નથી.

સાધકદશામાં શુદ્ધ જ્ઞાયકદૃષ્ટિથી પરિણમતો આત્મા, તે ભૂમિકામાં રાગાદિ હોવા છતાં તેને કરતો–ભોગવતો નથી. ક્ષાયિકજ્ઞાન થયા પછી તે આત્મા રાગ વગર પણ દિવ્યવાણીને કરતો હશે?—તો કહે છે કે ના; ભગવાન દિવ્યવાણીના કર્તા નથી. તેમ જ તીર્થંકરપ્રકૃતિના ભોક્તા પણ નથી. ક્ષાયિકજ્ઞાન પોતાની અચિંત્ય તાકાત વડે સર્વને જાણનારું છે પણ કોઈ અન્યનું કર્તા-ભોક્તા તે નથી. કેવળજ્ઞાન થતાં વધુ શક્તિ ખીલી માટે પરનું કાંઈ કરી દ્યે–એમ નથી; ઉપદેશરૂપ વાણી સહજપણે (-કર્તા થયા વગર) નીકળે છે. આ રીતે નીચેથી ઠેઠ સુધી બધાય જ્ઞાનમાં પરનું અકર્તા-અભોક્તાપણું સમજવું. આવો જ આત્મસ્વભાવ છે. અહીં ક્ષાયિકજ્ઞાનની વાત કરી, તેથી એકલું ક્ષાયિકજ્ઞાન જ અકર્તા છે એમ ન સમજવું, ક્ષાયિકજ્ઞાનની માફક બધાય જ્ઞાનો કર્મના અકર્તા જ છે–એમ જાણવું.

## ભગવાન પુણ્યફળના ભોક્તા નથી, દિવ્યવાણીના કર્તા નથી

તીર્થંકર ભગવાન પહેલાં સાધકદશામાં મુનિપણે હતા ત્યારે તો વનજંગલમાં રહેતા ને હવે કેવળજ્ઞાન થયા પછી તો સમવસરણમાં પુણ્યફળના ઠાઠની વચ્ચે સમવસરણમાં બેસે છે, તો શું તેઓ પુણ્યફળના ભોક્તા છે?–ના; તેના પણ જ્ઞાતા જ છે. એ જ રીતે પહેલાં સાધુદશામાં તો ભગવાન મૌનપણે રહેતા ને ધ્યાન ધરતા; સાધુ થયા પછી તીર્થંકરભગવાન કેવળજ્ઞાન થતાં સુધી મૌન જ રહે છે, ને હવે ક્ષાયિકજ્ઞાન પ્રગટ્યું ત્યારે સમવસરણમાં છ-છ ઘડી સુધી રોજ ચાર વખત ઉપદેશ આપે છે, એટલે રોજ દસ કલાક વાણીનો ધોધ નીકળે છે; તો શું ક્ષાયિકજ્ઞાનમાં તે વાણીનું કર્તૃત્વ શું? ના; પહેલેથી જ ચિદાનંદસ્વભાવની દૃષ્ટિથી અકર્તાપણે પરિણમતાં–પરિણમતાં ક્ષાયિકજ્ઞાન થયું છે તે પણ અકર્તા જ છે. પહેલાં દેહાદિનું કે રાગાદિનું કર્તૃત્વ માને અને તેને આવું ક્ષાયિકજ્ઞાન પ્રગટે–એમ કદી બને નહિ. પહેલેથી સમ્યગ્દૃષ્ટિને અકર્તાસ્વભાવની દૃષ્ટિનું જોર છે તે જ ક્ષાયિકજ્ઞાનને સાધે છે.

## અલૌકિક વીતરાગી વિજ્ઞાન

તીર્થંકરત્વ એ પુણ્યનું ફળ છે,–પરંતુ તીર્થંકરોનું કેવળજ્ઞાન તે પુણ્યફળનું ભોક્તા નથી; તે પુણ્યો ઉદયમાં આવીને ક્ષય થતા જાય છે; ઉદય છે તે ક્ષયરૂપ છે, બંધના

કારણરૂપ નથી. આ રીતે તે પુણ્યફળ ભગવાનને અકિંચિત્કર છે. એના નિમિત્તે સમવસરણ રચાય ને દિવ્યધ્વનિ નીકળે–તેમાં ભગવાનને શું?—ભગવાન તો એ સમવસરણના ને વાણીના જ્ઞાતા જ છે, તેના કર્તા-ભોક્તા નથી અને તે ક્રિયાઓ ભગવાનને જરાય બંધનું કારણ થતી નથી. ઉદયની ક્રિયાઓ હોવા છતાં તે જરાપણ બંધનું કારણ થતી નથી, કેમકે તે કાળે પણ ભગવાનનો આત્મા તો ક્ષાયિકજ્ઞાનમાં જ પરિણમી રહ્યો છે, ઉદયના કર્તા-ભોક્તાપણે નથી પરિણમતો. શું ભગવાન બોલે છે?—-ના; ભગવાન નથી બોલતા, વચનવર્ગણાઓ બોલે છે. ભાષા તો રૂપી છે–અચેતન છે–કાને અથડાય છે, અરૂપી આત્મામાંથી તે નથી નીકળી, એ તો પુદ્‌ગલની રચના છે. ભાઈ! જડ-ચેતનની ભિન્નતાનું સાચું જ્ઞાન તો કર. સાચું જ્ઞાન કરનારને જિનવાણીનું જેવું બહુમાન આવશે એવું અજ્ઞાનીને નહિ આવે. અહો, આ વિજ્ઞાન કોઈ અલૌકિક છે; વીતરાગના પંથડા જગતથી જુદા છે.

## જ્ઞાનનું કાર્ય જ્ઞાનમાં જ સમાય છે

દિવ્યધ્વનિનો ધોધ છૂટતો હોય,—ઈન્દ્રો અને ગણધરો આદરપૂર્વક સાંભળતા હોય, છતાં એ વાણીના કર્તા ભગવાન નહિ; અને શ્રવણનો શુભરાગ તેનો કર્તા પણ જ્ઞાનસ્વભાવી આત્મા નહિ. જ્ઞાનનું કાર્ય જ્ઞાનમાં જ સમાય છે, જ્ઞાનનું કાર્ય વાણીમાં કે રાગમાં નથી આવતું. આવા જ્ઞાનસ્વભાવી આત્માને ઓળખે ત્યારે કેવળીની ને ધર્મીની સાચી ઓળખાણ થાય, અને ત્યારે પોતામાં ધર્મ શરૂ થાય. ધર્મ કહો કે મોક્ષનો માર્ગ કહો. ધર્મ કરે ને મોક્ષની ખબર ન પડે એમ બને નહિ.

કેવળજ્ઞાન થતાં પહેલા જ સમયે ત્રણકાળ ત્રણલોકને ભગવાને જાણી લીધા છે. ક્યા પરમાણુઓ વાણીરૂપે ક્યારે પરિણમશે–એ પણ પહેલેથી જાણી લીધું છે. વાણીના રજકણને ભગવાન ગ્રહે ને છોડે એવું કર્તૃત્વ ભગવાનમાં નથી. સાધકની શુદ્ધદૃષ્ટિ અને કેવળીનું ક્ષાયિકજ્ઞાન—એ બંને, કર્મની અવસ્થાના અકર્તા-અભોક્તા છે. ભગવાન્! તારો આત્મા આવો સર્વજ્ઞસ્વભાવી છે, તેમાં દૃષ્ટિ કર તો રાગના કર્તૃત્વ વગરનું શુદ્ધપરિણમન થતાં તેને આનંદનું વેદન થશે અને એ આનંદદશામાં દુઃખનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ રહેતું નથી, તો પરને કરવા–ભોગવવાની તો વાત જ કેવી? જ્યાં શુદ્ધજ્ઞાનની દૃષ્ટિ પ્રગટી ત્યારથી અકર્તા-અભોક્તાપણાનું પરિણમન શરૂ થયું તે વધતાં વધતાં ઠેઠ ક્ષાયિકજ્ઞાન સુધી પહોંચ્યું. જેમ ધર્મીની દૃષ્ટિ પરભાવની કર્તા-ભોક્તા નથી તેમ જ્ઞાન પણ પરભાવનું કર્તા-ભોક્તા નથી. જ્ઞાનનું કાર્ય જ્ઞાનમાં જ સમાય છે, બહાર જતું નથી.

## તારે આત્માને ઓળખવો હોય તો...

વાહ, જુઓ તો ખરા આત્માનો સ્વભાવ! આખો આત્મા જ આવો છે. તારે તારા આત્માને ઓળખવો હોય તે ભગવાનને ઓળખવો હોય તો આવા સ્વરૂપે ઓળખજે; એમાં વચ્ચે બીજી ઘાલમેલ કરવા જઈશ તો સાચું સ્વરૂપ નહિ ઓળખાય. તીર્થંકર ભગવાન પહેલાં સાધકદશામાં મુનિપણે હતા ત્યારે તો મૌનપણે વનજંગલમાં રહેતા ને હવે ક્ષાયિકજ્ઞાન–કેવળજ્ઞાન થયું ત્યારે તો સમવસરણમાં દિવ્યપુણ્યના વૈભવને ભોગવે છે ને દિવ્યધ્વનિ કરે છે,—એમ પરના કર્તા-ભોક્તારૂપે જે ભગવાનને દેખે છે તેણે ભગવાનને ઓળખ્યા જ નથી. તારે આત્માને ઓળખવો હોય તો ભગવાનને જ્ઞાનસ્વરૂપે તું ઓળખ.

## જ્ઞાન ને વાણી જુદા

ભગવાનનો આત્મા તો જ્ઞાનસ્વભાવમાં તન્મયપણે વર્તે છે. એ વાણી, એ સમવસરણ, એ બારસભા, વગેરે પુણ્યના ઢગલા તે કાંઈ ભગવાનના જ્ઞાનનું કાર્ય નથી, તેમાં ક્યાંય ભગવાનનું જ્ઞાન પ્રવેશ્યું નથી. ભગવાને વાણી કરી, ભગવાને ઉપદેશ આપ્યો–એમ શાસ્ત્રમાં કહેવામાં આવ્યું હોય ત્યાં તે ઉપચારથી જ કહેવામાં આવ્યું છે. ત્યાં તો વાણી વખતે પાછળ કેવું જ્ઞાન નિમિત્ત છે–તે બતાવવા માટે તે ઉપચાર કર્યો છે. પણ ખરેખર અરૂપી જ્ઞાનમાં વાણી વગેરેનું કર્તા-ભોક્તાપણું નથી. આવા જ્ઞાનસ્વરૂપે ભગવાનને ઓળખે તેણે જ ભગવાનને ઓળખ્યાં કહેવાય. તીર્થંકરોને વાણીનો અદ્‌ભુત યોગ હોય છે–એ ખરું, બીજાને તેવી વાણી હોય નહિ, છતાં તે વાણી જડનું પરિણમન છે, ભગવાનના આત્માનું તે કાર્ય નથી. વાણી કાર્ય ને ક્ષાયિકજ્ઞાન તેનું કર્તા–એમ ખરેખર નથી. તેમ જ ગણધરદેવને તે વખતે બારઅંગરૂપ ભાવશ્રુતજ્ઞાન ખીલ્યું, ત્યાં વાણી કર્તા ને ગણધરનું જ્ઞાન તેનું કાર્ય–એમ પણ નથી. જુઓ તો ખરા, જ્ઞાનનો નિરાલંબી સ્વભાવ! જ્ઞાન વાણીને ઉપજાવે નહિ, ને વાણીથી જ્ઞાન ઊપજે નહિ. ભલે દિવ્યધ્વનિ પાછળ કેવળજ્ઞાન જ નિમિત્તરૂપ હોય, કાંઈ અજ્ઞાનીનું જ્ઞાન તેમાં નિમિત્તરૂપ ન હોય, સમયસારની રચના પાછળ કુંદકુંદસ્વામીનું જ જ્ઞાન નિમિત્તરૂપ હોય, કાંઈ અબુધ-ભરવાડનું જ્ઞાન ત્યાં નિમિત્તરૂપ ન હોય, પણ તેથી કાંઈ જ્ઞાનને અને વાણીને કર્તાકર્મપણું નથી; બંને તત્ત્વો જ જુદા છે. જ્ઞાન પોતાના જ્ઞાનરૂપમાં જ પરિણમી રહ્યું છે, તે કાંઈ વાણીમાં નથી જતું.

કોઈ કહે—'તમે કહો છો તે આત્મા નથી બોલતો, તો હવે અમે નહિ બોલીએ, બસ!'

અરે ભાઈ! પહેલાં પણ ક્યાં 'તું' બોલતો હતો કે હવે બોલવાની ના પાડે છે? 'હું વાણી નહિ બોલું એટલે કે ભાષાને હું નહિ પરિણમાવું' એમ માને તેમાં પણ જડની કર્તાબુદ્ધિ ઊભી છે. ભાષા બોલાય તે જડની ક્રિયા છે અને ભાષા બોલતી અટકે તે પણ જડની ક્રિયા છે.

## वोच्छामि વખતે પણ जानामि જ છે

પ્રશ્ન :—સમયસારની પહેલી ગાથામાં જ वोच्छामि....હું સમયસાર કહીશ'—એમ કુંદકુંદાચાર્યદેવે કહ્યું છે, તો આત્મા ભાષાનો કર્તા થયો કે નહી?

ઉત્તર :—ના; એ તો તે કાળે કેવો વિકલ્પ (સમયસાર લખવાનો) વર્તે છે તેની વાત છે. તે જ કાળે તેમનું જ્ઞાન તો તે વિકલ્પ અને વાણી બંનેને અકર્તાપણે જ પરિણમી રહ્યું છે; તે જ્ઞાનભાવને જ તેમનો આત્મા કરે છે; વાણીને કે વિકલ્પને નહિ. તેઓ શુદ્ધજ્ઞાનપરિણત છે—એમ ઓળખે તો જ કુંદકુંદપ્રભુને ઓળખ્યા કહેવાય. જે વાણીના કર્તાપણે કે વિકલ્પના કર્તાપણે ઓળખે છે તેણે જ્ઞાનીને ખરેખર ઓળખ્યા નથી. જ્ઞાની કહે છે કે અમે વાણીમાં કે વિકલ્પમાં નથી ઊભા, અમે તો અમારા જ્ઞાનભાવમાં જ છીએ. વાણીના કે વિકલ્પના કર્તાપણે અમને જોશો મા.—જોશો તો તમારા જ્ઞાનમાં ભૂલ થશે. કેવળી ભગવાનની જેમ શુદ્ધજ્ઞાનપરિણતિરૂપે પરિણમેલો કોઈ પણ જીવ શરીરને-મનને-વાણીને—કર્મના બંધ-મોક્ષને કે રાગને કરતો નથી,—તો શું કરે છે?—કે જાણે જ છે એટલે કે શુદ્ધજ્ઞાનપણે જ રહે છે. આ 'જાણે જ છે' એવો જે ભાવ છે તે મોક્ષમાર્ગ છે.

## ચૈતન્યચક્ષુમાં પરનો બોજો નથી

આત્મા એટલે ચૈતન્યચક્ષુ. ચૈતન્યસ્વરૂપ આત્મા તો જગતની આંખ છે. આંખ શું કરે? જાણે-દેખે. શું આંખ વડે ખાડો ખોદાય? કે રેતી ઉપાડાય?—ના. આંખ ઉપર કોઈ બોજો નથી. તેમ જ્ઞાનચક્ષુ જગતને દેખનાર નેત્ર છે, તે જ્ઞાનનેત્રમાં રેતીનું એટલે કે જગતનાં રજકણોનું ગ્રહણ-ત્યાગ નથી. રાગના કર્તા-ભોકતાપણાનો બોજોય જ્ઞાનચક્ષુમાં નથી. તત્ત્વદષ્ટિમાં પરથી ભિન્ન નિર્લેપ ભગવાન આત્મા જ્ઞાનમય છે. કર્મની બંધ-મોક્ષ વગેરે અવસ્થા પુદ્‌ગલમય છે, તે અનાત્મા છે, જ્ઞાન તેને રચતું નથી. જડ-ચેતનની આવી સ્વતંત્ર વસ્તુસ્થિતિ જગતમાં અનાદિથી છે, તે સ્વયંસિદ્ધ છે. કાંઈ ભગવાને તે બનાવી નથી; ભગવાને તો જેમ વસ્તુસ્થિતિ હતી તેમ જાણી છે. શુદ્ધજ્ઞાનનેત્રમાં લોકાલોકને જાણવાની તાકાત છે, કરવાની નહિ. 'આવો જ્ઞાનમાત્રભાવ હું છું'—એમ જાણવું એટલે કે અનુભવવું તે મોક્ષમાર્ગ છે—

આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન,
સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન.

## ભગવાનની અનંત શક્તિનું કાર્ય પોતામાં છે, પરમાં નહીં

પ્રશ્ન :—કેવળી ભગવાનને તો અનંતવીર્ય પ્રગટ્યું છે; જો ભગવાન પરનું કાંઈ ન કરે તો તેમનામાં અનંતવીર્યબળ કેમ કહેવાય?

ઉત્તર :—ભગવાનને પોતાના અનંતગુણની નિર્મળપર્યાયો રચવાની તાકાત પ્રગટી છે તેથી અનંતવીર્ય છે. કેવળજ્ઞાન સાથે આવું અનંત સ્વબળ પ્રગટ્યું, પણ તે સ્વબળ કાંઈ પરમાં કામ ન કરે. પોતાની સર્વ આત્મશક્તિ પોતામાં કામ કરે, પરમાં તે જરાય કામ ન કરે, ભગવાનને સર્વશક્તિ પ્રગટી તેથી કાંઈ પરને ઉગારી દ્યે એવું પરનું કર્તૃત્વ એમનામાં નથી. અહો! જે ક્ષાયિકજ્ઞાન પ્રગટ્યું તેનો કોઈ અચિન્ત્ય મહિમા છે; પણ તે બધો મહિમા પોતામાં સમાય છે, પરમાં જતો નથી, પરનું કાંઈ કરી દ્યે તો કેવળજ્ઞાનનો મહિમા કહેવાય—એમ નથી, જ્ઞાન તો સ્થિરસ્વભાવી, તે પોતામાં ઠરે ને નિજાનંદને ભોગવે, બીજામાં કાંઈ કરે—ભોગવે નહિ. આચાર્યદેવ કહે છે કે હે જીવો! તમારો પણ આવો જ જ્ઞાનસ્વભાવ છે; આવા જ્ઞાનસ્વભાવને પ્રતીતમાં ને અનુભવમાં તો લ્યો.

## મોટાનો દાખલો આપીને આત્માનું સ્વરૂપ સમજાવે છે.

કેવળી ભગવાન શુદ્ધજ્ઞાનપરિણત છે.
સાધક-ધર્માત્મા પણ શુદ્ધજ્ઞાનપરિણત છે.

તે બંનેના જ્ઞાનમાં પરનું અકર્તા-અભોક્તાપણું છે, રાગનું પણ કર્તા-ભોક્તાપણું તેમાં નથી. આવા જ્ઞાનરૂપે પરિણમેલો જીવ સ્વ-પરને જાણે છે; પરમાં શું બાકી રહ્યું? કર્મના બંધ-મોક્ષ કે ઉદય-નિર્જરા વગેરે બધાને પણ જાણે જ છે. કેવળી ભગવાનને તેરમે ગુણસ્થાને સમયે સમયે સાતાના રજકણો આવે છે ને તે જ સમયે નિર્જરી જાય છે, તેમ જ દિવ્યધ્વનિ વગરેના કારણરૂપ કર્મો પણ ઉદયમાં આવીને ક્ષય થતા જાય છે, તેને ભગવાનનું ક્ષાયિકજ્ઞાન જાણે જ છે પણ કરતું—ભોગવતું નથી.—આ તો મોટાનો દાખલો આપ્યો. બધા જીવો આવા જ જ્ઞાનસ્વરૂપ છે; ચૈતન્યસ્વભાવમાં પુદ્‌ગલોનું કે પરભાવોનું ગ્રહણ-ત્યાગ નથી. આવા સ્વભાવનો જ્યાં સમ્યક્ અનુભવ થયો ત્યાં પર્યાય પણ શુદ્ધ થઈ, તેમાં રાગાદિનું કર્તૃત્વ રહ્યું નહિ. જાણવારૂપ પરિણમન આત્માનું છે, પણ રજકણોનો સંયોગ-વિયોગ થાય તે-રૂપે આત્મા પરિણમતો નથી, તેનાથી તો જુદો જ છે.—આવો જ્ઞાનસ્વભાવી આત્મા છે.

મોટાનો એટલે કે સર્વજ્ઞભગવાનનો દાખલો આપીને અહીં આત્માનું સ્વરૂપ સમજાવે છે કે ભાઈ, તું તો જ્ઞાન છો ને! રાગનું પરિણમન એ કાંઈ તારા જ્ઞાનનું કામ નથી; જ્ઞાન તેમાં તન્મય નથી, તેનું કર્તા નથી, ભોક્તા નથી, પણ જાણનાર જ છે. 'તેનું જાણનાર છે' એટલે કાંઈ તેની સન્મુખ થઈને જાણવાની વાત નથી, પણ જાણનાર છે એટલે કે જાણવારૂપે જ જ્ઞાન પરિણમે છે—જ્ઞાનભાવરૂપે જ પોતે પરિણમે છે, તેથી રાગ વખતે પણ 'જાણનાર' જ છે એમ કહ્યું. પોતાના જ્ઞાયકસ્વરૂપનું સ્વસંવેદન થયું તેનું જ તે કર્તા-ભોક્તા છે, પોતાના અનંતગુણના રસને તે વેદે છે. તે જ્ઞાન સ્વભાવના અનંત ભાવોથી ભરેલું છે; રાગથી ભિન્ન જ્ઞાનના વેદનમાં અનંતગુણોની શુદ્ધિનું વેદન છે.

## ધર્મીના જ્ઞાનચક્ષુ—કર્મને જાણતાં છતાં જ્ઞાનરૂપ જ રહે છે

ધર્મીને સમ્યગ્દર્શન હોય, ને તે ભૂમિકામાં રાગ હોય, શુભાશુભકર્મનો ઉદય આવે તેને તે જાણે; પોતાના જ્ઞાનમાં રહીને તે ઉદયને પર તરીકે જાણે. ઉદયરૂપ હું થઈ ગયો કે તે ઉદય મારામાં આવી ગયો—એમ તે માને નહિ એટલે તેને ભોગવે નહિ,—તેમાં ભળી જાય નહિ, જુદા ને જુદા જ રહે. એ રીતે તેને અનંતા કર્મો સમયે સમયે નિર્જરે છે તેને પણ તે જાણે છે. અજ્ઞાની તો જ્ઞાનને રાગરૂપ માને છે, શુભાશુભકર્મફળના ફળને આત્માનું માનીને તેનો કર્તા-ભોક્તા થાય છે. આચાર્યદેવ તેને સમજાવે છે કે અરે ભાઈ! તું તો જ્ઞાન છો; કર્મ તું નથી. કર્મનું કાર્ય કર્મમાં છે, જ્ઞાનમાં કર્મનું કાર્ય નથી. જ્ઞાન તો ચક્ષુની માફક કર્મોથી જુદું જ્ઞાનપણે જ પરિણમે છે. જેમ, અગ્નિને જાણતાં આંખ આંખરૂપે પરિણમે છે કે અગ્નિરૂપ થઈ જાય છે?—આંખ તો આંખરૂપે જ રહે છે, અગ્નિરૂપ થતી નથી; તેમ રાગાદિને જાણતાં જ્ઞાનચક્ષુ તો જ્ઞાનરૂપે જ રહે છે, રાગરૂપ થતું નથી, એટલે તેને તે કરતું કે ભોગવતું નથી.

પ્રશ્ન :—ભરતચક્રવર્તી તો પુણ્યફળને ભોગવતા હતા?

ઉત્તર :—ચક્રવર્તીના રાજ્ય વગેરે પુણ્ય સંયોગ ધર્મીને હોય પણ તે જાણે છે કે હું તો જ્ઞાન છું; આ પુણ્યફળ મારા જ્ઞાનમાં આવ્યું નથી. આ સંયોગો મારા જ્ઞાનનું ફળ નથી, એટલે મારું જ્ઞાન તેનું કર્તા કે ભોક્તા નથી. પુણ્યફળમાં હું નથી, હું તો મારા જ્ઞાનમાં છું. મારું તો જ્ઞાન છે. પુણ્ય હું નહિ પણ પુણ્યનો જાણનાર હું. જ્ઞાન-આનંદરૂપ જે નિર્મળપરિણતિ તેમાં હું છું. પૂર્વે રાગ થયો ન એ પુણ્ય બંધાયા તે હું નહિ, ને તેનું ફળ પણ હું નહિ; વર્તમાન શુભરાગ થાય છે તેનુંય સ્વામિપણું નથી એટલે તેના ફળનુંય સ્વામિપણું નહિ થાય. હું તો જાણનાર—જ્ઞાનસ્વભાવમાં જ છું, ને સદાય તે-રૂપે જ

રહીશ.—આવી અનુભવદશા હોય તેને જ્ઞાની કહેવાય. એના વગરની બાકી તો બધી બહારની વાતું!

આ તો પ્રભુની વાત છે, કોઈ પામર રાંકાની આ વાત નથી. ચૈતન્યપ્રભુ પોતે અનંતગુણનો સ્વામી છે તેની આ વાત છે. કોઈને આ વાત મોટી લાગે, પણ સંતો કહે છે કે ભાઈ! તારા સ્વરૂપમાં જેટલું છે એટલું જ અમે કહીએ છીએ, કાંઈ વધારીને નથી કહેતા. જ્ઞાનમૂર્તિ આત્મા છે તેની સન્મુખ પરિણમન થતાં અવસ્થામાંય શુભાશુભકર્મોનું કર્તા-ભોક્તાપણું રહેતું નથી. જગતમાં પુણ્ય છે, તેનું ફળ છે, પણ જ્ઞાનીના જ્ઞાનભાવમાં તે નથી, જ્ઞાની તેને ચૈતન્યથી ભિન્નપણે દેખે છે, માટે તે તેનો કર્તા-ભોક્તા નથી. સાતમી નરકમાં પણ અસંખ્યાતા ધર્મી જીવો આવા પોતાના આત્માને જાણે છે. અશુભના ઉદયથી શરીરમાં રોગાદિ થયા કે શુભના ઉદયથી અનુકૂળતાઓ મળી, ત્યાં તે મને થયું એમ નથી, ને તેનો હું ભોક્તા નથી, હું તો એ બંનેથી પાર જ્ઞાન છું. આત્માથી બહાર બીજી વસ્તુઓ સત્ છે ખરી, પરભાવો પણ છે, પણ ધર્મી તે કોઈને 'આત્મારૂપ' માનતા નથી, અનાત્મરૂપ સમજે છે. શુભનો ઉદય તે સુખ ને અશુભનો ઉદય તે દુ:ખ એમ ધર્મી માનતા નથી, ને તેને તે ભોગવતા નથી. અતીન્દ્રિય આનંદ અંદર આત્મામાં છે, તેમાં ઉપયોગ જોડીને તેને વેદે છે; એ સિવાય બીજે ક્યાંય આનંદ નથી. અહા, ધર્મીની દશા જ કોઈ નીરાળી છે. એના જ્ઞાનચક્ષુ જ્ઞાનરૂપ જ રહે છે, પરભાવનો કણિયો તેમાં પેસી શકતો નથી.

## શુદ્ધજ્ઞાનપરિણત ધર્મી જીવ; તે કર્મના અકર્તા ને અભોક્તા છે

શુદ્ધજ્ઞાનપરિણત ધર્મી જીવ કર્મોદયને તેમજ નિર્જરાને પણ જાણે છે,–તેનો કારક કે વેદક થતો નથી–એમ કહ્યું. તેમાં કર્મની નિર્જરા બે પ્રકારની છે—સવિપાક અને અવિપાક, અથવા અકામ અને સકામ.

સ્થિતિ પૂરી થતું કર્મ ઉદયમાં આવીને ખરી જાય તે સવિપાક નિર્જરા છે; અને જીવના પુરુષાર્થપૂર્વક કર્મોનું ખરી જવું તે અવિપાક નિર્જરા છે. અથવા, સકામ અને અકામ એવા બે પ્રકાર છે, તેમાં જીવના પુરુષાર્થપૂર્વક તપ વગેરે દ્વારા જે નિર્જરા થાય તે સકામનિર્જરા છે; અને ઈચ્છા ન હોવા છતાં ક્ષુધા-તૃષાદિ પ્રતિકૂળતા આવે તેને સમભાવથી સહન કરે, ત્યાં તે નિર્જરા થાય તે અકામનિર્જરા છે; તેમાં પણ જીવનો તે પ્રકારનો પુરુષાર્થ તો છે.

અહીં તો કહે છે કે પુદ્‌ગલકર્મની આવી અવસ્થાઓને જીવ જાણે જ છે, તેનો કર્તા

જીવ નથી. અજીવકર્મની અવસ્થાઓને જ્ઞાન કેમ કરે ? અનેક પ્રકારનાં ઉદયકર્મોને કે તેની નિર્જરાને, કર્મના બંધને કે તેના છૂટવારૂપ મોક્ષને—એ બધી અવસ્થાને જ્ઞાન કરતું–ભોગવતું નથી, જાણે જ છે. કર્મનો પાક કર્મમાં છે, ચૈતન્યમાં કર્મનો પાક નથી. ચૈતન્યનો પાક આનંદરૂપ છે, રાગ પણ ચૈતન્યનો પાક નથી. જડકર્મનો ઉદય અને તે તરફના શુભાશુભ ઉદયભાવો તે ચૈતન્યક્ષેત્રની ઉપજ નથી, એટલે તે જ્ઞાનનું કાર્ય નથી. જ્ઞાનનું કાર્ય એટલે ધર્મીનુંકાર્ય; ધર્મીનું કાર્ય એટલે શુદ્ધઆત્માનું કાર્ય, અથવા શુદ્ધ ઉપાદાનનું કાર્ય; તે કાર્યમાં રાગ નથી. શુદ્ધઉપાદાનપણે આત્મા રાગાદિનો કર્તા નથી. જ્યાં જ્યાં 'કર્તા નથી' એમ કહેવામાં આવે ત્યાં બધેય અકતૃત્વની જેમ અભોક્તૃત્વ પણ સમજી લેવું એટલે 'ભોક્તા પણ નથી' એમ સમજી લેવું. જ્ઞાન સમસ્ત પરભાવોનું અકારક ને અવેદક છે.

જ્ઞાની કે અજ્ઞાની બધા જીવોને અનંતા કર્મ રજકણો ઉદયમાં આવીને સમયે સમયે ખરી જાય છે. તે ઉપરાંત જ્ઞાનીને શુદ્ધસ્વરૂપના ધ્યાનાદિ વડે અનંતાકર્મો ખરી જાય છે.–પણ ત્યાં કર્મની જે અવસ્થા થઈ તેને તો જ્ઞાન જાણે જ છે, કરતું નથી. જ્ઞાન રાગનેય નથી કરતું ત્યાં કર્મની અવસ્થાને તો કેમ કરે ? પછી કર્મની બંધ અવસ્થા હો તે ઉદય અવસ્થા હો, નિર્જરા અવસ્થા હો કે સર્વથા છૂટવારૂપ અવસ્થા હો, તેનાથી જુદું જ પરિણમતું જ્ઞાન તેને જાણે છે.

સવિપાકનિર્જરા ને અવિપાકનિર્જરા તે જ્ઞાનીને પણ હોય છે ને અજ્ઞાનીને પણ હોય છે. અહીં નિર્જરાની સામાન્ય વ્યાખ્યા છે અર્થાત્ કર્મોના રજકણ સમયે સમયે ખરે છે તે નિર્જરા છે, એટલે અજ્ઞાનીને પણ નિર્જરા હોય છે. મોક્ષના કારણરૂપ જે નિર્જરા છે તે તો આત્માના શુદ્ધભાવપૂર્વક થાય છે, એવી નિર્જરા અજ્ઞાનીને નથી હોતી. આત્મામાં શુદ્ધિની વૃદ્ધિ થાય તેને પણ નિર્જરા કહેવાય. સમ્યક્ત્વપૂર્વક શુદ્ધિની વૃદ્ધિરૂપ જે નિર્જરા છે તે મોક્ષનું કારણ છે. ને એવી નિર્જરા તો ધર્મીને જ હોય છે. પણ એવી નિર્જરા વખતેય કર્મમાં જે નિર્જરવારૂપ અવસ્થા થાય છે તેના કર્તા જ્ઞાની નથી. જ્ઞાની તો પોતાના શુદ્ધજ્ઞાનપરિણમનના જ કર્તા છે.

## શુદ્ધજ્ઞાનસૂર્ય.....તેનું કાર્ય

શુદ્ધજ્ઞાનનું આ વર્ણન છે. શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલા જીવને સ્વભાવસન્મુખથી કર્મો છૂટવા માંડયા; ત્યાં જ્ઞાનનું કાર્ય કર્મને છોડવાનું નથી પરંતુ જ્ઞાનરૂપે પરિણમવું એ જ જ્ઞાનનું કાર્ય છે. સ્વભાવની વિમુખતાથી બંધાયેલાં કર્મો સ્વભાવની સન્મુખતાથી છૂટી જાય છે ખરા, પણ તે કર્મને બાંધવા–છોડવાની ક્રિયા જ્ઞાનમાં નથી. આત્મા કર્તા થઈને

પુદ્‌ગલના કાર્યને કરે કે તેના ફળને ભોગવે—એમ બનતું નથી. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી આત્માએ કર્મો બાંધ્યા કે આત્માએ કર્મો છોડ્યા એમ કથન કરવામાં આવે છે. નિમિત્ત અપેક્ષાએ આત્માને કર્મની નિર્જરા વગેરેનો કર્તા કહ્યો. પણ શુદ્ધઉપાદાનપણે આત્મા કર્મના ઉદય—નિર્જરા કે બંધ-મોક્ષને કરતો નથી; તે—તે કાળે પોતે પોતાના શુદ્ધજ્ઞાનરૂપે જ પરિણમતા થતા જ્ઞાની તેને જાણે જ છે. તેમાં એટલી વિશેષતા છે કે તેનું શુદ્ધજ્ઞાન કર્મની નિર્જરા કે મોક્ષ થવામાં તો નિમિત્ત છે, પણ કર્મના બંધનમાં તો તે નિમિત્ત પણ નથી.—આવા શુદ્ધજ્ઞાનસ્વરૂપી આત્મા છે.

ભાઈ, તારો આત્મા તો જ્ઞાનસૂર્ય છે, તે ચૈતન્યકિરણવાળો છે, તે રાગ-કિરણવાળો નથી. જેમ સૂરજમાંથી તો તેજસ્વી કિરણો નીકળે. સૂરજમાંથી કાળાં કિરણ ન નીકળે, તેમ ચૈતન્યસૂર્યમાંથી તેજસ્વી જ્ઞાનકિરણો નીકળે, પણ રાગ કે કર્મરૂપ કાળાં કિરણ એમાંથી ન નીકળે. જેમ સૂરજ કાળા પદાર્થોનેય પ્રકાશે ખરો, તેમ જ્ઞાનસૂર્ય રાગાદિભાવોને જાણે ખરો—પ્રકાશે ખરો પણ જ્ઞાન તેને કરે નહિ.

## પરભાવોથી પૃથક્કરણ કરીને ધર્મી સર્વત્ર આનંદ અનુભવે છે

જુઓ, જગતમાં આત્મા છે, અને આત્મા સિવાય બીજી વસ્તુઓ પણ છે. સ્વ અને પર બંને વસ્તુ છે તેનું ભેદજ્ઞાન કરીને સ્વ તરફ એકાગ્ર થવાની આ વાત છે. જો આત્મા સિવાય બીજી વસ્તુઓ જગતમાં હોય જ નહિ તો ભેદજ્ઞાન કરવાનું કે સ્વ તરફ વળવાનું રહેતું નથી. જગતમાં ચેતન છે, જડ છે; જ્ઞાન છે, રાગ છે;—એ બધાને જાણીને, ભેદજ્ઞાનવડે જડથી ને રાગથી ભિન્ન એવા જ્ઞાનસ્વભાવ તરફ વળવું તે મોક્ષમાર્ગ છે, તેનો આ ઉપદેશ છે.

હું જ્ઞાનમૂર્તિ આત્મા છું એવી પ્રતીત તે જીવતત્ત્વની પ્રતીત થઈ. એવી પ્રતીતપૂર્વક, કર્મના ઉદય કે નિર્જરા, બંધ કે મોક્ષ વગેરે પ્રકારોને તેમ જ શરીર-વાણીનાં કાર્યોને અજીવની અવસ્થા તરીકે ધર્મી જીવ જાણે છે; તે અવસ્થા મારી નથી ને હું તેનો કર્તા નથી—એમ ભિન્નતાના ભાનપૂર્વક ધર્મી તેને જાણે છે. શુભ-અશુભકર્મનો ઉદય અજ્ઞાનીનેય હોય ને જ્ઞાનીનેય હોય, કોઈવાર અજ્ઞાનીને અમુકપ્રકારના શુભનો ઉદય હોય ને જ્ઞાનીને કંઈક અશુભનો ઉદય હોય,—એમ પણ બને, પરંતુ જ્ઞાની જાણે છે કે ઉદય મારામાં છે જ નહિ, હું તો જ્ઞાન છું; ને અજ્ઞાની તો તે ઉદયમાં જ એકાકારબુદ્ધિથી વર્તતો થકો જ્ઞાનને ભૂલી જાય છે. જ્ઞાની કદાચ નરકમાં હોય તોપણ તે વખતના નરકસંબંધી ઉદયથી ભિન્ન જ્ઞાનપણે જ પોતાને અનુભવે છે (બાહિર નારકીકૃત દુઃખ ભોગત, અંદર સુખરસ

ગટાગટી....), જ્યારે અજ્ઞાની સ્વર્ગમાં બેઠો હોય તોપણ ઉદય સાથે એકાકારબુદ્ધિથી મિથ્યાત્વને જ સેવતો થકો તે દુઃખી જ છે. અંતરના જ્ઞાનચક્ષુ જેને ઉઘડ્યા નથી તેને સુખ કેવું? સુખ તો અંતરમાં છે, એને એ દેખતો નથી. આ તો જ્ઞાન અને રાગની સંધિને છેદીને અંદર ઊતરવાની વાત છે.—'તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા.' નરકમાં તો એટલા તીવ્ર પ્રતિકૂળ સંયોગ છે કે એવી પ્રતિકૂળતા અહીં તો કોઈનેય ન હોય, છતાં એવી પ્રતિકૂળતાના પ્રસંગ વચ્ચે પણ ત્યાંના સમ્યગ્દષ્ટિ જીવો આત્માના આનંદરસના ભોગી છે, સંયોગથી જુદા જ ચિદાનંદ સ્વભાવને અંતરમાં દેખીને આનંદને ભોગવે છે. જો કે અમુક દુઃખનું વેદન છે પણ તે વેદનમાં જ્ઞાન એકાકાર નથી થતું એટલે જ્ઞાન તેનું ભોક્તા નથી, જ્ઞાન તો તેનાથી જુદું રહીને તેને જાણે જ છે, ને અતીન્દ્રિય આનંદમાં એકાકાર થઈને તેની મોજ માણે છે.—'માંહી પડ્યા તે મહા સુખ માણે....' દેખનારા દાઝે જોને....એમ કહેવાય છે, અહીં તો દેખનારા દાઝે નહિ પણ દેખનારાનેય આનંદ થાય એવી વાત છે. અતીન્દ્રિય આનંદના અનુભવમાં નહિ પણ દેખનારાનેય આનંદ થાય એવી વાત છે. અતીન્દ્રિય આનંદના અનુભવમાં પડેલા સંતોને દેખતાં મુમુક્ષુને આનંદ થાય છે.

પ્રતિકૂળ સંયોગ તે કાંઈ દુઃખ નથી, ને અનુકૂળ સંયોગ તે કાંઈ સુખ નથી. સ્ત્રી-પૈસા-મકાન વગેરેમાં સુખ છે તો નહિ, પણ અજ્ઞાનીએ સુખની કલ્પના કરી છે. અરે ચૈતન્યઆત્મા અંદર આનંદરસનો સાગર છે, તેમાં દૃષ્ટિ કરનારા ને તેમાં એકાગ્ર થનારા જીવો પરમ સુખી છે. તેઓ કર્મના ચાર પ્રકારોને, અને એ રીતે બધા પદાર્થોને જાણે છે. પણ તેને કરતા–ભોગવતા નથી. જ્ઞાનરૂપ જ રહે છે.—આવી શુદ્ધજ્ઞાનદશા તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે.

## જ્ઞાનચક્ષુમાં રાગની જ્વાળા નથી

જેમ આંખ પદાર્થોને માત્ર દેખે છે, તેને પોતામાં ગ્રહતી નથી, તેમ આત્માની આંખ એટલે કે શુદ્ધજ્ઞાનપરિણતિ પણ રાગ-દ્વેષને પુણ્ય-પાપને કરતી-ભોગવતી નથી, તેને રચતી નથી, ગ્રહતી નથી, તેનાથી જુદી જ વર્તે છે. જો અગ્નિને ભોગવવા જાય તો આંખ બળી જાય, જ્ઞાનચક્ષુ જો રાગાદિને ભોગવવા જાય તો તેની શાંતિ બળી જાય, રાગ તો અગ્નિ છે ને જ્ઞાન તો શાંતિસ્વરૂપ છે. રાગ વગરની શાંતિમાં વર્તતું જ્ઞાન તે જ ખરું જ્ઞાન છે. તે જ્ઞાન રાગાદિ પરભાવોને સ્પર્શતું નથી, તેને વેદતું નથી, કરતું નથી. આવા શુદ્ધજ્ઞાનમાંથી રાગની ઉત્પત્તિ થાય નહિ. જ્ઞાનનો આવો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. 'જ્ઞાન' કહેતાં અભેદપણે શુદ્ધ જ્ઞાનપરિણત જીવ, તે પણ તેવો જ છે. નિર્મળ જ્ઞાનપર્યાય ને આત્મા અભેદ થયા,

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તેમાં ક્યાંય રાગાદિનું કર્તા-ભોક્તાપણું નથી. આ રીતે જ્ઞાનરૂપ થયેલો સમ્યગ્દષ્ટિ આત્મા શુદ્ધઉપાદાનપણે જ્ઞાનને કરે છે, પણ રાગાદિને કે કર્મોને કરતો નથી, ભોગવતો નથી, તેને માત્ર જાણે છે.

## જેવું કેવળીનું જ્ઞાન....તેવું જ સાધકનું જ્ઞાન

ક્ષાયિકજ્ઞાન ઘણું બળવાન છે, સમસ્ત પદાર્થોને એકસાથે જાણવાના સામર્થ્યવાળું છે, પરંતુ તેનામાં પરનું કર્તૃત્વ-ભોક્તૃત્વ નથી, તે જ્ઞાનમાં બધું જ જ્ઞેય છે, કોઈ જ્ઞેય બાકી નથી; પણ જ્ઞાનથી ભિન્ન કોઈ જ્ઞેયને તે કરતું-ભોગવતું નથી. કેવળી ભગવાન ક્ષાયિકજ્ઞાનવડે જેમ જાણવાની જ ક્રિયા કરે છે તેમ સાધકનું જ્ઞાન ને સાધકની દૃષ્ટિ પણ તેવી જ છે, એટલે તે પણ રાગાદિને જાણે જ છે, તેને કરતી ભોગવતી નથી. કેવળીને તો રાગ થતો જ નથી એટલે તે તેને ન કરે, પણ સાધકને તો રાગ છે એટલે તે તેના કર્તા થતા હશે !—એમ શંકા ન કરવી; સાધકનું જ્ઞાન પણ કેવળજ્ઞાનની જેમ જ રાગથી જુદું વર્તે છે, રાગ તેને જ્ઞેયપણે જ છે, પણ જ્ઞાન તે રાગને કરતું નથી, તેમાં તન્મય થતું નથી, કેવળીનું 'જ્ઞાન' હો કે સાધકનું 'જ્ઞાન' હો, જ્ઞાનનો સ્વભાવ જ આવો છે કે તેમાં રાગ સમાય નહિ; એ તો રાગથી ભિન્ન જ્ઞાયક જ છે.

આ રીતે ચક્ષુના દૃષ્ટાંતે આત્માનો જ્ઞાયકસ્વભાવ બતાવ્યો. આવા જ્ઞાયકસ્વભાવી આત્માને જાણવો–અનુભવવો તે મોક્ષમાર્ગ છે.

સહજ ચિદાનંદ.

જેમ દૂધપાકના સ્વાદ આગળ લાલ જુવારના રોટલાનો સ્વાદ ન આવે, તેમ જેણે આનંદસ્વરૂપ નિજ જ્ઞાયક પ્રભુના સ્વાદ લીધા છે તેને જગતની કોઈ ચીજમાં પ્રેમ લાગતો નથી, રસ આવતો નથી, એકાકારપણું થતું નથી. સ્વ-સ્વભાવ સિવાય જેટલા વિકલ્પ અને બાહ્ય જ્ઞેયો તે બધાંનો રસ તૂટી ગયો છે. —પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનનામૃત બોલ નં. ૧૭૫

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# શુદ્ધદ્રવ્યાર્થિકનયે
# પારિણામિક–પરમભાવરૂપ જીવનું વર્ણન

જ્ઞાનચક્ષુ એટલે કે જીવનો જ્ઞાયકસ્વભાવ, તેનું આ વર્ણન છે. તેમાં શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જીવ કેવો છે, અથવા જીવનો પરમપારિણામિકભાવ કહેવો છે તે બતાવે છે : ‘સર્વવિશુદ્ધ–પારિણામિક–પરમભાવગ્રાહક શુદ્ધઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિક–નયે જડીવ કર્તૃત્વ–ભોક્તૃત્વથી રહિત છે, તથા બંધ–મોક્ષના કારણરૂપ પરિણામથી પણ તે શૂન્ય છે–રહિત છે.’

આ સમયસારની ૩૨૦મી ગાથા ઉપર જયસેનાચાર્યની ટીકા વંચાય છે. જયસેનસ્વામીએ ૩૦૮ થી ૩૨૦ સુધીની ગાથાઓને મોક્ષઅધિકારની ચૂલિકા તરીકે વર્ણવી છે. તેની શરૂઆતના ઉપોદ્ઘાતમાં (એટલે કે સમુદાયપાતનિકામાં) એમ કહ્યું હતું કે ‘સર્વવિશુદ્ધ-પારિણામિક-પરમભાવગ્રાહક શુદ્ધઉપાદાનભૂત શુદ્ધદ્રવ્યાર્થિકનયે જીવ કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષના કારણરૂપ પરિણામથી રહિત છે.’ એ રીતે જીવનો, અકર્તા ને અભોક્તારૂપ શુદ્ધજ્ઞાનસ્વભાવ બતાવ્યો; તેમજ, જીવનો આવો શુદ્ધસ્વભાવ હોવા છતાં અવસ્થામાં તેને જે કર્મપ્રકૃતિ સાથે બંધન થાય છે તે અજ્ઞાનને લીધે છે એમ બતાવ્યું. પછી શુદ્ધનિશ્ચયથી કર્તૃત્વ-ભોક્તૃત્વના અભાવરૂપ તથા બંધ-મોક્ષના કારણરૂપ પરિણામના અભાવરૂપ એવા શુદ્ધસ્વરૂપનું જે કથન કર્યું તેનો છેલ્લી બે ગાથા (૩૧૯-૩૨૦) દ્વારા ઉપસંહાર કર્યો, એ રીતે મોક્ષઅધિકાર સંબંધી ચૂલિકા સમાપ્ત થઈ.

દ્રવ્યાત્મલાભહેતુ પારિણામિકભાવ

આ કોની વાત છે?—જીવના સ્વભાવની વાત છે. દરેક જીવમાં આવો સ્વભાવ ભરેલો છે, તેને જોવાની આ વાત છે. કેવો છે જીવનો સ્વભાવ? શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં તે પરમપારિણામિક સહજભાવરૂપ છે; તેને જ શુદ્ધઉપાદાન પણ કહેવાય છે. આવા પરમભાવને જોતાં તે બંધ-મોક્ષના પરિણામથી પણ શૂન્ય છે, કેમ કે તે પરિણામો તો પર્યાયાર્થિકનયનો વિષય છે, એટલે શુદ્ધ દ્રવ્યને જોનારી દૃષ્ટિમાં તે દેખાતા નથી. દ્રવ્યદૃષ્ટિ તો પરમભાવની જ ગ્રાહક છે. સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવને શુદ્ધદ્રવ્યાર્થિકનય ગ્રહણ કરે છે, પર્યાયભેદોને તે ગ્રહણ કરતો નથી; એટલે આ નયની દૃષ્ટિમાં કર્મનું કર્તૃત્વ-ભોક્તૃત્વ કે બંધ-મોક્ષનાં કારણનું ગ્રહણ નથી, તે એકરૂપ શુદ્ધપરમદ્રવ્યને જ દેખે છે.

આવો દ્રવ્યાત્મલાભ તે પારિણામિકભાવનું લક્ષણ છે. દ્રવ્યનું નિજસ્વરૂપે અસ્તિત્વ તે 'દ્રવ્ય-આત્મલાભ છે. આત્મલાભ એટલે સ્વરૂપની પ્રાપ્તિ, દ્રવ્યના સ્વરૂપનો લાભ, તેનો હેતુ પારિણામિકભાવ છે. પારિણામિકભાવે દ્રવ્ય સદા નિજસ્વરૂપે એકરૂપે અસ્તિત્વવાળું છે. પરમભાવગ્રાહકદૃષ્ટિથી આવો દ્રવ્યાત્મલાભ થાય છે અર્થાત્ આવું દ્રવ્યસ્વરૂપ દેખાય છે. ધ્રુવદૃષ્ટિથી જોતાં દ્રવ્ય ધ્રુવ છે, તે ધ્રુવદૃષ્ટિમાં તો બંધ-મોક્ષનું કારણ-કાર્યપણું નથી, એકરૂપ પરમસ્વભાવ જ પ્રકાશે છે. પરિણમન તે પર્યાયનયનો વિષય છે. ધ્રુવ સ્વભાવને દેખનારી પર્યાય અંતરમાં અભેદ થઈ છે, તે રાગાદિને સ્પર્શતી નથી ને પર્યાયભેદને પણ તે સ્પર્શતી નથી. આવી અંતર્મુખદૃષ્ટિ થતાં પર્યાયમાં મોક્ષમાર્ગ પ્રગટે છે, તે પર્યાય પણ રાગાદિ પરભાવોની કર્તા-ભોક્તા નથી.

## ધર્મી કોને ધ્યાવે છે?

આત્માને બંધન છે અને તેને ટાળીને મોક્ષ કરું—એવા બંધ-મોક્ષ-પરિણામરૂપ જે ક્રિયા છે તે પર્યાયમાં છે, ધ્રુવદ્રવ્ય ક્રિયારૂપ નથી, તે અક્રિય છે. પલટે તે પર્યાય, ટકે તે ધ્રુવ. આવા દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુને ભાવશ્રુતજ્ઞાનપ્રમાણ જાણે છે. સ્વસંવેદનરૂપ ભાવશ્રુતમાં દ્રવ્ય-પર્યાય જેમ છે તેમ જણાય છે. અંદરમાં ભગવાનને ભેટવાની આ વાત છે. ધ્રુવસ્વભાવી ભગવાનનો નિર્ણય કરનારી પર્યાય છે પણ તે પર્યાય કાંઈ સામે જોઈને નિર્ણય નથી કરતી, અભેદપણે ધ્રુવસ્વભાવમાં દૃષ્ટિ કરીને તે નિર્ણય કરે છે; અને ત્યારે તેમાં ભગવાનનો ભેટો થાય છે. આવા નિજ પરમાત્મદ્રવ્યને ધર્મીજીવ અંતર્મુખ થઈને ભાવે છે, ખંડરૂપ જ્ઞાનને તે નથી ભાવતો. તેથી ટીકામાં છેલ્લે કહેશે કે 'ધ્યાતાપુરુષ એમ ભાવે છે કે સકલ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધપારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.' પરંતુ 'ખંડરૂપ હું છું એમ તે ભાવતો નથી.' જ્યાં ખંડજ્ઞાનરૂપે પણ પોતાને નથી ભાવતો ત્યાં શરીરના કર્તાપણાની કે રાગાદિ પરભાવના કર્તાપણાની તો વાત જ ક્યાં રહી? અહો, જ્ઞાનસ્વભાવી આત્માને સત્યસ્વરૂપે સર્વજ્ઞભગવાને જૈનશાસનમાં પ્રસિદ્ધ કર્યો છે. આવા આત્માને ઓળખ્યે-અનુભવ્યે જ જીવનું કલ્યાણ છે. તેને ઓળખીને તેની નિરંતર ભાવના કરવા જેવી છે.

ધ્યાન કહો કે ભાવના કહો, તે પર્યાય છે; પણ પર્યાય પોતે પર્યાયના ભેદને નથી ધ્યાવતી, અભેદ દ્રવ્યને તે ભાવે છે—ધ્યાવે છે, એટલે રાગ સાથે એકતા તૂટીને અભેદસ્વભાવ સાથે એકતા થતાં મોક્ષમાર્ગ થાય છે. અંતર્મુખ થતાં સાધકને શ્રુતજ્ઞાનમાં પણ આવો આત્મા પ્રત્યક્ષરૂપ થાય છે. શ્રુતજ્ઞાન હોવા છતાં આત્માનું જે સ્વસંવેદન છે તે

પ્રત્યક્ષ છે, તેમાં ઈન્દ્રિયાદિની અપેક્ષા નથી. આવી શુદ્ધાત્મઅનુભૂતિ તે આ તાત્પર્યવૃત્તિનું તાત્પર્ય છે.

## ધર્મી પોતાને શુદ્ધજ્ઞાનપણે જ અનુભવે છે.

હે જીવ! તારો પરમસ્વભાવ એટલે શુદ્ધજ્ઞાન; તે જ્ઞાન પરભાવોથી શૂન્યછે. અહો, જેમ કેવળજ્ઞાનમાં રાગનું કે પરનું કર્તા-ભોક્તાપણું નથી તેમ જ્ઞાનના કોઈ અંશમાં પરનું કે રાગનું કર્તા-ભોક્તાપણું નથી. શું કેવળજ્ઞાન રાગને કરે છે?—ના; તો તારું જ્ઞાન પણ રાગને કરતું નથી. આત્મા આવા જ્ઞાનસ્વભાવથી ભરપૂર છે, પણ પરભાવોથી ખાલી છે. ભાઈ, તારું જ્ઞાન તો પોતાના આનંદને ભોગવનારું છે. જ્ઞાનમાં અનંત તાકાત પ્રગટી તે શું કરે?—કે પોતાના અનંત આનંદને તે વેદે; પણ પરમાં કાંઈ કરે નહિ. હે ભાઈ! અનંતવીર્ય સહિત એવું જે ક્ષાયિકજ્ઞાન તેમાં પણ પરને કરવા—ભોગવવાની તાકાત નથી તો તારામાં એ વાત ક્યાંથી લાવ્યો? તને ક્ષાયિકજ્ઞાનની ખબર નથી એટલે તારા જ્ઞાનસ્વભાવનીયે તને ખબર નથી. જેમ કેવળજ્ઞાન સાતા વગેરેનાં પરમાણુ આવે કે જાય તેને માત્ર જાણે જ છે, તેમ સર્વજ્ઞસ્વભાવની દૃષ્ટિવાળા ધર્મીજીવનું જ્ઞાન પણ કર્મને કે રાગાદિને જાણે જ છે, પણ તેનું જ્ઞાન તે અશુદ્ધતા સાથે કે કર્મ સાથે ભળી જતું નથી, જુદું જ રહે છે. જ્ઞાન સાથે અતીન્દ્રિયઆનંદનો ભોગવટો છે પણ રાગનો કે પરનો ભોગવટો જ્ઞાનમાં નથી.

ત્રિકાળી દ્રવ્યસ્વભાવમાં તો પરનું કર્તા-ભોક્તાપણું નથી અને તે સ્વભાવની દૃષ્ટિરૂપ જે નિર્મળ પરિણતિ થઈ તેમાં પણ પરનું કર્તા-ભોક્તાપણું નથી. મેં રાગ કરીને પુણ્યકર્મ બાંધ્યું ને તે પુણ્યના ફળને હું ભોગવું છું—એમ ધર્મી માનતા નથી; હું તો જ્ઞાન જ છું ને જ્ઞાનના ફળરૂપ અતીન્દ્રિય આનંદને ભોગવું છું—એમ ધર્મી પોતાના જ્ઞાન-આનંદરૂપે જ અનુભવે છે. વળી કોઈ અશુભકર્મનો ઉદય આવી પડે (જેમકે શ્રેણીકને નરકમાં પાપકર્મનો ઉદય છે—) ત્યાં પણ ધર્મી જીવ તે અશુભકર્મના ફળરૂપે પોતાને નથી અનુભવતા, તે તો તેનાથી ભિન્ન જ્ઞાનપણે જ પોતાને અનુભવે છે, પોતાના આત્મિક—આનંદને જ અનુભવે છે. જે શુભ-અશુભ છે તેના વેદનને પોતાના જ્ઞાનથી ભિન્ન જાણે છે. જેમ સૂર્ય જગતના અનેક શુભાશુભ પદાર્થોને રાગ-દ્વેષ વગર પ્રકાશે જ છે, પણ તેને કરતા કે ભોગવતા નથી, એવો જ એનો પ્રકાશકસ્વભાવ છે; તેમ ચૈતન્યસૂર્ય આત્મા પણ પોતાના જ્ઞાનચક્ષુ વડે શુભ-અશુભ પદાર્થોને જાણે જ છે, તેને કરવા—ભોગવવાનો તેનો સ્વભાવ નથી. જ્ઞાન તો જ્ઞાનપણે જ રહે છે, જ્ઞાનનું જ્ઞાનપણું પોતાથી જ છે. આવા જ્ઞાનસ્વભાવી

આત્માને જાણીને તેની ભાવના કરવી—એવો ઉપદેશ છે. આ ‘ભાવના’ તે મોક્ષમાર્ગ છે.

**ચક્ષુઃ ઉન્મીલિતં યેન તસ્મૈ શ્રીગુરવે નમઃ**

અજ્ઞાની પોતાના આવા જ્ઞાનસ્વભાવને ભૂલીને, રાગ અને પર સાથેની એકત્વબુદ્ધિરૂપ મિથ્યાત્વથી સંસારમાં દુઃખી થઈ રહ્યો છે, અજ્ઞાનથી તેનાં જ્ઞાનચક્ષુ બીડાઈ ગયાં છે; અહીં આચાર્યદેવ આત્માનો પરથી ભિન્ન અકર્તા-અભોક્તા જ્ઞાનમાત્ર સ્વભાવ બતાવીને તેનાં જ્ઞાનચક્ષુ ઉઘાડે છે. ભાઈ ! તું તો જ્ઞાનસ્વરૂપ છો, તારા ચૈતન્યચક્ષુ જગતના સાક્ષી છે પણ પોતાથી બાહ્ય એવા રાગાદિને કે જડની ક્રિયાને કરનાર નથી. શુદ્ધજ્ઞાનચક્ષુમાં પરભાવ સમાતા નથી. જ્ઞાનમાં રાગાદિનું કર્તૃત્વ માનવું તે તો આંખ પાસે પથરા ઉપાડવા જેવો અનર્થ છે. જ્ઞાનભાવની મૂર્તિ આત્મા છે, તે જ્ઞાનરૂપે પરિણમેલા જ્ઞાની રાગાદિરૂપે પરિણમતા નથી; જ્ઞાનના પરિણમનમાં રાગનું પરિણમન નથી. શુદ્ધપરિણતિમાં અશુદ્ધપરિણતિનું કર્તૃત્વ કેમ હોય? આવી શુદ્ધપરિણતિરૂપે પરિણમેલો આત્મા તે શુદ્ધઆત્મા છે, તે સત્ય આત્મા છે. આત્માનું આવું સત્યસ્વરૂપ સમજાવીને જ્ઞાનીગુરુઓએ ભવ્યજીવોનાં જ્ઞાનચક્ષુ ખોલ્યાં છે.

અરે જીવ! તારી ચૈતન્ય જાત કેવી છે? તારી ચૈતન્ય આંખ કેવી છે? તેની આ વાત છે. જગતનું પ્રકાશક પણ જગતથી જુદું એવું જ્ઞાનનેત્ર તે તારું સ્વરૂપ છે. આવા જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા કરીને તેને અનુભવમાં લે. રાગનું કામ જ્ઞાનને સોંપવું તે તો બોઝો છે; જેમ ચક્રવર્તી પાસે કોઈ વાસીદું કઢાવવા માંગે તો તે અનર્થ છે, તેમ ચૈતન્ય ચક્રવર્તી પાસે વિકારનું કામ કરાવવા માંગે તો તે અનર્થ છે, અજ્ઞાન છે. આંખ પાસે રેતી ઉપડાવવી તે આંખનો નાશ કરવા જેવું છે, તેમ જ્ઞાનચક્ષુ પાસે જે જડનો કે પુણ્ય-પાપનો ભાર ઉપડાવવા માંગે છે તે જ્ઞાનનો નાશ કરે છે. એટલે કે શુદ્ધજ્ઞાનની તેને શ્રદ્ધા જ નથી. ધર્મી તો વિકાર વગરના જ્ઞાનમાત્રભાવે પોતાને અનુભવે છે. શુદ્ધદૃષ્ટિની જેમ શુદ્ધજ્ઞાન પણ રાગાદિનું અકર્તા છે. ક્ષાયિકજ્ઞાનને અકારક—અવેદક કહ્યું તેથી એકલા તેરમા ગુણસ્થાનની વાત ન સમજવી, ચોથા ગુણસ્થાનથી જે શુદ્ધ જ્ઞાનપરિણમન થયું છે તે પણ ક્ષાયિકજ્ઞાનની જેમ જ અકારક ને અવેદક છે. જ્ઞાનનો સ્વભાવ જ રાગાદિનો અકર્તા ને અભોક્તા છે. અહો, આવા આત્માનું ભાન થયું ને મિથ્યાત્વ છૂટ્યું ત્યાં જીવ સિદ્ધસદૃશ છે. જેમ કેવળજ્ઞાન થતાં રાગાદિનું કર્તા-ભોક્તાપણું જરાપણ નથી, તેમ અહીં પણ જ્ઞાનનો એવો જ સ્વભાવ છે—એમ ધર્મીજીવ જાણે છે. (પ્રમોદપૂર્વક ગુરુદેવ કહે છે કે—) અહો! શુદ્ધ પરમપારિણામિક આત્માનાભાવના આશ્રયે સંતો મોક્ષમાર્ગને સાધે છે. મોક્ષને સાધનારા એ સંતો સિદ્ધના સાધર્મી થઈને બેઠા છે. સંસારભાવોથી દૂર-દૂર અંતરમાં સિદ્ધના સાધર્મી

થઈને તેઓ સિદ્ધપદને સાધી રહ્યા છે, એવા વીતરાગી સંતોની આ વાણી છે. સ્યાદ્વાદની સુગંધથી ભરેલી આ વાણી જગતને મોક્ષમાર્ગ બતાવે છે...ને જગતનાં જ્ઞાનચક્ષુને ખોલે છે.

## દ્રવ્ય—પર્યાયરૂપ વસ્તુનો નિર્ણય
## પરમભાવની ભાવના તે મોક્ષમાર્ગ

જ્ઞાયકભાવરૂપ આત્મા દ્રવ્યાર્થિકનયથી શુદ્ધપારિણામિક પરમભાવરૂપ છે—તેનું આ વર્ણન ચાલે છે, ને આવા પરમભાવની ભાવનાથી મોક્ષમાર્ગ પ્રગટે છે—એમ પછી કહેશે. આ ભાવનારૂપ મોક્ષમાર્ગ તે પર્યાય છે. બંધપર્યાય છૂટવી ને મોક્ષપર્યાય પ્રગટવી, એવી ક્રિયા પર્યાયમાં છે, ધ્રુવદ્રવ્ય એવી બંધ-મોક્ષપર્યાયરૂપ નથી. ધ્રુવભાવ છે તે પર્યાયરૂપ થતો નથી, પર્યાયનો કર્તા પર્યાયધર્મ છે. શુદ્ધદ્રવ્યાર્થિકદ્રષ્ટિથી જીવ કેવો છે?—કે સર્વવિશુદ્ધ એવા પરમપારિણામિક ભાવરૂપ છે, શુદ્ધઉપાદાનભૂત છે, રાગાદિનું કર્તૃત્વ-ભોક્તૃત્વ એનામાં નથી. નિર્મળપર્યાય કે મલિનપર્યાય તે દ્રવ્યાર્થિકનયમાં ન આવે, દ્રવ્યાર્થિકનયમાં તો એકરૂપ દ્રવ્ય જ આવે. આ અપેક્ષાએ દ્રવ્યાર્થિકનયમાં તો જીવને બંધ-મોક્ષના પરિણામથી રહિત નિષ્ક્રિય કહેવામાં આવ્યો છે. શુદ્ધપર્યાય તે વખતે છે ખરી પણ દ્રવ્યદ્રષ્ટિમાં તેનો ભેદ નથી. ભાવશ્રુતપ્રમાણ દ્રવ્ય-પર્યાય બંનેને જાણે છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક એ બંને તે ભાવશ્રુતના અંશો છે—અવયવ છે—નય છે.

મોક્ષમાર્ગ કે મોક્ષ તે નિર્મળપરિણામરૂપ છે, તે ત્રિકાળી દ્રવ્યરૂપ નથી. દ્રવ્યને દેખનારી દ્રષ્ટિમાં પર્યાય તે ગૌણ થઈ જાય છે. પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય છે. આવા દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ છે એમ આગળ કહેશે. પરસ્પર સાપેક્ષ દ્રવ્ય-પર્યાયદ્વય તે આત્મપદાર્થ છે. બંધ ને મોક્ષનાં કારણ તે બંને પર્યાય છે. પરદ્રવ્ય તે બંધ-મોક્ષનું કારણ છે; તે પરિણામ પર્યાયરૂપ છે; દ્રવ્યરૂપ એવો પારિણામિક પરમભાવ તો બંધ-મોક્ષનું કારણ નથી. જો તે પોતે બંધનું કારણ હોય તો ત્રિકાળ બંધન થયા કરે; જો તે મોક્ષનું કારણ હોય તો ત્રિકાળ મોક્ષ હોય, અથવા પારિણામિકભાવ પોતે સર્વથા પર્યાયરૂપ થઈ જાય તો તો પર્યાયની સાથે તે પણ નાશ પામી જાય. આ બધા ન્યાયો આગળ ઉપર સરસ રીતે સમજાવશે. ત્રિકાળી દ્રવ્ય સ્વભાવમાં બંધન નથી એટલે તેને ત્રિકાળ મુક્તસ્વરૂપ કહેવાય, તથા તેના આશ્રયે મોક્ષપર્યાય પ્રગટે છે તે અપેક્ષાએ તેને મોક્ષનું કારણ પણ કહેવાય, અભેદપણે આખા દ્રવ્યને મોક્ષકારણ કહેવાય; પણ મોક્ષ અને મોક્ષની ક્રિયા તો પર્યાયમાં થાય છે એટલે મોક્ષનું કારણ પણ પર્યાય છે. બંધ ને મોક્ષ એ બંને ભાવો

પર્યાયના છે. દ્રવ્યના નહિ. આખા દ્રવ્યને બંધ કે મોક્ષ ન હોય. દ્રવ્ય-પર્યાયરૂપ આવી વસ્તુનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ.

ધર્મનો અનાદર, દેવ-ગુરુની નિંદા વગેરે કારણોથી તીવ્ર દર્શનમોહ, જ્ઞાનાવરણ વગેરે કર્મો બંધાય છે અને પૂજન-દાન વગેરે શુભકારણોથી સ્વર્ગની ગતિ વગેરે શુભકર્મો બંધાય છે; બંધના કારણરૂપ આવા અશુદ્ધ પરિણામો તે શુદ્ધદ્રવ્યદૃષ્ટિથી જીવમાં નથી અને સ્વસન્મુખ થઈને આત્મા સમ્યગ્દર્શનાદિ શુદ્ધ પરિણામરૂપ પરિણમે છે, તે મોક્ષકારણ છે, તે મોક્ષકારણરૂપ પર્યાય પણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિમાં આવતી નથી, તે પર્યાયદૃષ્ટિનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિ દ્રવ્યને એકરૂપ દેખે છે. તેથી અહીં કહ્યું કે 'સર્વવિશુદ્ધ પારિણામિક પરમભાવગ્રાહક શુદ્ધ ઉપાદાનભૂત શુદ્ધ દ્રવ્યાર્થિકનયે જીવ, કર્તૃત્વ-ભોક્તૃત્વથી તથા બંધ-મોક્ષનાં કારણરૂપ પરિણામથી શૂન્ય છે.'

મોક્ષનું કારણ કે મોક્ષ, બંધનું કારણ કે બંધ, એ બધી અવસ્થાઓ વખતે ધ્રુવદ્રવ્ય તો એકરૂપ એવું ને એવું છે; પર્યાય અનિત્ય છે, દ્રવ્ય નિત્ય છે,—તે બંનેની સાપેક્ષતા વડે વસ્તુની સિદ્ધિ છે, તેમાં બે નયોનો વિરોધ રહેતો નથી. બંને નયોના વિષય ભિન્ન-ભિન્ન છે; પણ પરસ્પરસાપેક્ષ એવા દ્રવ્ય-પર્યાયનું જોડકું તે આત્મવસ્તુ છે.

## અલૌકિક જૈનમાર્ગ....તેમાં આત્મવસ્તુને જાણવાની રીત

જુઓ, આ આત્મવસ્તુને જાણવાની રીત!

શુદ્ધદ્રવ્ય જે લક્ષમાં લ્યે છે એવા શુદ્ધદ્રવ્યાર્થિકનયે જોતાં શુદ્ધ જીવદ્રવ્ય કર્તા-ભોક્તાના ભાવથી રહિત છે; શુદ્ધઉપાદાનરૂપ આત્મદ્રવ્ય રાગ-દ્વેષથી તો રહિત છે, અને મોક્ષના કારણરૂપ જે પરિણામ તે પર્યાય છે, તે પણ શુદ્ધદ્રવ્યદૃષ્ટિનો વિષય નથી. વસ્તુનો પરમભાવ એટલે ધ્રુવ એકરૂપ ત્રિકાળભાવ, તે પારિણામિકભાવ છે, તે ત્રિકાળી જ્ઞાયકભાવ બંધ પરિણામથી રહિત છે એટલે શુદ્ધદ્રવ્યમાં બંધના કારણરૂપ મિથ્યાત્વાદિ વિકાર નથી; અને મોક્ષના કારણરૂપ જે શુદ્ધ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રપર્યાય, એટલે કે નિશ્ચયમોક્ષમાર્ગરૂપ તે પણ પર્યાયનો વિષય છે, તે ઉપશમાદિ ત્રણભાવોરૂપ છે, તે પારિણામિકભાવરૂપ નથી; દ્રવ્ય એકરૂપ છે તે પારિણામિકભાવરૂપ છે. ધ્રુવ પોતે મોક્ષના કારણ-કાર્યરૂપ નથી, તે તો કારણ-કાર્યપણાથી પાર એકરૂપ ત્રિકાળ છે. તે પોતે મોક્ષમાર્ગ કે મોક્ષરૂપ નથી; મોક્ષમાર્ગ ને મોક્ષ એ બંને તો તેની નિર્મળપર્યાયો છે.

સમયસાર ગાથા ૬-૭માં 'એક જ્ઞાયકભાવ' બતાવતાં છેવટે કહ્યું કે શુદ્ધ આત્માને જ્ઞાન-દર્શન-ચારિત્ર પણ નથી; એટલે કાંઈ તે જ્ઞાનાદિ ગુણ-પર્યાયોનો અભાવ નથી થઈ

ગયો. આત્મા કાંઈ તે જ્ઞાન-દર્શન-ચારિત્ર વગરનો નથી થઈ ગયો, પણ આત્માના અભેદ અનુભવમાં તે જ્ઞાનાદિના ભેદ દેખાતા નથી, સર્વે ગુણ-પર્યાયોને પી ગયેલ એકરૂપ શુદ્ધ આત્મદ્રવ્ય જ અભેદ દેખાય છે. અહો, જિનમાર્ગ અલૌકિક છે. જિનમાર્ગ કહો કે આત્માના અનુભવનો માર્ગ કહો. આવી આત્મવસ્તુને જાણવાથી—અનુભવવાથી જ સમ્યગ્દર્શન ને વીતરાગતા થાય છે.

## દીવાળીની ઉત્તમ બોણી

ધર્મીની દૃષ્ટિના ધ્યેયરૂપ એવો શુદ્ધ આત્મા, તે એકરૂપ છે. તેમાં આ દૃષ્ટિ ને આ તેનું ધ્યેય—એવા બે ભેદ નથી. એકરૂપ આત્માને જ તે દેખે છે, લ્યો, આ દીવાળીનો ઊંચો માલ! દીવાળી નજીક આવે છે ને! એટલે આત્માને ન્યાલ કરે એવો આ બોણીનો માલ છે, દીવાળીની આ ઉત્તમ બોણી અપાય છે. શુદ્ધ આત્માને દૃષ્ટિમાં લેતાં સમ્યગ્દર્શનાદિ દીવડા પ્રગટ્યા તે જ અપૂર્વ દીવાળી છે.

## પર્યાયરૂપ ભાવ અને દ્રવ્યરૂપ ભાવ

ભગવાન્! તારું સ્વરૂપ સત્ શાશ્વત ધ્રુવ છે; તેની સન્મુખતાથી મોક્ષમાર્ગ-પ્રગટે છે, પણ તે પર્યાય એક સમયની છે, ને દ્રવ્ય ત્રિકાળ છે. અરે જીવ! તારું સ્વરૂપ કેવું છે? તે તો ઓળખ. જેવા સર્વજ્ઞ પરમેશ્વર.... તેવો તું છો. બંધના કારણરૂપ મિથ્યાત્વાદિ પાંચ પરિણામ, ને મોક્ષનાં કારણરૂપ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પરિણામ,—તે બને પ્રકારનાં ભાવો એકસમયની પર્યાયરૂપ છે, તે એક સમયની પર્યાયને જોતાં આખો આત્મા ઓળખાતો નથી. કાયમ ટકનાર જે આખો સત્સ્વભાવ તેને દેખતાં આત્મા સત્યસ્વરૂપે પ્રતીતમાં આવે છે. શુદ્ધ આત્માનું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન, સ્વસંવેદનજ્ઞાન ને સ્વરૂપમાં સ્થિરતારૂપ ચારિત્ર—આવા જે મોક્ષના કારણરૂપ પરિણામ, તે પણ પર્યાયદૃષ્ટિનો વિષય છે, દ્રવ્યદૃષ્ટિનો વિષય તે નથી. એક પર્યાય તે આખું દ્રવ્ય નથી—તે બતાવવા ધ્રુવ-દ્રવ્યને બંધ-મોક્ષના કારણથી રહિત કહ્યું; પારિણામિકભાવ બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય છે એટલે કે દ્રવ્યના ત્રિકાળી ધ્રુવભાવમાં તે પરિણામ નથી. તે પરિણામ તો પર્યાયભાવરૂપ છે. દ્રવ્યભાવ ને પર્યાયભાવ—આવા બે ભાવરૂપ (દ્રવ્ય-પર્યાયરૂપ) વસ્તુ છે; તે કોઈની કરેલી નથી પણ સ્વભાવથી જ તેવી છે. વસ્તુનો જે અંશ પલટે તે પર્યાય, ને ત્રિકાળ ટકે તે ધ્રુવ. આવી વસ્તુ સત્ છે, તે સત્‌ની આ પ્રરૂપણા (—सत्पदप्ररूपणा) છે. સત્ વસ્તુ જેવી છે તેવી ભગવાને જોઈ છે ને વાણીમાં કહી છે. ભગવાને વસ્તુને કરી નથી, પણ જેમ હતી તેમ જાણી છે.

સત્‌વસ્તુમાં જે ધ્રુવ-અંશ છે તે પલટતો નથી, ને જ પલટતો અંશ છે તે ધ્રુવ રહેતો નથી. પર્યાય પલટે, ને ધ્રુવ ન પલટે, તે સળંગ એકરૂપ રહે. બંધ-મોક્ષરૂપ પર્યાયો પરિણમનરૂપ છે ને ધ્રુવદ્રવ્ય અપરિણામી છે. પરમપારિણામિકસ્વભાવ તે પરમભાવ છે, તેમાં બંધાવું ને મુક્ત થવું –એવી ક્રિયા ન હોય, એટલે તે નિષ્ક્રિય છે, સદા એવો ને એવો એકરૂપ છે, જ્ઞાયકસ્વભાવી આત્મા પરમ સત્‌, તે સત્‌સ્વભાવની પૂર્ણતારૂપ જે પરમપારિણામિકભાવ છે તે દ્રવ્યઅપેક્ષાએ ધ્રુવ-અપરિણામી છે, ને પર્યાય અપેક્ષાએ તે બંધ-મોક્ષરૂપ પરિણમે છે. સમ્યગ્દર્શન, કેવળજ્ઞાન વગેરે અનંતગુણના નિર્મળ પરિણામ તે બધા પર્યાયરૂપ છે; ધ્રુવ ટકતું દ્રવ્ય છે તે અપરિણામી છે. આવી વસ્તુ છે, તે ભગવાને જોઈ છે, ને તેવી કહી છે. (–આમાં અર્થસમય, જ્ઞાનસમય ને શબ્દસમય ત્રણે આવી ગયા. જેવી સત્‌ વસ્તુ છે, તેવી જ્ઞાનમાં જાણી, ને તેવું જ વાણીમાં કથન આવ્યું;—આ રીતે શબ્દસમય–અર્થસમય–જ્ઞાનસમય એ ત્રણેની સંધિ છે.)

દ્રવ્ય-પર્યાયરૂપ આત્મા, તેમાં પાંચ ભાવો (૪ પર્યાયરૂપ ને ૧ દ્રવ્યરૂપ) બતાવીને પછી તેમાંથી ક્યા ભાવો મોક્ષના કારણરૂપ છે એ સમજાવશે, તેમજ ધ્યેયરૂપ ક્યો ભાવ છે ને ધ્યાનરૂપ ક્યા ભાવો છે તે પણ બતાવશે.

## આત્મખ્યાતિ અને તાત્પર્યવૃત્તિ

સમયસારની અમૃતચંદ્રસ્વામીરચિત ટીકાનું નામ 'आत्मख्याति' છે; આત્મખ્યાતિ એટલે આત્માની પ્રસિદ્ધિ, શુદ્ધજ્ઞાનસ્વરૂપ આત્માને તે પ્રસિદ્ધ કરે છે–તેનો અનુભવ કરાવે છે. અને આ બીજી જયસેનસ્વામીરચિત ટીકાનું નામ 'तात्पर्यवृत्ति' છે; શાસ્ત્રનું તાત્પર્ય શું એટલે કે તેનો વાસ્તવિક સાર શું તે આમાં સમજાવ્યું છે. સર્વ તત્ત્વોમાં સારરૂપ–પ્રયોજનરૂપ–તાત્પર્યરૂપ શુદ્ધ આત્મા છે; તે કેવો છે–કે જેને શ્રદ્ધા-જ્ઞાન-અનુભવમાં લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ પ્રગટે ? તેનું આ વર્ણન ચાલે છે. ઝીણું પડે પણ ધ્યાન રાખીને સમજવા જેવું છે.

શાસ્ત્રનું તાત્પર્ય શું ? શબ્દોમાં કાંઈ તાત્પર્ય રહેલું નથી, શબ્દો તો વાચક છે, તેનું વાચ્ય આત્મામાં છે. શરીર-કર્મ વગેરે પરવસ્તુઓ છે, આત્મામાં તે નથી એટલે તે આત્માને માટે સાર નથી; પુણ્ય-પાપ પણ આત્માના સ્વભાવની ચીજ નથી એટલે તે પણ સાર નથી. એક પર્યાય જેટલો કે એક ગુણ જેટલો આખો આત્મા નથી, માટે પર્યાયભેદ કે ગુણભેદ તે પણ સાર નથી, તેના લક્ષે તો રાગની વૃત્તિ થાય છે. ધ્રુવ ચીજરૂપ અખંડ આત્મા–કે જેમાં ભેદનો વિકલ્પ નથી, જેમાં રાગાદિનું કર્તૃત્વ નથી, કે શરીરાદિ પરવસ્તુ

જેમાં નથી, એવા શુદ્ધઆત્માને અનુભવમાં લેવો તે સાર છે; તે જ શાસ્ત્રનું તાત્પર્ય છે; અને તેમાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થાય છે.

## ભગવાન આત્મા....જ્ઞાન-આનંદનો મોટો ભંડાર

હે જીવ! નિત્યાનંદ-ભગવાન તું પોતે છો. તારા સ્વભાવનું આ વર્ણન છે; સંતોએ અનુભવેલા આત્માનું આ વર્ણન છે. આત્મામાં બીજું તો નથી, એક સમયની દશા છે ખરી પણ તે એક સમયની અવસ્થા પોતે ધ્રુવદ્રવ્યરૂપ નથી, એટલે ધ્રુવસ્વભાવની દૃષ્ટિમાં તે પર્યાય દેખાતી નથી. સદૃશ એકરૂપ વસ્તુ જ દેખાય છે. તે ધ્રુવવસ્તુમાં પર્યાયનું કર્તાપણું-ભોક્તાપણું વગેરે નથી. જ્યાં પર્યાય જ નથી દેખાતી ત્યાં કર્તા-ભોક્તાપણું વગેરે ક્રિયાઓ ક્યાંથી હોય? તે ક્રિયાઓ તો પર્યાયમાં હોય, દ્રવ્યમાં નહીં, તારી અંદર આવો સચ્ચિદાનંદ પરમાત્મા, જ્ઞાન-આનંદનો મોટો ભંડાર બિરાજી રહ્યો છે. આવો ભગવાન આત્મા, તે ક્યા નયવડે કેવો જણાય છે? તે અહીં બતાવે છે. ધ્રુવ ટકતો જે પોતાનો પરિપૂર્ણ સ્વભાવ, તેને અનંતકાળમાં જીવે જાણ્યો નથી. પર્યાયમાં ફરતા ફરતા વિકારભાવ જેટલો જ પોતાને માની લીધો ને તેમાં જ અટકી ગયો. પણ બાપુ! તારી આખી વસ્તુ અંદર બાકી રહી ગઈ; જ્ઞાન-આનંદનો મોટો ભંડાર અંદર ભર્યો છે તેને તું ભૂલી ગયો. વ્યવહારનયનો વિષય જાણ્યો પણ શુદ્ધનયના વિષયરૂપ પરમાર્થને તેં ન જાણ્યો, પ્રયોજનભૂત તો તે છે.

આત્માની પર્યાય સમયે સમયે પલટે છે; જ્યારે તે પોતાના સ્વભાવના લક્ષે એકાગ્ર થઈને પલટે છે ત્યારે મોક્ષમાર્ગ અને મોક્ષપર્યાય પ્રગટે છે. પર્યાય અપેક્ષાએ જોતાં વસ્તુ પોતે પલટતી દેખાય છે, ને ધ્રુવદૃષ્ટિથી જોતાં વસ્તુ સદૃશ એકરૂપ ટકતી દેખાય છે. ભાઈ! મનુષ્ય અવતાર મળ્યો તેમાં સર્વજ્ઞદેવે કહેલો આવો તારો આત્મસ્વભાવ તું જાણ તો ખરો. આત્મા કેવો છે તે લક્ષમાં પણ ન લ્યે તો તેમાં એકાગ્રતાનો પ્રયોગ ક્યાંથી થાય? લક્ષને શેમાં એકાગ્ર કરવાથી શાંતિ થાય? શેમાં લક્ષ કરવાથી મોક્ષમાર્ગ પ્રગટે?—તે વસ્તુને ખ્યાલમાં લઈને તેમાં એકાગ્રતાનો ઉદ્યમ કરતાં મોક્ષમાર્ગ પ્રગટે. તે વસ્તુ અહીં આચાર્યદેવ સમજાવે છે. આવી સમજણનો અવસર ક્યારેક જ મહાન ભાગ્યથી મળે છે.

## આત્મા ક્યા છે? ને કેવો છે?

શરીરાદિ જડની ક્રિયાઓમાં તો આત્મા નથી, પુણ્ય-પાપમાં કે રાગ-દ્વેષની વૃત્તિઓમાં આત્મા નથી. એક સમયની નિર્મળપર્યાય તેમાંય આખો આત્મા સમાઈ જતો નથી; અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્યથી ભરેલો પરિપૂર્ણ આત્મા, અખંડ એક ધ્રુવસ્વભાવી છે, તે પરમભાવ છે; તેને ઓળખતાં, તેની સન્મુખ થતાં સમ્યગ્દર્શનાદિ થાય છે. આ

સિવાય ક્યાંય બહારમાં, રાગમાં કે શરીરની ક્રિયામાં આત્માને શોધે તો તે મળે તેમ નથી. તારે આત્માને શોધવો હોય તો દેખ તારા ધ્રુવસ્વભાવમાં! ત્યાં તને ચૈતન્યમૂર્તિ, આનંદનો સાગર ભગવાન આત્મા દેખાશે.

ચૈતન્યગુણોની ખાણ જ્યાં ભરી છે ત્યાં નજર નાંખે તો તેની પ્રાપ્તિ (અનુભવ) થાય, પણ બીજે શોધે તો ક્યાંથી મળે? ભાઈ, નક્કી તો કર કે તારા ગુણોની ખાણ ક્યાં છે? તારા ગુણોની ખાણ રાગમાં ન હોય, જડની ખાણમાં તારા ગુણો ભર્યા ન હોય, તારા ગુણો તો તારા ધ્રુવ-જ્ઞાયકસ્વભાવમાં ભર્યા છે, તે ધ્રુવખાણને ખોદતાં (-ખોજતાં-શોધતાં) તેમાંથી સમ્યગ્દર્શન ને કેવળજ્ઞાનનાં રત્નો નીકળશે. સોનું જોઈતું હોય તો સોનાની ખાણ ક્યાં છે તે ઓળખીને તે ખાણમાં ખોદવું જોઈએ; સોનાએ બદલે કોલસાની ખાણ ખોદવા માંડે તો મહેનત વૃથા જાય. તેમ જ્ઞાન-આનંદ જેને જોઈતા હોય તેણે જાણવું જોઈએ કે તે કઈ ખાણમાં ભર્યા છે? શરીરમાં જ્ઞાન-આનંદ નથી ભર્યા—એ તો મળમૂત્રની ખાણ છે; પુણ્ય-પાપ, રાગ-દ્વેષમાં પણ જ્ઞાન-આનંદ નથી, ને તે તો આકુળતાની ખાણ છે. આનંદકંદ ધ્રુવસ્વભાવ જ જ્ઞાન-આનંદની ખાણ છે, તેમાંથી અતીન્દ્રિય જ્ઞાન—આનંદનો પ્રવાહ વહે છે. ધ્રુવમાંથી પર્યાય આવે છે એમ કહેવાય, પણ ખરેખર વસ્તુમાં ધ્રુવત્વધર્મ ને પર્યાયત્વધર્મ એમ બંને ધર્મો જુદા જુદા છે, ધ્રુવ તે ધ્રુવ છે ને પર્યાય તે પર્યાય છે; એકના કારણે બીજું હોવાનું કહેવું તે વ્યવહાર છે. વસ્તુ જ પોતે દ્રવ્ય ને પર્યાય એવા એકસાથે બે ધર્મોવાળી છે. આવું અનેકાંતસ્વરૂપ છે. આવા સ્વરૂપે ઓળખતાં આત્મા પ્રાપ્ત થાય છે એટલે કે અનુભવમાં આવે છે.

## આત્મપ્રાપ્તિનો અલૌકિક માર્ગ

અહો, આ તો આત્માની પ્રાપ્તિનો અલૌકિક માર્ગ છે. સમય-સમયની પર્યાય બીજાના કારણે તો નહિ, ને ધ્રુવ પણ તેનું કારણ નહિ; પર્યાયનું કારણ પર્યાય પોતે, એટલે કે તે નિરપેક્ષ છે. જો આમ ન માનો તો વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય એવા બે ધર્મો સિદ્ધ નહિ થાય. વસ્તુ સામાન્ય-વિશેષરૂપ અથવા દ્રવ્ય-પર્યાયરૂપ, અથવા ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ છે; બંને ધર્મો તેમાં એકસાથે છે. આવા આત્માને જાણતાં ધ્રુવચિદાનંદસ્વભાવ તરફ પર્યાય ઝુકે છે એટલે તે નિર્મળ થાય છે, તે ધર્મ છે, તે મોક્ષમાર્ગ છે, તે સુખ છે.

આત્માનો જે સર્વવિશુદ્ધ પરમપારિણામિકભાવ છે તે બંધ-મોક્ષરૂપ નથી, તે તો દ્રવ્યાત્મલાભહેતુક છે. તે સ્વભાવની દૃષ્ટિમાં બંધ-મોક્ષપર્યાયો ન આવે, તે તો દ્રવ્યના આત્મલાભને જ દેખે છે, દ્રવ્યના સ્વરૂપનો લાભ એટલે દ્રવ્યનું અસ્તિત્વ તે

પારિણામિકભાવરૂપ છે; તે ધ્રુવભાવમાં ઉદય કે નિર્જરા, બંધ કે મોક્ષ નથી, એટલે તેના કર્તૃત્વરૂપ ક્રિયા પણ ધ્રુવમાં નથી. ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયમાં બંધ-મોક્ષની ક્રિયા છે, ધ્રુવમાં નહિ. ધ્રુવ તો સહજભાવમાં એકરૂપ છે.

આત્માને સમજવા માટે મહેનત કરે, એટલે કે ધ્યાન રાખીને ઉપયોગને તેમાં એકાગ્ર કરે તો આત્માનું સ્વરૂપ સમજાય તેવું છે. વસ્તુ પોતે અંદરમાં છે, તે શોધવા માટે બહાર રખડે છે—તે ક્યાંથી મળે? શાસ્ત્રકાર આત્મદ્રવ્યના ધ્રુવસ્વરૂપને પારિણામિકભાવ તરીકે વર્ણવીને તેનું લક્ષ કરાવે છે, ને રાગાદિનું કે પરનું લક્ષ (એકત્વબુદ્ધિ) છોડાવે છે. આત્મા ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છે. તે સર્વ-વિશુદ્ધ છે, આવા સ્વભાવનું ભાન કરતાં જે ભાવશ્રુતજ્ઞાન થાય તે અપૂર્વધર્મ છે. આવું ભાવશ્રુત પ્રગટ કરવું તે જૈનશાસનનો સાર છે.

## ચૈતન્યસમુદ્રમાંથી ઝરેલું જ્ઞાનઝરણું—એટલે ભાવશ્રુત

ભગવાનના ઘરની આ વાત છે એટલે કે આત્માના સ્વભાવની આ વાત છે. આ આત્મા પણ ભગવાન છે ને! ભગવાન એટલે મહિમાવંત એનો પરમ સ્વભાવ છે. ક્ષણિકભાવોને પરમભાવ ન કહ્યો, પણ ત્રિકાળ એકરૂપ એવા પારિણામિકભાવને પરમભાવ કહ્યો. તેની સન્મુખ થઈએ આત્માનો અનુભવ કરતાં સમ્યક્ ભાવશ્રુત પ્રગટે છે. તે ભાવશ્રુત આખા આત્માને જાણે છે; આત્માનું શુદ્ધદ્રવ્ય કેવું, તેની પર્યાય કેવી, તે બધાને ભાવશ્રુતનો એકભાગ એટલે કે શુદ્ધદ્રવ્યાર્થિકનય સ્વસંવેદનવડે પરમશુદ્ધભાવને ગ્રહણ કરે છે. આ સ્વસંવેદનરૂપ ભાવશ્રુતમાં શબ્દ નથી, વિકલ્પ નથી; સ્વભાવમાં અંતર્મુખ થતાં ચૈતન્યના સમુદ્રમાંથી જે જ્ઞાનઝરણું ઝર્યું તે ભાવશ્રુત છે. તે ભાવશ્રુતમાં ત્રિકાળદ્રવ્યને અને વર્તમાન પર્યાયને એક સાથે બંનેને જાણવાની તાકાત છે.

જેમ શરીર તે અવયવી ને હાથ-પગ-આંખ તેના અવયવ; તેમ જ્ઞાનશરીરી આત્મામાં પ્રમાણ તે અવયવી અને નય તે અવયવ; ધ્રુવ તે અવયવી, ને અવસ્થા તે અવયવ. ભાવશ્રુતજ્ઞાનપ્રમાણ તે અવયવી, અને તેનો દ્રવ્ય કે પર્યાયને જાણનારો ભાગ તે અવયવ; તેમાંથી દ્રવ્યને મુખ્ય કરીને જાણનારો અવયવ તે દ્રવ્યાર્થિકનય, પર્યાયને જાણનારો અવયવ તે પર્યાયાર્થિકનય.

## આત્મસ્વરૂપ દેખાડનારી 'આત્મભાષા'

આ તો જાણે કોઈ પરદેશની (ગ્રીક-લેટીનની) ભાષા હશે! એમ કોઈને લાગે, પણ ભાઈ, આ પરદેશની ભાષા નથી, આ તો સ્વ-દેશની ભાષા છે, 'આત્મભાષા' છે, તારા

સ્વદેશમાં એટલે કે આત્મામાં જે ભર્યું છે તે બતાવનારી આ આત્મભાષા છે. ભાષા તો વાચક છે, પણ તેનો વાચ્યભાવ તારા આત્મામાં ભર્યો છે. આત્મા સામે નજર કરે તો બધું સમજાય તેવું છે. અરે, પોતાની જ વસ્તુ પોતાને ન સમજાય—એ કેમ બને? પણ પોતે પોતાની સામે કદી નજર જ ક્યાં કરી છે? પણ ભાઈ! આત્માની આ વાત સમજ્યા વગર તારા ભવનો છેડો આવે તેમ નથી, બીજી બધી (રાગ-દ્વેષ)ની વાતમાં કાંઈ માલ નથી, એકલા શાસ્ત્રજ્ઞાનથીયે ભવનો આરો આવે તેમ નથી, ભાવશ્રુતજ્ઞાવવડે આત્માને જાણે ત્યારે જ ભવનો પાર પમાય છે.

## આત્માનો પરમસ્વભાવ

અખંડ જ્ઞાન-શાંતિનો અખૂટ ભંડાર આત્મા, તેમાંથી ગમે તેટલા જ્ઞાન ને શાંતિ અનુભવ્યા કરો તોપણ કદી ખૂટે તેમ નથી; આત્માના આવા પરમસ્વભાવને ગ્રહનારું જ્ઞાન તે શુદ્ધનય છે. તે સ્વભાવને ત્રિકાળી શુદ્ધઉપાદાન પણ કહેવાય. આત્મામાં બે ભાવ છે—એક ત્રિકાળી ને એક ક્ષણિક; ત્રિકાળીસ્વભાવ તે પરમપારિણામિકભાવ છે, ક્ષણિક ભાવ તે ઔપશમિકાદિ ચાર ભાવો છે; તેનું વિવેચન પછી કરશે.

આત્મા અતીન્દ્રિય આનંદસ્વરૂપ છે; સમ્યગ્દર્શન વડે તે આનંદના અનુભવની શરૂઆત તે મોક્ષમાર્ગ છે, ને તેની પૂર્ણતા તે મોક્ષ છે. આ રીતે મોક્ષ અને તેનો માર્ગ—એ બંને આનંદરૂપ છે, તે કષ્ટરૂપ નથી, તેમાં દુઃખ નથી. આવા મોક્ષમાર્ગ કે મોક્ષ તે બંને નવી પ્રગટતી અવસ્થા છે; તે કેમ પ્રગટે? કોની સામે જોવાથી પ્રગટે—તે અહીં બતાવે છે. આ બધું તારા આત્મામાં જ સમાય છે. પારિણામિક-પરમભાવરૂપ જે ત્રિકાળી ધ્રુવસ્વભાવ તેમાં દૃષ્ટિને એકાગ્ર કરતાં સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ પ્રગટે છે. પણ ધ્રુવસ્વભાવ પોતે કાંઈ નવો નથી પ્રગટતો, પ્રગટ પર્યાય ઓછી કે વધુ—તેની અપેક્ષા ધ્રુવને નથી, ધ્રુવશક્તિ તો ત્રિકાળ પરિપૂર્ણ સામર્થ્યરૂપ પારિણામિકભાવે વિદ્યમાન છે; અવરાવવું કે પ્રગટવું એવા ભેદ ધ્રુવમાં નથી, તે તો પર્યાયમાં છે. ધ્રુવસ્વભાવ તો દ્રવ્યના આત્મલાભરૂપે સદાય હયાત છે.

બાહ્ય નિમિત્તો જીવને રાગ કરાવે એ વાત તો છે જ નહિ, અહીં તો જ્ઞાનસ્વભાવરૂપે પરિણમતો આત્મા રાગને કરતો કે ભોગવતો નથી—એ વાત છે. શુદ્ધજ્ઞાનરૂપ શુદ્ધઉપાદાન; તેના ત્રિકાળભાવમાંય રાગનું કર્તૃત્વ નથી ને તેની ક્ષણિક જ્ઞાનપર્યાયમાં પણ રાગનું કર્તૃત્વ નથી. આમ રાગના અકર્તૃત્વપણે પરિણમતો આત્મા શોભે છે. આવા આત્મસ્વભાવને સમજે તો ઉપાદાન-નિમિત્તના કે નિશ્ચય-વ્યવહારના બધા

ઝઘડા કે શંકાઓ મટી જાય તેવું છે. સ્વતંત્ર ચૈતન્યસત્તાવાળો આત્મા તેને દ્રવ્યમાં કે પર્યાયમાં કોઈની અપેક્ષા નથી.

## આત્મા સમજવા માટેની ખુમારી...લગની

શુદ્ધઉપાદાનભૂત આત્માને જાણનારું જ્ઞાન તે મોક્ષમાર્ગ. તે જ્ઞાન પર્યાયોના ભેદ વગર એકરૂપ પરમભાવને ગ્રહણ કરે છે, એટલે કે ત્રિકાળીશુદ્ધદ્રવ્યને ગ્રહણ કરવું કે શુદ્ધદ્રવ્યાર્થિકનયનું પ્રયોજન છે. આવા દ્રવ્યસ્વભાવની લગની કરીને તેમાં ઉપયોગને જોડતાં અપૂર્વ આનંદ થાય છે. જુઓને, સંસારના રસિયા જીવો લગનમાં કેવી હોંશ કરે છે! તો આ આત્માના મોક્ષના લગનની વાત છે, તેમાં સ્વભાવ સમજવાની કેટલી હોંશ જોઈએ! દીકરાના લગ્ન થતા હોય ત્યાં તો જાણે શું શું કરી નાંખું? આ તો ચૈતન્યભગવાનના લગન કરવાની વાત છે; એને માટે આખો સંસાર ભૂલીને આત્માને સાધવાનો છે. આત્માને સમજવા માટે ને અનુભવમાં લેવા માટે તેની ખુમારી ચડવી જોઈએ. જેમ બંધાણીને અફીણ વગેરેની ખુમારી ચડે છે તેમ આત્માના હિત માટે તેના અનુભવની એવી ખુમારી ચડે કે દુનિયાનો રસ ઊડી જાય—

લાગી લગન હો જિનરાજ....લાગી લગન હમારી....
કાહુકો કહે કબહું ન છૂટે લોકલાજ સબ ડારી,
જૈસે અમલી અમલ કરત સમે લાગ રહી ખુમારી....
—લાગી લગન હમારી....

ભગવાન આત્માને સાધવાની જેને લગની લાગી, રંગ ચડ્યો, તેને તેની ખુમારી ઊતરે નહિ, દુનિયા શું કહેશે તે જોવા તે રોકાય નહિ, આનંદકંદ ધ્રુવસ્વભાવ ઉપર દૃષ્ટિ માંડીને તેની લગનીથી મોક્ષને સાધવા જાગ્યા તે હવે મોક્ષને સાધ્યે જ છૂટકો. સ્વભાવમાંથી જે નિર્મળપર્યાય અવતરી તે હવે પાછી ફરે નહિ, આગળ વધીને કેવળજ્ઞાન લીધે છૂટકો.

જુઓ ભાઈ, આત્માની આ સાચી વિદ્યા જ હિત કરનારી છે. લોકોને પરદેશની વિદ્યાના ભણતરનો મહિમા આવે છે, પણ એ તો નાસ્તિક અને કુવિદ્યા છે. આત્માના હિતની સાચી અધ્યાત્મવિદ્યા અત્યારે અહીં તો આપણા ભારતદેશમાં જ છે; એનો જ સાચો મહિમા છે. આત્માની આવી વાત કાને પડવી પણ બહુ મોંઘી છે. મોંઘી છે પણ મધુરી મીઠી અમૃત જેવી છે. વાહ! 'અમૃત ઝર્યા રે પ્રભુ! પંચમકાળમાં.' આ સમજતાં આત્મામાં અતીન્દ્રિય આનંદનાં અમૃત ઝરે છે.

## શુદ્ધનયરૂપી દરવાજામાં પેસતાં શું દેખાય છે?

અંદર શુદ્ધનયરૂપી દરવાજામાં પેસીને મોક્ષનો અનુભવ કરવાની આ વાત છે. શુદ્ધનયરૂપી દરવાજામાં પેસતાં શું દેખાય છે? અનંતગુણો શુદ્ધપારિણામિકભાવ જેમાં વર્તે છે એવો શુદ્ધજીવ દેખાય છે. આત્માને શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જોતાં તે પરમપારિણામિકભાવરૂપ દેખાય છે. નય છે તે ભાવશ્રુતનો અંશ છે, અને તે ઉપયોગાત્મક છે; એટલે કે શુદ્ધ દ્રવ્યને લક્ષમાં લઈને તેને ધ્યેય કરનાર શુદ્ધનયનો ઉપયોગ તે શુદ્ધદ્રવ્ય તરફ ઢળેલો છે, અને તે પર્યાય છે. ત્રિકાળદ્રવ્યનો નિર્ણય ત્રિકાળ વડે ન થાય, ત્રિકાળનો નિર્ણય વર્તમાન વડે થાય છે. ધ્રુવવસ્તુનું લક્ષ તો પલટતું જ્ઞાન કરે છે, કાંઈ ધ્રુવ પોતે ધ્રુવનું લક્ષ નથી કરતું. શુદ્ધદ્રવ્ય ત્રિકાળ ધ્રુવ સત્ છે; પણ 'છે' તેની હયાતીનો નિર્ણય કોણે કર્યો? નિર્ણય કરવો તે કાર્ય છે; ધ્રુવ તો કાર્યરૂપ નથી, કાર્યરૂપ તો પર્યાય છે, ને પર્યાય ઉપશમાદિ ભાવરૂપ છે. ધ્રુવસ્વભાવ તે પારિણામિક-પરમભાવ છે.

કર્તા-ભોક્તાપણું તે પર્યાયનું કાર્ય છે; દ્રવ્યદૃષ્ટિમાં તે કર્તા-ભોક્તાપણું નથી. પરનું તો કર્તા-ભોક્તાપણું આત્મામાં કદી નથી, રાગનુંય કર્તા-ભોક્તાપણું આત્માના સ્વભાવમાં નથી. હવે નિર્મળપરિણામનું જે કર્તા-ભોક્તાપણું પર્યાયમાં છે તે પણ દ્રવ્યાર્થિકનયની દૃષ્ટિમાં આવતું નથી; કેમકે બંને નયના બે વિષયો છે. તે પરસ્પર સાપેક્ષ છે. બંધ ને બંધનુંકારણ, મોક્ષ ને મોક્ષનું કારણ એ બધું પર્યાયમાં છે, દ્રવ્યમાં નથી. આ અપેક્ષાએ શુદ્ધજીવને બંધમોક્ષના પરિણામથી શૂન્ય કહ્યો છે. જીવમાં બંધપણું કે મોક્ષપણું ત્રિકાળી નથી પણ ક્ષણિકપર્યાયરૂપ છે. શુદ્ધદ્રવ્યને દેખનારી નિર્મળ પર્યાયમાં આનંદનું કર્તા-ભોક્તાપણું છે.

શુદ્ધનું લક્ષ કરનાર નિર્મળ પરિણામ છે તે કાંઈ શૂન્ય નથી તે તો વીતરાગી શાંતિની અસ્તિરૂપ છે; તેનો કાંઈ અનુભવમાં અભાવ નથી થતો. વિકલ્પનો અભાવ છે, ખેદનો અભાવ છે, પણ નિર્મળ પર્યાય છે, તેમાં આનંદ છે, તેનો અભાવ નથી. ત્રિકાળનું લક્ષ કરનાર વર્તમાનપર્યાય છે તેનો અનુભવ છે; અનુભવની પર્યાય તે ત્રિકાળી શુદ્ધ સ્વભાવ તરફ ઢળી છે. શુદ્ધદ્રવ્યના લક્ષે (આશ્રયે) શુદ્ધપરિણામ થયા છે; પણ તે પરિણામ શુદ્ધદ્રવ્યની દૃષ્ટિમાં દેખાતા નથી તે અપેક્ષાએ શુદ્ધ જીવદ્રવ્યને બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય કહ્યું છે; અને આવા શુદ્ધસ્વભાવના લક્ષે જે શુદ્ધપર્યાય પ્રગટી તેમાં વિકલ્પની કે ખેદની શૂન્યતા છે. શુદ્ધનયવડે આવા શુદ્ધજીવનો અનુભવ તે મોક્ષમાર્ગ છે. આ રીતે શુદ્ધનય તે મોક્ષનો દરવાજો છે, તેમાં પ્રેશતાં મોક્ષમાર્ગ શરૂ થાય છે.

## ધ્યાન 'સત્'નું હોય, સર્વથા શૂન્યનું નહીં

દ્રવ્ય શું? પર્યાય શું? ધ્યાન શું? ધ્યેય શું? વિભાવ શું?—એ બધા પ્રકારોને જાણ્યા વગર કેટલાક કહે છે કે શૂન્યનું ધ્યાન કરવું–પણ ભાઈ! કોનું ધ્યાન કરીશ? સર્વથા શૂન્યનું ધ્યાન હોઈ ન શકે; સત્‌નું ધ્યાન હોય. સત્ કેવું છે તેની ઓળખાણ વગર ધ્યાન ન હોય. શુદ્ધ દ્રવ્યાર્થિકનયમાં બંધ-મોક્ષ પર્યાય નથી દેખાતી, તે અપેક્ષાએ શુદ્ધદૃષ્ટિથી જીવને પરિણામથી શૂન્ય બંધ-મોક્ષ પર્યાય નથી દેખાતી, તે અપેક્ષાએ શુદ્ધદૃષ્ટિથી જીવને પરિણામશૂન્ય કહ્યો છે, પરંતુ જીવ સર્વથા પરિણામશૂન્ય નથી, પરિણામ વગરનો નથી. દ્રવ્ય અને પર્યાયને 'કથંચિત્ ભિન્ન' કહ્યા છે, પણ કાંઈ સર્વથા ભિન્ન નથી. દ્રવ્ય-પર્યાયના પ્રકારો જેમ છે તેમ ઓળખીને તેમાંથી પોતાનું હિતનું કારણ કોણ છે એટલે કે મોક્ષનું કારણ કોણ છે–તેની આ વાત છે, 'સત્' કેવું છે તેનો નિર્ણય કરીને પછી તેનું ધ્યાન થઈ શકે.

## આત્માની દરકાર

જયસેનસ્વામી રચિત આ ટીકાનું નામ તાત્પર્યવૃત્તિ છે. શાસ્ત્રનું તાત્પર્ય શું? જ્ઞાનનું તાત્પર્ય શું? અથવા આત્માનો સારભૂત સ્વભાવ શું—કે જેને લક્ષમાં લેતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ થાય?–એવા તાત્પર્યરૂપ સારભૂત આત્મસ્વરૂપનું આ વર્ણન છે. આ ઝીણું લાગે તોપણ આ મારા આત્માના હિત માટેની પ્રયોજનભૂત વાત છે–એમ લક્ષમાં લઈ, તેનો મહિમા લાવીને પ્રયત્ન કરવો, તો જરૂર સમજાય તેવું છે. અરે જીવ! તારામાં કેવળજ્ઞાન લેવાની તાકાત છે, તો તારું પોતાનું સ્વરૂપ તને કેમ ન સમજાય?—એક ક્ષણમાં સમજાય; પણ તે માટે અંતરમાં ઊંડી લગની ને આત્માની દરકાર જોઈએ. આ તો જેને જન્મ-મરણથી આત્માનો છોડાવવો હોય ને સુખી થવું હોય તેને માટે વાત છે.

આત્મા ચેતન, ને શરીરાદિ જડ; આત્માથી ભિન્ન એવા શરીરાદિ જડ પદાર્થોનું જગતમાં અસ્તિત્વ છે, પણ તે રૂપે આત્મા પરિણમતો નથી, અને પુણ્ય-પાપના વિકલ્પરૂપે પરિણમવાનું કાર્ય પણ શુદ્ધજ્ઞાનમાં નથી. શુદ્ધજ્ઞાન કહો કે આત્મા કહો, અભેદથી બંને એક છે; તેમાં વિકારનું કર્તૃત્વ નથી. કર્તૃત્વ એટલે પરિણમન; પરિણમે તે કર્તા. શુદ્ધજ્ઞાનસ્વરૂપ આત્મા શરીર-મન-ભાષા વગેરે અચેતન દ્રવ્યરૂપે ત્રણકાળમાં પરિણમતો નથી એટલે તેનું કર્તૃત્વ નથી અને શુદ્ધાત્માની સન્મુખ જે જ્ઞાન થયું તે જ્ઞાન પરભાવોથી જુદું થયું એટલે તે પરભાવોરૂપ પરિણમતું નથી તેથી પરભાવોનું કર્તૃત્વ તેનામાં નથી. હવે પરભાવથી જુદા શુદ્ધઆત્મામાં પણ દ્રવ્ય અને પર્યાય એવા બે પડખાં (બે ભાવો) છે;

તેમાંથી દ્રવ્યરૂપ ધ્રુવસ્વભાવને જોનારી દૃષ્ટિમાં પર્યાયના ઉત્પાદ-વ્યય દેખાતા નથી, તે દૃષ્ટિ એક પરમભાવને જ દેખે છે અને તે પરમભાવ પોતે બંધ-મોક્ષના પરિણામ વગરનો છે. માટે શુદ્ધદ્રવ્યાર્થિકનયે ધ્રુવસ્વભાવ છે તેમાં શુદ્ધપરિણામનુંય કર્તૃત્વ નથી. કેમકે તે નયમાં પર્યાય ન આવે, તે તો શુદ્ધદ્રવ્યને જ દેખે છે. મોક્ષમાર્ગ પ્રગટે છે તે પર્યાય છે, તે કાંઈ દ્રવ્ય નથી. ને દ્રવ્ય પોતે કાંઈ પર્યાયરૂપ નથી. વસ્તુમાં દ્રવ્ય ને પર્યાય—એમ બે નયના વિષય જુદા છે.

## આ વાત શ્રવણમાત્ર ન રાખીશ, અનુભવમાં લેજે.

જુઓ ભાઈ! આ વાત સમજવા જેવી છે. ભગવાન આત્મા નિત્યાનંદનો નાથ, અખંડ ચૈતન્યવસ્તુ તે સમ્યગ્દૃષ્ટિનો વિષય છે, તે ધર્મીનું ધ્યેય છે. તે ધ્યેયના ધ્યાનવડે નિર્મળપર્યાય પ્રગટીને તેમાં જ સમાય છે એટલે કે એકાગ્ર થાય છે. આવા અખંડ શુદ્ધદ્રવ્યને પ્રતીતમાં અને અનુભવમાં લઈને ધર્મી જીવ મોક્ષને સાધે છે. ધ્રુવની દૃષ્ટિમાં 'હું શુદ્ધપરિણામને કરું છું' એવો પણ ભેદ દેખાતો નથી.

આત્માનો આવો સ્વભાવ અનુભવમાં આવી શકે તેવો છે. કોઈ અચિંત્ય અલૌકિક વિકલ્પાતીત સ્વભાવ હોવા છતાં તેને સ્વાનુભવમાં લઈ શકાય છે. અનંતા જીવો શુદ્ધ આત્માનો અનુભવ કરીને મોક્ષે ગયા છે. અરે, આવા મનુષ્ય અવતારમાં તને આવું પરમસત્ય મળ્યું, સર્વજ્ઞથી સિદ્ધ થયેલું ને વીતરાગી સંતોએ જાતે અનુભવેલું આત્મસ્વરૂપ તને સાંભળવા મળ્યુંતે તો અનુભવમાં લેજે. શ્રવણમાત્ર ન રાખીશ પણ અનુભવમાં લેજે, અનુભવમાં આવે એવું આ તત્ત્વ છે. કાંઈ અનુભવમાં ન આવી શકે—એવું નથી. આ રીતે આત્માને ખ્યાલમાં ને અનુભવમાં ન લ્યે ત્યાં સુધી તે જીવે આત્માને જાણ્યો છે—એમ ન કહી શકાય. એટલે કે તે ધર્મ કરે છે—એમ ન કહી શકાય.

## શુદ્ધસ્વભાવની સન્મુખતા તે લાભનો વેપાર
## 'રાગથી ધર્મ'—તે ખોટનો ધંધો

સત્ શાશ્વત આત્મા જે એક જ્ઞાયકભાવ છે તે શુભાશુભભાવોરૂપે પરિણમતો નથી, તેથી તે પ્રમત્ત કે અપ્રમત્ત નથી, ण व होदि अप्पमत्तो ण पमत्तो जाणओ जो दु भावो'—એ વાત સમયસારની છઠ્ઠી ગાથામાં કરીને આચાર્યદેવે શુદ્ધઆત્મા દેખાડ્યો છે. એવા આત્માને પરદ્રવ્યોથી ભિન્નપણે ઉપાસવો—અનુભવવો તે મોક્ષમાર્ગ છે. તારા ઉપયોગના વેપારને આવા શુદ્ધાત્મામાં જોડ તો તારો વેપાર સફળ થાય. આ વેપાર એવો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



છે કે જેમાં નફો જ થાય, ખોટ આવે જ નહિ. ધ્રુવના લક્ષે વેપાર કરતાં સમ્યગ્દર્શનાદિ શુદ્ધપર્યાયનો લાભ થાય છે.

અરે, નિર્મળ ચૈતન્યપ્રભુને પુણ્ય-પાપ કરવાનું કામ સોંપવું તેમાં તો મોટી ખોટ છે, એણે તો હીરો આપીને કોલસો લીધો, ચૈતન્યભાવ વિકારને કરે છે એમ માનવું તે તો ચૈતન્યરત્નના બદલામાં વિકારરૂપી કોલસો લેવા જેવો ખોટનો ધંધો છે. ભાઈ! તું કોનો વિરોધ કરે છે તેનું તને ભાન નથી. સંતો જ્ઞાન અને રાગની ભિન્નતા બતાવે છે—તેનો વિરોધ કરતાં તારા સ્વભાવનો જ વિરોધ થઈ જાય છે. તેની તને ખબર નથી. બાપુ! રાગને ધર્મ માનીને તારા સત્‌નો જ તું વિરોધ કરે છે. જ્ઞાનીનો ભાવ તો જ્ઞાની પાસે છે, તું વિરોધ કર તેથી કાંઈ તેમની પરિણતિમાં નુકશાન થવાનું નથી, તારા ઊંધા ભાવનું નુકશાન તને જ થશે. માટે એ ખોટનો ધંધો છોડ.....ને શુદ્ધ આત્મામાં ઉપયોગને જોડ— જેથી આત્માને લાભ થાય.

## પર્યાયભેદો તે વ્યવહાર; અભેદદ્રવ્ય તે નિશ્ચય

બંધ-મોક્ષપર્યાય તે વ્યવહારનો વિષય છે. વિકલ્પ તો વ્યવહારનો વિષય અને નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળપર્યાયના ભેદો તે પણ વ્યવહારનો વિષય છે. અભેદદષ્ટિમાં તે ભેદો દેખાતા નથી. માટે જ દ્રવ્યદષ્ટિમાં જીવદ્રવ્યને બંધ—મોક્ષના પરિણામોથી શૂન્ય કહ્યું છે એમ સમજવું. તે પરિણામો થાય છે તો જીવમાં, પણ તે પર્યાયમાં થાય છે એટલે પર્યાયનયનો તે વિષય છે. બંધનું કારણ મિથ્યાત્વાદિ ભાવ, મોક્ષનું કારણ સમ્યકત્વાદિ ભાવ, તે બંને પર્યાયો છે; સંસાર પણ પર્યાય છે ને મોક્ષ પણ પર્યાય છે; પર્યાય એક સમયની હોય છે, ને દ્રવ્ય ત્રિકાળ એકરૂપ હોય છે. ત્રિકાળી પરમ ચૈતન્યભાવ પારિણામિકભાવરૂપ છે તે સંસાર-મોક્ષથી રહિત છે; દ્રવ્યદષ્ટિ તેને ગ્રહણ કરે છે, ને ધર્મી તેને ધ્યાવે છે.

આઠ પ્રકારનાં અશુભ કે શુભ જડકર્મો અને તે બંધાવાના કારણરૂપ અશુભ કે શુભભાવો, તેનું કર્તા-ભોક્તાપણું જ્ઞાનીના જ્ઞાનભાવમાં નથી. જ્ઞાની તો શુદ્ધવસ્તુની સન્મુખ થઈને પોતાના શુદ્ધભાવને જ કરે છે ને ભોગવે છે પ્રભુ! તારી વસ્તુની આ વાર્તા તારા કાને પડે છે તેને લક્ષમાં તો લે. પોતાનું સ્વરૂપ કેવું છે તેના નિર્ણય વગર તું ધર્મ શેમાં કરીશ? તારા સ્વરૂપની ભ્રમણાથી તું દુઃખમાં રખડી રહ્યો છે, તેનાથી છૂટવાની આ રીત તને સમજાવે છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## જીવને બંધન છે, તેનાથી છૂટવા માટે આ ઉપદેશ છે

તારી પર્યાયમાં તારી ભૂલથી તને બંધન છે, ત્યારે તો તેનાથી છૂટવારૂપ મોક્ષમાર્ગનો ઉપદેશ તને આપીએ છીએ. જો બંધન હોત જ નહિ તો 'મોક્ષને માટે તારા શુદ્ધ આત્માને તું સમજ'–એવો ઉપદેશ શા માટે દેત? પર્યાયમાં બંધન છે, તેનાથી છૂટવાનો ઉપાય છે,–પણ તેટલો જ આખો આત્મા નથી. તે પર્યાયો વખતે જ આખો ધ્રુવસ્વભાવ અનંતશક્તિઓથી પરિપૂર્ણ છે,—જેનું લક્ષ કરતાં બંધન ટળે છે ને મોક્ષ પ્રગટે છે. આમ તારા આત્મામાં જે ભાવો છે તેનું થોડુંક વર્ણન કર્યું છે; થોડું લખ્યું....ઘણું કરીને જાણજો. શબ્દોમાં તો કેટલું આવે! તેનો વાચ્યભાવ પકડીને અંદરમાં અનુભવ કરે તો પાર પડે તેમ છે.

જડનો સંબંધ, વિકાર કે ભેદ—એ બધા વ્યવહારભાવો જાણવા જેવા છે પણ શુદ્ધજીવના અનુભવમાં તેઓ નથી. અનુભવમાં નિર્મળ પર્યાય પ્રગટે છે ખરી, પણ તે અભેદ થઈ જાય છે, તેનો ભેદ નથી રહેતો. વેદાંત-અદ્વૈતમતવાળા કહે છે કે આત્મામાં પર્યાય સર્વથા છે જ નહિ—એ તો એકાંત છે, એવું આ નથી. આ તો ભગવાન સર્વજ્ઞદેવે કહેલી દ્રવ્ય-પર્યાયરૂપ અનેકાંતવસ્તુને બે નયોથી જોવાની વાત છે. બંને નયોવડે યથાર્થ વસ્તુસ્વરૂપનું જ્ઞાન કરીને પછી કઈ તરફ ઢળતાં ધર્મ થાય–તે વાત અલૌકિક રીતે આચાર્ય ભગવંતોએ જિનશાસનમાં સમજાવી છે.

### ભગવાનની પ્રસન્નતા

અહો, આ તો કોઈ લોકોત્તર માર્ગ છે. આ માર્ગ દુનિયાથી ભલે જુદો, પણ ભગવાનના માર્ગ સાથે મેળવાળો છે. દુનિયા ભલે કાલા કહે ઘેલા કહે કે ગાંડા કહે, પણ પ્રભુના મારગમાં તો સંતો પહેલા છે. પ્રભુને તે વહાલા છે....શુદ્ધ-સ્વભાવ સમજનારા સંતોને ભગવાને મોક્ષમાર્ગમાં સ્વીકાર્યા છે....એ જ ભગવાનની પ્રસન્નતા છે. જગતના લોકો રાજી થાય કે ન થાય, પણ જે જીવ સર્વજ્ઞના આ માર્ગમાં આવ્યો તે મોક્ષ પામશે.

## અનેકાંતવડે સાચા આત્માને દેખવાની રીત

મોક્ષમાર્ગ-પર્યાય નવી પ્રગટે છે, પણ આખી આત્મવસ્તુ કંઈ નવી નથી પ્રગટતી. તેમ ધ્રુવસ્વભાવ અપેક્ષાએ વસ્તુ કૂટસ્થ–અપરિણામી નથી. દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ઉત્પાદ-વ્યય ન આવે. આખું ધ્રુવતત્ત્વ એક સમયના ઉત્પાદ-વ્યયરૂપ થઈ જતું નથી. આવું વસ્તુસ્વરૂપ લક્ષમાં લેતાં પર્યાયબુદ્ધિ છૂટી જાય ને અભેદસ્વભાવના અનુભવરૂપ મોક્ષમાર્ગ

પ્રગટે. ૧૪મા ગુણસ્થાનના છેલ્લા સમયે મોક્ષમાર્ગની પૂર્ણતા થાય છે, ને તે પર્યાયનો વ્યય થતાં મોક્ષદશા પ્રગટે છે. પહેલાં બંધમાર્ગ હતો ને મોક્ષમાર્ગ થયો, પછી મોક્ષમાર્ગ પર્યાય ગઈને મોક્ષપર્યાય થઈ—એમ કટકે-કટકે (ભેદથી) દેખતાં સળંગરૂપ આખું શુદ્ધજીવદ્રવ્ય દેખાતું નથી. પર્યાયના ભેદ ગૌણ કરીને અખંડ ધ્રુવસ્વભાવ સામે જોતાં શુદ્ધજીવદ્રવ્ય આખું પ્રતીતમાં અનુભવમાં આવે છે. આવો અનુભવ કરનારને નિત્ય ને અનિત્ય વચ્ચેનો વિરોધ ટળી જાય છે, બે નયના એકાંતનો વિરોધ મટીને અનેકાંત સ્વભાવનું યથાર્થ જ્ઞાન થાય છે.

જુઓ, આ સાચા આત્માને દેખવાની રીત! આવા આત્માને દેખતાં પોતામાં જ પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. પોતાનું સ્વરૂપ અંદરમાં વિચારવા જેવું છે.

બંધ-મોક્ષ આત્માની પર્યાયમાં છે ખરા; અનંત જ્ઞાન-દર્શન-સુખ-વીર્ય વગેરે અવસ્થા સિદ્ધનેય છે; પણ અખંડ દ્રવ્યની દૃષ્ટિમાં તે પર્યાયભેદો સાધકને દેખાતા નથી. એકેક પર્યાયના ભેદને દેખતાં તે આખું દ્રવ્ય પ્રતીતમાં આવતું નથી. જેમ કોઈ પુરુષને પગની એક આંગળીમાં પાતળો દોરો બાંધ્યો હોય, તે બંધઅવસ્થા કહેવાય, ને તે દોરો છોડયો તે મુક્ત અવસ્થા કહેવાય, પણ શું આખો પુરુષ બંધાયો છે?—કે છૂટ્યો છે? ના તેનો એક અંશ બંધરૂપ હતો ને અંશ છૂટયો. તે બંધ-મોક્ષ જેટલો જ કાંઈ આખો પુરુષ નથી. 'બંધાયેલા તે પુરુષ'—એમ એકલી બંધઅવસ્થાથી ઓળખો તો આખો પુરુષ ન ઓળખાય; એકલી છૂટકારાની અવસ્થાથી ઓળખો તોપણ આખો પુરુષ ન ઓળખાય. બંધ કે મોક્ષ બંને અવસ્થા વખતે એકરૂપ ટકી રહેનારા તેના સ્વરૂપને ઓળખો તો તે પુરુષની સાચી ઓળખાણ થાય. તેમ જીવપુરુષ એટલે આ ચૈતન્યસ્વરૂપ આત્મા; તેને એક ક્ષણિક અંશમાં (પર્યાયમાં) બંધન હતું ને તે ટળતાં પર્યાયમાં મોક્ષદશા પ્રગટી, પણ તે બંધઅવસ્થા જેટલો કાંઈ આખો જીવ ન હતો, ને મોક્ષદશા જેટલો પણ આખો જીવ નથી. બંધ અને મોક્ષ બંને અવસ્થા વખતે એકરૂપ ટકી રહેનારા પરિપૂર્ણ સ્વભાવરૂપે ઓળખતાં જીવના ખરા સ્વરૂપની ઓળખાણ થાય છે.

## કાયમી પૂરો આનંદ ક્યાંથી આવશે?

આત્માનું જે પરમાર્થસ્વરૂપ છે તે સ્વરૂપ અત્યારે પણ એવં ને એવું વિદ્યમાન છે. તે પરમાર્થસ્વરૂપના અવલંબને સંવર-નિર્જરા-મોક્ષદશા પ્રગટે છે, ને આસ્રવ-બંધ ટળે છે. પણ પ્રગટયું ને ટળ્યું તેની અપેક્ષા ધ્રુવ-પરમાર્થસ્વરૂપમાં નથી. માટે ધ્રુવભાવરૂપ દ્રવ્ય-મોક્ષનાં પરિણામથી રહિત છે—એમ કહ્યું છે. સમ્યગ્દર્શનનો આ વિષય છે, તેમાં રાગનો

આશ્રય નથી. રાગથી ભિન્ન થઈને આવા આત્મસ્વભાવને અનુભવમાં લેવો તો મોક્ષમાર્ગ છે; તે પૂર્ણ આનંદની પ્રાપ્તિનો ઉપાય છે.

આત્મા એક અખંડ વસ્તુ છે, તેની સ્વસત્તારૂપ સહજ સ્વભાવની હૈયાતીમાં બીજું કોઈ શરણ નથી; કે પારિણામિકભાવે અનાદિઅનંત છે, ને તેની ઓળખાણથી શુદ્ધતા તથા આનંદ પ્રગટે છે.

✍ હે જીવ! તારે આનંદ જોઈએ છે ને?.......... હાં.

✍ તે અધૂરો જોઈએ કે પૂરો?..... અધૂરો નહિ પણ પૂરો.

✍ તે કાયમ ટકે તેવો જોઈએ કે ક્ષણિક? .....કાયમ ટકે એવો.

તો કાયમ ટકે એવો પૂરો આનંદ ક્યાંથી આવશે?

✍ શું શરીરમાંથી કે ધનમાંથી એ આનંદ આવશે?

—ના, તેનામાં આનંદ છે જ નહિ.

✍ તો શું રાગમાંથી–પુણ્યમાંથી આનંદ આવશે?

ના, તેમાં આકુળતા છે, તેમાં આનંદ નથી.

✍ હવે એક સમયની જ્ઞાનાદિ પર્યાય, તેનો આશ્રય કરતાં પણ

કાયમી આનંદ ન આવે, કેમકે પર્યાય પોતે ક્ષણિક છે.

માટે જે પોતે કાયમ ટકે ને પૂર્ણ આનંદ જેમાં ભર્યો હોય એવી વસ્તુનું અવલંબન કરવાથી જ કાયમ ટકે એવો પૂરો આનંદ અનુભવી શકાય. આ રીતે પર્યાયને અંતર્મુખ અભેદ કરીને પોતાના અતીન્દ્રિય આનંદમય પારિણામિક પરમસ્વભાવી આત્માને શુદ્ધનય વડે અનુભવતાં આનંદની પ્રાપ્તિ થાય છે. ધર્માત્મા આવા આનંદનું જીવન જીવે છે. પોતાના સહજસ્વભાવે જીવ ત્રિકાળ જીવે છે. આવા શુદ્ધ જીવને લક્ષમાં લેનાર શુદ્ધનય તો પર્યાય છે, પણ તેણે મીટ માંડી છે ધ્રુવ ઉપર. શુદ્ધનય પોતે ઉપયોગાત્મક પર્યાય છે પણ ત્રિકાળી સહજસ્વભાવને ધ્યેય બનાવીને તેમાં તે અભેદ થઈ છે. તે પર્યાય રાગમાં અટકતી નથી. રાગમાં અટકેલી પર્યાયવડે શુદ્ધદ્રવ્યનો નિર્ણય ન થાય; પણ રાગથી ભિન્ન થઈને શુદ્ધદ્રવ્ય તરફ ઝુકેલી પર્યાયવડે જ ત્રિકાળી શુદ્ધદ્રવ્યનો નિર્ણય થાય છે. નિર્ણય કરવારૂપ કાર્ય પર્યાયમાં થાય છે, ધ્રુવમાં તે નિર્ણય નથી થતો કેમ કે ધ્રુવ પોતે કાર્યરૂપ નથી. જ્ઞાનની

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



દશા ત્રિકાળસ્વભાવની સન્મુખ થઈ ત્યારે સાચો આત્મા નિર્ણયમાં ને અનુભવમાં આવ્યો અને તે જીવ મોક્ષના પંથે ચાલ્યો.

'—આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.'

## પરિણામસ્વભાવી વસ્તુ; તેમાં ધ્રુવતા અને પરિણમન

વસ્તુસ્વભાવનો નિર્ણય કરે છે પર્યાય, પણ તે પર્યાય ધ્રુવને અવલંબનારી છે. અભેદસ્વભાવના અવલબંનના જોરે ધર્મીની પર્યાય નિર્મળપણે પલટો ખાય છે; ને અજ્ઞાનીની પર્યાય રાગના અવલંબનવડે અશુદ્ધપણે પલટો ખાય છે. પર્યાય તો બંનેને પલટે છે; પણ સ્વભાવને અવલંબતાં તે શુદ્ધ થાય છે. પરભાવને અવલંબતા અશુદ્ધ થાય છે. પરને લીધે કોઈની પર્યાય નથી થતી.

વસ્તુ દ્રવ્યપણે ત્રિકાળ, તેના સહજસ્વભાવરૂપ ગુણો ત્રિકાળ, ને પર્યાયો સમયે સમયે બદલતી. વસ્તુમાં દરેક સમયે પર્યાય હોય ખરી, ભલે એક ને એક પર્યાય કાયમ ન ટકે, નવી નવી થયા કરે. વસ્તુ પરિણામસ્વભાવવાળી છે, તે સર્વથા કૂટસ્થ નથી. પર્યાય વગરનું એકલું કૂટસ્થ—ધ્રુવ હોઈ શકે નહિ. વસ્તુમાં ધ્રુવત્વ ટકીને નવી નવી પર્યાયરૂપ પરિણમન થાય છે. પર્યાય બદલે, દ્રવ્ય ન બદલે—આવો વસ્તુસ્વભાવ છે. સર્વજ્ઞદેવે આવો વસ્તુસ્વભાવ પ્રકાશ્યો છે. ભાઈ, જેવો તું છો તેવો લક્ષમાં તો લે. અહો, ચૈતન્યવસ્તુનો પરમ સ્વભાવ કોઈ અદ્ભુત ને આશ્ચર્યકારી છે.

## ધર્મીના ધ્યાનમાં ધ્યાતા ને ધ્યેયના ભેદ રહેતા નથી

અખંડ જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને જાણીને ધર્મી તેને જ ભાવે છે; ભાવે છે એટલે ધ્યાવે છે. આ ભાવના કરે છે પર્યાયવડે, પણ પર્યાયના ખંડ ઉપર—ભેદ ઉપર લક્ષ રાખીને ભાવના નથી કરતો, અભેદને જ લક્ષમાં લઈને ભાવે છે કે અખંડ એક શુદ્ધ પરમભાવરૂપ નિજ પરમાત્મતત્ત્વ હું છું. એક વસ્તુમાં ખંડ શા ? અખંડમાં પર્યાયને એકાગ્ર કરીને ધ્યાવે છે, ત્યાં 'હું ધ્યાન કરનાર ને આ મારું ધ્યેય' એવા ધ્યાતા—ધ્યેયના ભેદ રહેતા નથી, ધ્યેય અને ધ્યાતા એવા બે ખંડ ઉપર લક્ષ જતાં વિકલ્પ થાય છે, ને ત્યાં સાચું ધ્યાન થતું નથી. ધ્યાનમાં એક અખંડ તત્ત્વપણે આત્મા પ્રકાશે છે. અહો, આવા આત્માને ઓળખવો ને ધ્યાવવો તે મહાન પ્રયોજનરૂપ છે. ચૈતન્યવસ્તુનો પરમસ્વભાવ ધ્યાનગમ્ય છે. વિકલ્પગમ્ય નથી. ભાઈ, આવું તારું સ્વરૂપ તને સમજાય તેવું છે, સરળ છે. બીજું લક્ષ છોડીને, અને તારા સ્વભાવનો મહિમા લાવીને આ તારી વસ્તુને સમજ. તારી સાધકદશા—એ તારી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

પર્યાયમાં છે. પર્યાયમાં તે નથી—એમ નથી. પર્યાયમાં તો છે, પણ અભેદના ધ્યાનમાં તે પર્યાય જુદી દેખાતી નથી.

## જૈન સિદ્ધાંતનું રહસ્ય : પર્યાયના સ્વીકારપૂર્વક દ્રવ્યસ્વભાવની વાત

ધ્રુવરૂપ ધ્યેયમાં એકાગ્ર થઈ જાય તેનું નામ ધ્યાન. આ ધ્યાનમાં આત્મા કાંઈ સર્વથા શૂન્ય થઈ જાય—એમ નથી, કે પર્યાયથી તદ્દન જુદો પડી જાય એમ નથી. જો પર્યાય હોય જ નહિ તો ધ્રુવને ધ્યાવ્યું કોણે? પર્યાય છે ખરી, પણ અભેદધ્યાનમાં તેનો ભેદ દેખાતો નથી. વેદાંત વગેરે તો પર્યાયનું અસ્તિત્વ જ નથી માનતા, એટલે તેને તો ધ્યેય-ધ્યાન-મોક્ષમાર્ગ-મોક્ષ એવું કાંઈ છે જ નહિ. તેમાં અને આ વાતમાં જરાય મેળ નથી, બંનેમાં ઊગમણા-આથમણા જેવો ફેર છે. 'આ ધ્રુવની વાત વેદાંતવાળા સાંભળે તો ખુશ થઈ જાય'—એમ કોઈ કહે, તો તે આ જૈનસિદ્ધાંતના રહસ્યને જરાય સમજ્યો નથી, એ તો ગૃહીતમિથ્યાત્વમાં ઊભો છે. ભાઈ! આ તો જૈન-પરમેશ્વરે કહેલી અપૂર્વ વાત છે; આમાં પર્યાયના સ્વીકારપૂર્વકના દ્રવ્યસ્વભાવની વાત છે. દ્રવ્ય-પર્યાયરૂપ અનેકાંતસ્વભાવવાળી વસ્તુ છે; તેને દ્રવ્યદૃષ્ટિથી જોતી વખતે પર્યાય દેખાતી નથી, (—ગૌણ થઈ જાય છે,) પણ વસ્તુમાં પર્યાય છે જ નહિ—એમ નથી. પર્યાય તો વસ્તુના અસ્તિત્વને નક્કી કરે છે. 'વસ્તુ આવી છે' એવા નિર્ણયનું કામ પર્યાય ન હોય તો શેમાં થાય?—ધ્રુવનો નિર્ણય કાંઈ પોતે નથી કરતું; ધ્રુવનું ધ્યાન ધ્રુવવડે નથી થતું, પર્યાય તેમાં એકાગ્ર થઈને તેને ધ્યાવે છે. ત્યાં આ ધ્યાતા ને આ ધ્યેય એવો ભેદ નથી રહેતો, અભેદ થઈ જાય છે.—આનું નામ મોક્ષમાર્ગ છે.

બંધ-મોક્ષનાં પરિણામ આત્માની પર્યાયમાં થાય છે,—તેને પણ જે ન સમજે એને તો મોં—માથું કાંઈ સૂઝે તેમ નથી, અર્થાત્ બંધને ટાળવાનું ને મોક્ષને સાધવાનું કાંઈ તેને રહેતું નથી. વેદાંતમતીને તો પર્યાયનોય કયાં નિર્ણય છે? મારી પર્યાય મારામાં થાય છે એટલો પણ નિર્ણય જેને ન હોય તેને દ્રવ્ય સ્વભાવનો નિર્ણય સાચો હોય નહિ. અહીં તો ઊંચી વાત છે. મોક્ષ ક્યા ભાવ વડે સધાય છે, ને તેમાં ધ્યેયરૂપ વસ્તુ કેવી છે? તે અહીં બતાવશે.

## મોક્ષને સાધવાની રીત

પર્યાય ભલે પલટે, પણ તે ધ્રુવના આશ્રયે પલટતી હોવાથી નિર્મળ નિર્મળ થયા કરે છે. જો રાગાદિનો આશ્રય કરીને પલટે તો તે અશુદ્ધ થાય. નિર્ણય અનુભવ કે ધ્યાન તે

પર્યાય છે. મોક્ષને સાધવા માટે શું કરવું?—કે ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયભેદોનું ધ્યાન છોડીને ધ્રુવ અભેદ પરમ સ્વભાવને ધ્યાવવો.—મોક્ષને સાધવાની આ રીત છે.

આખી વસ્તુ એકસમયની પર્યાય જેટલી જ નથી તોપણ સ્વસન્મુખ પર્યાયમાં આત્મા પોતે છાનો રહી શકે તેમ નથી. છાનો ન રહે એટલે શું? કે સ્વસંવેદનજ્ઞાનમાં પ્રગટ પ્રતિભાસ થાય તેમાં આત્મા છાનો ન રહે એટલે અપ્રગટ ન રહે, પરોક્ષ રહે, ગુપ્ત ન રહે, છૂપો ન રહે; પ્રગટ અનુભવમાં આવે,—એવો આત્માનો સ્વભાવ છે. આવા આત્માનો અનુભવ એ અજર પ્યાલા છે....એને પચાવતાં જીવ અમર થાય છે. મોક્ષદશા પ્રગટ્યા પછી સાદિ-અનંતકાળ એવીને એવી રહે છે. પરવસ્તુ, રાગ કે પર્યાયભેદ તેના લક્ષે ન અટકતાં પરમ આનંદના ધ્યેયધામમાં જે ચડ્યો તે જીવ મોક્ષ પામે છે.

હવે આવી મોક્ષદશાનું કારણ શું છે? જીવના પાંચ ભાવોમાંથી ક્યા ભાવ મોક્ષનું કારણ છે? તે બતાવે છે.

કોઈના આશીર્વાદથી કોઈનું ભલું થતું નથી, કોઈના શાપથી કોઈનું બૂરું થતું નથી. સૌનાં પુણ્ય-પાપ પ્રમાણે થાય છે. કેટલાક એમ માને છે કે ભક્તામર-સ્તોત્ર બોલવાથી નાગા-ભૂખ્યા રહીએ નહિ; પણ એનો અર્થ શું થયો?—કે રોટલા, પાણી ને લૂગડાંના ઓશિયાળા કોઈ દિવસ મટીએ નહિ. અરે ભાઈ! આવું ઊંધું માગ્યું? એના કરતાં એવો ભાવ કર કે પ્રભુ! તમારા ગુણોનું મને બહુમાન છે, તમારા ગુણો મને ગોઠે છે, એટલે કે આત્માના ગુણો મને ગોઠે છે, તેથી તમારી ભક્તિ કરું છું, સ્તુતિ કરું છું.

—પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનનામૃત બોલ નં. ૨૫૪

# પાંચ ભાવોમાંથી મોક્ષના કારણનો વિચાર

✍ પ્રથમ નેત્રના દૃષ્ટાંતે એમ સમજાવ્યું કે જ્ઞાનચક્ષુમાં પરભાવોનું કર્તૃત્વ કે ભોક્તૃત્વ નથી; જ્ઞાનચક્ષુ જેને ખૂલ્યાં છે એવો જીવ, એટલે કે શુદ્ધજ્ઞાનરૂપે પરિણમેલો જીવ, પરદ્રવ્યોને કે પરભાવોને માત્ર જાણે જ છે, તેનો કર્તા–ભોક્તા થતો નથી, જ્ઞાનરૂપે જ રહે છે.

✍ પછી શુદ્ધદ્રવ્યાર્થિકનયે બંધ–મોક્ષથી રહિત શુદ્ધજીવદ્રવ્યનો પરમપારિણામિકભાવ કેવો છે તે કહ્યું.

✍ હવે જીવના પાંચ ભાવો બતાવે છે; અને તે પાંચ ભાવોમાંથી ક્યા ભાવો મોક્ષનું કારણ છે તે વિચારવામાં આવે છે.

ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક, ઔદયિક અને પારિણામિકભાવ એ પાંચ ભાવો છે; તેમાં ઔપશમિક, ક્ષાયોપશમિક, ક્ષાયિક અને ઔદયિક એ ચાર ભાવો પર્યાયરૂપ છે, અને શુદ્ધપારિણામિકભાવ દ્રવ્યરૂપ છે. આવા પરસ્પર સાપેક્ષ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ આત્મવસ્તુ છે; દ્રવ્ય-પર્યાય બંનેનું જોડકું તે આત્મપદાર્થ છે.

ઉપશમાદિ ચાર ભાવો પ્રગટરૂપ છે, પર્યાયરૂપ છે; તેમાં ઉપશમ–ક્ષયોપશમ–ક્ષાયિક એ ત્રણ ભાવો નિર્મળપર્યાયરૂપ છે અને ઔદયિકભાવ વિકારી પર્યાયરૂપ છે અને જે પરમપારિણામિકભાવ છે તે દ્રવ્યરૂપ છે, તે આત્માનો અહેતુક સહજસ્વભાવ છે; સહજ જ્ઞાન-આનંદાદિ અનંત સ્વભાવો પારિણામિકભાવે ત્રિકાળ છે—આવાસ્વભાવને જોનારું જ્ઞાન તે મોક્ષમાર્ગ છે.

**ઔપશમિકભાવ** : અનાદિનો અજ્ઞાની જીવ પહેલવહેલા જ્યારે પોતાના સ્વભાવનું ભાન કરે છે ત્યારે, ચોથા ગુણસ્થાને તેને ઔપશમિક સમ્યગ્દર્શન થાય છે, અને આ ઔપશમિકભાવથી ધર્મની શરૂઆત થાય છે. પછી ચારિત્રમાં ઉપશમભાવ ઉપશમશ્રેણી વખતે મુનિને હોય છે. ઉપશમભાવ એ નિર્મળભાવ છે. તેમાં મોહનો વર્તમાન ઉદય નથી, તેમજ તેનો સર્વથા ક્ષય પણ થઈ ગયો નથી, પણ જેમ નીતરેલા સ્વચ્છ પાણીમાં નીચે કાદવ બેસી ગયો હોય તેમ સત્તામાં કર્મ પડ્યું છે.

જીવની આવી નિર્મળ પર્યાયને ઔપશમિકભાવ કહે છે.

**ક્ષાયોપશમિકભાવ** : આ ભાવમાં કાંઈક વિકાસ ને કાંઈક આવરણ છે; જ્ઞાનાદિનો સામાન્ય ક્ષયોપશમભાવ તો બધા છદ્મસ્થ જીવોને અનાદિથી હોય છે. પણ અહીં મોક્ષના કારણરૂપ ક્ષયોપશમભાવ બતાવવો છે એટલે સમ્યગ્દર્શનપૂર્વકનો ક્ષયોપશમભાવ લેવો.

**ક્ષાયિકભાવ** :ક્ષાયિકભાવ : આત્માના ગુણની સંપૂર્ણ શુદ્ધદશા પ્રગટે અને કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય—એવી દશા તે ક્ષાયિકભાવ છે.

આ ત્રણે ભાવો નિર્મળપર્યાયરૂપ છે; તે અનાદિના નથી હોતા, પણ આત્માની ઓળખાણપૂર્વક નવા પ્રગટે છે અને તે ભાવો મોક્ષનું કારણ છે એમ આગળ સમજાવશે.

**ઔદયિકભાવ** : જીવનો વિકારીભાવ, જેમાં કર્મનો ઉદય નિમિત્ત હોય છે. અનાદિથી બધા સંસારી જીવોને ઔદયિકભાવ હોય છે. મોક્ષદશા થતાં તેનો સર્વથા અભાવ થાયછે. ઔદયિકભાવો શુભ-અશુભ અનેક પ્રકારનાં છે, તે કોઈ ભાવો મોક્ષનું કારણ થતા નથી. ધર્મી જીવો પોતાના જ્ઞાનને ઔદયિકભાવોથી ભિન્ન અનુભવે છે.

**પારિણામિકભાવ** : આત્માનો ત્રિકાળી સહજ એકરૂપ સ્વભાવ, તેને 'પરમભાવ' કહ્યો છે; અન્ય ચાર ભાવો ક્ષણિક છે તેથી તેમને 'પરમભાવ' ન કહ્યા, પારિણામિકરૂપ પરમસ્વભાવ દરેક જીવમાં સદાય વિદ્યમાન છે.

## ઉપશમભાવ એટલે મોક્ષમાર્ગની શરૂઆત

અરે, આ તો પરમ સત્ય પરમ અમૃત એવા આત્મસ્વરૂપનું વર્ણન છે. તારા ભાવોનું આ વર્ણન છે. તારા ભાવોમાં ક્યા પ્રકારે આવરણ છે ને ક્યા પ્રકારે વિકાસ છે તેની આ વાત છે. પાંચ ભાવોમાં ઉપશમભાવને સૌથી પહેલો કહ્યો; મોક્ષમાર્ગની શરૂઆત ઉપશમભાવથી થાય છે. અંદર રાગરહિત શાંત અકષાય સ્વરૂપના વેદનવડે આત્માને ઉદયથી ભિન્ન જાણ્યો ત્યારે ઉપશમભાવ પ્રગટ્યો ને ત્યારે ઉદયભાવોને જેમ છે તેમ જાણ્યા. ઉપશમભાવ વગર ઉદયને પણ જાણશે કોણ? ભેદજ્ઞાન વગર તો ઉદયને જાણતાં તે ઉદયભાવને જ પોતાનો સ્વભાવ માની લેતો હતો. હવે તેનાથી ભિન્નતા જાણતાં મોક્ષમાર્ગ શરૂ થયો. ઉપશમભાવ રહિત થયેલું સમ્યગ્જ્ઞાન તે જ ઉદયને યથાર્થ જાણે છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તત્ત્વાર્થસૂત્રમાં પણ પાંચભાવના કથનમાં પહેલો ઉપશમભાવ લીધો છે.

જેમ સર્પને પકડવા માટે પહેલાં તેને ઠારે, તેના ઉપર પાણી છાંટીને તેને શાંત કરે; અથવા, જેમ મેલા પાણીમાં ઔષધિ નાખીને સ્વચ્છ કરે, કાદવ નીચે બેસી જાય; તેમ અનાદિથી કષાયોમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ જીવ પ્રથમ તો તે કષાયોને ઠારે છે, કષાયોને તથા મિથ્યાત્વને ઠારીને એટલે કે ઉપશમાવીને ઔપશમિક સમ્યગ્દર્શન પ્રગટ કરે છે. મિથ્યાત્વમાંથી સીધું ક્ષાયિકસમ્યક્ત્વ નથી થતું, સૌથી પહેલાં ઉપશમ થાય છે ને પછી ક્ષાયોપશમિકપૂર્વક ક્ષાયિકસમ્યક્ત્વ થાય છે. ધર્મ કરનાર જીવને પહેલાં ઉપશમસમ્યક્ત્વ જ થાય. ચારે ગતિમાં તે થઈ શકે છે; સાતમી નરકમાં પણ અસંખ્યાત જીવો ઉપશમસમ્યક્ત્વ ત્યાં ગયા પછી નવું પ્રગટ કરનારા છે. ચાર ગતિમાં કોઈ પણ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ પહેલવહેલો નિર્વિકલ્પ અનુભવ કરે તે ઉપશમસમ્યક્ત્વ સહિત હોય છે. ચૈતન્યને પકડીને તેણે એટલો પુરુષાર્થ કર્યો કે મોહને દાબી દીધો, તેને દર્શન-મોહકર્મ વર્તમાન પ્રગટ નથી થતું, તેમ જ તેનો સર્વથા ક્ષય પણ નથી થયો. મિથ્યાત્વની અનુભૂતિ તે ઉપશમસમ્યક્ત્વ છે.

## સત્ વસ્તુ—તેમાં પર્યાય અને દ્રવ્ય

આ ઉપશમાદિ ત્રણ ભાવો જીવની નિર્મળ પર્યાય છે. 'ક્ષાયિકાદિભાવ જીવને નથી' એમ કહ્યું તેનો અર્થ કાંઈ 'તે પર્યાયો જીવમાં નથી'—એમ નથી, પરંતુ તેનો અર્થ તો એવો છે કે જીવમાં દ્રવ્યરૂપે તે ભાવ નથી. પણ પર્યાયરૂપે છે. વસ્તુમાં દ્રવ્ય તે પર્યાય નથી, પર્યાય તે દ્રવ્ય નથી. પાંચ ભાવોમાંથી ચાર તો પર્યાયરૂપ છે, ને એક દ્રવ્યરૂપ છે.

પાંચ ભાવોમાંથી ઔદયિકભાવ મોક્ષનું કારણ નથી; ઔપશમિકાદિ ત્રણ ભાવો મોક્ષનું કારણ છે; ને પાંચમો પારિણામિકભાવ તે દ્રવ્યરૂપ છે. તે બંધ-મોક્ષનું કારણ નથી. ચાર ભાવો ક્રિયારૂપ એટલે કે ઉત્પાદ-વ્યયરૂપ છે, ને પાંચમોભાવ નિષ્ક્રિય છે એટલે કે એકરૂપ ધ્રુવ છે. દ્રવ્ય-પર્યાય બંને થઈને વસ્તુ છે. દ્રવ્યતે નિશ્ચય, પર્યાય તે વ્યવહાર, બંને થઈને પ્રમાણવસ્તુ સત્ તેમાં દ્રવ્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય, ને પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય—પણ તે બંને પરથી તો ભિન્ન જ છે. આવી સત્ વસ્તુ, તેના ભાવોનું આ વર્ણન છે.

## ગુરુદેવ કરુણાથી કહે છે—આત્માનું સ્વરૂપ સમજ

ગુરુદેવ ઘણી કરુણાથી કહે છે કે અરે બાપુ! વાદવિવાદ છોડીને આવી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

આત્મવસ્તુના વિચારમાં ને મંથનમાં રહે તો કાંઈક અપૂર્વ ચીજ હાથમાં આવશે. ભાઈ, જીવનમાં એકેક સમયની મોટી કિંમત છે. અરે, મનુષ્યભવનો આવો અવસર એમને એમ ચાલ્યો જાય—તો તેની શી કિંમત? આ મનુષ્યભવની એકેક ક્ષણમાં ભવના અભાવનું કાર્ય કરવાનું છે. કંઈ ભવ વધારવા માટે આ મનુષ્ય અવતાર નથી પણ ભવનો અભાવ કરવા માટે આ મનુષ્ય અવતાર છે. જો મનુષ્યભવ પામીને તે કાર્ય ન કર્યું તો બીજા ભવમાં ને આ ભવમાં શો ફેર? અનંત ભવ ચાલ્યા ગયા તેમ જો આ ભવ પણ ચાલ્યો જશે—તો આત્માનું હિત ક્યારે કરીશ? માટે સાવધાન થઈને તારા આત્માનું સ્વરૂપ સમજ.

આત્મા પરથી તો અત્યંત જુદો છે એટલે પર સાથેના કોલાહલની વાત તો દૂર રહો. અહીં તો કહે છે કે પોતામાં એક પર્યાયનો ભેદ પાડીને તેના લક્ષે અટકે તોપણ આખી વસ્તુ લક્ષમાં ન આવે. ભાઈ, તારી સત્ વસ્તુ છે તે તારા દ્રવ્ય-પર્યાયરૂપ છે, પરની સાથે તારે કાંઈ સંબંધ નથી. તારામાં જે દ્રવ્ય ને પર્યાય સત્ છે તેની આ વાત છે, તેને તું વિચારમાં તો લે. તારા પોતાના ઘરની વસ્તુને તું લક્ષમાં તો લે.

## દ્રવ્ય-પર્યાયનું જોડલું

જીવના મિથ્યાત્વ-રાગાદિભાવ ઉદયભાવો, કે કેવળજ્ઞાનાદિ ક્ષાયિકભાવો, એ બધા ભાવો પર્યાયકોટિમાં આવે છે અને ધ્રુવરૂપ શુદ્ધપરમભાવ તે દ્રવ્યકોટિમાં આવે છે; વજ્ર જેવો ને સહજભાવમાં કદી હલતો નથી-ડગતો નથી-ઉત્પાદવ્યયરૂપ થતો નથી. ચાર ભાવો ક્ષણિકપર્યાયરૂપ છે, તે ક્ષણે ક્ષણે પલટે છે. આ રીતે આત્મામાં દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ ભાવો છે. આવા દ્રવ્ય-પર્યાય બંને સ્વરૂપ આત્મવસ્તુ છે. એક જ વસ્તુમાં દ્રવ્ય ને પર્યાય બંને પરસ્પર સાપેક્ષપણે રહ્યાં છે, એટલે કે દ્રવ્ય-પર્યાયનું જોડકું તે વસ્તુ છે.

સુમતિ અને કુમતિ બંને પર્યાયો છે; તેમાં સુમતિ તે આત્માની સાચી પરિણતિ છે, કુમતિ તે આત્માની સાચી પરિણતિ નથી; છતાં બંને પરિણતિ સમય-સમયના પરિણમનવાળી છે, ગુણ ને દ્રવ્ય ધ્રુવ રહે છે. સંસારપર્યાય એક સમયની છે તેમ સિદ્ધપર્યાય પણ એક સમયની છે, તે ભલે સાદિ-અનંતકાળ સુધી એવી ને એવી થયા કરે એટલે તેને 'ધ્રુવગતિ' પણ કહી છે; પણ તે કાંઈ ત્રિકાળી દ્રવ્ય-ગુણરૂપ પારિણામિકભાવે નથી પણ ક્ષાયિકભાવે છે; દ્રવ્ય-ગુણ નવા ન પ્રગટે મોક્ષપર્યાય તો નવી પ્રગટે છે. પ્રગટે તે પર્યાય, ટકે તે ગુણ. ગુણમાં કદી આવરણ ન હોય; દ્રવ્ય-ગુણ સદા નિરાવરણ છે, આવરણ થવું ને પ્રગટવું તે પર્યાયમાં છે. વસ્તુમાં દ્રવ્યરૂપ જે પારિણામિકભાવ તેમાં

વધવા-ઘટવાપણું નથી, ઊપજવાપણું કે વિણશવાપણું નથી. આચ્છાદન થવું કે પ્રગટ થવું—તે તને નથી; એ બધું પર્યાયમાં છે, એટલે ચાર ભાવો પર્યાયરૂપ છે. ભાઈ, તારી આત્મવસ્તુના આવા ભાવોને જાણ, તો તને ખબર પડે કે ધર્મ ક્યાંથી આવશે? તારો ધર્મ એટલે કે તારો મોક્ષમાર્ગ બહારથી આવે તેમ નથી, તારો ધર્મ તારી વસ્તુમાં જ છે; અને તેમાં પણ પાંચભાવોમાંથી ત્રણ ભાવો મોક્ષનું કારણ થાય છે—એ વાત અહીં ઓળખાવે છે.

એક દ્રવ્યરૂપ ત્રિકાળધર્મ અને બીજો પર્યાયરૂપ વર્તમાન ધર્મ; ત્રિકાળધર્મ દ્રવ્યરૂપ છે તે તો સદાય છે જ એટલે તેમાં કાંઈ કરવાનું નથી; પર્યાયરૂપ વર્તમાનધર્મ કે જે મોક્ષનું કારણ છે તે નવો પ્રગટે છે. આવા દ્રવ્યધર્મ ને પર્યાયધર્મ બંનેરૂપ આત્મપદાર્થ છે. આત્મવસ્તુ એવા અનેકાંતસ્વરૂપ છે. આવા આત્માને ઓળખ્યા વગર ધર્મ થાય નહિ.

## 'પરમભાવ'ના અનુભવથી મોક્ષમાર્ગ પ્રગટે છે

આત્મા પોતે ચૈતન્યસત્તા છે. પણ 'હું છું' એમ નક્કી ક્યારે થયું? પોતાની અવસ્થા અંદર સ્વભાવ તરફ ઢળી ત્યારે ખબર પડી કે હું આ ચૈતન્યસત્તા છું; દશા પોતે દશાવાનમાં ઢળી ત્યારે પોતાના અસ્તિત્વનો નિર્ણય થયો કે હું સત્યસ્વરૂપ આત્મા અનાદિ-અનંત પરમભાવરૂપ છું. આવા પરમભાવને ગ્રહનારી પર્યાય તે ક્ષાયોપશમિક ત્રણભાવરૂપ છે, તેને 'પરમભાવ' નથી કહેતાં. પર્યાયને અંતર્મુખ કરીને પરમભાવરૂપ આત્માના અનુભવ વગર મોક્ષમાર્ગ પ્રગટે નહિ ને જન્મ-મરણ છૂટે નહિ. સંસારના દુઃખથી છૂટવું હોય તેણે આત્માનું આવું સ્વરૂપ સમજવું જોઈએ. ન સમજાય માટે ઉદ્યમ છોડી દે—એમ ન પાલવે; કેમકે આત્માની શાંતિ કે સુખ આ સિવાય બીજા કોઈ રસ્તે તો મળે તેમ નથી. ઝટ ન સમજાય તો વધારે પાત્રતા કરીને વધારે ઉદ્યમ કરવો. પોતાની વસ્તુ પોતાને સમજાય તેવી છે. ભાઈ! આ તો મોક્ષના દરવાજામાં પેસીને મોક્ષનો અનુભવ કરવા માટેની ઊંચી વાત છે, આ કાંઈ લૌકિક વાત નથી. ઊંચી વાત છે તે સમજવા માટેનો પ્રયત્ન પણ ઊંચો એટલે અપૂર્વ જ હોય.

## સ્વઘરમાં પ્રવેશવાની રીત

આત્માના સ્વઘરમાં ભરેલો વૈભવ સંતો તને દેખાડે છે. તારા પોતાના ઘરમાં જે ચીજ છે તેની આ વાત છે. પોતાના સ્વઘરમાં આવ્યા વગર તેમાં કેવો વૈભવ ભર્યો છે—તેની ખબર ક્યાંથી પડશે?

हम तो कबहु न निजघर आये....
परपद निजपद मान मगन ह्वै परपरिणति लिपटाये,
शुद्ध बुद्ध सुखकंद मनोहर चेतनभाव न भाये.....हम तो0

નિજઘરને ભૂલીને એટલે પોતાના ચૈતન્યસ્વભાવને ભૂલીને પરઘરમાં એટલે કે રાગાદિ પરભાવોમાં અનંતકાળ જીવ ભટક્યો; પરપદને નિજપદ માની લીધું તે મોટી ભૂલ થઈ; તેને હવે સ્વઘરનો વૈભવ બતાવીને સ્વઘરમાં પેસવાની રીત સંતો બતાવે છે. અહો, આ તો ઈન્દ્રો ને ગણધરો આદરે એવા અપૂર્વધર્મની વાત છે.

## જ્ઞાનમાં નિજસ્વરૂપની નોંધ રાખ

આત્મા એટલે ચૈતન્યસત્તા; તેનો જે અનાદિઅનંત પરમભાવ છે તેમાં કોઈ હેતુ નથી, તે અહેતુક છે. હેતુ તો કોઈ નવું કાર્ય થાય તેમાં હોય એટલે કે પર્યાયમાં હોય, દ્રવ્યમાં ન હોય. વર્તમાનપર્યાયરૂપ જે કાર્ય થાય તેમાં પૂર્વપર્યાયને પણ હેતુ કહેવાય, અભેદરૂપ દ્રવ્ય-ગુણને પણ હેતુ કહેવાય; પૂર્વપર્યાયમાં વર્તતું દ્રવ્ય તે ઉત્તરપર્યાયનો હેતુ છે—એમ કાર્તિકેયાનુપ્રેક્ષામાં વર્ણન કર્યું છે,—જ્યારે પર્યાયની વાત હોય ત્યારે એમ કહેવાય; પણ દ્રવ્યદૃષ્ટિથી જ્યારે એકરૂપ દ્રવ્યને જ દેખવામાં આવે ત્યારે તો તેમાં ઉત્પાદ-વ્યય કે કારણ-કાર્યપણું નથી. નિરપેક્ષ સત્ એકરૂપ પરમભાવ જ દેખાય છે. આવા સ્વભાવને નક્કી કરનારું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. ભાઈ! તારા જ્ઞાનને બહાર ભમાવીને તેમાં તું જગતની નોંધ રાખે છે કે 'આ દેશમાં આમ બન્યું ને ફલાણો રાજા આવો'.....પણ એ તો બધું થોથા છે; આત્માના આ સ્વભાવની વાત જ્ઞાનની નોંધમાં બરાબર નોંધવા જેવી છે. આ સ્વભાવને જ્ઞાનના લક્ષમાં લેતાં અપૂર્વ લાભ છે.

## કાર્ય શેમાં? અનુભવ કોનો?—શૂન્યનો કે સત્‌નો?

ભાઈ, તારો આત્મા જ્ઞાનસ્વરૂપ, તેમાં પરનું તો કર્તૃત્વ-ભોક્તૃત્વ નથી, રાગનુંય કર્તૃત્વ-ભોક્તૃત્વ નથી; ને દ્રવ્યદૃષ્ટિથી જોતાં નિર્મળ પર્યાયના કર્તા-કર્મના ભેદ પણ તારામાં નથી; ત્રિકાળ સત્ દ્રવ્યમાં થવાપણું નથી; થવાપણું (-કાર્યપણું) પર્યાયમાં હોય, દ્રવ્યમાં ન હોય. બંધ અને મોક્ષ એ બંને પરિણામો નવા થાય છે, દ્રવ્ય આખું નવું નથી થતું. આવા સ્વભાવને લક્ષમાં લેતાં નિર્વિકલ્પ અનુભવ થાય ને જ્ઞાનચક્ષુ ખૂલે. આવો અનુભવ પરભાવોથી રહિત છે તેથી તેને 'શૂન્ય'નો અનુભવ કહેવાય; પણ તે અનુભવમાં સર્વથા શૂન્ય નથી, નિજભાવથી તો તે ભરપૂર છે. સ્વભાવના—વેદનમાં જ્ઞાન-આનંદાદિ અનંતગુણનો સદ્‌ભાવ, ને રાગાદિ સર્વે પરભાવનો અભાવ—એવું અનેકાંતપણું છે. સત્‌ની

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



ક્રિયા અથવા ધર્મની ક્રિયા કેમ થાય, ને શેમાં થાય–તેની આ વાત છે. ક્રિયા તે પરિણમનરૂપ છે, કૂટસ્થ નથી, કૂટસ્થરૂપ સ્વભાવને લક્ષમાં લેતાં બંધ-મોક્ષરૂપ ક્રિયા દેખાતી નથી; મોક્ષની શુદ્ધદશા કે તેના કારણરૂપ મોક્ષમાર્ગ, તથા રાગાદિ ક્રિયા દેખાતી નથી; મોક્ષની શુદ્ધદશા કે તેના કારણરૂપ મોક્ષમાર્ગ, તથા રાગાદિ અશુદ્ધભાવ કે કર્મનો સંબંધ—એ ચારે પ્રકારો પર્યાયમાં છે.–પર્યાયના આવા પ્રકારોનું યથાર્થસ્વરૂપ પણ જૈનસિદ્ધાંત સિવાય બીજામાં ક્યાંય નથી. અને દ્રવ્યદૃષ્ટિથી એકરૂપ દ્રવ્ય છે–તે પણ જૈનસિદ્ધાંત સિવાય બીજા કોઈમાં યથાર્થ કહ્યું નથી. આ તો સર્વજ્ઞપરમાત્માનો અલૌકિક માર્ગ છે.

'શૂન્ય' કહેતાં વસ્તુનો જ સર્વથા અભાવ માની લ્યે તો તે મોટી ભૂલ છે. 'શૂન્ય'નો અર્થ કાંઈ 'સર્વથા અભાવ' નથી પણ સ્વભાવની અસ્તિમાં પરભાવની જે નાસ્તિ છે તેનું નામ શૂન્ય છે; અથવા અભેદ દ્રવ્યને દેખનારી દૃષ્ટિમાં પર્યાયરૂપ પરિણામોના ભેદ દેખાતા નથી માટે તેમાં પરિણામથી શૂન્યતા કહી, પણ તે વખતે સ્વભાવ તરફ ઢળેલો જે ભાવ છે તે પોતે તો જ્ઞાન-આનંદથી ભરેલો છે, તે કાંઈ અભાવરૂપ નથી. ચૈતન્યસ્વભાવનો નિર્ણય ને અનુભવ કરનારા જે શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ પરિણામ છે તે જીવની અવસ્થા છે, તે મોક્ષમાર્ગ છે, તે પુણ્ય-પાપથી રહિત છે, અને પર્યાયનયનો વિષય છે. તે પરિણામનું અસ્તિત્વ પર્યાયરૂપે છે, દ્રવ્યરૂપે નથી. 'સત્' કહેતાં તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે આવી જાય છે.

## ધર્મ થતા ઉપશમરસની ધારા ઉલ્લસે છે

સત્‌રૂપ આત્મા તેમાં દ્રવ્યરૂપ પારિણામિકભાવ છે, ને પર્યાયરૂપ ઔપશમિકાદિ ચારભાવો છે. અનાદિથી સંસારમાં રખડતો જીવ જ્યારે પહેલ-વહેલો ધર્મ આત્મધર્મ પામે ત્યારે ઉપશાંતરસના અનુભવ સહિત પામે છે; શાંતનો સમુદ્ર જે આત્મા, તેમાંથી ઉપશમરસની ધારા વહે છે–

ઉપશમરસ વરસે રે પ્રભુ તારા નયનમાં....

નયનમાં એટલે અંતર્મુખ જ્ઞાનપર્યાયરૂપી ચક્ષુમાં આનંદરસની ધારા ઉલ્લસે છે. વીતરાગી અકષાય શાંતિસ્વરૂપ આત્મા છે, તેનું પહેલું ભાન ઉપશમ-ભાવસહિત થાય છે. ઉપશમભાવ તે એક પર્યાય છે, તે મેલી નથી, તેમ તે ત્રિકાળ ટકનારી પણ નથી; એક સમયનો નિર્મળભાવ છે. તે ભાવ મોક્ષનું કારણ છે. ઉપશમભાવ તે અપૂર્વભાવ છે, જીવે પૂર્વે કદી તે પ્રગટ કર્યો નથી. એકવાર પણ ઉપશમભાવ પ્રગટ કરતાં મોક્ષના દરવાજા ઊઘડી ગયા, ને તે જીવ અલ્પકાળમાં મોક્ષ પામશે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

કષાયોથી ઉપયોગને જુદો કરીને શાંતરસરૂપ થઈને ચૈતન્યઘન આત્માને પહેલીવાર અનુભવમાં લીધો ત્યારે એટલે કે અપૂર્વ સમ્યક્ત્વ પ્રગટ્યું ત્યારે ઉપશમભાવ જ હોય છે– એ નિયમ છે. (આ શ્રદ્ધાના ભાવની વાત છે, જ્ઞાન તો તે વખતે સમ્યક્ ક્ષયોપશમવાળું હોય છે.) સમ્યક્ત્વપૂર્વક જે ક્ષયોપશમભાવ થયો તે મોક્ષમાર્ગમાં છે; મિથ્યાત્વસહિતનો જે ક્ષયોપશમ અનાદિથી સર્વે જીવોને છે તેની અહીં વાત નથી, કેમકે તે મોક્ષનું કારણ નથી. અહીં તો મોક્ષના કારણરૂપ ભાવની વાત છે.

## પાંચભાવરૂપ આત્મવસ્તુની સિદ્ધિ સર્વજ્ઞના શાસનમાં જ છે

મોક્ષને સાધનારા જીવોને ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિકરૂપ નિર્મળ પર્યાયો થયા વગર રહેતી નથી. ત્રિકાળી દ્રવ્યરૂપ પારિણામિકભાવ અને પર્યાયામાં ચાર પ્રકારના ભાવ—એ બધા ભાવો જીવતત્ત્વના છે. એમાંથી એકપણ પ્રકારને સર્વથા કાઢી નાખતાં જીવતત્ત્વનું પ્રમાણભૂત સ્વરૂપ લક્ષમાં આવતું નથી. જીવના પાંચભાવરૂપ યથાર્થ વસ્તુસ્થિતિ છે તે સર્વજ્ઞદેવે જાણી છે, ને અનુભવમાં આવે તેવી છે. અજ્ઞાની જીવો આત્માના અનુભવની વાતું કરે, પણ—ત્રિકાળી આત્મા શું, તેની પર્યાય શું, તેમાં વિકાર શું ને નિર્મળતા કેમ થાય? અનુભવ તે ક્યો ભાવ છે? એ બધા પ્રકારની સમજણ વગર આત્માનો સાચો અનુભવ થાય નહિ. 'અનુભવ' તે અનંતકાળમાં નહિ પ્રગટેલી એવી અપૂર્વદશા છે, ને દ્રવ્યસ્વભાવ ત્રિકાળ છે.–એવી દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુના જ્ઞાનપૂર્વક સાચો આત્મઅનુભવ થાય છે, ને મોક્ષમાર્ગ પ્રગટે છે. ત્રિકાળભાવ એ ક્ષણિકભાવ–એ બંને સ્વભાવવાળી વસ્તુ છે.

આત્માના જે પાંચ ભાવો છે તેમાંથી ચાર ભાવો પર્યાયરૂપ છે, ને પારિણામિક પરમભાવ દ્રવ્યરૂપ છે. ક્ષાયિકભાવ જો કે પ્રગટ્યા પછી અનંતકાળ સદાય એવો ને એવો થયા કરે છે, છતાં તે પણ પર્યાયરૂપ છે. વસ્તુ જ દ્રવ્ય-પર્યાયરૂપ છે. પોતાની આત્મવસ્તુને જોવા માટે દૃષ્ટિ ક્યાં જાય છે?—પોતાના અંતરમાં દૃષ્ટિ જાય છે, એટલામાં જ આત્મા છે, બહાર નથી. અંતર્મુખ અવલોકન વડે આત્મા અનુભવાય છે.

'ઉપજે મોહ -વિકલ્પથી સમસ્ત આ સંસાર;
અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર.' (શ્રીમદ્ રાજચંદ્ર)

'અંતર્મુખ અવલોકન' તે પર્યાય છે; મોહ-વિકલ્પરૂપ અધર્મદશા તે પણ આત્માની પર્યાયમાં હતી, તે ઉદયભાવરૂપ હતી; અને તે અધર્મદશા ટળીને ધર્મદશા પ્રગટી તે ઉપશમાદિ ભાવરૂપ છે. પારિણામિકભાવ દ્રવ્ય ત્રિકાળ છે.–આમાં પાંચે ભાવ આવી

ગયા. પાંચ ભાવરૂપ વસ્તુની સિદ્ધિ સર્વજ્ઞના શાસનમાં જ છે, દ્રવ્ય અને પર્યાય પરસ્પર સાપેક્ષ છે એવી આત્મવસ્તુ છે. જો કે જગતની બધી વસ્તુઓ દ્રવ્ય-પર્યાયરૂપ છે, પણ અહીં આત્મવસ્તુનું વર્ણન છે. જ્ઞાયકભાવસ્વરૂપ આત્મા કેવો છે—તે અહીં ઓળખાવ્યું છે.

દ્રવ્ય વગર પર્યાય નહિ ને પર્યાય વગરનું દ્રવ્ય નહિ; પરસ્પર સાપેક્ષ એવા દ્રવ્ય-પર્યાય બંને થઈને આખી ચીજ છે. દ્રવ્ય અને પર્યાય એ બે અંશો એકબીજાથી 'કથંચિત્ ભિન્ન' હોવાનું કહેશે, પણ વસ્તુ તો બંને અંશ થઈને પૂરી છે. સહજસ્વભાવ કહો કે પારિણામિકભાવ કહો, તે ત્રિકાળ દ્રવ્ય; તે સ્વભાવની ઓળખાણ ને એકાગ્રતારૂપ પર્યાય તે ઔપશમિક-ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવ; રાગાદિ વિકારભાવો તે ઔદયિકભાવ. ધર્મની શરૂઆતનો ભાવ તે ઉપશમભાવ છે, તે અલ્પકાળ જ રહે છે, પછી તરત ક્ષયોપશમ થાય છે, ને ક્ષયોપશમપૂર્વક ક્ષાયિકભાવ થાય છે. ક્ષાયિકભાવ પ્રગટ્યા પછી સદાકાળ એવો જ રહે છે. ઉદયભાવ ટળી જાય છે; ક્ષાયિકભાવ થતાં ઉપશમ કે ક્ષયોપશમભાવ પણ રહેતા નથી; પારિણામિક-પરમભાવ તો સદાય એવોને એવો છે દ્રવ્યરૂપ ને પર્યાયરૂપ—એ બંને ભાવો વસ્તુમાં એકસાથે છે, આવી વસ્તુને જોવાના ત્રણ પ્રકાર છે.

## વસ્તુને જોવાના ત્રણ પ્રકાર

✍ ત્રિકાળ ટકતાભાવને દેખનારી દૃષ્ટિ તે દ્રવ્યાર્થિકનય

✍ વસ્તુને પર્યાયરૂપે દેખનારી દૃષ્ટિ તે પર્યાયાર્થિકનય

✍ દ્રવ્ય-પર્યાય બંનેને એકસાથે દેખવા તે પ્રમાણરૂપ જ્ઞાન

અધ્યાત્મિકદૃષ્ટિમાં શુદ્ધદ્રવ્ય તે નિશ્ચય છે, ને તેની શુદ્ધપર્યાય વડે મોક્ષમાર્ગને સાધવો તે વ્યવહાર છે. રાગાદિક તો પરમાર્થે અનાત્મા છે, તે શુદ્ધઆત્મા નથી; શુદ્ધઆત્મા છે એટલે શુદ્ધદૃષ્ટિમાં તે અનાત્મા છે. અભેદઆત્માની શુદ્ધ અનુભૂતિમાં તેનો અભાવ છે. શુદ્ધ જીવ તે અંતર્તત્ત્વ છે ને રાગાદિ બાહ્યતત્ત્વ છે; ને અભેદતત્ત્વની અનુભૂતિમાં નિર્મળપર્યાયના ભેદો પણ નથી તે અપેક્ષાએ તેમને પણ બાહ્યતત્ત્વ કહ્યા છે. નિયમસાર ગાથા ૩૮માં જીવાદિતત્ત્વોને બાહ્યતત્ત્વ કહ્યા છે ને શુદ્ધઆત્માને જ અંતઃતત્ત્વ કહ્યું છે, એટલે કે જીવાદિતતત્ત્વોના ભેદસંબંધી જે વિકલ્પો છે તેના વડે શુદ્ધ આત્મા અનુભવમાં નથી આવતો માટે તેને બાહ્યતત્ત્વ કહીને હેય કહ્યા. પર્યાયના ભેદો છે તે આદરણીય નથી, આશ્રય કરવાયોગ્ય નથી; જ્ઞાયકમૂર્તિ ત્રિકાળી તત્ત્વમાં અભેદ થઈને અનુભવ કરવા લાયક છે. અનુભવ પોતે પર્યાય છે, પણ તે દ્રવ્યસ્વભાવસન્મુખ થઈને તેનો આશ્રય કરે છે. આમ શાશ્વત વસ્તુ અને તેની વર્તમાન અવસ્થા તે બંને પરસ્પર

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સાપેક્ષપણે આખા આત્માને પ્રસિદ્ધ કરે છે. ત્રિકાળીવસ્તુની પ્રસિદ્ધિ તો વર્તમાન પર્યાય દ્વારા થાય છે. પર્યાય અંતરમુખ થઈ ત્યારે જાણ્યું કે અહો! હું તો આવો ત્રિકાળ જ્ઞાયકભાવ છું.

## અત્યારે લબ્ધિનો અવસર છે, માટે તારી બુદ્ધિ આત્મામાં જોડ

દરેક જીવ પોતે આવા સ્વભાવવાળો છે. આત્માના આવા સ્વભાવનો અભ્યાસ કરવા જેવો છે. હે જીવ! તારી પાસે તો એટલો ક્ષયોપશમ છે; તત્ત્વ સમજવા જેટલો ક્ષયોપશમ તો સંજ્ઞી જીવોને ઘણાને હોય છે, પણ જીવ પોતે તેમાં ઉપયોગ ન જોડે ને બીજે ઉપયોગ ભમાવે—એ તો એનો દોષ છે. લગ્ન કે વેપાર વગેરે પાપનાં કામ કરવા હોય ત્યારે એમ નથી કહેતો કે મારામાં બુદ્ધિ નથી, અને ધર્મ સમજવાની વાત આવે ત્યાં કહે છે કે અમારામાં બુદ્ધિ નથી. અરે મૂરખ! પાપમાં તો તું હોંશથી તારો ઉપયોગ લગાવે છે ને આત્માના વિચારમાં ઉપયોગ નથી જોડતો, પણ જો આત્મચિંતનમાં ઉપયોગ જોડ તો કોણ તને રોકે છે? તને પોતાને આત્માની રુચિ નથી તેથી તેમાં તું ઉપયોગ જોડવાનો પ્રયત્ન જ કરતો નથી. જો પ્રયત્ન કરે તો જરૂર આત્માનું સ્વરૂપ સમજાય ને તેમાં ઉપયોગ જોડાય.

અરે ભાઈ! આ તારા ઉદ્ધારના ટાણાં આવ્યા છે; તો તું તારા આત્માની દયા તો કર. અરે, અજ્ઞાનથી સંસારમાં બહુ બહુ દુઃખ ભોગવ્યા, એમાંથી છોડાવવા માટે શું તને તારા આત્માની દયા નથી આવતી! શું હજી દુઃખનો થાક નથી લાગતો? તું રખડતો રામ ચોરાસીના અવતારમાં દુઃખી થાય છે તો તેમાંથી છૂટવા તારા સાચા સ્વરૂપની ઓળખાણ કર. અત્યારે આત્માના ઉદ્ધારનો અવસર છે. જેમ વિદેહક્ષેત્રના મુનિવરોએ ભોગભૂમિમાં જઈને ઋષભદેવના જીવને કહ્યું કે હે આર્ય! તું હમણાં જ સમ્યક્ત્વને ગ્રહણ કર. અત્યારે જ સમ્યક્ત્વની લબ્ધિનો કાળ છે. તેમ અહીં પણ સંતો કહે છે કે ભાઈ! આત્માના કલ્યાણનો આ મહાન અવસર આવ્યો છે....આ અવસર તું ચુકીશ મા.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પારિણામિકભાવ : તેમાં શુદ્ધ ને અશુદ્ધ પ્રકાર

જીવના ઔપશમિકાદિ પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ ક્યા ભાવો છે તેનો આ વિચાર ચાલે છે. તેમાં પ્રથમ શુદ્ધપારિણામિકભાવ પોતે બંધ–મોક્ષનાં પરિણામથી રહિત છે તેથી તે બંધનું કે મોક્ષનું કારણ નથી એમ કહે છે : ''ત્યાં, પ્રથમ તો જીવત્વ, ભવ્યત્વ અને અભવ્યત્વ એમ ત્રણ પ્રકારના પારિણામિકભાવોમાં, શુદ્ધજીવત્વ એવું જે શક્તિલક્ષણ પારિણામિકપણું તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત હોવાથી નિરાવરણ અને શુદ્ધપારિણામિકભાવ એવી સંજ્ઞાવાળું જાણવું; તે તો બંધ–મોક્ષ–પર્યાયપરિણતિરહિત છે.''

પારિણામિકભાવ તો જીવ સિવાય બીજા દ્રવ્યોમાં પણ છે, પણ અહીં શુદ્ધજીવનું જીવત્વ બતાવવું છે એટલે જીવના પરભાવની વાત છે. જીવનું જીવન જે ચૈતન્યભાવપ્રાણ ત્રિકાળ છે તે પારિણામિકભાવે સદા એકરૂપ છે, તે પોતે બંધ-મોક્ષથી રહિત છે. શુદ્ધપારિણામિકભાવમાં ભવ્યત્વ-અભવ્યત્વ કે અશુદ્ધજીવત્વ એવા ભેદ ન આવે; ત્રણ ભેદ પાડવા તે અશુદ્ધ-પારિણામિકમાં છે એટલે તે વ્યવહારનયનો વિષય છે. એકલા શુદ્ધજીવત્વરૂપ પરમપારિણામિકભાવ તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે; તેમાં બંધ-મોક્ષપર્યાય ન આવે માટે તે બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય છે—એમ કહ્યું. આવા પરમભાવને લક્ષમાં લેનારી (તે તરફ ઝુકનારી) પર્યાય તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ સાધવો તે ક્રિયા છે; દ્રવ્ય પોતે ક્રિયારૂપ નથી, અક્રિય છે, બંધ-મોક્ષની ક્રિયા તો પર્યાયમાં છે. પાંચ ભાવનું સ્વરૂપ સમજતાં તેમાં આ બધું આવી જાય છે. બંધ શું, મોક્ષ શું, તેના કારણ શું, ક્યા ભાવથી મોક્ષ થાય, ક્યા ભાવથી બંધન થાય, ક્યા ભાવથી અશુદ્ધ, ક્યા ભાવ શુદ્ધ, ક્યા ભાવ ક્ષણિક, ક્યો ભાવ ત્રિકાળ, ક્યા ભાવો ઉત્પાદ-વ્યયરૂપ, ક્યા ભાવ ધ્રુવરૂપ, કોનો આશ્રય છોડવો ને કોનો આશ્રય કરવો,—એ બધાઓ નિર્ણય આ પાંચ ભાવોની ઓળખાણમાં આવી જાય છે. દ્રવ્ય અપેક્ષાએ અક્રિય, ને પર્યાય અપેક્ષાએ સક્રિય—એવો વસ્તુસ્વભાવ છે.

## પાંચ ભાવોની વહેંચણી દ્વારા વસ્તુસ્વરૂપની સમજણ

અક્રિયમાં પારિણામિકભાવ આવે ને સક્રિયમાં ચાર ભાવો આવે.

ધ્રુવત્વમાં પારિણામિકભાવ આવે ને ઉત્પાદ-વ્યયમાં ચાર ભાવો આવે.

મોક્ષમાં ક્ષાયિકભાવ આવે, ને મોક્ષમાર્ગમાં ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક એ ત્રણભાવ આવે; ને મોક્ષમાર્ગમાં ઉપશમ-ક્ષયોપશમ-ક્ષાયિક એ ત્રણભાવ આવે; બંધમાર્ગમાં ઉદયભાવ આવે.

—આમ પાંચ ભાવોની વહેંચણી દ્વારા વસ્તુસ્વરૂપ સમજાય છે. પાંચ ભાવોમાં જે ભૂતાર્થસ્વભાવ, તેને અનુસરીને એટલે તેની સન્મુખ થઈને અનુભવ કરતાં આત્માનો સાચો બોધ થાય છે, ને સમ્યક્‌દર્શન થાય છે. શાસ્ત્રને આશ્રિત કે ભેદને આશ્રિત સમ્યગ્દર્શન નથી. મોક્ષમાર્ગ પરસત્તા-અવલંબી નથી; સ્વસત્તાવલંબી મોક્ષમાર્ગ છે. જેટલા પરાવલંબી ભાવો છે તે બંધનું જ કારણ છે, સ્વાવલંબીભાવ જ મોક્ષનું કારણ છે. તેથી પ્રવચનસારમાં આચાર્યદેવે કહ્યું છે કે હે જીવ! તારા કેવળજ્ઞાનનું સાધન તારામાં જ હોવા છતાં તું બહારમાં સામગ્રી શોધવા જતા તને વ્યગ્રતા સિવાય કાંઈ નહીં મળે. તું જ સ્વયંભૂ છ કારકરૂપ છો. અરે! તને તારી શક્તિનો વિશ્વાસ નથી આવતો? વિશ્વાસ કર ભાઈ, સર્વજ્ઞોએ અને સંતોએ જાતે અનુભવેલી નિજશક્તિ તને દેખાડે છે; તારો આત્મા પાંગળો નથી પણ પરમેશ્વરતાથી પરિપૂર્ણ છે.

## પારિણામિકભાવના ત્રણ પ્રકાર સંબંધી ખુલાસો

શુદ્ધ પારિણામિકભાવે તો બધા જીવો એકરસખા છે. દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુમાં દ્રવ્ય તો શુદ્ધ ધ્રુવ પરમભાવરૂપ છે; પર્યાય બંધ-મોક્ષરૂપ ને ઉત્પાદ-વ્યયરૂપ છે. શુદ્ધદ્રવ્યને એકરૂપ દેખવું તે પરમ પારિણામિકભાવ છે, તે શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે; અને ત્રણ ભેદ પાડવા તે અશુદ્ધ પારિણામિક છે, તે પર્યાયનયનો વિષય છે. તત્ત્વાર્થસૂત્રમાં પારિણામિકભાવના ત્રણ પ્રકાર કહયા છે તે વ્યવહાર છે; અહીં પણ કહે છે કે— દશપ્રાણરૂપ જીવત્વ, તેમજ ભવ્યત્વ-અભવ્યત્વદ્વય (એ ત્રણ ભેદ) પર્યાયાર્થિકનયાશ્રિત હોવાથી 'અશુદ્ધ પારિણામિકભાવ' એવી સંજ્ઞાવાળાં છે. (પ્રશ્ન :) તેને અશુદ્ધ કેમ કહ્યાં? (ઉત્તર :) શુદ્ધનયથી સંસારી જીવોને તે દશપ્રાણરૂપ જીવત્વ, તેમજ ભવ્યત્વ-અભવ્યત્વનો અભાવ છે, અને સિદ્ધોને તો તેનો સર્વથા અભાવ છે; માટે તે ત્રણભાવોને અશુદ્ધ કહ્યાં.

(૧) જીવત્વ : પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાય, શ્વાસોચ્છ્‌વાસ અને આયુ—એવા દસ

ભાવપ્રાણોને ધારણ કરીને જીવવારૂપ જે અશુદ્ધ જીવત્વપારિણામિકભાવ છે તે જીવનો શુદ્ધસ્વભાવ નથી, ને સિદ્ધને એવા દશ ભાવપ્રાણ હોતાં નથી. અહીં બહારના શરીર-ઇન્દ્રિય વગેરે જડપ્રાણની વાત નથી, તે તો ભિન્ન વસ્તુ છે, પણ અંદર જીવની યોગ્યતામાં જે ભાવપ્રાણ છે તેની આ વાત છે, કેમકે આ જીવના ભાવોનું વર્ણન ચાલે છે.

(૨) ભવ્યત્વ : મોક્ષ થવાની લાયકાતરૂપ જે ભવ્યત્વભાવ, તે જો કે પારિણામિકભાવનો પ્રકાર છે, પણ સિદ્ધોને સાક્ષાત્ મોક્ષદશા થઈ ગઈ છે, એટલે હવે 'મોક્ષ થવાની લાયકાત'રૂપ ભવ્યત્વનો વ્યવહાર ત્યાં રહ્યો નથી. ૧૪ માર્ગણામાંપણ સિદ્ધોને ભવ્યત્વ-અભવ્યત્વ બંનેથી પાર કહ્યા છે.

(૩) અભવ્યત્વ : મોક્ષ થવાની લાયકાત ન હોવારૂપ જે અભવ્યત્વભાવ;

શુદ્ધજીવને દેખનારી દૃષ્ટિમાં આવા ત્રણ પ્રકારો દેખાતા નથી, એકરૂપ શુદ્ધ પરમભાવ જ દેખાય છે.

## 'પરમભાવ'....તેની પ્રતીત તે સમ્યગ્દર્શન

તે પરમભાવ કેવો છે? શક્તિરૂપ છે; સદા નિરાવરણ છે; તેનામાં આવરણરૂપ બંધન કદી છે જ નહિ એટલે તેનાથી છૂટવારૂપ મોક્ષ થવાપણું પણ તેને નથી; એ રીતે તે પરમભાવ બંધ-મોક્ષથી રહિત છે. શક્તિરૂપ મોક્ષ તેને કહેવાય, પણ જે બંધ-મોક્ષરૂપ પ્રગટ પર્યાયો છે તે આ 'પરમભાવ'માં નથી; પરમભાવ તો શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે, તેમાં પર્યાય ન આવે.

પોતાના આવા પરમભાવને પ્રતીતમાં લેનાર જીવ ભવ્ય જ હોય, નિકટ મોક્ષગામી જ હોય; પણ માત્ર 'ભવ્યત્વ'નો ભેદ લક્ષમાં લેતાં શુદ્ધ જીવ લક્ષમાં આવતો નથી. એ જ રીતે 'દશ ભાવપ્રાણ વડે જીવે તે જીવ' એમ લક્ષમાં લેતાં પણ શુદ્ધજીવ લક્ષમાં નથી આવતો. સિદ્ધ ભગવંતો તો દશપ્રાણ વગર એકલા ચૈતન્યપ્રાણથી જ સદા જીવી રહ્યા છે ને सव्वे सुद्धा हु सुद्धणया શુદ્ધનયથી બધાય જીવો આવા શુદ્ધસ્વરૂપ જ છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય' ત્રણ પ્રકારના અશુદ્ધપારિણામિકભાવ સિદ્ધમાં નથી,–જો તે જીવનો શુદ્ધ પરમભાવ હોત તો સિદ્ધદશામાં તેનો અભાવ કેમ થાત? આ રીતે તે શુદ્ધસ્વભાવ જે શુદ્ધજીવત્વ-પારિણામિકભાવ છે તે શુદ્ધદ્રવ્યાર્થિકનયાશ્રિત છે અર્થાત્ શુદ્ધદ્રવ્યદૃષ્ટિ તેને દેખે છે. પોતાના આવા પરમભાવને દેખવાથી જ જીવને સાચું સુખ અને સમ્યગ્દર્શનાદિ પ્રગટે છે.

## સુખી થવું હોય તો સ્વતત્ત્વને જાણ

ભાઈ! તારે દુઃખ ટાળીને સુખી થવું છે ને! તો દુઃખ ક્યા ભાવથી છે, ને સુખ ક્યા ભાવથી થાય—તેને તું જાણ. સુખ-દુઃખ તારા પોતાના ભાવોથી જ છે, બીજાને લીધે નથી. શ્રીમંતાઈ તે સુખ નથી ને દરિદ્રતા તે દુઃખ નથી. સ્વસન્મુખ નિર્મળભાવ તે સુખ છે, ને પરસન્મુખ મલિનભાવ તે દુઃખ છે. સ્વસન્મુખ થવા માટે સ્વતત્ત્વ કેવું છે તેની આ ઓળખાણ ચાલે છે. બાપુ, તારા વાસ્તવિક સ્વતત્ત્વને તેં કદી જાણ્યું નથી. અરે, ઘણા જીવોને સ્વતત્ત્વની વાત સાંભળવા પણ નથી મળતી. સ્વતત્ત્વમાં પણ બે પડખાં—એક ત્રિકાળી ધ્રુવ દ્રવ્યરૂપ, બીજું ક્ષણિક ઉત્પાદ-વ્યય-પર્યાયરૂપ.

## જીવવસ્તુ એક પણ તેનામાં ભાવો બે

હવે જે ભાવથી જીવને દુઃખ થાય છે તે ભાવ ક્ષણિક છે, તે ત્રિકાળ નથી. જો તે ક્ષણિક ન હોય ને ત્રિકાળ હોય તો તે દુઃખ ટળીને સુખનો ભાવ ક્યાંથી થઈ શકે?—પણ દુઃખ ટળીને સુખ થઈ શકે છે, કેમકે તે ભાવ દ્રવ્યરૂપ નથી પણ પર્યાયરૂપ છે. હવે દુઃખ ટળીને જે સુખ થયું (એટલે કે મોક્ષમાર્ગ થયો) તે પણ પર્યાયરૂપ ભાવ છે. ને દ્રવ્યરૂપ શુદ્ધજીવ તે તો સદા એકરૂપ અવિનાશીપણે ત્રિકાળ ટકનાર પરમભાવ છે. આ આત્મવસ્તુમાં આટલા ભાવો સમાય છે; તેને જાણવા જોઈએ. જીવવસ્તુ એક, પણ તેમાં ભાવો બે—(૧) પર્યાયનયનું જીવત્વ; (૨) દ્રવ્યનયનું જીવત્વ. આવા દ્રવ્ય-પર્યાયરૂપ જીવવસ્તુને ઓળખે ત્યારે ધર્મ થાય, ત્યારે દુઃખ ટળીને સુખ થાય, ને મોક્ષમાર્ગ પ્રગટે.

આ તો અંતરના મારગ છે; આ કાંઈ બહારની વાત નથી.

## બંધ અને મોક્ષ આત્માની પર્યાયમાં છે. દ્રવ્યમાં નહીં

આત્માનો કાયમ રહેનારો જે દ્રવ્યસ્વભાવ તે બંધરૂપ નથી, કે મોક્ષરૂપ નથી. બંધના અશુદ્ધપરિણામ, કે મોક્ષના શુદ્ધપરિણામ તે બંને પર્યાયમાં હોય છે, દ્રવ્યમાં નહિ. માટે દ્રવ્ય પોતે બંધ-મોક્ષનું કારણ નથી એમ અહીં બતાવ્યું છે. બંધ-મોક્ષનું કારણપણું પર્યાયમાં હોય છે. જીવની મોક્ષપર્યાય નવી પ્રગટે છે પણ જીવદ્રવ્ય કાંઈ નવું નથી ઊપજતું; તેમ જ જીવની બંધપર્યાયનો અભાવ થાય છે પણ કાંઈ જીવદ્રવ્ય પોતે નાશ થઈ જતું નથી. આ રીતે દ્રવ્યને ઉત્પત્તિ-વિનાશ નથી. પર્યાયપણે જુઓ તો આત્મા બંધાય છે ને આત્મા મુક્ત થાય છે અને દ્રવ્યપણે જુઓ તો આત્મા બંધ-મોક્ષથી રહિત એકરૂપ પરમજ્ઞાયકભાવ છે. જીવના આવા મૂળસ્વભાવને લક્ષમાં લેતાં મોક્ષમાર્ગ-અવસ્થા પ્રગટી જાય છે.

જેમ કોઈ પુરુષને થોડા દિવસ માટે પગમાં બેડી બાંધી હોય, ત્યાં બેડીના બંધન જેટલો આખો પુરુષ નથી. જો બંધન જેટલો જ પુરુષ હોય તો બંધનદશાનો નાશ થતાં પુરુષનો જ નાશ થઈ જાય.—પણ આખો પુરુષ બંધદશારૂપ થઈ ગયો નથી. તેમ અનાદિ-અનંત ચૈતન્યપુરુષ આત્મા, તેના એક અંશમાં જે ક્ષણિક બંધભાવ છે તે આખો આત્મા નથી. આખો આત્મા એટલે ભૂતાર્થરૂપ શુદ્ધ આત્મા તે બંધન વગરનો છે.

## રત્નચિંતામણિ કરતાંય વધુ કિમતી

ભાઈ ! તું જેવા સ્વભાવે સત્ છો, તેવો સત્સ્વભાવ સંતો તને બતાવે છે. જગતમાં તો મિથ્યાત્વપોષક આડાઅવળા અનેક મત-મતાંતર ચાલે છે,—અરે ! એ તો જીવનું અહિત કરનારા છે. આ તો ભગવાન સર્વજ્ઞદેવે કહેલું યથાર્થ વસ્તુસ્વરૂપ શું છે ને તેમાં 'સત્ય આત્મા' કેવો છે ?—કે જેને જાણવાથી પરમ કલ્યાણ થાય,—એવી વાત છે. બાપુ ! આ તો રત્નચિંતામણિ કરતાંય વધુ કિમતી વસ્તુ છે. કોઈ મહાભાગ્યવંત જીવોને આવી વાત પ્રાપ્ત થાય છે....ને અંતરમાં આ સમજે એની તો શી વાત !! આની હા પાડીને બહુમાન કરનારા જીવો પણ ન્યાલ થઈ જશે. (—અત્યંત પ્રમોદપૂર્વક હર્ષનાદવડે શ્રોતાજનોએ ગુરુદેવની આ વાત વધાવી લીધી.)

## જીવનું સાચું જીવન

જુઓ, આ આત્માનું જીવનચરિત્ર ! ત્રિકાળી જીવંતસ્વામી એવો આત્મા તેના ત્રિકાળી જીવનમાં રાગાદિ નથી; ને ઇન્દ્રિયો વગેરે દ્રવ્યપ્રાણ—કે જે અચેતન છે તે તો આત્માની અવસ્થામાં પણ નથી. શરીર પોતે જ મૃતકક્લેવર છે, તો તેના વડે જીવ કેમ જીવે ? પોતાના ચૈતન્યજીવનથી ત્રિકાળ જીવે, અને ચૈત્ય સ્વભાવમાં સ્વસન્મુખ થઈ મોક્ષને સાધીને સાદિઅનંતકાળ સિદ્ધદશાનું આનંદમય જીવન જીવે તે તો અશુદ્ધજીવન છે,—એને તે જીવનું જીવન કોણ કહે ?—એ તો ભયંકર ભાવમરણ છે.—'ક્ષણક્ષણ ભયંકર ભાવમરણે કાં અરે ! રાચી રહો !' ખરું આત્મજીવન તો અરિહંતો જીવે છે—'તારું જીવન ખરું જીવન....જીવી જાણ્યું નેમનાથે જીવન.'

ખંડખંડ જ્ઞાનરૂપ જે ભાવેન્દ્રિય છે તે તો જીવની અશુદ્ધ અવસ્થા છે; પરંતુ બહાર દેખાતી જડઇન્દ્રિયો તો આત્માની અશુદ્ધ અવસ્થામાંયે નથી, એ તો આત્માથી સર્વથા જુદી અચેતન વસ્તુ છે. તે અચેતન વડે હું જીવું છું અથવા તેના વડે મને જ્ઞાન થાય છે—એમ માનવું તે તો જડ-ચેતનની એકતાબુદ્ધિરૂપ મોટું અજ્ઞાન છે. અહીં તો પર્યાયમાં જે અશુદ્ધભાવો છે તેનાથી પણ જુદા શુદ્ધ જીવસ્વભાવનો અનુભવ કરવાની વાત છે. આ વાત

ઘણી ઊંચી છે;—ઊંચી છે પણ સમજાય તેવી મહાન કલ્યાણકારી છે.

## તારી સૂક્ષ્મત્વને સમજવા તારા જ્ઞાનને અતીન્દ્રિય બનાવ

જડ, વિકાર ને ભેદ એ ત્રણેથી પાર ચેતનરૂપ નિર્વિકાર એકરૂપ આત્મસ્વભાવ, તેને ધ્યાવતાં મોક્ષમાર્ગ પ્રગટે છે. જડ પદાર્થો તો ચેતનથી જુદા જ છે, રાગાદિ વિકારભાવો પણ ચેતનસ્વભાવની ચીજ નથી; અને એક નિર્મળપર્યાય જેટલોય આખો આત્મસ્વભાવ નથી એટલે તે પર્યાયને ભેદ પાડીને જોતાં અખંડ આત્મસ્વરૂપ દેખાતું નથી. અંતર્દૃષ્ટિથી ત્રિકાળી દ્રવ્યને દેખતાં આત્માનું સાચું સ્વરૂપ દેખાય છે. અહો, આત્માનું સ્વરૂપ જ આવું છે, તે ગમે તેટલું સ્થૂળ (વિસ્તૃત) કે સહેલું કરીને સમજાવે પણ મૂળસ્વરૂપ જ સૂક્ષ્મ અતીન્દ્રિય છે, તે સૂક્ષ્મસ્વરૂપ એવું સ્થૂળ તો કદી ન જ થઈ શકે કે ઈન્દ્રિયજ્ઞાનથી પકડાઈ જાય! સૂક્ષ્મ વસ્તુને પકડીને તેનો અનુભવ કરવા માટે તો પોતાના જ્ઞાનને અતીન્દ્રિય બનાવવું પડે. જ્ઞાન અતીન્દ્રિય ક્યારે થાય?—કે અંતર્મુખ થાય ત્યારે. એટલે અંતર્મુખ થવાનો અભ્યાસ કરવો તે જ આત્માને સમજવાનો ઉપાય છે. બાકી આત્મા વિકલ્પગમ્ય કે વાણીગમ્ય થઈ જાય એવો સ્થૂળ નથી. એ તો કોઈ અચિંત્ય મહિમાવંત અતીન્દ્રિય મહાપદાર્થ છે. મહાન છે પણ સ્થૂળ નથી, સૂક્ષ્મ છે—અતીન્દ્રિય છે—સ્વાનુભવગમ્ય છે.

## ભગવંતો કેવું જીવન જીવે છે?

જુઓ, આ આત્માનું જીવન! અરે જીવ! તને તારા કાયમી જીવનનીયે ખબર ન પડે—તો કઈ રીતે તું સાચું જીવન જીવીશ! અન્ન-પાણી કે શરીરથી તું જીવવાનું માન તે કાંઈ સાચું જીવન નથી. નેમિનાથ પ્રભુની સ્તુતિમાં આવે છે કે—

તારું જીવન ખરું તારું જીવન....
જીવી જાણ્યું નેમનાથે જીવન.....

ભગવાન કેવું જીવન જીવે છે? શું રાગવાળું જીવન એ ભગવાનનું ખરું જીવન હતું?—ના; ભગવાને પોતાના ત્રિકાળી ચૈતન્યપ્રાણરૂપ પરમસ્વભાવને રાગથી જુદો જાણીને, તે સ્વભાવના આશ્રયે વીતરાગી જીવન પ્રગટ કર્યું, ભગવાન એવું વીતરાગી જીવન જીવ્યા....ને અત્યારે પણ એવું જ જીવન ભગવાન જીવી રહ્યા છે.—આવું જીવન તે ખરું જીવન છે, તે સાચું જીવન છે. રાગથી ધર્મ માને એટલે કે રાગને જીવન માને તેને સાચું જીવન જીવતાં નથી આવડતું અને ભગવાનના સાચા જીવનને પણ તે ઓળખતો નથી.

શુદ્ધ ચૈતન્યભાવપ્રાણરૂપ જીવન ત્રિકાળ છે.

તેમાં જડપ્રાણોનો અભાવ ત્રિકાળ છે.

ખંડખંડજ્ઞાનરૂપ અશુદ્ધપ્રાણ તે પર્યાયની યોગ્યતા છે.

ચૈતન્યસ્વભાવના આશ્રયે અખંડજ્ઞાનરૂપ
સાદિ-અનંત મુક્તજીવન પ્રગટે છે.

લ્યો, આમાં જીવ ને અજીવ, દ્રવ્ય ને પર્યાય, બંધ ને મોક્ષ—એ બધું આવી ગયું. ભાઈ, જડ ઇન્દ્રિયો, શરીર કે ભાષા તે તું નથી. તે તો બધા પુદ્‌ગલ-પિંડ છે; તું તેમનું કારણ પણ નથી; અને તેમના કારણે તારું જીવન નથી, એકવાર અત્યંત પૃથક્કરણ કરીને તારી સ્વવસ્તુને શોધી લે. જેમ સોનાને શોધનારો ધૂળધોયો ધૂળના ઢગલામાંથી સોનું જુદું પાડીને શોધી લ્યે છે, તેમ ધૂળના ઢગલા જેવા આ શરીરાદિ પદાર્થો, તેમાંથી જુદું સુવર્ણ જેવું તારું શુદ્ધસ્વરૂપ, તને અંતરદૃષ્ટિવડે તું શોધી લે.

સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ, આરાધ! પ્રભાવ આણી;
અનાથ એકાન્ત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

## અનંતા જીવો ભેદજ્ઞાન કરીને મોક્ષ ગયા....તું પણ ભેદજ્ઞાન કર.

સર્વજ્ઞદેવે કહેલું તત્ત્વ અલૌકિક છે....ભાઈ! આ સમજાય તેવી ચીજ છે. આવો આત્મસ્વભાવ સમજીને અને તેને અનુભવગમ્ય કરીને અનંતા જીવો મોક્ષ ગયા છે. જે રસ્તે અનંતાજીવો મોક્ષ ગયા તેની જ આ વાત છે એટલે તારાથી થઈ શકે તેવી વાત છે—પણ તે માટે અંતરમાં પોતાને પોતાની દરકાર જોઈએ. આત્માની દયા જોઈએ કે અરે, હવે આ ભવદુઃખથી બસ થાઓ....હવે મારે મારા આત્માને આ ભવદુઃખથી છોડાવવો છે. આમ આત્માની ધગશપૂર્વક સમજવા માગે તો અવશ્ય સમજાય તેવું સ્વરૂપ છે.

અંતર સ્વભાવને જોતાં એકરૂપ પરમસ્વભાવ છે; આવા નિજસ્વભાવના આનંદનું ધ્યાન કરતાં પરમાત્મદશા પ્રગટે છે, ત્યાં દશ ભાવપ્રાણ અશુદ્ધતા રહેતી નથી. માટે તે અશુદ્ધજીવત્વ શુદ્ધદ્રવ્યાર્થિકનયથી જીવનો સ્વભાવ નથી. તેવી રીતે ભવ્યત્વ તથા અભવ્યત્વને પણ અશુદ્ધપારિણામિક કહ્યા છે, જેને ભવ્યતા હોય તેને અભવ્યતા ન હોય, જે અભવ્ય હોય તેને ભવ્યતા ન હોય. પણ શુદ્ધદૃષ્ટિમાં તે બંને ભેદો નથી દેખાતા, તેમાં તો એક પરમભાવરૂપ શુદ્ધજીવત્વ જ દેખાય છે. ને આવી શુદ્ધદૃષ્ટિથી પોતાના પરમભાવને દેખનારો જીવ ભવ્ય જ હોય છે. આવા પરમસ્વભાવની સમજણ વગર શુભરાગ કરે તેથી

કાંઈ ધર્મ થઈ જતો નથી. શુભરાગ પણ સંસાર છે, તે કાંઈ મોક્ષમાર્ગ નથી. મોક્ષમાર્ગ માટે તો રાગ વગરનું વસ્તુસ્વરૂપ સમજવું જોઈએ. ધર્મનો ગંજ તો આત્મા છે. આત્મદ્રવ્ય શું, તેની પર્યાય શું, તેનું લક્ષ કર્યા વગર ધર્મનો પક્ષ થાય નહિ, ને રાગનો પક્ષ છૂટે નહિ. રાગના પક્ષનું ફળ તો સંસાર છે. ભાઈ! સંસારથી તારે છૂટવું હોય ને સિદ્ધપદ સાધવું હોય તો ભેદજ્ઞાન વડે રાગનો પક્ષ છોડ ને સ્વભાવનો પક્ષ કર.

## ''પરમપારિણામિકભાવ'' તેમાં ભેદ નથી

શુદ્ધદૃષ્ટિથી પારિણામિક એક પરમભાવમાં ત્રણ ભેદ નથી; ૧૪ માર્ગણાના ભંગભેદો શુદ્ધદ્રવ્યની એકતામાં નથી. ૧૪ માર્ગણા-સંબંધી વ્યવહાર જેવો જૈનશાસનમાં બતાવ્યો છે તેવો બીજે ક્યાંય નથી; જૈનનો વ્યવહાર પણ અલૌકિક ને પરમાર્થ પણ અલૌકિક; ૧૪ માર્ગણા દ્વારા પર્યાયના શુદ્ધ-અશુદ્ધ પ્રકારોનું સૂક્ષ્મજ્ઞાન કરાવ્યું છે; પણ તે પર્યાયના ભેદની સામે જોયે શુદ્ધજીવસ્વભાવ અનુભવમાં આવતો નથી. તેથી (સમયસાર ગા. ૫૦ થી ૫૫માં ૨૯ બોલ દ્વારા) તે અશુદ્ધતાને અને પર્યાયભેદોને શુદ્ધઆત્માની અનુભૂતિથી બહાર કહ્યા છે. આત્માની આવી અનુભૂતિ તે સાક્ષાત મોક્ષમાર્ગ છે.

ભાઈ, તારા આત્માને પર સાથે તો કાંઈ સંબંધ નથી; પોતાની અવસ્થા અને પોતાનું દ્રવ્ય—એ બં અંશો વચ્ચેની રમત છે. તેમાં જે દ્રવ્ય-અંશ છે તે ધ્રુવ છે, ને પર્યાય-અંશ ઉત્પાદવ્યયરૂપ છે. ધ્રુવમાં આવરણ કે અશુદ્ધતા ન હોય, તે નિરાવરણ શુદ્ધ એકરૂપ છે; અશુદ્ધતા ને શુદ્ધતા, બંધન ને મોક્ષ—એ પર્યાયમાં હોય છે. ચૈતન્યસ્વભાવી ભગવાન આત્માનું ત્રિકાળી સ્વરૂપ કેવું છે? પારિણામિક-પરમભાવરૂપ છે. જીવના આ અવિનાશી જીવનમાં અશુદ્ધતા નથી, બંધમોક્ષ નથી. અનંત ગુણસહિત ત્રિકાળ ટકતું જીવત્વ તે પરમભાવ છે. આ પરમભાવ કહો કે શુદ્ધદ્રવ્ય કહો, તેના આશ્રયે મોક્ષમાર્ગ ખૂલે છે. જીવના અનંત ગુણો ત્રિકાળ પારિણામિકભાવે છે, પણ ગુણના ભેદ ન પાડતાં અનંતગુણથી અભેદ એવા પરમભાવને ધ્યાવવો (અનુભવવો) તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગ ત્રણ ભાવરૂપ છે; મોક્ષ એક ક્ષાયિકભાવરૂપ છે, બંધ તે ઉદયભાવરૂપ છે, અને બંધ-મોક્ષ વગરનો પારિણામિકભાવ છે.

પારિણામિકના ત્રણ ભેદમાં જે જીવત્વ કહ્યું તે વ્યવહારજીવત્વ (એટલે દશપ્રાણરૂપ અશુદ્ધજીવત્વ) લેવું, શુદ્ધજીવત્વ તેમાં ન આવે. દ્રવ્યાર્થિકનયના વિષયરૂપ શુદ્ધજીવત્વશક્તિલક્ષણરૂપ જે પારિણામિકભાવ છે તેમાં કોઈ ભેદ નથી. તે પારિણામિકભાવ અપેક્ષાએ તો બધા જીવો સરખા છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



દ્રવ્યસંગ્રહની ૧૩મી ગાથાની ટીકામાં ૧૪ માર્ગણાઓનું વર્ણન છે, તેમાં ભવ્યમાર્ગણામાં ભવ્યત્વ ને અભવ્યત્વ એમ બે પ્રકાર કહ્યા; ત્યાં શિષ્ય પૂછે છે કે શુદ્ધપારિણામિક પરમભાવરૂપ શુદ્ધ નિશ્ચયથી જીવો ગુણસ્થાન-માર્ગણાસ્થાન રહિત છે એમ આપે કહ્યું હતું અને અહીં તો માર્ગણામાં પણ ભવ્યત્વ-અભવ્યત્વરૂપ પારિણામિકભાવ કહ્યો,—તો પૂર્વાપર વિરોધ થયો? ઉત્તરમાં કહે છે કે : ના; કેમકે પહેલાં તો શુદ્ધપારિણામિકભાવની અપેક્ષાએ ગુણસ્થાન તથા માર્ગણાસ્થાનનો નિષેધ કર્યો હતો, અને અહીં ભવ્યત્વ-અભવ્યત્વમાર્ગણામાં જે કહ્યો તે તો અશુદ્ધ પારિણામિકભાવ છે. આ રીતે વિવક્ષાભેદથી બંને કથન બંધ બેસે છે.

'શુદ્ધ ને અશુદ્ધ એવા ભેદથી પારિણામિકભાવ બે પ્રકારનો નથી, પણ પારિણામિકભાવ શુદ્ધ જ છે' એમ કદાચિત્ કહો તો તે યોગ્ય નથી, કેમ કે સામાન્યરૂપે ઉત્સર્ગવ્યાખ્યાનથી જોકે પારિણામિકભાવને શુદ્ધ જ કહેવામાં આવે છે. તોપણ અપવાદરૂપ વ્યાખ્યાનથી અશુદ્ધપારિણામિકભાવ પણ છે. આ જ અપેક્ષાએ તત્ત્વાર્થસૂત્રમાં 'जीव-भव्यभव्यत्वानि च' એમ પારિણામિકભાવના ત્રણ પ્રકાર કહ્યા છે. જે શુદ્ધ ચૈતન્યરૂપ જીવત્વ છે તે અવિનાશી હોવાથી શુદ્ધ-દ્રવ્યાશ્રિત છે, તેથી તેને શુદ્ધ દ્રવ્યાર્થિકરૂપ શુદ્ધપારિણામિકભાવ કહેવાય છે અને જે કર્મજનિત દશપ્રાણરૂપ જીવત્વ છે તે જીવત્વ, તેમજ ભવ્યત્વ ને અભવ્યત્વ—એ ત્રણ પ્રકાર છે તેઓ વિનાશશીલ હોવાથી પર્યાયાશ્રિત છે, તેથી તે પર્યાયાર્થિકરૂપ અશુદ્ધપારિણામિકભાવ કહેવાય છે.

તેને અશુદ્ધતા કેમ છે?—એમ કોઈ પૂછે તો તેનો ઉત્તર એમ છે કે વ્યવહારનયથી સંસારી જીવોને જો કે અશુદ્ધ પારિણામિકભાવ છે તથાપિ 'सव्वे सुद्धा हु सुद्धणया' એ વચનથી શુદ્ધનિશ્ચયની અપેક્ષાએ જીવને તે ત્રણ ભાવો નથી; અને મુકતજીવોને તો સર્વથા જ નથી; આ કારણે તે ત્રણ ભાવોને અશુદ્ધત્વ કહ્યું છે. તે શુદ્ધ અને અશુદ્ધ પારિણામિકભાવોમાંથી જે શુદ્ધ પારિણામિકભાવ છે તે ધ્યાનસમયે ધ્યેયરૂપ છે, પણ ધ્યાનરૂપ નથી;—કેમ કે, ધ્યાનપર્યાય તો વિનશ્વર છે, અને શુદ્ધ પારિણામિકભાવ તો દ્રવ્યરૂપ હોવાથી અવિનશ્વર છે. (જુઓ દ્રવ્યસંગ્રહ ગાથા ૧૩ની ટીકા) અહીં આ સમયસારની ૩૨૦મી ગાથાની ટીકામાં પણ એ જ વાત અક્ષરશઃ કરી છે.

શુદ્ધ પારિણામિકભાવમાં ત્રણ ભેદ ન પડે કેમકે એકરૂપ જીવસ્વભાવ બતાવવો છે, 'ભવ્યત્વ'નો સિદ્ધદશામાં અભાવ થઈ જાય છે કેમકે જ્યાં સાક્ષાત્ મોક્ષદશા થઈ જ ગઈ ત્યાં હવે 'મોક્ષ થવાની લાયકાતપણું' રહેતું નથી. આ અપેક્ષાએ ભવ્યત્વને પણ વ્યવહારના

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

ભેદમાં લઈને અશુદ્ધપારિણામિકરૂપ કહ્યું. શુદ્ધદૃષ્ટિમાં ૧૪ માર્ગણાના ભેદનો નિષેધ કરવામાં તેનો પણ નિષેધ આવી જ ગયો. વ્યવહારે પારિણામિકભાવના ત્રણ ભેદ પણ છે ખરા, તેનું જ્ઞાન કરાવ્યું છે. પંચેન્દ્રિયાદિ જીવ, જીવનું સો વર્ષ વગેરે આયુ—એમ ઇન્દ્રિયાદિ દશપ્રાણવડે જીવને ઓળખવો તે અશુદ્ધનયનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિથી બધા જીવો શુદ્ધ એકરૂપ છે,—એવું સ્વરૂપ સમજનાર જીવ ભવ્ય જ હોય. પણ 'હું ભવ્ય છું, અભવ્ય નથી' એવા વિકલ્પવડે શુદ્ધદ્રવ્ય અનુભવમાં નથી આવતું. હું નિકટભવ્ય છું ને અલ્પકાળમાં મારી મોક્ષપર્યાય ખીલી જશે—એમ સમકિતીને પોતાની પર્યાયમાં નિઃશંક નિર્ણય થઈ ગયો છે. પણ એકરૂપ સ્વભાવને દેખનારી દૃષ્ટિમાં પર્યાયના તે કોઈ ભેદો દેખાતા નથી, એક સર્વોપરી પરમભાવ જ દેખાય છે.

## દ્રવ્યઅંશ અક્રિય; પર્યાયઅંશ સક્રિય

દ્રવ્યઅપેક્ષાએ જોતાં એકરૂપ વસ્તુ છે તેમાં પરિણમન નથી; પરિમન તે પર્યાયઅપેક્ષાએ છે. અનાદિ અનંત એકરૂપ ધ્રુવભાવ તે નિશ્ચય અને મોક્ષમાર્ગ વગેરે પર્યાયભેદો તે વ્યવહાર. બંધને ટાળું ને મોક્ષ કરું—એવા વિકલ્પોમાં આકુળતા છે, સહજ એક જ્ઞાયકભાવ પરમસ્વભાવ કે જે બંધ-મોક્ષરહિત છે, તેમાં ઉપયોગને જોડતાં બંધ-મોક્ષના કોઈ વિકલ્પ રહેતા નથી, ને નિર્વિકલ્પ અનુભવનો પરમ આનંદ અનુભવાય છે. આવી એકત્વની અનુભૂતિમાં અનેક ભેદો દેખાતા નથી. અવસ્થા અવસ્થાપણે છે, પણ અવસ્થા પોતે ધ્રુવ નથી;—જો એમ હોય તો વસ્તુના બે અંશો (બે ધર્મો) સિદ્ધ ન થાય. વસ્તુમાં અવસ્થા નથી જ—એમ નથી. દ્રવ્ય અને પર્યાય એવા બે અંશરૂપ વસ્તુ છે; તેમાં દ્રવ્યઅંશ અક્રિય છે, પર્યાયઅંશ સક્રિય છે. અક્રિય એવો દ્રવ્યઅંશ પારિણામિકભાવરૂપ છે, ને સક્રિય એવો પર્યાયઅંશ ચાર ભાવોરૂપ છે.

## કષાય ઔદયિકભાવ, તેને પારિણામિક કેમ કહ્યો?

कषायपाहुड-जयधवला ટીકામાં કષાયને પારિણામિકભાવે કહ્યો છે, ત્યાં જુદી અપેક્ષા છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર એ ત્રણ નો કારણ-કાર્યભાવને ગ્રહણ કરતા નથી પણ કારણ-કાર્યભાવ વગર સીધી વર્તમાનપર્યાયે ગ્રહણ કરે છે એટલે તે નયની અપેક્ષાએ કષાય પારિણામિકભાવે થવાનું કહ્યું છે. આમ તો કર્મોદયના નિમિત્તે થયો હોવાથી તે ઔદયિકભાવ છે. પણ એવા નિમિત્તનૈમિત્તિકભાવને શબ્દનયો ગ્રહણ નથી કરતા, તે નયોની દૃષ્ટિમાં તો કારણ વિના જ કાર્યની ઉત્પત્તિ થાય છે.

## મોક્ષના સાધકની નિઃશંકતા

અહીં તો પર્યાયને ગૌણ કરીને જે ત્રિકાળ એકરૂપ પરમસ્વભાવ, તેને પારિણામિકભાવરૂપે વર્ણવીને ધ્યાનના ધ્યેયરૂપ બતાવવો છે. કષાયાદિ સમસ્ત વિકારીભાવો ઔદયિક છે. 'અત્યારે મોક્ષ નથી ને અલ્પકાળમાં મોક્ષ થશે'–એવા બે ભેદો પણ જેનામાં નથી દેખાતા એવા એકરૂપ અંતર્સ્વભાવની દૃષ્ટિ અહીં કરાવે છે. ધર્મીને કાંઈ પોતાની ભવ્યતામાં સંદેહ રહેતો નથી. હું ભવ્ય તો છું ને આસન્નભવ્ય છું–એમ તેને આત્મામાંથી ખાતરી થઈ ગઈ છે; કેમકે જ્યાં શુદ્ધ વસ્તુ દૃષ્ટિમાં આવી ગઈ, આત્મા પરભાવોથી જુદો પરિણમવા લાગ્યો ત્યાં હવે મોક્ષને શી વાર! અથવા દૃષ્ટિઅપેક્ષાએ તેને મુક્ત જ કહ્યો છે—स हि मुक्त एव। 'હવે મારે અનંતભવ બાકી હશે'–એવો સંદેહભાવ મિથ્યાદૃષ્ટિને જ હોય છે. ધર્મીને એવો સંદેહ હોતો નથી; તે તો નિઃશંક છે કે હવે મારે અનંતભવ તો નથી પણ અત્યંત અલ્પકાળમાં જ ભવનો અભાવ કરીને હું મોક્ષદશા પ્રગટ કરવાનો છું, ને સર્વજ્ઞભગવાન પણ એમ જ જાણી રહ્યા છે.–જુઓ, આ મોક્ષના સાધક ધર્મીની દશા! ધર્મીને પોતાને પોતાની ખબર પડે છે. અહા, આત્મામાં ઊતરીને અપૂર્વ આનંદનો અનુભવ કરતો કરતો મોક્ષનો સાધક થયો–ને પોતાને એની ખબર ન પડે–એ તે કેમ બને! ત્યાં સંદેહને અવકાશ જ નથી.

અહો, સમ્યગ્દૃષ્ટિને ધ્રુવ ઉપર દૃષ્ટિ છે, એટલે હું ત્રિકાળ શુદ્ધ જ છું—એમ તે અનુભવે છે. ત્યાં વિકાર કેવો? એને તો ભવ્યતા પાકી ગઈ, મોક્ષ લેવાની તૈયારી થઈ ગઈ. આત્માના જીત-નગારા વાગ્યા. અંતર્સ્વભાવ તરફ જે પર્યાય ઝુકી તે પર્યાય મુક્તિ લેવાની જ છે. સદાય મુક્ત એવા શુદ્ધદ્રવ્યની જ્યાં ખબર પડી ત્યાં પર્યાયની મુક્તિનો સંદેશો પણ આવી જ ગયો. અંતરમાં પોતાની આવી દશા પોતાને દેખાય ત્યારે જીવને ધર્મ થયો કહેવાય.

## સિદ્ધમાં ભવ્યત્વનો અભાવ કહ્યો–તે કઈ અપેક્ષાએ?

પરમ પારિણામિકભાવથી પરિપૂર્ણ ભગવાન આત્મા જ્યાં પ્રતીતમાં આવ્યો ત્યાં સમ્યગ્દર્શન થયું; તે જીવ શુદ્ધનયઅનુસાર ભૂતાર્થ આત્માનો બોધ કર્યો. ત્યાં જડ ઈન્દ્રિયોથી તો જુદો જાણ્યો ને ભાવેન્દ્રિય જેટલો હું છું—એવી બુદ્ધિ પણ ન રહી, એટલે તે જિતેન્દ્રિય થયો; તેના અતીન્દ્રિય જ્ઞાનચક્ષુ ખૂલી ગયા....ભવ્યત્વનો પરિપાક થયો.

ભવ્યત્વ–અભવ્યત્વમાં કર્મના ઉદયાદિ નિમિત્ત નથી તેથી તેને પારિણામિકભાવ કહ્યો; અને સિદ્ધમાં તેનો (ભવ્યત્વનો) અભાવ થઈ જાય છે તેથી તેને 'અશુદ્ધ' કહ્યો, બધા

જીવોનો જે એકરૂપ પરમસ્વભાવ તેને શુદ્ધ પારિણામિકભાવ કહ્યો છે ને તે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. જો કે ક્યાંક ભવ્યત્વ તથા અભવ્યત્વને ત્રિકાળી ગુણ તરીકે પણ વર્ણવ્યા છે; અહીં પર્યાયની અપેક્ષાએ કહ્યું કે સિદ્ધને હવે ભવ્યત્વનો વ્યવહાર રહ્યો નથી. સાક્ષાત્ મોક્ષદશા થઈ ગઈ પછી 'મોક્ષ થવાની લાયકાત' કહેવાનું ક્યાં રહ્યું? એટલે તેને ભવ્યત્વનો અભાવ કહ્યો. શાસ્ત્રોમાં તો અનેક વિવક્ષાથી કથન આવે, જ્યાં જે વિવક્ષા હોય તે સમજીને તેમાંથી પોતાનું હિત થાય એવું તાત્પર્ય કાઢવું જોઈએ.

## વીતરાગની વાણી—આત્માનો અનુભવ કરાવનારી

શરૂઆતમાં કહ્યું હતું કે જુઓ ભાઈ! આત્માના સ્વભાવની આ વાત ઝીણી છે; ઝીણી છે પણ મહા કલ્યાણકારી છે, માટે સમજવામાં વિશેષ ધ્યાન આપવું. પરંતુ ઝીણી છે માટે નહિ સમજાય એમ ન માની લેવું—આ વાત મારા સ્વભાવની છે ને મારે સમજવા જેવી જ છે—એમ તેનો મહિમા લાવીને અંતરના પ્રયત્ન થી સમજવું. જીવોને સમજાવા માટે તો આચાર્યદેવે આ વાત કીધી છે, માટે તે સમજી શકાય ને અનુભવમાં લઈ શકાય તેવી છે.

વાહ! આ તો આત્માનો અનુભવ કરાવનારી વીતરાગની વાણી છે; મીઠીમધુરી આ વીતરાગી વાણી આત્માનું સત્યસ્વરૂપ દેખાડે છે. આવું વસ્તુસ્વરૂપ જાણ્યા વગર સાચી દૃષ્ટિ થાય નહિ, સાચી દૃષ્ટિ વગર ઉદ્ધાર થાય નહિ ને તે ભગવાનનો ભક્ત કહેવાય નહિ. બીજા મિથ્યાદૃષ્ટિ જીવો અદ્ધરથી કલ્પના કરીને છટાથી વાતું કરે ત્યાં તત્ત્વબુદ્ધિ વિનાના અજ્ઞાનીઓને તે વાણી મીઠી લાગી જાય, પણ એ કાંઈ સત્ય નથી, તેમાં આત્માનું હિત નથી, ઊલટું અહિત છે. આત્માને પણ ભૂલીને શૂન્ય થઈ જવું,—એમ શૂન્ય થઈ જવાની વાત કરે છે. તેમાં તો જડ થઈ જવા જેવું આવ્યું. બાપુ! ભગવાનનો મારગ એવો આંધળો નથી; આ તો અંદર જાગતીજ્યોત ઝગઝગાટ કરતો ચૈતન્યસૂર્ય પોતે છે તેનો અનુભવ કરવાની વાત છે. આમાં વિભાવથી શૂન્યતા છે પણ કાંઈ આત્મા સર્વથા શૂન્ય થઈ જતો નથી.

## નિજગુણપ્રાપ્તિ કરાવીને સંતોએ મોટો ઉપકાર કર્યો છે

અરે, જીવોને પોતાનું સૂક્ષ્મસ્વરૂપ સમજમાં ન આવે એટલે સ્થૂળ વાતોમાં કોઈ ધર્મ મનાવી દેતું હોય તો તે વાત સારી લાગે,—પણ સમંતભદ્રસ્વામી કહે છે કે—

પરમત મૃદુવચન રચિત ભી હૈ,
નિજગુણ-સંપ્રાપ્તિ રહિત વહ હૈ;

અરે! પરમત એટલે રાગથી ધર્મ મનાવનારા અન્ય મત તે ભલે કોમળ વચનવાળા હોય, પરંતુ સમ્યક્ત્વાદિ નિજગુણની પ્રાપ્તિ તો તેમાં નથી. હે જિનેન્દ્રદેવ! અનેક સમ્યક્નયોના ભંગથી વિભૂષિત એવો આપનો સ્યાદ્વાદ-માર્ગ છે તે સમંત-ભદ્રરૂપ છે એટલે સમસ્ત પ્રકારે જીવોનું કલ્યાણ કરનાર છે અને નિર્દોષ છે. પ્રભો! વસ્તુનું અનેકાંતસ્વરૂપ બતાવનારી આપની વીતરાગવાણી અમને મોક્ષની દાતાર છે. પ્રભો, આપે કહેલું શુદ્ધઆત્મદ્રવ્ય જેની પ્રતીતમાં આવ્યું તેની પર્યાયમાં સિદ્ધને આવવું જ પડે. શુદ્ધદ્રવ્યની પ્રતીત કરનારને પર્યાયમાં સિદ્ધપદ પ્રગટે જ. અહા, જગતનાં તત્ત્વો અને તેમાં સર્વોત્કૃષ્ટ ભગવાન આત્મા, તેનો સ્વભાવ જેવો છે તેવો જિનેન્દ્રભગવાને પ્રસિદ્ધ કર્યો છે. તેને ઓળખીને હે જીવ! તારી પર્યાયમાં તું સિદ્ધને પ્રસિદ્ધ કર. તારા તત્ત્વમાં જે ભાવો છે તેનું આ વર્ણન છે. દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ કેવી છે ને સાધકની દશામાં કેવા ભાવો હોય છે તે બધી વાત આ એકગાથામાં આચાર્યદેવે સમજાવી દીધી છે. આ તો સિદ્ધાંતના સૂત્રો છે, તેમાં ગંભીરભાવો ભરેલા હોય છે. વાહ! દિગંબર સંતોની કથની જ કોઈ અલૌકિક છે. સર્વજ્ઞના ઉપદેશના રહસ્ય સંતોએ ખોલ્યાં છે. અહા, એ વીતરાગી સંતોનો મોટો ઉપકાર છે.

## વસ્તુનું સ્વરૂપ

આત્માનો સાચો પ્રાણ ને આત્માનું સાચું જીવન તો ચેતના છે; ને દશપ્રાણ તે તો વ્યવહારથી છે, તે આત્માનો પરમાર્થ સ્વભાવ નથી, તેના વગર પણ આત્મા જીવી શકે છે. સિદ્ધને દશપ્રાણ પૂર્વે (સંસારદશા વખતે) હતા. પણ અત્યારે તો તે સર્વથા નથી; દ્રવ્ય-ગુણમાં તો પહેલેથી ન હતા, ને હવે પર્યાયમાં પણ તેનો અભાવ થયો. જેમ સિદ્ધ ભગવંતોને સુખ સર્વથા છે (—એકાંતિક સુખ છે), ને દુઃખ સર્વથા નથી,—એમ અનેકાંત કહી શકાય, પણ 'સિદ્ધ ભગવાનને કથંચિત સુખ છે ને કથંચિત દુઃખ છે'—એવો તો અનેકાંત સિદ્ધને લાગુ પડતો નથી., જૈનદર્શનમાં 'સર્વથા' શબ્દ પણ વપરાય છે. જેમ કે 'સિદ્ધભગવંતો સર્વથા (એકાંતે) સુખી છે'—એમાં 'સર્વથા' શબ્દ હોવા છતાં કાંઈ દોષ નથી પણ ઊલટું તે તો વસ્તુસ્વરૂપ બતાવે છે. લોકો તો વસ્તુસ્વરૂપ સમજ્યા વિના અનેકાંતના નામે ગોટા વાળે છે. અહીં તો અનેકાંત અનુસાર જીવના દ્રવ્ય-પર્યાયનું ને પાંચ ભાવોનું સ્વરૂપ સમજાવીને, મોક્ષમાર્ગ કેમ સધાય તે બતાવવું છે—તે હવે કહેશે.

# ભવ્યત્વશક્તિની વ્યક્તિરૂપ મોક્ષમાર્ગના ૩ ભાવો; તે મોક્ષમાર્ગના બીજા અનેક નામો

"પારિણામિકભાવ જે ત્રણ પ્રકાર કહ્યા તેમાં, ભવ્યત્વલક્ષણ પારિણામિકને તો યથાસંભવ સમ્યક્ત્વાદિ જીવગુણોનું ઘાતક દેશઘાતિ અને સર્વઘાતિ એવા નામવાળું મોહાદિકર્મસામાન્ય પર્યાયાર્થિકનયે ઢાંકે છે એમ જાણવું. ત્યાં, જ્યારે કાળાદિ લબ્ધિના વશે ભવ્યત્વશક્તિની વ્યક્તિ થાય છે ત્યારે આ જીવ સહજ-શુદ્ધ-પારિણામિકભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાયે પરિણમે છે; તે પરિણમન આગમભાષાથી ઔપશમિક, ક્ષાયોપશમિક તથા ક્ષાયિક એવા ભાવમય કહેવાય છે અને અધ્યાત્મભાષાથી 'શુદ્ધાત્માભિમુખ પરિણામ', 'શુદ્ધોપયોગ' ઈત્યાદિ પર્યાયસંજ્ઞા પામે છે.'

## નિજગુણોને જીવ ઘાતે તેમાં ઘાતિકર્મ નિમિત્ત સ્વસસન્મુખ થતાં આત્મલબ્ધિ

જુઓ, પહેલાં પારિણામિકભાવ કહ્યો, ને હવે આમાં મોક્ષમાર્ગના ત્રણ ભાવોની વાત કરે છે. ધર્મી થયા પહેલાં અનાદિથી મોહકર્મના નિમિત્તે જીવે પોતાના સમ્યક્ત્વાદિ ગુણોનો ઘાત કર્યો હતો એટલે મોક્ષના કારણરૂપ ત્રણ ભાવો તેને ન હતા; પણ હવે જ્ઞાનીના નિમિત્તે સ્વસન્મુખ થઈને આત્મલબ્ધિ કરી ત્યાં પુરુષાર્થ-સ્વકાળ વગેરે લબ્ધિઓ પણ થઈ ગઈ, એટલે મોક્ષમાર્ગરૂપ ઔપશમિક આદિ ભાવો પ્રગટ્યા; આ રીતે સમ્યક્ત્વાદિ પ્રાપ્ત થતાં ભવ્યત્વનો પરિપાક થયો કહેવાય. અજ્ઞાનદશામાં જીવ પોતે શુદ્ધનય અનુસાર સ્વસન્મુખ થઈને સમ્યક્ત્વાદિ ભાવોરૂપે ન પરિણમ્યો ત્યારે મિથ્યાત્વાદિ કર્મો તેને સમ્યક્ત્વાદિ ગુણોને ઘાતવામાં નિમિત્ત થયા. મિથ્યાત્વ, કેવળજ્ઞાનાવરણ આદિ કેટલીક પ્રકૃતિઓ સર્વઘાતિ છે, સમ્યક્મોહનીય તથા ચાર જ્ઞાનાવરણાદિ કેટલીક પ્રકૃતિઓ દેશઘાતી છે; જે ચાર અઘાતિ પ્રકૃતિઓ છે તે જોકે પ્રતિજીવી ગુણોને ઢાંકે છે પણ જ્ઞાનાદિ અનુજીવી ગુણોને તે ઘાતતી નથી માટે તે અઘાતી છે. આમ સમુચ્ચયપણે આ મોહાદિકર્મો યથાસંભવ (ભૂમિકા અનુસાર) જીવગુણોને (સમ્યક્ત્વાદિને) ઢાંકે છે. આ ઔદયિકભાવ છે. હવે તે આવરણ દૂર કેમ થાય? કે પારિણામિકરૂપ નિજ સ્વભાવની સન્મુખ થઈને

તેની ભાવના કરવાથી મોક્ષકારણરૂપ એવા ઔપશમિકાદિ ભાવો પ્રગટે છે, ને મિથ્યાત્વાદિ ઔદયિકભાવો મટી જાય છે; ત્યારે ભવ્યત્વભાવ વ્યક્ત થયો—એમ કહેવાય છે. શુદ્ધજીવત્વ પારિણામિક તો સદા નિરાવરણ છે, બંધ-મુક્તિથી નિરપેક્ષ છે; પણ આ ભવ્યત્વલક્ષણરૂપ પારિણામિકમાં ઢંકાવું ને પ્રગટ થવું—એમ બે પ્રકાર કહ્યા તે પર્યાયાર્થિકનયનો વિષય છે.

જુઓ, આ પાંચ ભાવના વર્ણનમાં તો ઘણી વાત આવી જાય છે, ત્રિકાળી આત્મદ્રવ્ય કેવું છે, તેની ભૂલદશા કેવી છે, ને ભૂલ ટળતાં આનંદદશા થાય તે કેવી છે ? એ બધુ પાંચ ભાવોમાં આવી જાય છે. આત્મદ્રવ્ય તે પારિણામિકભાવ, ભૂલદશા તે ઔદયિક ભાવ; ભૂલ ટળીને આનંદદશા પ્રગટી તે ઉપશમ—ક્ષયોપશમ—ક્ષાયિકભાવ.

## મોક્ષના પંથે જનાર જીવને કેવા ભાવ હોય?

મોક્ષના પંથે જનાર જીવ સૌથી પહેલા ઉપશમસમ્યક્ત્વ પ્રગટ કરે છે, તેની સાથે સમ્યગ્જ્ઞાન ક્ષયોપશમભાવે હોય છે. ઉપશમભાવમાં ઉદયનો અભાવ છે ને ચૈતન્યની શાંતિ છે. અનાદિનો મિથ્યાદૃષ્ટિ જીવ સૌથી પહેલવહેલો જ્યારે ચૈતન્યસ્વભાવને અનુભવે છે ત્યારે મિથ્યાત્વનો ઉપશમ હોય છે. ઉપશમભાવરૂપી અમૃતવડે મિથ્યાત્વનું ઝેર દૂર થઈ જાય છે—આ અપૂર્વદશા છે, ને મોક્ષનું કારણ છે. આ ઉપશમની સાથે શુદ્ધોપયોગ હોય છે.

✍ મોક્ષમાર્ગમાં ક્ષાયોપશમિકભાવ છે. અહીં અનાદિની અજ્ઞાદશામાં જે જ્ઞાનાદિનો ક્ષયોપશમભાવ હોય છે તે ન લેવો; પણ ઉપશમસમ્યક્ત્વપૂર્વક સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં જે ક્ષયોપશમભાવરૂપ નિર્મળ પર્યાય છે તે મોક્ષમાર્ગ છે. મોક્ષમાર્ગી જીવને સાધકદશામાં આવો ક્ષાયોપશમિકભાવ જરૂર આવે છે.

✍ અને ક્ષાયિકભાવ તે તો કર્મના સર્વથા ક્ષયરૂપ સંપૂર્ણ શુદ્ધદશા છે; તે મોક્ષમાર્ગરૂપ છે તેમજ મોક્ષરૂપ છે. મોક્ષદશામાં પણ ક્ષાયિકભાવ કાયમ રહે છે.

✍ ઔદયિકભાવ તે તો મલિન પરિણામ છે, તે કર્મના ઉદયસહિત છે. રાગ-દ્વેષ-મોહ તેમજ યોગનું કંપન—તે ઉદયભાવો છે. જેટલા શુભાશુભભાવો છે તે બધાય ઉદયભાવમાં સમાય છે, મોક્ષના કારણમાં તે ન આવે. જ્યાં સુધી ઉદયભાવ છે ત્યાં સુધી સંસાર છે. ઉદયભાવનો સર્વથા અભાવ થતા સિદ્ધદશા પ્રગટે છે; ત્યાં નિમિત્તરૂપ કર્મોનો સર્વથા ક્ષય થઈ જાય છે. સિદ્ધદશા ન પ્રગટે ત્યાંસુધી જીવને 'અસિદ્ધત્વ' નામનો ઔદયિકભાવ હોય છે.

(આ ચાર ભાવો પર્યાયરૂપ છે; તેમાં કર્મની ઉદયાદિ અવસ્થાઓ નિમિત્તરૂપ છે, તેથી તે ચાર ભાવો સાપેક્ષ છે.)

✍ પાંચમો ભાવ શુદ્ધપારિણામિકભાવ છે, તે દ્રવ્યરૂપ છે, તેમાં કર્મની અપેક્ષા ન હોવાથી તે નિરપેક્ષ છે. જોકે દ્રવ્ય અને પર્યાય બંને પરસ્પર સાપેક્ષ છે; પણ દ્રવ્યાત્મલાભરૂપ પારિણામિકભાવમાં પરની અપેક્ષા નથી તેથી તેને નિરપેક્ષ કહ્યો છે.

## પાંચ ભાવોને ઓળખતાં પરમાત્મા થવાય

પાંચ ભાવોને બરાબર ઓળખતાં નવતત્ત્વ વગેરેની પણ સમજણ થઈ જાય છે. આ તો આત્માના ભાવની મૂળ વસ્તુ છે. પોતાના ભાવની ઓળખાણ જીવે કરવી જોઈએ ને! ઘરવખરીમાં શું–શું છે તે બધું કેવું ધ્યાન રાખે છે! કઈ ચીજ કેટલી કિંમતી છે–તે બધું બરાબર લક્ષમાં રાખે છે. પણ એ ઘરવખરી તો જડ છે. ભાઈ, તારા આત્માની ઘરવખરીમાં કેવા કેવા ભાવો ભર્યા છે–તેને તો ઓળખ; તેમાં ક્યા ભાવની કેટલી કિંમત છે–તે બરાબર લક્ષમાં લે. અને તેમાંથી ધ્યેયરૂપ એવા પરમભાવને ધ્યાનમાં લે, તો તને મોક્ષવૈભવ મળે.–એ જ તારી સાચી ઘરવખરી છે. (ઘરવખરી એટલે વૈભવ, ખજાનો.)

આત્માના પાંચ ભાવો, તેમાંથી ચાર તો ઉત્પાદ-વ્યયરૂપ છે ને પંચમભાવ ધ્રુવરૂપ છે. આત્માને ધ્રુવભાવથી જોતાં તેમાં ઉત્પાદ-વ્યય દેખાતા નથી, તેથી એમ કહ્યું કે 'ક્ષાયિકભાવનાં સ્થાનો પણ આત્માને નથી.' દ્રવ્યદૃષ્ટિની અપેક્ષાએ એમ કહ્યું કે દ્રવ્યને જોનારી દૃષ્ટિમાં પર્યાયના ભેદો દેખાતા નથી. પણ પર્યાય અપેક્ષાએ તો તે ક્ષાયિકાદિ ભાવો આત્માની પર્યાયો છે, તે કાંઈ આત્મવસ્તુથી જુદી બીજે નથી રહેતી. દ્રવ્ય-પર્યાય બંનેની સાપેક્ષતારૂપ વસ્તુ છે. તેમાં ૧૪ ગુણસ્થાનો, ૧૪ માર્ગણાસ્થાનો–એ બધા પ્રકારો જીવની પર્યાયરૂપ છે. જીવનું શુદ્ધ જીવત્વરૂપ પારિણામિકપણું તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે. આવો શુદ્ધ પરમભાવ બધા જીવોમાં શક્તિરૂપ ત્રિકાળ છે. આવો શુદ્ધસ્વભાવ જ્યાં દૃષ્ટિમાં આવ્યો ત્યાં સમ્યક્ત્વાદિ પ્રગટ થાય છે અને ત્યારે ભવ્યત્વશક્તિ વ્યક્ત થઈ એમ કહેવાય છે. ભવ્યત્વ તો તે જીવમાં પહેલેથી હતું પણ નિજસ્વભાવનું ભાન થતાં તે વ્યક્ત થઈને પરિણમ્યું; મોક્ષની જે યોગ્યતા હતી તે કાર્યરૂપ થવા માંડી. હવે અલ્પકાળમાં સિદ્ધદશા પ્રગટી જશે. શક્તિપણે સિદ્ધપણું બધાય જીવોમાં છે, તેનો સ્વીકાર કરતાં પર્યાયમાં સિદ્ધદશા થઈ જાય છે.

## મોક્ષની ક્રિયા

આત્મા જ્યારે પોતાના સ્વભાવસન્મુખ પરિણમ્યો ત્યારે તે સ્વરૂપની લબ્ધિનો કાળ છે. ‘કાળાદિ’ લબ્ધિ કહેતાં તેમાં સ્વસન્મુખપુરુષાર્થ પણ ભેગો જ છે, જ્ઞાન-શ્રદ્ધા વગેરે અનંત ગુણોનું કાર્ય તે કાળે એકસાથે વર્તે છે.—આવી મોક્ષની ક્રિયા છે. મોક્ષના કારણરૂપ ભાવ તે પર્યાય છે, ને તેના ધ્યેયરૂપ પારિણામિકસ્વભાવ છે. અંતર્મુખ થઈને પોતાના સહજ શુદ્ધ પરમસ્વભાવી પરમાત્મતત્ત્વના સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-અનુચરણ તે મોક્ષનું કારણ છે. એ સિવાય શુભરાગ વગેરે ઉદયભાવો, કે શરીરની ક્રિયા વગેરે જડભાવો, તે મોક્ષનું કારણ નથી. મોક્ષના કારણરૂપ શુદ્ધ રત્નત્રયપરિણામ ઔપશમિકાદિ ત્રણ ભાવરૂપ હોય છે, તેમાં ઉદયભાવનો અભાવ છે. આવી મોક્ષમાર્ગપર્યાયને અધ્યાત્મભાષાથી શુદ્ધાત્મસન્મુખ પરિણામ અથવા શુદ્ધોપયોગ કહેવાય છે. તેને બીજાં પણ અનેક નામોથી કહી શકાય છે.

## મોક્ષમાર્ગ, તેના વિવિધ નામો

મોક્ષમાર્ગ કે મોક્ષ—તે પર્યાયરૂપ છે, દ્રવ્યરૂપ નથી. દ્રવ્ય તો કાંઈ નવું કરવાનું હોતું નથી, મોક્ષપર્યાય નવી કરવાની હોય છે. મોક્ષપર્યાય તો ક્ષાયિકભાવરૂપ છે; તેના કારણરૂપ મોક્ષમાર્ગપર્યાયમાં ઔપશમિકાદિ ત્રણભાવો હોય છે. પારિણામિક—પરમભાવ તો કાંઈ મોક્ષરૂપ કે મોક્ષમાર્ગરૂપ નથી. મોક્ષદશા ન હોય ત્યારે, કે મોક્ષદશા હોય ત્યારે—બંને વખતે પારિણામિકસ્વભાવે જોતાં આત્મા એકરૂપ છે.

અનંત ચૈતન્યશક્તિથી ભરેલો આત્મા ચમત્કારિક વસ્તુ છે, અલૌકિક ધર્મોનો ભંડાર છે, પણ જીવોને તેની ખબર નથી. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર સૃષ્ટિના લક્ષમાં નથી. ભાઈ, તારામાં ગુપ્ત રહેલી તારી પરમશક્તિ સંતો તને ઓળખાવે છે. પરમ પારિણામિકભાવરૂપ પોતાનો જે પરમાત્મસ્વભાવ તેની સન્મુખ પરિણમતાં શુદ્ધભાવરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે. તેને શુદ્ધાત્મપરિણામ કહો, રત્નત્રયધર્મ કહો, શુદ્ધઉપાદાન કહો, શુદ્ધોપયોગ કહો, પરમ અહિંસા કહો, ઉપશમાદિ ભાવ કહો, સાધકભાવ કહો, જ્ઞાયકભાવ કહો, વીતરાગીવિજ્ઞાન કહો, અકર્તાભાવ કહો, વીતરાગી ભાવ કહો, મોહક્ષોભ વગરના પરિણામ કહો, ધ્યાન કહો, પરમાત્મતત્ત્વની ભાવના કહો, આરાધના કહો, સાચું સુખ કહો—એમ અનેક નામ કહી શકાય છે—પણ એમાં ક્યાંય રાગ નથી આવતો, પરાશ્રય નથી આવતો, સ્વાધીનપણે સ્વસન્મુખ થઈને નિજનિધાનને પ્રગટ કરે એવો આત્મા છે. નિજાધીન નિધાનથી ભરેલો આત્મા, તને દૃષ્ટિમાં લેતાં નિધાન ખૂલે છે. મોક્ષમાર્ગનાં જે પરિણામ છે તે શુદ્ધાત્માની સન્મુખ છે ને શુભાશુભરાગથી

વિમુખ છે. અરે, આત્માથી વિમુખ એવા રાગને જે મોક્ષમાર્ગ માને તે પરસન્મુખતા છોડીને સ્વસન્મુખ ક્યારે થાય? ને તેને મોક્ષમાર્ગ ક્યાંથી પ્રગટે?

પર્યાય પોતે ધ્રુવસ્વભાવમાં એકાગ્ર થઈને પોતાના પરમાનંદસ્વરૂપને ભેટે છે, તે મોક્ષમાર્ગ છે. તેનાં અનેક નામ છે. દ્રવ્યસંગ્રહમાં તેનું સરસ કથન કર્યું છે. ત્યાં કહે છે કે— સહજ શુદ્ધ જ્ઞાનદર્શનસ્વભાવ પરમાત્મતત્ત્વના સમ્યક્‌શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ અભેદરત્નત્રયાત્મક પરમસમાધિમાં સર્વપ્રદેશે આહ્લાદકારી સુખના આસ્વાદરૂપ પરિણતિસહિત, એવા નિજાત્મામાં રત-પરિણત-તલ્લીન-તેમાં એકાગ્રચિત્ત-તન્મય થાય છે તે નિશ્ચયથી પરમઉત્કૃષ્ટ ધ્યાન છે; તે ધ્યાનમાં સ્થિત જીવોને જે વીતરાગ-પરમાનંદસુખ અનુભવાય છે તે જ નિશ્ચય-મોક્ષમાર્ગનું સ્વરૂપ છે. તેને જ બીજા પર્યાયવાચી નામોથી શું-શું કહેવાય છે? તે અહીં બતાવે છે;—આનું નામ છે 'પરમાત્મધ્યાનભાવના-નામમાળા.' અને આ નામમાળા યથાસંભવ સર્વત્ર યોજવાનું કહ્યું છે.—

## પરમાત્મધ્યાનભાવના-નામમાળા

તે જ શુદ્ધાત્મસ્વરૂપ છે.
તે જ પરમાત્મસ્વરૂપ છે.
તે જ સુખામૃતસરોવરના પરમહંસસ્વરૂપ છે.
તે જ પરમ બ્રહ્મસ્વરૂપ છે.
તે જ પરમ વિષ્ણુસ્વરૂપ છે. (વિષ્ણુ=સ્વગુણોમાં વ્યાપક)
તે જ પરમ શિવસ્વરૂપ છે. (શિવ=આત્મકલ્યાણ)
તે જ પરમ બુદ્ધસ્વરૂપ છે. (બુદ્ધસ્વરૂપ=જ્ઞાનસ્વરૂપ)
તે જ પરમ નિજસ્વરૂપ છે.
તે જ પરમ સ્વાત્મ-ઉપલબ્ધિલક્ષણ સિદ્ધસ્વરૂપ છે.
તે જ નિરંજનસ્વરૂપ છે.
તે જ નિર્મળસ્વરૂપ છે.
તે જ સ્વસંવેદનજ્ઞાન છે.
તે જ પરમ તત્ત્વજ્ઞાન છે.
તે જ શુદ્ધાત્મદર્શન છે.
તે જ પરમ અવસ્થાસ્વરૂપ છે.
તે જ પરમાત્માનું દર્શન છે.

તે જ પરમાત્મજ્ઞાન છે.
તે જ શુદ્ધાત્મજ્ઞાન છે.
તે જ ધ્યેયભૂત, શુદ્ધપારિણામિકભાવ છે. (અભેદપણે)
તે જ ધ્યાનભાવનાસ્વરૂપ છે.
તે જ શુદ્ધચારિત્ર છે.
તે જ અંતર્‌તત્ત્વ છે.
તે જ પરમ તત્ત્વ છે
તે જ શુદ્ધાત્મદ્રવ્ય છે.
તે જ પરમજ્યોતિ છે.
તે જ શુદ્ધાત્મઅનુભૂતિ છે.
તે જ આત્મપ્રતીતિ છે.
તે જ આત્મસંવિતિ છે.
તે જ સ્વરૂપ-ઉપલબ્ધિ છે.
તે જ નિત્ય-ઉપલબ્ધિ છે.
તે જ પરમસમાધિ છે.
તે જ પરમ આનંદ છે
તે જ નિત્ય-આનંદ છે.
તે જ સહજ-આનંદ છે.
તે જ સદાનંદ છે.
તે જ શુદ્ધાત્મપદાર્થનું અધ્યયન છે.
તે જ પરમ સ્વાધ્યાય છે.
તે જ નિશ્ચયમોક્ષ ઉપાય છે.
તે જ એકાગ્રચિંતાનિરોધ છે.
તે જ પરમબોધ છે.
તે જ શુદ્ધ ઉપયોગ છે.
તે જ પરમ યોગ છે.
તે જ ભૂતાર્થ છે.
તે જ પરમાર્થ છે.

ॐ સહજ ચિદાનંદ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



તે જ નિશ્ચય પંચાચાર છે.
તે જ સમયસાર છે.
તે જ અધ્યાત્મસાર છે.
તે જ સમતા વગેરે છ નિશ્ચય આવશ્યકસ્વરૂપ છે.
તે જ અભેદરત્નત્રયસ્વરૂપ છે.
તે જ વીતરાગ સામાયિક છે.
તે જ પરમ શરણ—ઉત્તમ—મંગલ છે;
તે જ કેવળજ્ઞાન ઉત્પત્તિનું કારણ છે.
તે જ સકલકર્મક્ષયનું કારણ છે.
તે જ નિશ્ચય-ચતુર્વિધઆરાધના છે.
તે જ પરમાત્મભાવના છે.
તે જ શુદ્ધાત્મભાવનાથી ઊપજેલા સુખની અનુભૂતિરૂપ પરમકળા છે.
તે જ દિવ્ય કળા છે.
તે જ પરમ અદ્વૈત છે.
તે જ પરમ અમૃત છે.
તે જ પરમ ધર્મધ્યાન છે.
તે જ શુક્લધ્યાન છે.
તે જ રાગાદિવિકલ્પશૂન્યધ્યાન છે.
તે જ નિષ્કલ (અશરીરી) ધ્યાન છે.
તે જ પરમ સ્વાસ્થ્ય છે.
તે જ વીતરાગીપણું છે.
તે જ પરમ સામ્ય છે.
તે જ પરમ એકત્વ છે.
તે જ પરમ અભેદજ્ઞાન છે.
તે જ પરમ સમરસીભાવ છે.

આ પ્રમાણે સમસ્ત રાગાદિવિકલ્પઉપાધિરહિત પરમ આહ્લાદ એક સુખ જેનું લક્ષણ છે એવા ધ્યાનરૂપ નિશ્ચય મોક્ષમાર્ગના વાચક બીજા પણ અનેક નામો પરમાત્મતત્ત્વવિદ્ પુરુષો વડે જાણવાયોગ્ય છે. (જુઓ, દ્રવ્યસંગ્રહ ગાથા-૫૬ ટીકા)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## હજારો નામોનું વાચ્ય જ્ઞાનીના અનુભવમાં છે.

જ્ઞાનીઓએ અનેક પ્રકારના કથનથી વસ્તુસ્વરૂપ સમજાવ્યું છે; કોઈપણ પ્રકારથી વસ્તુસ્વરૂપ સમજી લ્યે તેમાં બધુંય આવી જાય છે. તિર્યંચાદિકને ભલે આટલા બધા નામ કે ભાષા ન આવડે, પણ ઉપયોગને અંતરમાં વાળીને અતીન્દ્રિય આત્માને અનુભવમાં લઈ લીધો તેમાં તે બધા નામોનો વાચ્યભાવ સમાઈ ગયો છે. ભાષાના શબ્દોમાં તો કાંઈ વાચ્ય નથી, તેનું વાચ્ય તો જ્ઞાનીના અનુભવમાં છે. જેમ 'આત્મા' એ તો અઢી અક્ષર થયા, પણ તેનું વાચ્ય તો અનંતગુણના ભાવોથી ભરેલું છે. તેમ ધર્મીની અંતરની દશાને જુદા જુદા ગમે તે નામોથી ઓળખાવો પણ તેના વાચ્યરૂપ ભાવ તો બધાય જ્ઞાનીના અંતરમાં સરખો છે.

## બીજી દુનિયા

અહો, આ તો આત્માના નિજઘરની કોઈ અદ્‌ભુત વાતો છે. જાણે આ બહારની દુનિયાથી કોઈ બીજી જ અંતરની દુનિયામાં સંતો લઈ જાય છે...ને આત્માના દિવ્ય સ્વરૂપનું દર્શન કરાવે છે, વિરાટ સ્વરૂપ દેખાડે છે. સાડાત્રણ હાથની આ ચૈતન્યગૂફામાં ત્રણલોકનો નાથ ચૈતન્ય પરમેશ્વર બિરાજે છે, તેનો સાક્ષાત્કાર કરવાની આ વાત છે.

## પાંચ લબ્ધિ એકસાથે

જીવતત્ત્વ ત્રિકાળ રહેનારું; તેની અધર્મદશામાં શું હતું? ને ધર્મદશા થતાં શું થાય છે? તે બંને વાત અહીં સમજાવી છે. જીવ અશુદ્ધતારૂપે પરિણમતો તેમાં મોહાદિ કર્મો નિમિત્ત હતા; ને હવે શુદ્ધાત્મસન્મુખ થઈને મોક્ષમાર્ગ પ્રગટવાની વાત આવી. મોક્ષમાર્ગ પ્રગટે ત્યારે ભવ્યત્વશક્તિ વ્યક્ત થઈ કહેવાય. અંદર શક્તિરૂપ જે યોગ્યતા હતી તે પર્યાયમાં પ્રગટ થઈ. તે પ્રગટવા ટાણે પાંચે લબ્ધિઓ એકસાથે હોય છે, તેથી એકલી 'કાળલબ્ધિ' ન કહેતા 'કાળાદિ-લબ્ધિવશ' એમ કહ્યું છે. મોક્ષમાર્ગ પ્રગટવા ટાણે તેવો પુરુષાર્થ, સ્વભાવ, સ્વપર્યાયનો કાળ, નિયત અને નિમિત્તપણે કર્મના ક્ષયાદિ—એમ એકસાથે પાંચલબ્ધિ હોય છે. પર્યાયે-પર્યાયે પાંચે લબ્ધિ એકસાથે કામ કરે છે; એકલા કાળ સામે જોવાનું નથી. આ રીતે લબ્ધિને વશ ભવ્યત્વશક્તિ વ્યક્ત થાય છે. એટલે કે જીવ શુદ્ધસ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરીને મોક્ષમાર્ગરૂપે પરિણમે છે. સ્વભાવમાં મોક્ષ થવાની જે યોગ્યતા હતી તે પર્યાયમાં પ્રગટ થવા માંડી; તેને ઉપશમાદિ ત્રણ ભાવ કહેવાય. અથવા શુદ્ધાત્મસન્મુખ પરિણામ વગેરે અનેક નામ કહેવાય છે. આવો ભાવ પ્રગટે તે જ મોક્ષનું સાધન છે.

# ઝીણું પણ સમજાય તેવું

જીવની પર્યાયમાં અશુદ્ધતા વખતે મોહાદિ કર્મનો ઉદય નિમિત્ત છે એમ બતાવ્યું; અને શુદ્ધતા થવા વખતે શુદ્ધાત્મસન્મુખ પરિણામ છે—એમ બતાવ્યું, તે વખતે કર્મમાં પણ ઉપશમાદિ હોય છે, એટલે આગમભાષાથી તે નિર્મળભાવોને ઔપશમિક ક્ષાયોપશમિક કે ક્ષાયિક કહેવામાં આવે છે, અને આત્મા તરફથી કહો તો, એટલે કે અધ્યાત્મભાષામાં કહો તો તેને શુદ્ધોપયોગ, પરમાત્મભાવના, આત્મઅનુભૂતિ વગેરે કહેવાય છે. આત્મામાં તો અનંતગુણના ભાવો ભર્યા છે, ભાષામાં તો અમુક આવે, તે ઉપરથી અંતર્મુખજ્ઞાનવડે પોતે વસ્તુસ્વરૂપ લક્ષમાં લઈ લ્યે તો સમજાય. વસ્તુ ઝીણી છે, એટલે તેની સમજણની વાત પણ ઝીણી જ હોય. અને જ્ઞાનમાં પણ ઝીણું સમજવાની તાકાત છે. ભલે ઝીણું છે પણ કાંઈ તે ન સમજાય એવું નથી.

જીવની અશુદ્ધતામાં અનેક પ્રકારો છે તેમ સામે નિમિત્તરૂપ કર્મપ્રકૃતિમાં પણ અનેક પ્રકારો છે. મોહાદિ કર્મોમાં કેટલીક પ્રકૃતિ દેશઘાતી છે, ને કેટલીક સર્વઘાતી છે. જેના ઉદયમાં ગુણનો સર્વથા ઘાત થાય એટલે કે તેની નિર્મળતા પ્રગટ ન હોય—તેને સર્વઘાતી કહેવાય છે. જેમકે મિથ્યાત્વમોહ, કેવળજ્ઞાનાવરણ વગેરે સર્વઘાતી છે. અને જેના ઉદયથી ગુણનો સર્વથા ઘાત ન થાય, પણ તેની શુદ્ધતામાં જરાક દોષ લાગે,—પૂર્ણ શુદ્ધતા થવા ન દે, પણ એક અંશનો ઘાત કરે તેને દેશઘાતી કહેવાય છે. જેમકે 'સમ્યક્મોહનીય' પ્રકૃતિ તે દેશઘાતી છે, તેનો ઉદય હોવા છતાં જીવને સમ્યગ્દર્શન તો હોય છે પણ તેમાં જરાક દોષ લાગે છે, એટલે સર્વથા શુદ્ધતારૂપ ક્ષાયિકસમ્યક્ત્વ ત્યાં નથી હોતું પણ ક્ષાયોપશમિક-સમ્યક્ત્વ હોય છે. ગુણનો નિર્મળ અંશ તો પ્રગટ્યો પણ તેની પૂર્ણ શુદ્ધતા ન થઈ એટલે એક અંશનો ઘાત થયો, તેથી તે પ્રકૃતિને નિમિત્ત તરીકે 'દેશઘાતી' કહી. સ્વસન્મુખ થઈને ગુણની જે શુદ્ધિ પ્રગટી છે તેને કાંઈ કર્મ નથી ઢાંકતું, તેમાં તો કર્મના ઉપશમાદિ નિમિત્ત છે. શુદ્ધભાવ પ્રગટ્યો તે તો કર્મનો નાશક છે ને મોક્ષનો સાધક છે. તે ભાવ શુદ્ધાત્માની ભાવનાથી પ્રગટે છે.

## ચૈતન્યચમત્કારરૂપ મૂળતત્ત્વ

જુઓ ભાઈ ! આત્માનું જે પરમશુદ્ધસ્વરૂપ છે તેનો અલૌકિક મહિમા છે; લોકો તો બહારના મહિમામાં અટકી ગયા છે—રાગમાં અટકી ગયા છે પણ અંદર ચૈતન્યવસ્તુનો અચિંત્યમહિમા—કે જે સ્વાનુભવગોચર છે તેની તેને ખબર નથી, એકવાર શ્રીમદ્ રાજચંદ્ર લખે છે કે—અમે બહુ વિચાર કરીને આ મૂળ તત્ત્વ શોધ્યું છે કે ચૈતન્યનો ગુપ્ત ચમત્કાર

સૃષ્ટિના લક્ષમાં નથી. જુઓ, આ મૂળતત્ત્વ! તારા તત્ત્વના મહિમાનો ઊંડો વિચાર તો કર. ઊંડે ઊતર્યા વગર એમ ને એમ ઉપરથી એનો પત્તો નહિ લાગે, એકેક આત્મા આનંદમય અમૃતરસથી પરપૂર્ણ છે; અંદરના સ્વભાવની શક્તિ જગતને ખ્યાલમાં નથી. રાગાદિ પરભાવોને જ જીવે ભાવ્યા છે, પણ અંતર્મુખ થઈને પોતાના સ્વભાવને કદી તેણે ભાવ્યો નથી. હવે અહીં તો તે સ્વભાવની ભાવના કરીને મોક્ષમાર્ગ પ્રગટે છે તેની વાત છે. નિજપરમાત્મતત્ત્વના આશ્રયે ભવ્યજીવને શુદ્ધાત્માના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે તેને ભાવત્રય કહેવાય છે, ને તે મોક્ષનું કારણ છે.

ઉદય તો બંધમાર્ગમાં ગયો, ને પારિણામિક નિષ્ક્રિય રહ્યો;

બાકી મોક્ષમાર્ગની ક્રિયારૂપ ત્રણ ભાવો રહ્યા, તેની આ વાત છે.

આ પાંચે ભાવોમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય, બંધ-મોક્ષ મોક્ષમાર્ગ બધું આવી જાય છે. આત્માના પરમસ્વભાવની સન્મુખ થતાં જે શુદ્ધતા પ્રગટી તેને શાસ્ત્રભાષાથી કે આત્મભાષાથી અનેક નામ કહેવાય છે, તેમાંથી ઘણાં નામ આગળ કહેવાઈ ગયા છે.

## શાસ્ત્રોની વિવિધ કથનશૈલી.....તે સમજવાની રીત

શુદ્ધ દ્રવ્યાર્થિકનયથી તો આત્મા સદા નિરાવરણ પારિણામિકભાવરૂપ છે; આવરણ અને ઉઘાડ તે તો પર્યાયદૃષ્ટિથી છે અને તેમાં કર્મના ઉદયાદિ નિમિત્ત છે. પર્યાય પોતે શુદ્ધ ન પરિણમી ત્યારે કર્મોએ તેને ઢાંકી એમ વ્યવહાર છે. જ્ઞાનપર્યાય પોતે હીણી થઈને પરિણમી ત્યારે તેમાં જ્ઞાનાવરણનો ઉદય નિમિત્ત છે, અને આત્મા પોતે કેવળજ્ઞાનરૂપ પરિણમ્યો ત્યારે તેમાં જ્ઞાનાવરણનો ક્ષય નિમિત્ત છે. શાસ્ત્રમાં નિમિત્તથી ને વ્યવહારથી ઘણાં કથન હોય તેના અર્થ કરવાની રીત સમજવી જોઈએ. બે દ્રવ્યોની ભિન્નતાનું લક્ષ બરાબર રાખીને અર્થ સમજવા જોઈએ.

પ્રવચનસાર ગાથા. ૨૪૫માં, 'ગૃહસ્થને શુભરાગ મુખ્ય હોય છે અને તેના વડે તે મોક્ષસુખ પામે છે' એમ કહ્યું છે તે ઉપચારથી કહ્યું છે, પણ અજ્ઞાની તેનો સાચો અર્થ ન સમજતાં એકલા રાગને જ ખરેખર મોક્ષનું કારણ માની લ્યે છે. 'શુભરાગને મુખ્ય કહ્યો' તો તે જ વખતે ગૌણપણે તે શ્રાવકને શુદ્ધાત્મઅનુભવ હોય છે અને તે શુદ્ધાત્માનો અનુભવ જ મોક્ષનું સાચું કારણ છે—એમ જાણવું જોઈએ. રાગ કાંઈ મોક્ષનું કારણ નથી. જો શુભરાગ શ્રાવકને મોક્ષનું કારણ થઈ જતો હોય તો 'વીતરાગચારિત્રને તું અંગીકાર કર' એવો ઉપદેશ જ તેને શા માટે આપે? એ ૨૫૪મી જ ગાથામાં આચાર્યદેવે શુભોપયોગને 'શુદ્ધાત્મપરિણતિથી વિરુદ્ધ' કહ્યો છે, તેમાં કષાય કહ્યો છે, તો તે મોક્ષનું કારણ કેમ

થાય? ગૃહસ્થ-ધર્માત્માને શુદ્ધાત્મઅનુભૂતિ હોય છે તેનો ઉપચાર કરીને તેની સાથેના શુદ્ધોપયોગને પણ મોક્ષનું કારણ કહ્યું, પણ જેને શુદ્ધાત્મઅનુભૂતિ નથી તેને તો શુભરાગ ઉપરથી પણ મોક્ષનું કારણ કહ્યું. પણ જેને શુદ્ધાત્મઅનુભૂતિ નથી તેને તો શુભરાગ ઉપરથી પણ મોક્ષનું કારણ કહેવાતું નથી. માટે મોક્ષનું ખરું કારણ તો શુદ્ધાત્મઅનુભૂતિ જ થઈ.—આમ શાસ્ત્રના કથનોનું યથાર્થ તાત્પર્ય સમજવું જોઈએ. શું યથાર્થ વસ્તુસ્વરૂપ છે, ને શું ઉપચાર છે—તેને ન ઓળખે ને વિપરીત અર્થ સમજીને એક ભાવને બીજા ભાવમાં ભેળવી દ્યે તો સાચી શ્રદ્ધા થાય નહિ.

## અરિહંતના આત્માને ઓળખે તો મિથ્યાત્વ રહે નહીં

એ વાત પં. ટોડરમલજીએ મોક્ષમાર્ગપ્રકાશકમાં બહુ સરસ સમજાવી છે. તેઓ કહે છે કે અરિહંતદેવરૂપ સાચા દેવની ભક્તિ કરવા છતાં તેમના જીવના સાચા ગુણોને અજ્ઞાની ઓળખતો નથી તેથી તે મિથ્યાદષ્ટિ જ રહે છે. જો અરિહંતના આત્માને યથાર્થ વિશેષણોને ઓળખે તો તે મિથ્યાદષ્ટિ રહે જ નહિ. અરિહંતદેવમાં સર્વજ્ઞતા વગેરે વિશેષણો તો આત્માશ્રિત છે, અને દિવ્યધ્વનિ પરમઔદારિકપણું વગેરે વિશેષણો શરીરાશ્રિત છે, તે બંનેનો ભેદ જાણતો નથી, ને શરીરના ધર્મોને જીવમાં ભેળવીને એકમેકપણે શ્રદ્ધા કરે છે તેથી તેને અરિહંતદેવનું સાચું શ્રદ્ધાન નથી અને તેથી તેનું મિથ્યાત્વ મટતું નથી. જેને સાચા અરિહંતાદિકના સ્વરૂપનું શ્રદ્ધાન હોય તેને તત્ત્વાર્થશ્રદ્ધાન્ અવશ્ય હોય જ, કારણ કે અરિહંતાદિના સ્વરૂપને ઓળખતાં જીવ-અજીવની ભિન્નતાની ઓળખાણ થાય છે. પ્રવચનસાર ગાથા ૮૦માં કુંદકુંદાચાર્યદેવે એ વાત અલૌકિક રીતે સમજાવી છે.—

જે જાણતો અર્હંતને ગુણ-દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને તસુ મોહ પામે લય ખરે.

દેવ-ગુરુનું યથાર્થસ્વરૂપ આત્માના વિશેષણો સહિત જાણતાં, પોતાના શુદ્ધઆત્માનું સ્વરૂપ જીવને લક્ષમાં આવે છે ને મિથ્યાત્વનો નાશ થઈને સમ્યક્ત્વ થાય છે. બાકી દેવ-ગુરુ તરફનો એકલો શુભરાગ તે કાંઈ સમ્યક્ત્વ નથી.

અરિહંતના આત્મામાં આત્માશ્રિત ગુણોને અને શરીરાશ્રિત ગુણોને જે ભિન્ન-ભિન્ન ઓળખે તે પોતાના આત્માને પણ પરથી ને રાગથી ભિન્ન કેમ ન ઓળખે?—જરૂર ઓળખે. માટે જેને આત્માશ્રિત ભાવો વડે અરિહંતાદિકનું સાચું શ્રદ્ધાન હોય તેને તત્ત્વશ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ જરૂર હોય જ.

પ્રવચનસારમાં 'અલિંગગ્રહણ'ના વીસ અર્થોમાં પણ કહ્યું છે કે જ્ઞાનીના આત્માની ઓળખાણ અતીન્દ્રિય-પ્રત્યક્ષજ્ઞાનપૂર્વક જ થાય છે. પોતામાં અતીન્દ્રિય સ્વસંવેદનપ્રત્યક્ષ થાય તે પ્રત્યક્ષપૂર્વક અનુમાન હોય તે સાચું હોય; પણ પ્રત્યક્ષ વગર એકલા અનુમાન વડે અતીન્દ્રિય આત્માની ખરી ઓળખાણ થતી નથી.

## સ્વસન્મુખભાવ....પરમાત્મભાવના....સમ્યક્ત્વ

અહીં જીવના ભાવોનું વર્ણન ચાલે છે; તે યથાર્થ ઓળખતાં ભેદજ્ઞાન થાય છે. આત્માને જ્યારે સમ્યગ્દર્શન ન હતું ત્યારે તેની ભવ્યત્વશક્તિ આવરણરૂપ હતી, ને હવે સ્વસન્મુખભાવવડે સમ્યગ્દર્શનાદિ થતાં તે ભવ્યત્વશક્તિ વ્યક્ત થઈ; તે વખતે પાંચે લબ્ધિઓ એકસાથે વર્તે છે. સ્વભાવના લક્ષે પુરુષાર્થ થયો ત્યાં ભવ્યત્વ પણ પાકી ગયું; તે જ સમ્યક્ત્વાદિની લબ્ધિનો કાળ છે. પહેલા પર્યાયમાં અશુદ્ધતાની યોગ્યતા હતી ત્યારે આવરણ હતું, હવે શુદ્ધતા પ્રગટી ત્યાં આવરણ ટળ્યું. આવરણ થવું ને ટળવું—તે પર્યાયમાં છે, દ્રવ્યસ્વભાવમાં તો ઘાત થવાનું કે પ્રગટ થવાનું નથી. એકરૂપ દ્રવ્યસ્વભાવને જોનારી દૃષ્ટિ પોતાના આત્માને મુક્ત જ દેખે છે. તેથી તે દૃષ્ટિની અપેક્ષાએ स हि मुक्त एव (તે મુક્ત જ છે) એમ કહ્યું છે.

મોક્ષમાર્ગી જીવ એટલે કે ધર્મીજીવ પોતાના પરમાત્મદ્રવ્યની સન્મુખ થઈને તેના શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમ્યો છે. જો બહારમાં બીજા પરમાત્માની સન્મુખ જોવા જાય તો રાગનો વિકલ્પ ઊઠે છે; અને જો સૂક્ષ્મદૃષ્ટિથી તેમના આત્માનો સ્વભાવ જુએ તો તેમના જેવા પોતાના પરમ શુદ્ધસ્વભાવની ઓળખાણ થાય એટલે પોતાના સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈ જાય. આ રીતે જ્યારે સ્વસન્મુખ થઈને નિજ પરમાત્મદ્રવ્યનો અનુભવ કરે ત્યારે તે જીવને ઔપશમિકાદિ નિર્મળભાવો પ્રગટે છે. તેને શુદ્ધાત્મસન્મુખ પરિણામ અથવા પરમાત્મભાવના વગેરે અનેક સંજ્ઞા છે. આ ભાવો મોક્ષનું કારણ છે.

## બંધભાવ અને મોક્ષભાવ—તેમનું પૃથક્કરણ

મોક્ષ તે પર્યાય છે ને તેનું કારણ પણ પર્યાય છે. ક્યારેક અભેદદૃષ્ટિથી અભેદદ્રવ્યને પણ મોક્ષનું કારણ કહેવાય છે. અહીં પારિણામિકભાવને બંધ-મોક્ષના કારણરહિત બતાવવો છે, ને ઔપશમિકાદિ ત્રણભાવોને મોક્ષના કારણ તરીકે બતાવવા છે, એટલે મોક્ષનાં કારણ-કાર્ય બંને પર્યાયરૂપ છે. પોતાનો જે સહજ પરમસ્વભાવ પરમપારિણામિકભાવરૂપ કારણપરમાત્મા, તેમાં એકાગ્ર થઈને પરિણમવું તે મોક્ષમાર્ગ છે; આ મોક્ષમાર્ગમાં શુભરાગનો પ્રવેશ નથી. શુભરાગ હો તો પણ તે મોક્ષમાર્ગની બહાર છે,

એટલે કે બંધમાર્ગમાં તેનું સ્થાન છે. અખંડ આત્મસ્વભાવની સન્મુખના શ્રદ્ધા-જ્ઞાન-આચરણરૂપ જે પરમાર્થ વીતરાગ મોક્ષમાર્ગ, તેમાં વચ્ચે વ્યવહારનું કે રાગનું અવલંબન નથી. વચ્ચે રાગ આવે તો તે મોક્ષના કારણ તરીકે નથી પણ બંધના કારણ તરીકે છે; તે ઉદયભાવ છે, ને મોક્ષમાર્ગ તો ઔપશમિકાદિ ભાવરૂપ છે. ઉદયભાવ એટલે વિકારભાવ, તે બંધમાર્ગનો ભાવ છે, તે મોક્ષમાર્ગનો ભાવ નથી. મોક્ષમાર્ગ તો નિજ પરમાત્મદ્રવ્યના આશ્રયે થતા વીતરાગભાવરૂપ છે. જુઓ તો ખરા, બંધ અને મોક્ષના ભાવોનું કેટલું સ્પષ્ટ પૃથક્કરણ કર્યું છે!

## મોક્ષમાર્ગના દરવાજા ખૂલે તેવી વાત

સોનગઢમાં 'આસો વદ ચોથ'નું આ પ્રવચન ચાલી રહ્યું છે. મોક્ષમાર્ગના દરવાજા ખોલવાનો અપૂર્વભાવ સમજાવતાં ગુરુદેવ કહે છે કે—સહજ નિરાવરણ નિજ પરમાત્મદ્રવ્યની સન્મુખતાથી મોક્ષમાર્ગ ખૂલે છે. પરસન્મુખતામાં શુભરાગ છે, તે મોક્ષનું કારણ નથી. મોક્ષમાર્ગ તો નીરાકુળ સુખરૂપ છે, અતીન્દ્રિય સુખના વેદનસહિત મોક્ષમાર્ગ શરૂ થાય છે. પુણ્યભાવ તે મોક્ષમાર્ગમાં જરાય નથી, તે બંધમાર્ગમાં જ છે. મોક્ષમાર્ગ તો રાગ વગરના પરિણામ છે; આત્મા તરફ ઝુકેલો જે શુદ્ધભાવ, વીતરાગભાવ તે જરીકેય બંધનું કારણ નથી. રાગ તો આકુળતા છે, બંધન છે. આચાર્યદેવે આ ગાથામાં કહ્યું કે વિશુદ્ધજ્ઞાન કર્મના બંધ-મોક્ષાદિને કે રાગાદિને કરતું નથી. 'જાણે જ છે'—આ જાણવારૂપ ક્રિયા તે મોક્ષમાર્ગ છે. જાણનાર એવા જ્ઞાયકસ્વભાવને દેખતાં જ મોક્ષમાર્ગનાં દ્વાર ખૂલી જાય છે.

## મોક્ષમાર્ગને ગમે તે નામ કહો, પણ તે વીતરાગ છે, રાગરૂપ નથી.

નિજાધીન જે ચૈતન્યનિધાન તેમાં અંતરદૃષ્ટિ કરતાં આત્મા રાગથી જુદો પડે છે ને વીતરાગી શ્રદ્ધા-જ્ઞાન-શાંતિરૂપ મોક્ષમાર્ગ પ્રગટે છે, તે જ ધર્મ છે. આનાથી વિરુદ્ધ બીજો કોઈપણ માર્ગ કહે તો તે તત્ત્વથી વિરુદ્ધ છે એટલે કે અધર્મ છે. રાગનો પ્રેમ છોડીને ચૈતન્યના પ્રેમમાં જે એકાગ્ર થયો તે પોતાના ધ્રુવસ્વભાવમાં અભિમુખ થયો, સ્વભાવસન્મુખ થયો, ઉપશમાદિ ભાવરૂપ થયો, શુદ્ધ ઉપાદાનરૂપ પરિણમ્યો;—એમ ૧૩ જેટલા જુદા જુદા નામોથી આ ટીકામાં તેની ઓળખાણ કરાવી છે; પણ તેમાં ક્યાંય શુભરાગ નથી. જે શુભરાગ છે તે શુદ્ધાત્મઅભિમુખપરિણામ નથી, તે તો શુદ્ધાત્માથી વિમુખ પરિણામ છે ને પરસન્મુખપરિણામ છે. તે શુભમાં એકાગ્રતાને ધર્મધ્યાન વ્યવહારે જ કહ્યું છે; તે નિશ્ચયથી ધર્મધ્યાન નથી. નિશ્ચય ધર્મધ્યાનનો વિષય પોતાનો શુદ્ધઆત્મા જ

છે. સ્વસન્મુખ થઈને નિજસ્વભાવમાં પરિણામની એકાગ્રતા તે નિશ્ચયધ્યાન છે.

હિંસાદિ ભાવ તો અશુભ છે, પાપ છે, અશુદ્ધ છે;
દયાદિ ભાવ તે શુભ છે, પુણ્ય છે, અશુદ્ધ છે;

તે અશુભ કે શુભ બંને પરિણામ આત્માના સ્વભાવથી વિમુખ છે, બંનેમાંથી કોઈ મોક્ષમાર્ગ નથી. અરે ભાઈ! બહારનાં પરિણામને તું તારા નિજઘરમાં નાંખ, તે ન ચાલે. બાહ્યભાવને અંતરના સ્વભાવમાં મેળવી દઈશ તો તારું સાચું સ્વરૂપ તારા અનુભવમાં નહિ આવે. શુભાશુભ ભાવોરૂપી અગ્નિ એ તારા નિજઘરમાંથી પ્રગટેલ નથી; તારું નિજઘર તો ચૈતન્યમય છે. પોતાના આવા નિજઘરનો નિર્ણય કરવાની પણ જેની તાકાત નથી તે સ્વરૂપનો અનુભવ ક્યારે કરે? ને તેમાં ક્યારે ઠરે? અહો, આવી વસ્તુસ્થિતિ....પોતાને પોતાના નિજઘરમાં જ પ્રવેશ કરવાનો, તેમાં કોઈ વાદવિવાદનો કયાં અવકાશ છે? 'સદ્‌ગુરુ કહે સહજકા ધંધા.....' વસ્તુના સહજસ્વરૂપમાં વાદવિવાદના વિકલ્પો કેવા? સહજ આનંદની મૂર્તિ ભગવાન આત્મા....તેની સન્મુખ થતાં બધા સમાધાન થઈ જાય છે.

## જૈનસિદ્ધાન્તનો સાર.—ભાઈ! આ સમજવા જેવું છે

જુઓ, ટૂંકામાં જૈનસિદ્ધાંતનો સાર : શુદ્ધઆત્મદ્રવ્ય તે ત્રિકાળ પારિણામિકભાવ; તેની સન્મુખરિણામ તે મોક્ષમાર્ગ; તેનાથી વિમુખપરિણતિ તે સંસાર. સન્મુખપરિણામમાં સંવર-નિર્જરા-મોક્ષ આવ્યા; વિમુખપરિણતિમાં આસ્રવ-બંધ આવ્યા; જીવ ને અજીવ તો ભિન્ન તત્ત્વો ત્રિકાળ છે. સન્મુખપરિણામમાં ઉપશમ-ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો આવ્યા; વિમુખપરિણતિમાં ઉદયભાવ આવ્યો; ત્રિકાળીદ્રવ્ય પારિણામિકભાવે છે. સન્મુખપરિણામની ઉત્પત્તિ થઈ ત્યાં વિમુખ-પરિણતિનો વ્યય થયો ને દ્રવ્યપણે ધ્રુવતા રહી.

અહો, ટૂંકા સૂત્રોમાં તો જૈનસિદ્ધાંતના ગંભીર રહસ્યો ભર્યા છે. બાપુ! આવા વસ્તુસ્વરૂપના નિર્ણય વિના બીજી કોઈ રીતે મોક્ષનો મારગ નથી....નથી....નથી. શુભરાગ ભલે સાધકદશામાં આવે પણ તેનાથી મુક્તિ નથી, જે તેને મોક્ષનું કારણ માને તેને સાધકદશા હોતી નથી. સાધકને જેટલો રાગ વગરનો સ્વસન્મુખ ભાવ છે તે જ મોક્ષનું કારણ છે.

ભાઈ...આ સમજાય તેવું છે હો! ન સમજાય એવું કઠણ નથી. તારા જ્ઞાનમાં બધુંય સમજી શકવાની તાકાત છે. પણ તે માટે જ્ઞાનની રુચિથી ઉત્સાહથી પ્રયત્ન કરવો જોઈએ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



દુકાનના ધંધામાં કેટલી બધી વસ્તુના ભાવો યાદ રાખે છે! કેમકે તેનો પ્રેમ છે. તેમ જો ચૈતન્યવસ્તુનો પ્રેમ કરીને તેના ભાવો (પાંચ ભાવો) સમજવા માગે તો જરૂર સમજાય તેવું છે. સમજવા માટે તો આ કહેવાય છે. પોતામાં જે વાત બની રહી છે તે પોતાને કેમ ન સમજાય? અંતરશોધમાં વર્તે તો જરૂર સમજાય. સંસારથી થાકીને ભગવાન આત્માની રુચિ કરીને અંદર શોધે કે અરે! હું કોણ છું? આ બધું શું છે? મારું સાચું સ્વરૂપ શું છે? મારા આત્માને શાંતિ કેમ થાય?' એમ ઊંડો વિચાર કરીને અંતરમાં શોધતા શુદ્ધસ્વભાવસન્મુખ પરિણામ થયા વગર રહે નહિ. બાપુ! બહારના ભાવો તો તેં અનંતકાળ કર્યા, હવે તો પરિણામને અંતરમાં વાળ.

અરે, શુભરાગ તે ધર્મ નહિ એવી સત્ય વાત કહેતાં પણ જે લોકો ભડકે છે તેઓ રાગ વગરના સ્વભાવમાં કેમ કરીને આવશે? એણે ધર્મની વાત સાંભળી નથી, ધર્મને નામે રાગની જ વાત સાંભળી છે, પણ પોતાના સ્વભાવરૂપ ધર્મ શું છે તે લક્ષપૂર્વક કદી સાંભળ્યું નથી, ને તે પ્રકારની પાત્રતા નથી તેથી ભડકે છે.—પણ ભાઈ! તું ભડક મા. જ્ઞાની તને તારો પવિત્ર સ્વભાવ બતાવીને તારા હિતની રીત સમજાવે છે. રાગ ક્યાં તારા સ્વભાવની સન્મુખનો ભાવ છે? સ્વભાવસન્મુખ નજર કરતાં જ તને તારો આત્મા રાગથી સ્પષ્ટ જુદો દેખાશે. ધર્મ તો સ્વભાવની સન્મુખતા વડે થાય છે, કાંઈ રાગ વડે ધર્મ નથી થતો.

## વસ્તુના બે પડખા...એક દ્રવ્યરૂપ બીજું પર્યાયરૂપ

દ્રવ્યપણે શાશ્વત ચિદાનંદવસ્તુ આત્મા, તેની અનિત્ય પર્યાયમાં દુઃખનો કે આનંદનો અનુભવ થાય છે. પર્યાયના પલટવા વગર દુઃખ મટીને સુખનો અનુભવ થઈ શકે નહીં. આ રીતે વસ્તુ ત્રણેકાળે દ્રવ્ય-પર્યાય સહિત છે. વસ્તુના બે પડખાં છે, તે બંને પડખાં જ્ઞાનમાં ન આવે ત્યાં સુધી વાસ્તવિક તત્ત્વનો સ્વીકાર જ્ઞાનમાં ન આવે, એટલે કે સમ્યગ્જ્ઞાન ન થાય. ચિદાનંદવસ્તુમાં દ્રવ્ય-પડખું શાશ્વત ધ્રુવ પારિણામિકભાવરૂપ છે, અને પર્યાયમાં મિથ્યાત્વઅવસ્થા, સમ્યક્ત્વ અવસ્થા, શુદ્ધિની વૃદ્ધિરૂપ અવસ્થા ને પૂર્ણ શુદ્ધ અવસ્થા—એવા પ્રકારો હોય છે, તે પર્યાયો ચાર ભાવરૂપ (ઔદયિક, ઔપશમિક ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવરૂપ) હોય છે. તેમાંથી ઔદયિક સિવાયના ત્રણ ભાવો મોક્ષના હેતુ છે. ચાર ભાવોના કથન દ્વારા ધ્રુવદ્રવ્ય ઓળખાવ્યું. આવી વસ્તુસ્થિતિ છે. તે વસ્તુસ્થિતિ જ્યાંસુધી લક્ષમાં ન આવે ત્યાં સુધી જીવના બધા પ્રયોગ નિષ્ફળ જાય; તેને ધર્મ ન થાય.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

દ્રવ્ય—પર્યાયરૂપ વસ્તુ તે આખો પદાર્થ છે. જો તે બંને ન હોય ને એકલી અવસ્થા હોય તો તે અવસ્થા કોના આધારે થાય? બીજા સમયની બીજી અવસ્થારૂપ કોણ થાય? ને જો એકલું ધ્રુવ જ હોય, ઉત્પાદ-વ્યય ન હોય તો કાર્ય શેમાં થાય? પરિણમન શેમાં થાય? ધ્રુવ તો કાર્યરૂપ થતું નથી, કાર્યરૂપ તો પર્યાય છે. જેણે અનાદિનો અધર્મ ટાળીને ધર્મરૂપ કાર્ય કરવું છે તેને તે કેમ થાય?—કે દ્રવ્યપર્યાયરૂપ વસ્તુ સમજે તો જ થાય. તે વસ્તુ અહીં પાંચ ભાવો દ્વારા ઓળખાવી છે.

આત્મવસ્તુમાં પાંચે ભાવ, તેમાં એક પારિણામિક પરમભાવ તે દ્રવ્યરૂપ ને બીજા ચાર ભાવો પર્યાયરૂપ; તેમાંથી ક્યાભાવે મુક્તિ થાય? તે અહીં વિચારવાનું છે. આત્મામાં અજ્ઞાન કે જ્ઞાન અવસ્થા તો અનાદિથી થયા જ કરે છે. પણ 'પુણ્ય-પાપ હું, દેહની ક્રિયાનો કર્તા હું' એવી ભ્રાંતિદશા છે તે અજ્ઞાન—અધર્મ ને દુઃખદશા છે. દેહથી ભિન્ન ને પુણ્ય-પાપથી પાર એવા પરમસ્વભાવની સન્મુખ થતાં તે અધર્મદશા ટળીને ધર્મદશા થાય છે.

## ધર્મ

ધર્મ તો ધર્મીમાંથી પ્રગટે; ધર્મી એવા પોતાના ચૈતન્યસ્વભાવ ઉપર લક્ષ જાય ત્યાં ધર્મ પ્રગટે. અનાદિથી એકાંત પર ઉપર લક્ષ છે અર્થાત્ પુણ્ય-પાપ-રાગ-દ્વેષ-હર્ષ-શોક ને શરીરાદિ જ હું છું, તેનો કર્તા-ભોક્તા હું છું—એવી મિથ્યાબુદ્ધિ છે તે અધર્મ છે, તે દુઃખનું મૂળ છે. તે મિથ્યાબુદ્ધિ છોડીને 'હું તો જ્ઞાન છું' એમ અંતર્સ્વભાવમાં લક્ષ કરવું તે ધર્મ છે. 'લક્ષ' પોતે અવસ્થા છે, પણ તેનું ધ્યેય ધ્રુવ ઉપર છે. આવા સ્વસન્મુખ લક્ષે જે નિર્મળદશા પ્રગટે તે મોક્ષનું સાધન છે; તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, તેને કાળાદિ લબ્ધિવશ ભવ્યત્વની વ્યક્તિ થઈ એમ કહો, તેને સ્વસન્મુખપરિણતિ કહો, ઔપશમકાદિ ભાવ-ત્રય કહો, કે પરમાત્મતત્ત્વની ભાવના વગેરે ગમે તે નામ કહો. તે સ્વભાવ-સન્મુખદશામાં પુરુષાર્થ, સ્વભાવ, કાળ વગેરે પાંચ સમવાય સમાઈ જાય છે. મૂળતત્ત્વની આ વાત સમજવા માટે અંતરમાં આત્માની ઘણી સાવધાની ને એકાગ્રતા જોઈએ.

આત્મામાં મોક્ષની શક્તિ ત્રિકાળ છે, શક્તિરૂપ મોક્ષ સદા પારિણામિકભાવે છે, તે પર્યાયમાં વ્યક્ત થાય તેની આ વાત છે. પર્યાયમાં મોક્ષદશાની વ્યક્તિ પર્યાયના સામર્થ્યવડે થાય છે, તેનું કારણ પર્યાય છે. કઈ પર્યાય?—કે ઔપોશમકાદિ ત્રણ ભાવોરૂપ, તે ભાવરૂપે પરિણમેલો ધર્મી આત્મા કેવો હોય તે વાત ચક્ષુના દૃષ્ટાંતે આચાર્યદેવે આ ગાથામાં સમજાવી છે.

અનંત અમૃતરસનો સમુદ્ર ચૈતન્યરત્નાકર આત્મા છે. તે નિત્ય ધ્રુવપણે ટકે છે ને

તેમાં ઉત્પાદ-વ્યયરૂપ પર્યાયના તરંગો ઉલ્લસે છે. આત્માનું ક્ષેત્ર ભલે અલ્પ પણ તેમાં ભાવની અનંત-અપરિમિતતા છે, અચિંત્યતા છે; આવા નિજભાવોથી ભરેલો આ ભગવાન છે તે પૂર્ણ શુદ્ધ આનંદામૃતનો દરિયો છે. આવા ચૈતન્યદરિયામાં ડુબકી મારીને ભગવાન આત્માની સન્મુખ થતાં જે દશા પ્રગટી તે આનંદ છે. તે જ્ઞાનમય છે, તેમાં રાગાદિ પરભાવનું કર્તા-ભોક્તાપણું નથી.

## બીજા પરમાત્મા અને નિજપરમાત્મા

જગતમાં પૂર્ણદશાને પામેલા અનંત પરમાત્માઓ છે; તેઓ તેમના સ્વભાવમાં વર્તે છે, આ આત્માથી તેઓ જુદા છે. અહીં નિજપરમાત્મદ્રવ્યની સન્મુખ થવાની વાત છે. બીજા પરમાત્માની જેમ હું પણ મારા પૂર્ણ-શુદ્ધ-આનંદસ્વભાવથી પરિપૂર્ણ નિજપરમાત્મા છું—એમ નિજપરમાત્મા ઉપર દૃષ્ટિ કરવાથી પરમ કલ્યાણ થાય છે. નિજપરમાત્માને ભૂલીને પરના લક્ષે જીવ ગમે તેટલા ઉપાય કરે તોપણ કલ્યાણ થતું નથી, તેમાં રાગ અને આકુળતા જ ઉત્પન્ન થાય છે. ભગવાન આત્મા નિજપરમાત્મદ્રવ્ય છે. તે પરમ સ્વભાવ છે, તેની સન્મુખ શ્રદ્ધા-રુચિ દૃષ્ટિ-પ્રતીત, એટલે કે 'હું જ નિજપરમાત્મા છું—એવી અંતર્ અનુભૂતિ તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે, તેની સાથે સ્વરૂપાચરણરૂપ ચારિત્ર હોય છે; નિજપરમાત્મતત્ત્વમાં અભેદબુદ્ધિ તે સમ્યગ્દર્શન, નિજપરમાત્મતત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન; આ રીતે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનનો વિષય પોતાનો આત્મા જ છે. અને તે નિજાત્માનું અનુસરણ (–તેમાં લીનતા) તે ચારિત્ર છે. આવા રત્નત્રય તે મોક્ષનો માર્ગ છે.

અહો! આ તો નિજ-પરમાત્મતત્ત્વની ભાવના ઘૂંટાય છે.

## મોક્ષમાર્ગના ત્રણ ભાવો : તે જ પરમયોગ....તે મહાયજ્ઞ

જીવ પોતાના શુદ્ધસ્વરૂપને ભૂલીને અનાદિથી પરભાવરૂપે પરિણમતો હતો, તે ચિદાનંદપ્રભુના લક્ષે પોતાના શુદ્ધસ્વરૂપની સન્મુખ થઈને પરમઆનંદદશાના વેદનરૂપ થયો એટલે નિજભાવરૂપ પરિણમ્યો; તે પરિણમનદશામાં ક્યા ભાવો લાગુ પડે?– ઔપશમિકાદિ ત્રણ ભાવો લાગુ પડે.

ચારભાવમાંથી પુણ્ય-પાપરૂપ ઉદયભાવો તો મોક્ષનું કારણ નથી, અજ્ઞાનપૂર્વક અનાદિનો જે ક્ષયોપશમભાવ છે તે પણ મોક્ષનું કારણ નથી. પહેલાં આત્મસન્મુખ દૃષ્ટિ કરતાં ઉપશમભાવ પ્રગટે છે, તેમાં આત્માની શાંતિની અપૂર્વ મીઠાશ વેદાય છે; તેની સાથેનો ક્ષયોપશમભાવ પણ સમ્યક્-ક્ષયોપશમભાવ થઈને મોક્ષનું કારણ થાય છે; અને

ત્રીજો ક્ષાયિકભાવ છે.—આ ત્રણ ભાવો મોક્ષમાર્ગ છે. તેને શુદ્ધાત્માભિમુખ પરિણામ, શુદ્ધોપયોગ અથવા પરમયોગ, પરમ સમાધિ વગેરે અનેક સંજ્ઞાથી ઓળખાય છે. અંતર્મુખ થઈને સ્વભાવમાં ઉપયોગને જોડવો—એકાગ્ર કરવો તે જ યોગની સાચી સાધના છે, તે જ મોક્ષને માટે મહાન યજ્ઞ છે. આઠે કર્મો તેમાં ભસ્મ થઈ જાય છે. ભગવાન આત્મા ચૈતન્ય મહાસત્તા, મોટો મહિમાવંત પદાર્થ, તેમાં દૃષ્ટિ ને એકાગ્રતા કરે તે મહાયોગી છે. પરમતત્ત્વમાં અંતર્મુખદશા તે જ પરમયોગ છે. એ સિવાય બહારના યોગ (રાગમાં એકતારૂપ જોડાણ) તે તો હઠયોગ ને મિથ્યાયોગ છે. અપૂર્વ યોગવિદ્યા તો તેને કહેવાય કે જે વિદ્યાવડે પરથી ભિન્નતા જાણીને આત્મસ્વરૂપમાં જોડાણ (એકાગ્રતા) થાય. सा विद्या या विमुक्तये'—આ જ વિદ્યા મોક્ષનું કારણ છે. અધ્યાત્મભાષાથી તેને શુદ્ધોપયોગ, પરમાત્મભાવના વગેરે નામ કહેવાય, ને આગમભાષાથી તે ઔપશમિકાદિ ત્રણભાવ કહેવાય. જેમાં આત્મા સહિત જગતના પદાર્થોનું, તેમના ગુણ-પર્યાયોનું સ્પષ્ટીકરણ હોય તેને 'આગમ' કહેવાય; અને જેમાં શુદ્ધઆત્માની કથની મુખ્ય હોય, અધ્યાત્મઆશ્રિત કથન હોય તેને 'અધ્યાત્મ' કહેવાય.

## ભગવાનને ભેટવાની રીત

જુઓ, આ ભગવાનને ભેટવાની રીત!! શુદ્ધનયરૂપી નિર્મળપર્યાયવડે આત્મા પોતાના પૂર્ણાનંદસ્વભાવી ભગવાનને ભેટે છે, એટલે કે તેમાં એકાગ્ર થાય છે. રાગ વડે ભગવાનને નથી ભેટાતું, પણ નિર્મળપર્યાયવડે ભગવાનને ભેટાય છે,—અનુભવાય છે. આવી અનુભૂતિને શુદ્ધ પરિણમન કહો, અંતર્મુખ અવસ્થા કહો, ઉપશમાદિ ત્રણભાવ કહો, મોક્ષમાર્ગ કહો, અતીન્દ્રિયઆનંદ કહો, પરમાત્માનો સાક્ષાત્કાર કહો;—એમ તત્ત્વજ્ઞાનીઓ અનેક સંજ્ઞાવડે તેને ઓળખે છે.

## પાંચ ભાવો, તેમાં બંધ-મોક્ષનાં કારણ

- ✍ ક્ષાયિકભાવ સંપૂર્ણ નિર્મળ છે, ત્યાં કર્મનો સર્વથા અભાવ છે.
- ✍ નિર્મળતા સાથે કંઈક મલિનતા અથવા આવરણ હોય, તે ક્ષયોપશમભાવ છે.
- ✍ આછરેલા પાણીની જેમ જેમાં મેલ નીચે બેસી ગયો છે એવા નિર્મળભાવ તે ઉપશમભાવ છે.
- ✍ કર્મના ઉદય સાથે સંબંધવાળો તે ઉદયભાવ છે.
- ✍ કર્મના ઉદય-ઉપશમ-ક્ષય કે ક્ષયોપશમ સાથે જેને સંબંધ નથી, ઉદયાદિ ચારે

અવસ્થા વખતે પણ જે એકરૂપ વર્તે છે એવો, કર્મથી નિરપેક્ષ સહજ સ્વાભાવિકભાવ તે પારિણામિકભાવ છે.

—આમાં શરૂના ત્રણભાવો મોક્ષના કારણ છે; ચોથો ભાવ બંધનું કારણ છે; ને પાંચમો ભાવ બંધ-મોક્ષના કારણ વગરનો છે.

## આ સમજતાં ન્યાલ થવાય.....ને કેવળજ્ઞાન પ્રગટે

અનાદિઅનંત એકરૂપ ત્રિકાળ પરમસ્વભાવ તે ધ્રુવદ્રવ્યરૂપ છે, ને મોક્ષમાર્ગ તે પરમસ્વભાવના આશ્રયે પ્રગટેલી પર્યાયરૂપ છે, તે ત્રિકાળરૂપ નથી. એક ત્રિકાળભાવ, ને એક પર્યાયભાવ, આવા દ્રવ્ય-પર્યાયરૂપ બંને સ્વભાવો વસ્તુમાં એકસાથે છે. વસ્તુ કદી પર્યાય વગરની હોય નહિ; દરેક સમયે નવી નવી પર્યાયરૂપે તે પરિણમ્યા કરે છે. તે પર્યાય જો અંતર્મુખ સ્વભાવમાં ઢળેલી હોય તો મોક્ષનું કારણ છે, ને બહિર્મુખ પરભાવમાં ઢળેલી હોય તો બંધકારણ છે. આમ બંધ-મોક્ષની રમત તારી પર્યાયમાં જ સમાય છે; બીજું કોઈ તારા બંધ-મોક્ષનું કારણ નથી. પોતાના પરમસ્વભાવમાં એકાગ્ર થઈને આનંદને અનુભવનારી, ધ્રુવમાં ઢળેલી, ધ્રુવમાં ભળેલી દશા તે મોક્ષમાર્ગ છે. તે ધર્મ છે. ધ્રુવસામાન્યને ધ્યેયમાં લઈને જે દશા પ્રગટી તે નવી છે; ધ્રુવ નવું નથી પ્રગટ્યું પણ નિર્મળ અવસ્થા નવી પ્રગટી છે, ને તે વખતે મિથ્યાત્વાદિ જૂની અવસ્થાનો નાશ થયો છે. નાશ થવું ને ઊપજવું—તે પર્યાય આશ્રિત છે, ટકવું તે દ્રવ્યઆશ્રિત છે. વસ્તુ દ્રવ્ય-પર્યાયસ્વરૂપ છે. જુઓ, દ્રવ્ય અને પર્યાયનું આવું અલૌકિક સત્યસ્વરૂપ સર્વજ્ઞ ભગવાને સાક્ષાત્ જોઈને ઉપદેશ્યું છે. આ તો કેવળજ્ઞાનીના ઘરની ને આત્માના સ્વભાવની ગંભીર વાતું છે,—જે સમજતાં આત્મા ન્યાલ થઈ જાય, ને એના ફળમાં કેવળજ્ઞાન પામે એવી આ વાત છે!

(શ્રોતાઓ : અહો, અમને મહાભાગ્યે આ વાત સાંભળવા મળી; પંચમકાળમાં અમૃત વરસાવીને આપે અમને ન્યાલ કર્યા, વિદેહક્ષેત્રની વાણી આપે અમને આપી.....!)

## આ છે મોક્ષને સાધવાનો રસ્તો

જુઓ, આ તો વીતરાગનો માર્ગ છે સમવસરણની મધ્યમાં સીમંધર ભગવાન આવો ઉપદેશ આપી રહ્યા છે. આત્માના ઉપયોગનો અંતર્મુખ વેપાર એટલે કે અંતર્મુખ પરિણતિ તે શુદ્ધભાવરૂપ ધર્મ છે; ને રાગ-દ્વેષરૂપ જે બહિર્વ્યાપાર તે અશુદ્ધભાવ છે, અધર્મ છે. ધ્રુવસ્વભાવમાં અંતર્મુખ પરિણામની એકાગ્રતા તેને શુદ્ધ ઉપયોગ કહો, આત્મધર્મ કહો, વીતરાગભાવ કહો કે સાચી સામાયિક કહો; તે જ નિશ્ચયમોક્ષમાર્ગ છે. તે જ કેવળીભગવાનની પરમાર્થસ્તુતિ છે. ધર્મના જેટલાં નામ છે તે બધાય તે એક પર્યાયને

લાગુ પડે છે. અજ્ઞાનથી આત્માની દશા પર તરફ ને પુણ્ય-પાપ તરફ જ ઢળતી, તે ગુલાંટ ખાઈને હવે સ્વ આત્મા તરફ ઢળે છે કે અરે, આ પુણ્ય-પાપના પરભાવો તે હું નહિ, મારું ચૈતન્ય એનાથી ભિન્ન છે; આનંદમય શાશ્વત ચૈતન્યવસ્તુ હું છું; પહેલાં ગુરુગમે જેમ છે તેમ વસ્તુસ્વરૂપ લક્ષમાં લીધું છે પછી પ્રયોગ કરીને અંદરમાં ઉપયોગને જોડે છે ને સાક્ષાત્ અનુભવ કરે છે.—આ મોક્ષને સાધવાનો રસ્તો છે.

## વસ્તુ જ પોતાના પારિણામિકરૂપે થાય છે

'તું ધ્રુવસ્વભાવનું લક્ષ કર' એમ કહેતાં, પહેલાં ક્યાંક પરમાં લક્ષ હતું, તે લક્ષ બદલીને સ્વમાં લક્ષ કર્યું, ને લક્ષ કરનારો ધ્રુવપણે ટકી રહ્યો—એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે આવી જાય છે. એના વિના 'તું ધ્રુવનું લક્ષ કર' એવો ઉપદેશ બની શકતો નથી. અશુદ્ધપરિણામ ગયા, ને શુદ્ધપરિણામ થયા,—તે ક્યાંથી થયા? જે અશુદ્ધ પરિણામ ગયા તેમાંથી તો શુદ્ધપરિણામ ન આવે; વસ્તુ પોતે દ્રવ્યપણે ધ્રુવપણે ટકીને બીજા સમયે શુદ્ધપરિણામરૂપે પરિણમી છે. તે પરિણામરૂપે ધ્રુવ પોતે નથી થયું, પૂર્વની પર્યાય તે રૂપે નથી થઈ. પરમાંથી તે આવ્યા નથી, પણ વસ્તુ પોતે તે સમયના પોતાના પર્યાયધર્મથી તેવા ભાવરૂપે પરિણમી છે (જે ભાવમાં પ્રણમે દરવ તે કાળ તન્મય તે કહ્યું—અર્થાત્ પર્યાયદૃષ્ટિએ તે-તે કાળના પરિણામ સાથે વસ્તુ તન્મય છે, તદ્રૂપ છે, જુદી નથી.) આ રીતે પોતાના શુદ્ધ પરિણામ પોતાથી જ થાય છે. આવી વસ્તુસ્થિતિને ઓળખ્યા વગર બહારથી ધર્મ માનીને અનંતકાળ ભ્રમણામાં ગાળ્યો. સ્વસન્મુખ થવાને બદલે ધર્મના નામે બહારમાં વ્યર્થ ફાંફાં માર્યા. બાપુ! તારા સત્યસ્વરૂપના જ્ઞાન વગર તું તારા ઉપયોગને શેમાં જોડીશ? ને શેનાથી પાછો વાળીશ? તારામાં એવો ક્યો સ્વભાવ છે એ જેમાં તારો ઉપયોગ સ્થિર રહી શકે? અને જેમાં ઉપયોગને સ્થિર કરતાં શાંતિ ને આનંદનો અનુભવ થાય! તે વસ્તુ અહીં તને ઓળખાવે છે. તારી આ વસ્તુને તું ઓળખ....તો ભવભ્રમણથી તારો છુટકારો થશે. પરલક્ષે થયેલી અશુદ્ધદશાનો પોતાના શુદ્ધ ચિદાનંદસ્વભાવના લક્ષે નાશ થાય છે ને શુદ્ધતા પ્રગટે છે.—એ જ ભવના નાશનો ને મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

## મોક્ષમાર્ગ સ્વસન્મુખ છે

સ્વભાવસન્મુખ પરિણમન તે મોક્ષમાર્ગ; નિજ પરમાત્મવસ્તુના આશ્રયે મોક્ષમાર્ગ છે, પરના આશ્રયે મોક્ષમાર્ગ નથી. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેય સ્વાશ્રિત શુદ્ધપરિણામ છે, તેમાં પરનું કે રાગનું અવલંબન જરાય નથી. તે ત્રણે ભાવો શુદ્ધાત્માની સન્મુખ છે ને પરથી વિમુખ છે. એ રીતે મોક્ષમાર્ગ અત્યંત નિરપેક્ષ છે, પરમ ઉદાસીન

છે. જેટલા પરસન્મુખ પરાશ્રિત રાગાદિ વ્યવહારભાવો છે તે કોઈપણ મોક્ષમાર્ગ નથી. સ્વાભિમુખ સ્વાશ્રિત પરિણામમાં વ્યવહારના રાગની ઉત્પત્તિ ન થાય, માટે તે રાગાદિભાવો મોક્ષમાર્ગ નથી. જે સ્વાશ્રિત નિર્મળભાવ છે તે જ મોક્ષમાર્ગ છે. આ મોક્ષમાર્ગપર્યાય અંતરના કારણપરમાત્મામાં એકાગ્ર થઈને પરિણમી છે, તેથી દ્રવ્ય-પર્યાયના અભેદની અપેક્ષાએ નિયમસારમાં કારણપરમાત્માને જ મોક્ષનું કારણ કહ્યું છે; ને દ્રવ્યપર્યાયનો ભેદ પાડવો તે બધો વ્યવહાર છે. અહીં પર્યાય અપેક્ષાએ મોક્ષનું કારણ બતાવવું છે એટલે ઉપશમાદિ ભાવોને મોક્ષનું કારણ કહ્યું છે. આ ઉપશમાદિભાવો પણ નિજ-પરમાત્મદ્રવ્યની સન્મુખ થઈને પરિણમેલા છે.

આ રીતે પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ કોણ છે તે બતાવ્યું; અને તેનાં બીજા અનેક નામોથી તેની ઓળખાણ કરાવી.

હવે મોક્ષમાર્ગરૂપ શુદ્ધપર્યાય છે તે શુદ્ધાત્મદ્રવ્યથી એકાંતે અભિન્ન નથી. 'કથંચિત ભિન્ન' પણ છે– એ વાત સમજાવશે.

**રે આત્મા !**

તારા જીવનમાં ઉત્કૃષ્ટ વૈરાગ્યના જે પ્રસંગો બન્યા હોય, ને વૈરાગ્યની સીતાર જ્યારે ઝણઝણી ઊઠી હોય...એવા પ્રસંગની વૈરાગ્યધારાને બરાબર જાળી રાખજે, ફરી ફરી તેની ભાવના કરજે. કોઈ મહાન પ્રતિકૂળતા, અપજશ વગેરે ઉપદ્રવ પ્રસંગે જાગેલી તારી ઉગ્ર વૈરાગ્યભાવનાને અનુકૂળતા વખતે પણ જાળવી રાખજે. અનુકૂળતામાં વૈરાગ્યને ભૂલી જઈશ નહીં,

વળી કલ્યાણકના પ્રસંગોને, તીર્થયાત્રા વગેરે પ્રસંગોને, ધર્માત્માઓના સંગમાં થયેલા ધર્મચર્ચા વગેરે કોઈ અદ્‌ભુત પ્રસંગોને, સમ્યગ્દર્શનાદિ રત્નત્રય સંબંધી જાગેલી કોઈ ઉર્મિઓને, તથા તેના પ્રયત્ન વખતના ધર્માત્માઓના ભાવોને યાદ કરીને ફરી ફરીને તારા આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરજે.

# શુદ્ધદ્રવ્ય અને શુદ્ધપર્યાયના ભિન્ન–અભિન્નપણા બાબત વિચાર

શુદ્ધાત્મસ્વભાવની સન્મુખ થતાં જે મોક્ષમાર્ગરૂપ પર્યાય પ્રગટી તે પર્યાય કેવી છે? તે કહે છે : તે પર્યાય શુદ્ધપારિણામિકભાવલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી 'કથંચિત્' ભિન્ન છે.–શા માટે? ભાવનારૂપ હોવાથી શુદ્ધપારિણામિકભાવ તો ભાવનારૂપ નથી.

જો તે પર્યાય શુદ્ધપારિણામિકથી 'એકાંતે અભિન્ન' હોય તો, મોક્ષનો પ્રસંગ બનતાં જેમ આ ભાવનારૂપ મોક્ષકારણભૂત પર્યાયનો વિનાશ થાય છે તેમ, શુદ્ધપારિણામિકભાવ પણ વિનાશને પામે,–પણ એમ તો બનતું નથી; કારણ કે શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે. માટે દ્રવ્યને અને પર્યાયને કથંચિત્ ભિન્નતા જાણવી.

આ સમયસારની ૩૨૦મી ગાથા વંચાય છે. શાસ્ત્રકર્તા શ્રી કુંદકુંદાચાર્યદેવ કહે છે કે—પરમ સામ્યભાવરૂપ શુદ્ધોપયોગ નામના વીતરાગચારિત્રને હું અંગીકાર કરું છું; વચ્ચે શુભરાગરૂપ કષાયકણ આવે છે તે બંધનું કારણ છે તેથી તેને હું અંગીકાર કરતો નથી. શુદ્ધોપયોગરૂપ મોક્ષમાર્ગ રાગથી તદ્દન ભિન્ન છે. હવે અહીં તે પર્યાય દ્રવ્ય સાથે ભિન્ન છે કે અભિન્ન તે બતાવવું છે; તે પર્યાય પોતે ધ્રુવરૂપ નથી એટલે દ્રવ્યની જેમ કાયમ ટકનારી નથી, તેથી શુદ્ધાત્મદ્રવ્યથી તે કથંચિત્ ભિન્ન છે. સર્વથા ભિન્ન નથી કેમકે તે પોતાની જ પર્યાય છે. પર્યાય ક્ષણ-વિનાશ છે માટે નિત્ય ટકતા દ્રવ્યથી તે કથંચિત્ ભિન્ન છે. પર્યાય અને દ્રવ્ય જો સર્વથા—એકાંતે અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતા દ્રવ્યનો પણ નાશ થઈ જાય; વસ્તુ જ સત્ ન રહે. માટે મોક્ષમાર્ગ છે તે પર્યાયરૂપ છે—એમ સિદ્ધ કરવું છે. અને તે પર્યાય મોક્ષનું કારણ થાય છે, દ્રવ્ય નહીં—એમ બતાવવું છે. આમ છતાં ધ્યેયરૂપ તો દ્રવ્ય છે, ને તેને ધ્યાવતાં પર્યાય શુદ્ધ થઈ જાય છે—તે વાત પણ છેલ્લે બતાવશે.

## દ્રવ્ય અને પર્યાય

મોક્ષમાર્ગ છે તે પારિણામિકભાવની ભાવનારૂપ છે; ને ભાવના તે પર્યાય છે; દ્રવ્ય તો કાંઈ ભાવનારૂપ નથી. માટે આ દ્રવ્ય ને પર્યાય એકાંત અભિન્ન નથી સર્વથા એક નથી, બંને વચ્ચે કથંચિત્ ભેદ છે. દ્રવ્ય છે તે પર્યાય નથી પર્યાય છે તે દ્રવ્ય નથી. 'વસ્તુ' કહેતાં

તેમાં દ્રવ્ય ને પર્યાય બંને સમાઈ જાય છે, પણ દ્રવ્ય ને પર્યાય એ બંને પરસ્પર સર્વથા એક નથી. જો બંને સર્વથા એક હોય તો વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય બે ધર્મો જ સાબિત ન થાય; અથવા પર્યાયની માફક દ્રવ્ય પણ ક્ષણિક નાશવંત ઠરે. મોક્ષમાર્ગ ભલે શુદ્ધ-નિર્મળ-વીતરાગી ભાવ છે, પણ તે પર્યાયરૂપ છે, દ્રવ્યરૂપ નથી. જો મોક્ષમાર્ગ દ્રવ્યરૂપ હોય તો દ્રવ્ય જેમ અનાદિઅનંત છે તેમ મોક્ષમાર્ગ પણ અનાદિઅનંત હોવો જોઈએ—પણ મોક્ષમાર્ગ-પર્યાય તો નવી પ્રગટે છે ને મોક્ષ થતાં તે પર્યાય નાશ પામી જાય છે. પર્યાય જેટલું જ દ્રવ્યહોય તો તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનો પણ નાશ થઈ જાય.—પણ એમ બનતું નથી. પર્યાયનો નાશ થવા છતાં દ્રવ્ય એવું ને એવું ટકી રહે છે, ને બીજે સમયે વસ્તુમાં બીજી પર્યાય થાય છે. આ તો સર્વજ્ઞદેવના શાસનનો અલૌકિક અનેકાંતમાર્ગ છે.

## મોક્ષમાર્ગના ભાવની સમજણ

જેને મોક્ષમાર્ગ કહ્યો, જેને ઔપશમિકાદિ ભાવ કહ્યા, જેને શુદ્ધોપયોગ વગેરે નામ કહ્યા. તે સ્વસન્મુખસ્વભાવ નિર્મળપર્યાય ત્રિકાળી દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે; કેમકે તે પોતે ભાવનારૂપ છે. ભાવના એટલે મોક્ષમાર્ગ. આ ભાવના તે વિકલ્પ નથી, પણ રાગ વગરની પરિણતિ છે. તે પરિણતિને અહીં ભિન્નભિન્ન પ્રકારે તેર જેટલાં નામથી ઓળખાવેલ છે—

- ✍ પહેલાં તેને શુદ્ધજ્ઞાન કહ્યું.
- ✍ અભેદનયથી શુદ્ધજ્ઞાનપરિણત જીવ કહ્યો.
- ✍ શુદ્ધ ઉપાદાન કહ્યું.
- ✍ તેને ભવ્યત્વશક્તિની વ્યક્તિ કીધી.
- ✍ નિજ પરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણ કહ્યા.
- ✍ ઔપશમિકાદિ ત્રણભાવ કહ્યા.
- ✍ શુદ્ધાત્માભિમુખ પરિણામ કહ્યો.
- ✍ શુદ્ધોપયોગ કહ્યો.
- ✍ ભાવના કીધી.
- ✍ તેને જ મોક્ષના કારણભૂત ક્રિયા કહેશે.
- ✍ તેને ધ્યાન કહેશે.
- ✍ તેને નિર્વિકાર સ્વસંવેદન કહેશે.

✍ તેને જ એકદેશ વ્યક્તિ કહેશે.

—આમ અનેક નામો વડે જીવના ભાવની ઓળખાણ કરાવી છે. વધારે સ્પષ્ટતા કરવા તે ભાવને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કહ્યો. ત્રિકાળભાવ તે દ્રવ્ય, તેની ભાવનાથી પ્રગટેલો નિર્મળભાવ તે પર્યાય. પારિણામિક ત્રિકાળભાવ છે. તેની સાથે ઔપશમિકાદિ ક્ષણિકભાવ એકાંત અભેદરૂપ નથી. જો એકાંત અભેદ હોય તો એકનો નાશ થતાં બીજાનોય નાશ થઈ જાય. પણ તેમ થતું નથી, માટે તેમને કથંચિત્ ભિન્નતા જાણવી. ભાવનારૂપ જે મોક્ષમાર્ગપર્યાય, તે મોક્ષદશા થતાં વિનાશ પામે છે, પણ દ્રવ્યરૂપ જે પરમભાવ છે તે ધ્રુવ રહે છે, તેનો નાશ થતો નથી, તે ભાવનારૂપ નથી, મોક્ષમાર્ગરૂપ નથી, ઉત્પાદ-વ્યયરૂપ નથી, ઔપશમિકાદિપણું તેને લાગું પડતું નથી, તે એક પારિણામિકભાવરૂપ છે.

## શુદ્ધઆત્માની ભાવનામાં રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ સમાય છે તે મોક્ષમાર્ગ એક છે, બે નથી

આત્મા અરૂપી વસ્તુ છે તેના ભાવો પણ અરૂપી છે. અરૂપી હોવાથી સૂક્ષ્મ છે, પણ લક્ષ રાખે તો સમજાય તેવું છે, કેમકે સમજનારો પોતે પણ સૂક્ષ્મ-અરૂપી છે, ધ્રુવ ચૈતન્યસ્તંભ—કે જેની આસપાસ (જેને અવલંબીને) પર્યાય ફરે છે, તે સ્વભાવની ભાવના મોક્ષમાર્ગ છે. પરમભાવની આ ભાવના વિકલ્પરૂપ નથી, તે ધ્રુવરૂપ નથી, પણ શુદ્ધતાની અનુભૂતિરૂપ છે એટલે પર્યાયરૂપ છે. મોક્ષમાર્ગમાં જે સમ્યગ્દર્શન છે તે બે નથી—એક રાગવાળું ને બીજું રાગ વગરનું—એમ બે નથી. પણ શુદ્ધાત્માની ભાવનારૂપ એક જ સમ્યગ્દર્શન છે અને તે રાગ વગરનું જ છે. એ જ રીતે મોક્ષમાર્ગમાં જે સમ્યગ્જ્ઞાન છે તે પણ બે જાતનાં નથી, શુદ્ધ આત્માની ભાવનારૂપ એક જ જાતનું સમ્યગ્જ્ઞાન છે; તેમજ મોક્ષમાર્ગનું સમ્યક્ચારિત્ર તે પણ બે નથી. શુદ્ધઆત્માની ભાવનારૂપ એક જ ચારિત્ર છે. આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ શુદ્ધ આત્માની ભાવનામાં જ સમાય છે, તેમાં ક્યાંય રાગ આવતો નથી. રાગનો એક અંશ પણ મોક્ષમાર્ગમાં નથી સમાતો. રાગને મોક્ષમાર્ગ માનવાની વાત તો ક્યાંય ગઈ; અહીં તો અંદર નિર્મળ દ્રવ્ય-પર્યાય વચ્ચેની સૂક્ષ્મ વાત છે.

## દ્રવ્ય અને પર્યાય સર્વથા અભિન્ન નથી

મોક્ષમાર્ગમાં ક્ષાયિકાદિ ભાવરૂપ જે નિર્મળ પર્યાય થઈ તે પર્યાય દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન નથી, કથંચિત્ ભિન્ન ને કથંચિત્ અભિન્ન છે. જો બંને સર્વથા એક જ હોય તો

વસ્તુમાં તે બે ધર્મોની સિદ્ધિ જ ન થાય; ને એક પર્યાયનો નાશ થતાં આખા દ્રવ્યનો જ નાશ થઈ જાય. મોક્ષરૂપ પૂર્ણદશા થતાં મોક્ષમાર્ગરૂપ અધૂરીદશા તો નાશ પામી જાય છે,–પણ શું આત્મદ્રવ્ય જ નાશ પામી જાય છે?–ના; કેમકે દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન નથી. દ્રવ્ય સાથે સર્વથા અભિન્ન હોય તો તે પર્યાયનો નાશ થતાં દ્રવ્ય પણ નાશ પામે. એમ બનતું નથી–માટે દ્રવ્ય પર્યાયને કથંચિત્ ભિન્નતા જાણવી.

## ધન્ય તે સંતો! ધન્ય તે સિદ્ધના મિત્ર!

અહો! જંગલમાં વસતા સંતોએ કેટલાં કામ કર્યા છે! અંદરમાં સિદ્ધની સાથે ગોષ્ઠી કરી છે....સિદ્ધ જેવો અનુભવ કરી પોતે સિદ્ધના સાધર્મી થઈને બેઠા છે. (ગુરુદેવ બહુ પ્રમોદથી ભક્તિપૂર્વક કહે છે કે) વાહ! આવા મોક્ષમાર્ગને સાધનારા સંતો તો સિદ્ધના મિત્ર છે, સિદ્ધના સાધર્મી છે....સંસાર ભાવોથી દૂર-દૂર ને અંતરમાં સિદ્ધના સાધર્મી થઈને તેઓ મોક્ષમાર્ગને સાધી રહ્યા છે.–એવા વીતરાગી સંતોની આ વાણી છે. એવા સંત ક્યાંય જોવા મળે તો એમના ચરણની સેવા કરીએ ને એમની વાણી સાંભળીએ.

## દ્રવ્ય–પર્યાયનું કથંચિત્ ભિન્નપણું શા માટે?

ભાઈ, આ તો મોક્ષમાર્ગ સાધવાની વાત છે, અને મોક્ષને સાધનારા સંતોએ કહેલી છે. કોના ધ્યાન વડે મોક્ષ સધાય? ને તેના સાધનરૂપ ભાવ કેવો હોય? તે બંને વાત સમજાવે છે. અંદર તારામાં તે તારામાં આ બધા ભાવોની રમત છે. શુદ્ધાત્મઅભિમુખ મોક્ષમાર્ગરૂપ જે પર્યાય છે તે, પારિણામિકભાવ લક્ષણરૂપ દ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે–શા માટે? કે તે ભાવનારૂપ હોવાથી. ભાવના પોતે દ્રવ્ય નથી પણ પર્યાય છે, તે અપેક્ષાએ તેને દ્રવ્યથી કથંચિત્ ભિન્ન કીધી. શુદ્ધપારિણામિક દ્રવ્ય છે તે ભાવનારૂપ નથી. ભાવના તે શુદ્ધપર્યાય છે; તે પર્યાય છે તો આત્મવસ્તુમાં, કંઈ બીજે ક્યાંક નથી. પણ દ્રવ્યની જેમ પર્યાયમાં ધ્રુવપણું નથી માટે દ્રવ્યથી તેને કથંચિત્ ભિન્ન કહી છે–એમ જાણવું.

વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય એ બંનેને કથંચિત્ ભિન્નપણું ન હોય ને સર્વથા બંને એક જ હોય, તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનોય નાશ થઈ જાય–પણ એમ બનતું નથી. ઉત્પાદ-વ્યય પર્યાયમાં છે, દ્રવ્યઅપેક્ષાએ જોતાં ઉત્પાદ-વ્યય દેખાતા નથી, ધ્રુવતા જ દેખાય છે. મોક્ષમાર્ગમાં પર્યાયે-પર્યાયે આવા શુદ્ધદ્રવ્યનું અભેદ-અવલંબન છે; તેમાં પરનું અવલંબન નથી, રાગનું અવલંબન નથી, ગુણભેદનું કે પર્યાયભેદનું અવલંબન નથી; પર્યાય અંતર્મુખ થઈને શુદ્ધાત્મામાં અભેદ થઈ એટલે તેણે શુદ્ધઆત્માનું અવલંબન લીધું એમ કહેવાય છે. પણ 'આ પર્યાય અને તેના વડે હું શુદ્ધાત્માનું અવલંબન લઉં'–એમ કાંઈ બે ભેદ નથી. બે

ભેદના લક્ષમાં અટકે ત્યાંસુધી શુદ્ધાત્માનું અવલંબન લઉ'—એમ કાંઈ બે ભેદ નથી. બે ભેદના લક્ષમાં અટકે ત્યાંસુધી શુદ્ધાત્માનું અવલંબન થતું નથી—અનુભવ થતો નથી. એટલે પર્યાયના ભેદના આશ્રયે મોક્ષમાર્ગ થતો નથી. મોક્ષમાર્ગ એકરૂપ આત્માના જ આશ્રયે થાય છે. દ્રવ્ય અપેક્ષાએ જોતાં પરિણમન નથી, પરિણમન તો પર્યાય અપેક્ષાએ છે. આવા દ્રવ્ય-પર્યાય બેમાંથી સાચું ક્યું? તો કહે છે કે બંને સાચા; આત્મા પોતે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ એક વસ્તુ છે.

## એક વસ્તુના બે અંગ :
## શુદ્ધદ્રવ્ય તે નિશ્ચય; શુદ્ધપર્યાય તે વ્યવહાર

અહો, ભગવાનનો અનેકાંતમાર્ગ અલૌકિક છે; એના સ્યાદ્વાદની સુગંધ અનેરી છે. મિથ્યાદૃષ્ટિને તેની ખબર નથી. જીવના પાંચ ભાવની આવી વાત સર્વજ્ઞ ભગવાન સિવાય બીજાના શાસનમાં હોય નહિ. ભગવાને કહેલો મોક્ષનો માર્ગ ઔપશમિકાદિ ત્રણ નિર્મળ ભાવોરૂપ છે, તે રાગાદિ ઔદયિક ભાવરૂપ નથી તેમજ ત્રિકાળ શુદ્ધપારિણામિકભાવરૂપ પણ નથી. તે-તે સમયની મોક્ષમાર્ગપર્યાય ક્ષાયિકાદિ ભાવે સત્‌રૂપે છે. પારિણામિક પરમભાવ ત્રિકાળ સત્‌રૂપ છે. તે પારિણામિકભાવને કારણે ક્ષાયિકભાવ સત્ છે—એમ નહિ; ક્ષાયિકાદિ ભાવ ને પારિણામિકભાવ બંને 'સત્' છે. તેમાં ક્ષાયિકાદિ ભાવો તે ત્રિકાળી પારિણામિકભાવના આશ્રયે છે એમ કહેવાય, પણ તેમાં કારણ-કાર્યપણું નથી, કેમકે પરમપારિણામિકભાવમાં ઉત્પાદ-વ્યયરૂપ કે બંધ-મોક્ષરૂપ ક્રિયા હોતી નથી, તે અપેક્ષાએ તેને નિષ્ક્રિય પણ કહેવાય છે. પરમાર્થવચનિકામાં પં. બનારસીદાસજી કહે છે કે—"શુદ્ધદ્રવ્ય અક્રિયરૂપ તે નિશ્ચય; અને મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર. આવા નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ સમ્યગ્દૃષ્ટિ જાણે છે." ધર્મી જાણે છે કે જ્ઞાનસ્વરૂપ ત્રિકાળી શુદ્ધદ્રવ્ય તે મારો નિશ્ચય, અને તેના આશ્રયે પ્રગટેલી શુદ્ધપર્યાય તે મારો વ્યવહાર; એ સિવાય રાગાદિ પરભાવો તે મારાથી બાહ્ય. જુઓ, અહીં વ્યવહાર ક્યો લીધો? કે શુદ્ધદ્રવ્યના આશ્રયે નિર્મળપર્યાય વડે મોક્ષમાર્ગને સાધવો તે ધર્મીનો વ્યવહાર છે. અજ્ઞાનીને આવો વ્યવહાર હોતો નથી; ને આવા નિશ્ચય-વ્યવહારને તે જાણતો પણ નથી.

શુદ્ધદ્રવ્ય તે નિશ્ચય અને શુદ્ધપર્યાય તે વ્યવહાર,—એમ નિશ્ચય-વ્યવહાર બંનેને એક જ વસ્તુના અંગ બતાવ્યા. આમ જાણીને હે જીવ! તારા સ્વદ્રવ્યના આશ્રયે જ તું તારા મોક્ષમાર્ગને સાધ, તારો મોક્ષમાર્ગ સાધવામાં તારે જગતમાં કોઈની ઓશીયાળ કરવી પડે તેવું નથી, તારા આત્માના આશ્રયે જ તારો મોક્ષમાર્ગ છે; તું એકલો-એકલો તારામાં ને

તારામાં તારો મોક્ષમાર્ગ સાધી શકે છે. વાહ કેવી સ્વતંત્ર વસ્તુસ્થિતિ! પોતામાં અભેદ શુદ્ધદ્રવ્ય તકે નિશ્ચય ને મોક્ષમાર્ગ સાધવારૂપ પર્યાયના ભેદો તે વ્યવહાર; એમાં રાગ ને નિમિત્તો તો ક્યાં રહી ગયા. રાગને વ્યવહાર ન કહ્યો પણ પોતાની શુદ્ધપર્યાયને જ દ્રવ્યનો વ્યવહાર કહ્યો. ત્રિકાળ દ્રવ્ય—એકરૂપ અક્રિય તે નિશ્ચય, પર્યાયના પરિણમનરૂપ ક્રિયા તે વ્યવહાર;—આવા નિશ્ચય-વ્યવહારને પોતામાં જાણીને ધર્મી મોક્ષમાર્ગને સાધે છે. નિશ્ચયદષ્ટિના વિષયમાં પર્યાયના ભેદો ન આવે, ભલે નિર્મળપર્યાય હોય પણ તે વ્યવહારદષ્ટિનો વિષય છે. નિર્મળપર્યાય થાય છે તો નિશ્ચયના આશ્રયે, પણ તેને ભેદ પાડીને દેખવી તે વ્યવહાર છે. ભાઈ, એકરૂપ રહેનારો પણ તું, ને નિર્મળભાવોરૂપે પરિણમનારો પણ તું; આવા દ્રવ્ય-પર્યાયરૂપ તારા આત્માની લીલા તો જો! વસ્તુનું સ્વરૂપ જ આવું છે. ભાઈ! તારા તત્ત્વમાં જે સામર્થ્ય ભર્યું છે ને તારાથી જે થઈ શકે તેવું છે તેની જ આ વાત છે. સંતોએ પોતે આત્મામાં જે કર્યું તે જ તને બતાવે છે. અહા, આત્માના સ્વાનુભવથી મોક્ષને સાધવાનો અવસર તને હાથમાં આવ્યો છે, માટે હે જીવ! તું જા....જાગીને તારા શુદ્ધઉપાદાનને સંભાળ, ને શુદ્ધદ્રવ્યની સન્મુખ થઈને શુદ્ધપર્યાયની અપૂર્વ ધારા ઉલ્લસાવ. सन्तों के प्रतापसे सब अवसर आ चुका है।

## સર્વજ્ઞદેવે કહેલું દ્રવ્ય—પર્યાયરૂપ અનેકાંત વસ્તુસ્વરૂપ
## उत्पादव्ययध्रौव्ययुक्तं सत्

આત્મવસ્તુના જે પાંચભાવો છે તેમાં પારિણામિકભાવ તે પરમભાવ છે, તેનો કદી અભાવ ન થાય; પર્યાયમાં જે ચાર ભાવો છે તે ઉત્પન્નધ્વંસી છે; અશુદ્ધતાનો નાશ થાય ને અંશે શુદ્ધતારૂપ મોક્ષમાર્ગ પ્રગટે, મોક્ષમાર્ગનો નાશ થાય ને મોક્ષદશા પ્રગટે. પણ જે પરમભાવરૂપ દ્રવ્ય છે તેનો નાશ પણ ન થાય ને તે પ્રગટે પણ નહિ. આ રીતે પલટતી પર્યાય, ને ટકતું દ્રવ્ય—આવું વસ્તુસ્વરૂપ છે. વસ્તુમાં દ્રવ્યઅપેક્ષાએ પરિણમન નથી, પર્યાય અપેક્ષાએ પરિણમન છે. તેથી દ્રવ્યને અપરિણામી કે અક્રિય પણ કહેવાય, ને સ્વસન્મુખ થઈને મોક્ષમાર્ગ સાધવારૂપ પર્યાય તે ક્રિયા છે—આવી વીતરાગમાર્ગની રીત છે. સમવશરણમાં સર્વજ્ઞદેવે દ્રવ્ય-પર્યાયરૂપ આવું વસ્તુસ્વરૂપ ઉપદેશ્યું છે. દ્રવ્ય-પર્યાય સર્વથા અભિન્ન નથી, કથંચિત્ ભિન્ન પણ છે. જો કથંચિત્ ભિન્ન ન હોય ને પર્યાય તે સર્વથા દ્રવ્ય જ હોય તો મોક્ષ ટાણે મોક્ષમાર્ગપર્યાયનો અભાવ થતાં દ્રવ્યનો જ અભાવ થઈ જાય; આત્માનો જ નાશ થઈ જાય. વસ્તુમાં દ્રવ્ય તે દ્રવ્યરૂપ છે, પર્યાય તે પર્યાય છે; એ બંનેની જોડીરૂપ વસ્તુસ્વરૂપ છે. આવી અનેકાંતસ્વરૂપ વસ્તુ ભગવાને બતાવી છે.

વાસ્તવિક આત્મવસ્તુ શું છે? અને તેમાં દ્રવ્ય ને પર્યાય ક્યા પ્રકારે છે તે સમજવું જોઈએ. મોક્ષમાર્ગની નિર્મળ પર્યાય પ્રગટે છે ધ્રુવચિદાનંદસ્વભાવના આશ્રયે, પણ જે પર્યાય પ્રગટી તે પોતે ધ્રુવ નથી. ત્રિકાળી પારિણામિકસ્વભાવમાં એકાગ્ર થતાં ઔપશમિકાદિ નિર્મળ અવસ્થા થઈ, તે ઉત્પાદ-વ્યયરૂપ છે એટલે ધ્રુવથી કથંચિત્ ભિન્ન છે. સર્વથા જુદી નથી તેમ સર્વથા અભિન્ન નથી. સર્વથા ભિન્ન હોય તો વસ્તુ અવસ્થા વગરની થઈ જાય એટલે વસ્તુ જ ન રહે. અને સર્વથા અભિન્ન હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનોય નાશ થઈ જાય, એટલે વસ્તુ જ ન રહે. માટે 'કથંચિત્ ભિન્ન' છે.

'જવું ને થવું' તે પર્યાયમાં છે, 'ટકવું' તે દ્રવ્યમાં છે; આવી વસ્તુને શાસ્ત્રભાષામાં 'उत्पादव्ययध्रौव्ययुक्तं सत्' કહ્યું છે. ધ્રુવતા એટલે ટકવું, ઉત્પાદ-વ્યય એટલે બદલવું. ટકીને બદલે, ને બદલવા છતાં ટકી રહે—એવું વસ્તુનું સત્સ્વરૂપ છે. દ્રવ્ય અવિનાશી, પર્યાય નાશવાન,—બંને સર્વથા એક નથી. આત્માને પોતાના સ્વરૂપમાં શ્રદ્ધા-જ્ઞાન-રમણતારૂપ જે દશા છે તે મોક્ષદશાનું કારણ ખરું, પણ તે દશા પોતે તો, મોક્ષદશા થતાં વ્યય પામી જશે, તે કાંઈ દ્રવ્યની જેમ ટકી નહિ રહે. ત્રિકાળ પરમસ્વભાવરૂપ દ્રવ્ય તો અવસ્થાઓ વખતે અનાદિઅનંત સળંગ એકરૂપે રહેનારું છે. પર્યાયઅંશ પોતે દ્રવ્ય નથી. પર્યાય ને દ્રવ્ય એ બંને અંશ જો એક જ થઈ જાય, તો અંશથી જુદો અંશી ન રહેતાં, અંશના નાશની સાથે તેનો પણ નાશ થઈ જાય. માટે બંને અંશો, બંને ધર્મો કથંચિત્ જુદા છે. આવી વસ્તુસ્થિતિ સમજતાં અંશબુદ્ધિ ટળીને આત્મસ્વરૂપનું સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન થાય છે.

સહજ ચિદાનંદ.

## દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ છે, તો જ કાર્યસિદ્ધિ થઈ શકે છે

આત્માના પોતાના અંદરના ભાવોની આ વાત છે. મોક્ષમાર્ગપર્યાય કેમ પ્રગટે ને તેનો ક્યો 'ભાવ' છે તે ઓળખવું જોઈએ. પરચીજ તો આત્માથી સર્વથા જુદી; શરીર આત્માથી સર્વથા જુદું, કર્મો આત્માથી જુદા; હવે પોતામાં દ્રવ્યઅંશ ને પર્યાયઅંશ બંને વચ્ચે કથંચિત્ ભિન્નતા ક્યા પ્રકારે છે તેની આ વાત ચાલે છે. હજી તો પરથી ભિન્નતાની વાત પણ જેને ન બેસે તેને અંતરની આ સૂક્ષ્મવાત પણ જેને ન બેસે તેને અંતરની આ સૂક્ષ્મવાત ક્યાંથી સમજાશે?

ભાઈ! તારી ચાલતી દશાથી તારે કંઈક નવું કરવું છે ને!—તો નવું થાય તે શું? અને તે કેમ થાય?—તે લક્ષમાં લે. પ્રથમ તો જે નવું થાય છે તે દ્રવ્ય ન હોય પણ પર્યાય હોય. પર્યાય ક્ષણિક છે એટલે વર્તમાનપર્યાય બદલીને બીજી નવી થાય છે. હવે તે નવી

પર્યાયમાં સુખ-શાંતિ ને આનંદ ક્યારે થાય ?—કે જેમાં સુખ-શાંતિ ને આનંદ ભર્યો છે એવા કાયમી સ્વભાવની સન્મુખ જોવાથી પર્યાયમાં તે સુખ પ્રગટે. આ સ્વભાવસન્મુખ થવું તેને મોક્ષની ક્રિયા કહેવાય છે. ત્રિકાળસ્વભાવની સન્મુખ થયેલી તે દશાને ધર્મધ્યાન અથવા નિર્વિકલ્પ-અનુભવ કહેવાય છે. તે પર્યાય અને ત્રિકાળધ્રુવ—બંને ભાવો સર્વથા એકસ્થિતિએ નથી. જો સર્વથા એક હોય તો તે પર્યાયનો અભાવ થતાં દ્રવ્ય પણ ટકી શકે નહિ. જેમ ૬૪ પહોરી તીખાશના સ્વભાવથી ભરેલી લીંડીપીપરને તેની પચીસ-પહોરી અવસ્થા સાથે સર્વથા એકતા નથી; જો સર્વથા એકતા હોય તો પચીસ પહોરીમાંથી ૬૪ પહોરી કદી થઈ શકે નહિ. પચીસપહોરી દશાનો અભાવ થતાં તે લીંડીપીપરનો જ અભાવ થઈ જાય, તો ૬૪ પહોરીરૂપે કોણ થશે ? તેમ તે લીંડીપીપરનો જ અભાવ થઈ જાય, તો ૬૪ પહોરીરૂપે કોણ થશે ? તેમ વસ્તુની એકપર્યાય તે જ જો આખી વસ્તુ સર્વથા હોય તો તે પર્યાય ટળીને બીજી પર્યાય થઈ શકે નહિ, તે પર્યાયનો નાશ થતાં વસ્તુનો જ નાશ થઈ જાય. માટે દ્રવ્ય-પર્યાયને પરસ્પર કથંચિત્ ભિન્નપણું છે—એમ જાણવું. એક દ્રવ્યસ્વભાવ ને એક પર્યાયસ્વભાવ, એમ બે સ્વભાવપણે વસ્તુનું અસ્તિત્વ છે. દ્રવ્યસ્વભાવમાં અતીન્દ્રિય આનંદરસ પૂર્ણ શક્તિપણે છે, તેનું ભાન કરતાં પર્યાયમાં તે આનંદ નવો પ્રગટે છે એટલે કે આત્મવસ્તુ પોતાના સ્વભાવથી તેવા આનંદરૂપે પરિણમે છે. આ રીતે દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુમાં જ કાર્યસિદ્ધિ થાય છે.

આત્મામાં પર્યાય છે; પર્યાયનું અસ્તિત્વ ન જ માને તેને તો કાંઈ કાર્ય કરવાનું બનતું નથી, અજ્ઞાન ટાળીને જ્ઞાન કરવું, સત્ય સ્વરૂપ સમજવું-શ્રદ્ધવું-અનુભવવું, મોક્ષમાર્ગ સાધવો, અશુદ્ધતા ટાળીને શુદ્ધતા કરવી—એ બધું પર્યાયમાં જ થાય છે, પર્યાયના સ્વીકાર વગર તે કાંઈ બની શકતું નથી. અને એકલી પર્યાય સામે જોયા કરે ને દ્રવ્યના શુદ્ધસ્વભાવને ન દેખે તોપણ તેને અશુદ્ધતા ટળીને શુદ્ધતા કે શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ વગેરે થતું નથી. પર્યાયની શુદ્ધતા તો દ્રવ્યના આશ્રયે થાય છે, દ્રવ્યસ્વભાવમાં અંતર્મુખ એકાગ્ર થયા વગર પર્યાયની શુદ્ધતા થતી નથી. દ્રવ્ય અને પર્યાય બંનેને માન્યા વગર વસ્તુની શુદ્ધતા સાધી શકાય નહીં. દ્રવ્યને ન માને તોય શુદ્ધતા ન સાધી શકાય. ને પર્યાયને ન માને તોય શુદ્ધતા સાધી ન શકાય. એકાંતે પર્યાય જેટલી જ વસ્તુ માની લ્યે તો બીજા સમયે કાર્યનો અભાવ થતાં વસ્તુનો જ અભાવ થઈ જાય, એટલે બૌદ્ધમત જેવો સર્વથા ક્ષણિકવાદ થઈ જાય—પણ એવું તો વસ્તુસ્વરૂપ નથી. અને પર્યાય ન માનતાં વસ્તુને એકાંત ધ્રુવકૂટસ્થ માને તોપણ પર્યાયના પલટા વગર નવું કાર્ય બની શકે નહિ. તેમાં અદ્વૈતવેદાંત જેવા એકાંતવાદ થઈ જાય. સર્વજ્ઞદેવના અનેકાંતમતમાં એક જ વસ્તુને દ્રવ્ય-પર્યાયરૂપ

બતાવી છે, તે જ યથાર્થ વસ્તુસ્વરૂપ છે. જેઓ બૌદ્ધની જેમ એકલી અવસ્થાને જ માને છે ને ધ્રુવ નથી માનતા, અને બીજા જેઓ વેદાંતીની જેમ એકલું ધ્રુવનિત્ય જ માને છે ને અનિત્યપર્યાયોને નથી માનતા, તેમના મતમાં વસ્તુની સિદ્ધિ થઈ શકતી નથી. દ્રવ્ય અને પર્યાયને કથંચિત્ ભિન્ન ક્યારે કહ્યા?—કે વસ્તુમાં એ બંને ધર્મો રહેલા છે ત્યારે. જો તે હોય જ નહિ તો 'આ આનાથી કથંચિત્ ભિન્ન' એમ કહેવાનું ક્યાં રહ્યું? અહો, જિનેન્દ્રદેવ! આપનો મત કોઈ અલૌકિક છે. અતીન્દ્રિય જ્ઞાનવડે જગતના પદાર્થોનું સૂક્ષ્મસ્વરૂપ જાણીને આપે તે ઉપદેશ્યું છે. આવા વસ્તુસ્વરૂપને જાણ્યા વગર વસ્તુની સિદ્ધિ કે કાર્યની સિદ્ધિ થતી નથી. ધ્રુવતા અને ઉત્પત્તિ-વિનાશ બંને ભાવવાળી એકવસ્તુને માને તો જ યથાર્થસ્વરૂપની સિદ્ધિ થાય, ને તો જ મોક્ષમાર્ગ સધાય. તે બેમાંથી એકને પણ વસ્તુમાંથી કાઢી નાંખો તો વસ્તુનું સાચું જ્ઞાન ન થાય, એટલે કે અજ્ઞાન રહે; ને અજ્ઞાનવડે તો મોક્ષમાર્ગ ક્યાંથી સધાય? ન જ સધાય. માટે યથાર્થ વસ્તુસ્વરૂપનો પહેલાં નિર્ણય કરવો જોઈએ.

## આત્મવિદ્યા

જુઓ ભાઈ, આત્માના હિત માટે આ ખાસ પ્રયોજનભૂત વસ્તુ કહેવાય છે. બીજું તો બહારનું આવડે કે ન આવડે, પણ આ આત્મવિદ્યા તો શીખવા જેવી છે; આ વિદ્યા શીખ્યે જ જીવનું કલ્યાણ છે, બાકી તો બધું થોથાં છે.

✍ દ્રવ્ય—પર્યાયસ્વરૂપ આત્મા; દ્રવ્ય કાયમ ટકે, પર્યાય પલટે.

✍ પર્યાયના નાશે ધ્રુવદ્રવ્યનો નાશ નથી, તે ટકી રહે છે.

✍ ધ્રુવના ટકવા સાથે પર્યાય ટકતી નથી, તે પલટી જાય છે.

—આવી વસ્તુ છે, તેની મલિન અજ્ઞાનદશા તે સંસાર; તે ટળીને શુદ્ધદશા થવી તે મોક્ષ; તે કેમ થાય? ધ્રુવસ્વભાવ પારિણામિકભાવે શુદ્ધ જ છે તેના આશ્રયે—તેના ધ્યાને શુદ્ધતા થાય છે.

## પરમાત્મભાવ....તેની ભાવના તે મોક્ષમાર્ગ

જે ધ્યાનરૂપ મોક્ષમાર્ગ પર્યાય છે તે ભાવનારૂપ છે, દ્રવ્ય તો પરમાત્મભાવરૂપ છે ને પર્યાય તેની ભાવનારૂપ છે; 'પરમાત્મભાવના' તે મોક્ષમાર્ગ છે. આ ભાવનાને ઔપશમિકાદિ ત્રણ ભાવ લાગુ પડે છે, ને જે પરમાત્મભાવ ત્રિકાળ છે તે પારિણામિકભાવ છે. પારિણામિકભાવ સદા રહે છે, પણ તેની ભાવના સદા નથી રહેતી;

ભાવનાના ફળરૂપ મોક્ષદશા પ્રગટી ત્યાં ભાવનારૂપ દશા રહેતી નથી. આ ભાવના કાંઈ વિકલ્પરૂપ ન હતી, વિકલ્પ તો ઉદયભાવમાં ગયો; ને આ ભાવના તો ઔપશમિકાદિ ત્રણભાવરૂપ છે. 'હું ક્યારે મુનિ થઈશ! હું ક્યારે કેવળજ્ઞાન પ્રગટાવીશ! એવા શુભવિકલ્પ ઊઠે તે કાંઈ અહીં કહેલી ભાવના નથી, પણ વિકલ્પરહિત નિર્મળપરિણતિ અંતરમાં જેટલી એકાગ્ર થઈ તેટલી ભાવના છે, ને તે મોક્ષનું કારણ છે. અહો, મોક્ષના કારણરૂપ જે ભાવ છે તેનું નામ ભાવના છે. શાશ્વત પારિણામિકભાવરૂપ પરમાત્મા તેની સન્મુખ એકાગ્રપરિણતિ, તેને ભાવના કહો, શુદ્ધોપયોગ કહો કે મોક્ષમાર્ગ કહો.—પણ તે પર્યાય છે. આખો ભગવાન આત્મા તે પર્યાય જેવડો નથી. 'સમ્યગ્દર્શન તે જ આત્મા છે, જેટલું સમ્યગ્દર્શન છે તેટલો જ આત્મા છે; અથવા અનુભૂતિ તે આત્મા જ છે'—એમ પણ અભેદપણે કહ્યું છે; પણ અહીં અત્યારે પાંચભાવમાં ધ્રુવરૂપ ભાવ ને પરિણામરૂપ ભાવ એ બંનેનું સ્વરૂપ સમજાવીને તેમાંથી મોક્ષનું કારણ કોણ છે—તે બતાવવું છે, તેથી તે બંનેને કથંચિત્ ભિન્ન કહ્યા છે. ભગવાન આત્માનો જે ધ્રુવભાવ છે તે વર્તમાન પર્યાય જેવડો જ નથી, તે પોતે ભાવનારૂપ નથી, ભાવનારૂપ તો પર્યાય છે. પર્યાય તે ધ્રુવ નથી, ધ્રુવ તે પર્યાય નથી (જેને પ્રવચનસારમાં 'અતદ્ભાવ' કહેલ છે). દ્રવ્યસ્વભાવરૂપ ધ્રુવતત્ત્વ પરરૂપ તો નથી, રાગરૂપ તો નથી, ને એક પર્યાય જેટલું પણ નથી. જોકે પર્યાય છે વસ્તુની પોતાની, પણ ધ્રુવની દૃષ્ટિમાં તે પર્યાય દેખાતી નથી, પ્રમાણરૂપ વસ્તુને જોતાં તે દ્રવ્ય-પર્યાય બંનેરૂપ છે. આવું વસ્તુસ્વરૂપ છે.

## મોક્ષ અને તેનું કારણ

મોક્ષ કરવો છે.—મોક્ષ એટલે શું? મોક્ષ એટલે આત્માની પૂર્ણ પવિત્રદશા. ત્રિકાળ દ્રવ્યસ્વભાવ તો મુક્તસ્વરૂપ છે જ, દ્રવ્યઅપેક્ષાએ મોક્ષ નવો નથી થતો, પણ દ્રવ્યનું મોક્ષસ્વરૂપ-શુદ્ધસ્વરૂપ સમજતાં, પર્યાયમાં મોક્ષદશા નવી પ્રગટે છે. વસ્તુનો ત્રિકાળીસ્વભાવ બંધાય નહિ, અવરાય નહિ, અશુદ્ધ થાય નહિ. બંધન-આવરણ કે અશુદ્ધતા તો ક્ષણિકપર્યાયમાં હોય. અજ્ઞાનથી એકલી અશુદ્ધતાને જ દેખતો ને હું આખો અશુદ્ધ થઈ ગયો—એમ સ્વભાવને વિપરીત માનીને પોતાને અશુદ્ધ જ અનુભવતો, પણ સાચો ઉપદેશ લક્ષમાં લેતાં સમ્યક્ વિચારધારા જાગી ત્યારે જ્ઞાનદ્વારા સમજાયું કે અહો! મારો આખો સ્વભાવ તો શુદ્ધ છે, અશુદ્ધતા તો એક અંશમાં જ હતી, તે કાંઈ મારું કાયમી સ્વરૂપ ન હતું. આમ ભાન કરીને શુદ્ધસ્વભાવમાં સન્મુખ થઈને પરિણમ્યો ત્યાં પર્યાય પણ તેના જેવી શુદ્ધ થઈને અશુદ્ધતા ટળી. દ્રવ્ય તો મુક્ત હતું ને તેમાં એકતાવડે પર્યાય પણ મુક્ત થઈ. તે જીવ હવે સદાકાળ મુક્તપણે જ રહેશે. બંધનમાંથી મુક્તિ થાય પણ મુક્તિ

થયા પછી બંધન ન થાય, કેમકે મુક્તિ જીવનો સ્વભાવ છે, બંધન જીવનો સ્વભાવ નથી.

એવી મોક્ષદશા ક્યા કારણથી પ્રગટે? જીવનો ક્યો ભાવ મોક્ષનું કારણ થાય? તેની વાત છે. ધ્રુવસ્વભાવ તો શાશ્વત મોક્ષરૂપ છે—પહેલેથી એટલે કે અનાદિથી જ તે મુક્ત છે, તેનામાં કારણ-કાર્યપણાનો વ્યવહાર નથી. દ્રવ્ય-પર્યાયનો ભેદ ન પાડવો હોય ત્યારે અભેદપણે નિર્મળપર્યાયરૂપે પરિણમેલો આત્મ તે મોક્ષનું કારણ છે—એમ કહેવાય; ધ્રુવસ્વભાવના અવલંબને મોક્ષદશા પ્રગટે છે તેથી ધ્રુવસ્વભાવને પણ મોક્ષનું કારણ કહેવાય; પણ છતાં ધ્રુવ પોતે સર્વથા મોક્ષમાર્ગની પર્યાય જેટલું થઈ ગયું નથી. ધ્રુવસ્વભાવની સમજણ પર્યાયવડે થઈ, પર્યાયે પોતે ધ્રુવમાં અંતર્મુખ થઈને શુદ્ધતાનો અનુભવ કર્યો, એટલી પર્યાયની તાકાત ખરી, પણ તેથી કાંઈ તે ધ્રુવ થઈ જતી નથી. પર્યાય તો બીજા સમયે ચાલી જશે ને ધ્રુવ એવું ને એવું ટકી રહેશે. આમ બંને પ્રકારે આત્મસ્વરૂપ સમજે તો ભ્રમ ટળે. ભ્રમ ટળતાં 'ભગવાન છું' એવું ભાન થયું ને તે જીવ ભગવાનના માર્ગમાં આવ્યો, પોતે જ ભગવાન થવા માટે મોક્ષમાર્ગમાં આવ્યો. પહેલાંય આવો ધ્રુવસ્વભાવ તો હતો જ, પણ રાગની રુચિ આડે તે દેખાતો ન હતો, હવે પર્યાય અંતર્મુખ થતાં તે સ્વભાવ સમજાયો, પર્યાયમાં તેનો અનુભવ પ્રગટ્યો. આ રીતે પર્યાય નવી પ્રગટી પણ ધ્રુવસ્વભાવ કાંઈ નવો નથી થયો—તે તો તે જ છે.

## પ્રગટે તે પર્યાય ટકે તે ધ્રુવ

પ્રગટે તે પર્યાય, ટકે તે ધ્રુવ; જેમ સામાન્ય જ્ઞાયકસ્વભાવ ત્રિકાળ છે, પણ તેના અનુભવકાળે તેનો આવિર્ભાવ કહ્યો; અજ્ઞાનીને તેનો અનુભવ ન હતો તેથી તેને સામાન્યનો વિરોધભાવ કહ્યો; પર્યાયે જ્યારે અંતર્મુખ થઈને જ્ઞાયકસ્વભાવને અનુભવમાં લીધો ત્યારે પ્રગટી છે તો નવી પર્યાય, પણ તે પર્યાયમાં 'સામાન્યનો આવિર્ભાવ' કહ્યો. ત્યાં કાંઈ સામાન્ય નવું નથી થયું પણ તેનો અનુભવ નવો પ્રગટ્યો છે. તેમ ધ્રુવસ્વભાવ દ્રવ્યસામાન્ય તે પોતે કાંઈ મોક્ષમાર્ગરૂપ થતું નથી, મોક્ષમાર્ગરૂપ તો પર્યાય થાય છે. આખું સોનું અને તેની કોઈ એક વીંટી વગેરે દશા—એ બંને સર્વથા એક નથી, જો સર્વથા એક હોય તો વીંટીદશા નાશ થઈને કુંડલ થઈ જ ન શકે. પણ વીંટી કે કુંડલ એ બંને સોનાની પર્યાયો છે, ને બંને દશામાં સોનું તો સોનું જ છે. તેમ સંસાર, મોક્ષમાર્ગ કે મોક્ષ તે બધી દશાઓમાં દ્રવ્ય તો દ્રવ્ય જ છે. તે તે અવસ્થા એ આખું દ્રવ્ય નથી—નહિતર તો પર્યાયનો અભાવ થતાં દ્રવ્યનો પણ અભાવ થઈ જાય. દ્રવ્ય ટકતું છે ને પર્યાય પલટતી છે—એવું દ્રવ્ય-પર્યાયરૂપ તત્ત્વ છે.

## ભ્રમણાના પ્રકારો....તે મટાડવા સ્વતત્ત્વને સમજ

અરે, પોતાનું આવું તત્ત્વ! તે પોતાને જ્યાંસુધી લક્ષમાં ન આવે ત્યાં સુધી ભ્રમણાથી બીજે સુખ માને. સ્વભાવને ભૂલેલા જીવોમાં અનેક પ્રકારની ભ્રમણા ચાલતી હોય છે. મુક્તાગિરિની યાત્રાએ (સં. ૨૦૧૫માં) ગયેલા ત્યારે એક ઠેકાણે એક કરોડપતિ માણસને એવી ભ્રમણા કે 'શનિ'નું નંગ પહેરી રાખે ને તેનાથી લક્ષ્મી મળે એમ માને; એમાં જો ક્યાંક એ નંગ ખોવાઈ જાય તો હાય! હાય! જાણે હું જ ખોવાઈ ગયો! ને મારી લક્ષ્મી ચાલી જશે!—એમ દુઃખી થાય. અરે, જીવની ભ્રમણા તો જુઓ! ભાઈ, એવી સ્થૂળ ભ્રમણા હોય તેને તો પરથી જુદો આત્મા ક્યાંથી સમજાય? કદાચ લક્ષ્મીના ઢગલા હોય તો એમાંય ક્યાં આત્માની શાંતિ હતી? ને લક્ષ્મી ચાલી જાય તો આત્મા ક્યાં તેની સાથે ચાલ્યો જાય છે? નકામો ભ્રમણા કરીને જીવ દુઃખી થાય છે. એ જ રીતે કોઈને બીજી ભ્રમણાઓ હોય; બહારની સ્થૂળ ભ્રમણા ન હોય તો અંદર એવી સૂક્ષ્મ ભ્રમણા હોય કે હું જે શુભરાગ કરું છું તેનાથી મારા આત્માને ધર્મનો કંઈક લાભ થશે....અથવા તેને કારણે મને સ્વભાવનો અનુભવ કરવાનું સહેલું પડશે.—અરે! જ્ઞાનસ્વભાવ ને રાગ બંને જાત જ સાવ જુદી છે, ત્યાં રાગ વડે સ્વભાવનો અનુભવ કેમ થાય? અહીં તો કહે છે કે બાપુ! પુણ્ય-પરિણામથી આત્માને ધર્મનો લાભ થશે—એવી ભ્રમણા પણ છોડી દે. પુણ્ય તો ઉદયભાવ છે. ને ધર્મ તો ઔપશમિકાદિ ભાવ છે. શુદ્ધભાવરૂપ પરિણમેલો આત્મા તે પુણ્યપરિણામથી જુદો છે. તેનાથી પણ સૂક્ષ્મ વાત એ છે કે અંદરમાં શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાય—કે જે તારા સ્વભાવ છે તેમનામાં પણ કથંચિત્ ભેદ-અભેદપણું ક્યા પ્રકારે છે તે ઓળખ. દ્રવ્યથી પર્યાયનું કથંચિત્ ભિન્નપણું છે; જો એમ ન હોય તો એકના નાશે બીજાનો પણ નાશ થઈ જાય, ને વસ્તુ જ ન રહે.

## વસ્તુસ્વભાવ સમજાય તેવો છે

આ અનેકાંતસ્વરૂપ વસ્તુનું રહસ્ય ખુલ્લું થાય છે. લોકોમાં 'અનેકાંત-અનેકાંત' તો ઘણા કહે છે પણ અનેકાંત-વસ્તુના ગંભીર રહસ્યને જાણતા નથી. વસ્તુસ્વભાવની આ વાત સૂક્ષ્મ તો છે પણ સમજાય તેવી છે; ન કેમ સમજાય? કેવળજ્ઞાન લેવાની જેનામાં તાકાત, તેને આ ભાવશ્રુતના અનુભવની વાત કેમ ન સમજાય? આઠ-આઠ વર્ષના બાળકો પણ આવું નિજસ્વરૂપ સમજી-સમજીને તેમાં લીન થઈ અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા છે. જ્યાં આત્મા જાગ્યો ને કેવળજ્ઞાન લેવા તૈયાર થયો ત્યાં આત્માનું સ્વરૂપ બધુંય તેને સમજાય છે....ને કેવળજ્ઞાન લ્યે છે. માટે 'હું નહીં સમજી શકું' એ વાત મનમાંથી કાઢી નાંખવી.

ભાઈ....તને સમજાય તેવું છે બાપુ!

જો, તું જ્ઞાનસ્વરૂપ આત્મા છો. ઘર વગેરે તો તારાથી જુદાં, શરીરથી જુદું કર્મ જુદાં ને રાગાદિ પરભાવો પણ તારા જ્ઞાનસ્વરૂપથી જુદા.–આમાં શું નથી સમજાય એવું? હવે આવા આત્માનું ભાન કરતાં અંદર જે નિર્મળદશા પ્રગટી તે પર્યાય અને દ્રવ્ય બંને એકાંતે એક નથી. તેમનામાં કથંચિત્ ભિન્નતા પણ છે.—એ વાત ચાલે છે. વસ્તુપણે બંને એક, કેમકે એક જ વસ્તુના બંને અંશો છે; પણ તેમાં દ્રવ્ય તે ધ્રુવઅંશ છે ને પર્યાય તે ઉત્પાદ-વ્યયરૂપ અંશ છે; તે અપેક્ષાએ બંને ભિન્ન છે. એક ઘરમાં રહેનારા બધા માણસો જો સર્વથા એક હોય તો એક મરતાં બધા મરી જવા જોઈએ; તેમ ચૈતન્યવસ્તુના ઘરમાં રહેલાં દ્રવ્ય અને પર્યાય બંને જો સર્વથા એક હોય તો એક પર્યાય મરતાં આખો આત્મા જ મરી જાય. મરી જવું એટલે વ્યય થવો. પર્યાય મરતાં દ્રવ્ય મરી જતું નથી, તે તો ધ્રુવપણે જીવતું રહે છે. ઉત્પાદ તે જન્મ, વ્યય તે મરણ; ધ્રુવતારૂપ ટકવું તે શાશ્વત જીવન. આ રીતે દ્રવ્યને અને પર્યાયને લક્ષણભેદે કથંચિત્ ભિન્નતા છે. આમ તો એકદ્રવ્યમાં અનંતા ધર્મો છે તે બધાયને પરસ્પર લક્ષણભેદ છે, તેમ દ્રવ્ય અને પર્યાયને પણ પરસ્પર લક્ષણભેદ છે. દ્રવ્યનું લક્ષણ ટકવાપણું છે; પર્યાયનું લક્ષણ ઊપજવા-વિનશવાપણું છે.

## 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયે પલટાય'
## પર્યાય તે ઉપાધિ નથી, વસ્તુનો સ્વભાવ જ છે

વસ્તુ દ્રવ્યપણે કાયમ રહીને અવસ્થાનું રૂપાંતર કરે છે. જો પર્યાયમાં રૂપાંતર (પરિણમન) ન થતું હોય તો દુઃખદશા ટાળીને સુખદશા કરવાનું બની શકે નહિ. વર્તમાનમાં દુઃખ છે તે ટાળવા માગે છે ને સુખ નથી તે પ્રગટ કરવા માગે છે–તેમાં જ પર્યાયના પલટાનો સ્વીકાર આવી જાય છે. દુઃખ છે તે પલટી જ નહિ શકે એમ માને તો તેના નાશનો ઉદ્યમ શા માટે કરે? વસ્તુમાં અનાદિથી પલટવાનો સ્વભાવ છે ને ટકવાનો સ્વભાવ પણ છે. પર્યાયનું પલટવું–એ કાંઈ ઉપાધિ નથી, પણ ટકવું ને પલટવું (ધ્રુવતા ને ઉત્પાદ વ્યય) એવો વસ્તુનો સ્વભાવ જ છે. પર્યાયનું પલટવું તો સિદ્ધમાંય છે. દરેક જીવને અનાદિકાળથી સમયે-સમયે પર્યાય તો પલટાતી જ આવે છે, પણ પોતાના સ્વભાવને ભૂલીને અનાદિથી એકલા વિકારમાં જ પલટતો આવે છે તેથી જીવ દુઃખી છે. પોતાનો ધ્રુવસ્વભાવ શુદ્ધ છે તેના આશ્રયે પરિણમે તો અશુદ્ધતા બદલીને શુદ્ધતા થાય. શરીરાદિ જડ પદાર્થો તો આત્માથી જુદા જડપણે જ પરીણમી રહ્યા છે, તેને આત્મા પલટાવતો નથી; તે તેના કારણે સ્વયં બદલે છે, આત્માના કારણે નહિ. જડના ઉત્પાદ-વ્યય-ધ્રુવ જડમાં છે

ને આત્માના ઉત્પાદ-વ્યય-ધ્રુવ આત્મામાં છે. દેહરૂપી ડાબલીમાં રહેલું પણ દેહથી ભિન્ન ચૈતન્યરત્ન કેવું છે—તેની આ વાત છે. જે સમયે તે પોતાની પર્યાય બદલે છે તે જ સમયે તે ધ્રુવપણે ટકે છે—બદલવાપણું ને ટકવાપણું બંને એકસાથે છે, એવું જ એનું સ્વરૂપ છે.

થિરતા એક સમયમેં ઠાણે, ઉપજે-વિનશે તબહી,
ઉલટપલટ ધ્રુવસત્તા રાખે યા હમ સુની ન કબહી....

હે જિનેન્દ્ર ભગવાન! એક જ સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવતા હોવાથી આવી સૂક્ષ્મવાત, આપના ઉપદેશ સિવાય બીજામાં કદી પણ અમે સાંભળી નથી; એક સમયમાં આખા વિશ્વને આપે ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ દેખ્યું તે આપની સર્વજ્ઞતાની નિશાની છે.

## નિષ્ક્રિય અને ક્રિયા

વસ્તુને તેના ધ્રુવસ્વભાવ તરફથી જોતાં તે એકરૂપ સદૃશ એવી ને એવી દેખાય છે, ને પર્યાય તરફથી જોતાં તે સમયે સમયે પલટતી વિસદૃશ દેખાય છે. બદલતી અવસ્થા તે ધ્યાનનો વિષય નથી, ધ્યાનની મીટ ધ્રુવ ઉપર છે. અખંડ અભેદ એકરૂપ ચૈતન્યસ્વભાવ તે ધ્યાનનો વિષય છે, તેને પારિણામિકભાવ કહ્યો છે. પારિણામિકભાવ પોતે ઉત્પાદ-વ્યય પરિણામરૂપ નથી તેથી તેને અપરિણામી કહ્યો છે; ને બંધ-મોક્ષ સંબંધી ક્રિયા તેને નથી તેથી તેને નિષ્ક્રિય પણ કહેવાય છે. પરિણમન અને ક્રિયા તે પર્યાય છે. ધ્રુવ ચૈતન્યસ્વભાવ કે જે આનંદની ખાણ છે તેમાં ઊતરતાં (તેમાં લક્ષને એકાગ્ર કરતાં) શાંતિને આનંદ વેદાય છે, તે અપૂર્વદશા છે. આવી દશા વગર અનંતકાળ વીતી ગયો, પણ શાંતિ ન મળી. જેને શાંતિ જોઈતી હોય તેણે વસ્તુસ્વરૂપ સમજીને આવી દશા પ્રગટ કર્યે છૂટકો છે. આ સિવાય બીજા કોઈ ઉપાયથી ભવભ્રમણનો આરો આવે તેમ નથી.

## સંતો ભેદજ્ઞાન કરાવીને કહે છે કે તારા જ્ઞાનચક્ષુ ખોલ

અરે, જ્ઞાનીના હૃદય ઊંડા છે; એનાં રહસ્ય બહારથી મળી જાય એવા નથી; તે માટે અંતરની અપૂર્વ પાત્રતા હોય છે. એકલા નામના શબ્દોમાં જાપ જપ્યા કરે, પણ તે શબ્દોથી ને શબ્દોના વિકલ્પોથી તો જ્ઞાની જુદા છે—તે ન ઓળખે તો તેણે જ્ઞાનને ઓળખ્યા નથી, ને જ્ઞાનીએ અનુભવેલો આત્મા કેવો છે તેની તેને ખબર નથી. આવા ભાન વિના અનંતકાળ વીત્યો પણ ધર્મ ન થયો.—ક્યાંથી થાય? જેમાં ધર્મ કરવાનો છે તે વસ્તુને તો જાણતો નથી. પોતાના સ્વરૂપની સમજણ વગર બીજું તો જીવે ઘણું કર્યું—પણ તેમાં શું વળે? એ રાગક્રિયાઓથી આત્મ જુદો છે એવું ભેદજ્ઞાન કરવું જોઈએ,—તેને બદલે તેમાં

જ લાભ માનીને વળગી રહ્યો. રાગથી આઘો ખસીને અંદર જ્ઞાનસ્વભાવમાં નજીક ન આવ્યો...જ્ઞાનચક્ષુ ન ઊઘડ્યા, રાગમાં જ નિજપદ માનીને અંધપણે સૂતો. એવા જીવોને જ્ઞાયકસ્વભાવ સમજાવીને સંતો જગાડે છે કે હે જીવ! તું જાગ! તારા જ્ઞાનચક્ષુ ખોલીને જો....કે આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે, તે રાગાદિ પરભાવોનો કારક કે વેદક નથી. અને દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુમાં દ્રવ્યઅંશ અને પર્યાયઅંશ બંને સર્વથા સરખા નથી, તેમનામાં કથંચિત્ ભેદ છે. એક અંશ ત્રિકાળ છે, એક અંશ ક્ષણિક છે.—આમ સમજીને ક્ષણિકપર્યાયબુદ્ધિ પણ છોડ....ને ધ્રુવસ્વભાવમાં તારી બુદ્ધિ જોડ.

વાહ! સંતોએ કેવું ભેદવિજ્ઞાન કરાવ્યું છે! દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુની અલૌકિક સિદ્ધિ કરીને મોક્ષનું કારણ બતાવ્યું છે. રાગબુદ્ધિ તો છોડાવી, ને પર્યાયબુદ્ધિ પણ છોડાવી. ધ્રુવસ્વભાવના ધ્યેયે મોક્ષમાર્ગ પ્રગટે છે. અંશી એક અંશમાં આખો આવી જતો નથી. જો એક અંશમાં જ આખો અંશી આવી જાય, તો અંશીના બીજા અંશો સિદ્ધ જ ન થાય, એટલે અંશી પણ સિદ્ધ ન થાય. માટે વસ્તુમાં કથંચિત્ અંશ-અંશીભેદ છે. તેને જે રીતે છે તે રીતે જાણીને યથાર્થ જ્ઞાન કરવું જોઈએ.

## પર્યાય અને ધ્રુવ બંને એકસાથે છે

જ્ઞાનસ્વરૂપ આત્મામાં વિચારોનો પલટો થયા કરે છે, ઘડીકમાં ક્રોધ થાય વળી બીજી ક્ષણે શાંતપરિણામ થાય, ઘડીકમાં રાગ વધે વળી ઘટે, ઘડીકમાં આસ્તિકતા મંદ હોય ને વળી આસ્તિકતા દૃઢ થઈ જાય—એમ અવસ્થા બદલાયા કરે છે અને તે જ વખતે વસ્તુમાં ધ્રુવપણે ટકનાર ચિદાનંદસ્વભાવ પણ છે; તે ચિદાનંદ સ્વભાવમાં દૃષ્ટિ સ્થિર કરતાં જે નિર્મળદશા થાય તે મોક્ષમાર્ગ છે. ધ્રુવસ્વભાવ ત્રિકાળ, તેના તરફ ઉપયોગ વાળીને મોક્ષનો પંથ પકડ્યો તે ઉપશમાદિ ભાવરૂપ પર્યાય છે. શરીરના કે રાગના આશ્રયે તો મોક્ષમાર્ગ છે જ નહિ; એક સમયની પર્યાયનો ભેદ પાડીને લક્ષમાં લેતાં પણ મોક્ષમાર્ગ થતો નથી. અંતરના ધ્રુવ ચિદાનંદ-સ્વભાવને અભેદપણે ધ્યાનમાં લેતાં મોક્ષમાર્ગ થાય છે. પર્યાય તે ધ્યાન કરવાયોગ્ય (ધ્યેય) નથી, તે ધ્યાન કરનાર છે, પણ તેનું ધ્યેય તો અખંડ તત્ત્વ છે, તે અખંડ ધ્રુવતત્ત્વમાં એકાગ્ર થઈને તેને ધ્યાવે છે. આનંદનું પૂર મારો આત્મા છે—એમ નિર્ણય કરનાર પોતે તે આનંદમાં મગ્ન થાય છે.

## ધ્રુવને ધ્યેય બનાવતાં સ્થિરતા થાય છે

ધ્રુવતત્ત્વ છે તે ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી. ધ્રુવ પોતે કાંઈ ધ્રુવનું ધ્યાન નથી કરતું; ધ્રુવના ધ્યાનની ક્રિયા પર્યાય વડે થાય છે. અંતર્મુખસ્વભાવમાં ઉપયોગને એકાગ્ર કરીને તેનું

ધ્યાન કરવાથી જ્યારે પૂર્ણદશા થાય છે ત્યારે મોક્ષમાર્ગરૂપ અપૂર્ણદશાનો અભાવ થાય છે. પણ તેનો અભાવ થતાં દ્રવ્યનો અભાવ નથી થતો. દ્રવ્યપણે કાયમ રહીને વસ્તુમાં બીજે સમયે બીજી અવસ્થા થાય છે. વસ્તુ કોઈ સમયે અવસ્થા વગરની થઈ જતી નથી. જુઓ, વસ્તુમાં દ્રવ્ય અને પર્યાય બંને જેમ છે તેમ સિદ્ધ કર્યા છે. એકલું દ્રવ્ય જ વસ્તુ છે ને પર્યાય કાંઈ છે જ નહિ—એમ નથી. બંને હોવા છતાં, પર્યાય ધ્યેય નથી, ધ્રુવ ધ્યેય છે, તેમાં દૃષ્ટિ કરવા જેવું છે. પર્યાયને ધ્યેય બનાવવા જાય તો ધ્યાન સ્થિર રહી શકતું નથી, તન્મયતા થતી નથી. ધ્રુવને ધ્યેય બનાવીને જ તન્મયતા ને સ્થિરતા થાય છે. શરીરાદિ સંયોગો નાશવાન, રાગાદિભાવો નાશવાન, પર્યાય નાશવાન, તે કોઈ ધ્યાનનું અવલંબન નથી. દ્રવ્યપણે અખંડ ટકનારો ધ્રુવ અવિનાશી સ્વભાવ જ ધર્મીના ધ્યાનમાં આલંબન છે. ભાઈ, તારો આત્મા જ આવો છે તેને તું ધ્યેય બનાવ. આત્મામાં જ્ઞાનાદિ અનંત સ્વભાવો ધ્રુવપણે (ગુણપણે) રહેલા છે, તેને અભેદપણે ધ્યાવતા તે નિર્મળપણે પરિણમી જાય છે; એ રીતે તેમાં ધ્રુવતા અને પરિણમન બંને છે. મારો ધ્રુવ આત્મા જ મારું આલંબન છે—એમ ધર્મી જાણે છે.

## નિજસ્વરૂપને દેખવું તે જ્ઞાનચક્ષુનું કામ છે

આત્મા કેવો છે તે જાણ્યા વગર તેની શ્રદ્ધા કે તેમાં એકાગ્રતા ક્યાંથી થશે? એટલે ધર્મ ક્યાંથી થશે? દ્રવ્યપણે ધ્રુવ રહેવાનું ને પર્યાયપણે પલટવાનું—એમ બંને ભાવ થઈને આખો આત્મા છે—એમ સિદ્ધ કરતા આવ્યા છે. આવા વસ્તુસ્વરૂપને જાણી ધ્રુવસ્વભાવ તરફ ઢળતાં ધર્મ થાય છે. ભાઈ, અનંતકાળથી તું બહારમાં ઢળ્યો છો, પણ તારા સ્વતત્ત્વ તરફ ઢળ્યો નથી, તારા સ્વરૂપની દરકાર કે સંભાળ તેં કરી નથી; પોતે પોતાને ભૂલીને તું હેરાન થઈ રહ્યો છે. દેહની ક્રિયાને તેં તારી માની-દેહમાં પોતાપણું માન્યું તો દેહ છૂટશે ત્યારે તું શું કરીશ? કોની સામે જોઈને તું શાંતિ રાખીશ? દેહથી જુદું તારું તત્ત્વ તો તેં લક્ષમાં લીધું નથી. દેહ કાંઈ તારો નથી, તે તો ચાલ્યો જશે, તારો રાખ્યો રહેશે નહિ; અત્યારે પણ કાંઈ તારા કારણે તે નથી રહ્યો. અરે, વિકાર—કે જે તારી અશુદ્ધ પર્યાયને કારણે તારામાં હતો તે પણ તારા સ્વરૂપની ચીજ નથી એટલે સ્વરૂપસન્મુખ થતાં તે ટળી જાય છે. હવે જે નિર્મળપર્યાય પ્રગટી, જે મોક્ષનું કારણ થાય છે, તે પણ આખું ત્રિકાળીસ્વરૂપ નથી. તારું આખું સ્વરૂપ સદા પૂર્ણસ્વભાવની ભરપૂર છે તેને તું ઓળખ, રાગાદિથી ભિન્ન આવા નિજસ્વરૂપને દેખવું તે જ્ઞાનચક્ષુનું કામ છે.

## ‘સત્’ના જ્ઞાનપૂર્વક તેનું ધ્યાન હોય

ન્યાય એટલે સાચું જ્ઞાન; પ્રમાણરૂપ જ્ઞાન; ‘ન્યાય’ ખરો તેને કહેવાય કે (ની=દોરી જવું) જે ચૈતન્યસ્વરૂપમાં લઈ જાય. જે રીતે સ્વ-પર વસ્તુનું સ્વરૂપ છે તે રીતે જ્ઞાનમાં લેવું તે સાચો ન્યાય છે. ચૈતન્યસ્વભાવરૂપ વસ્તુ સત્ છે, તેનું ધ્યાન થાય છે; સર્વથા અસત્નું—શૂન્યનું ધ્યાન થઈ શકતું નથી. ધ્યાન કરે છે—પણ કોનું? ધ્યાનમાં ધ્યેયરૂપ કાંઈક સત્ હોવું જોઈએ ને? તે સત્ કેવું છે તેની ઓળખાણ વગર ધ્યાન ધરવા જાય એ તો માત્ર કલ્પનાના તરંગ છે. જેમ સસલાના શિંગડાના ધ્યાનમાં એકાગ્ર થઈ શકાય નહિ કેમકે વસ્તુ જ નથી પછી ધ્યાન કોનું? તેમ દ્રવ્ય-પર્યાયરૂપ જેવી આત્મવસ્તુ સત્ છે તેવી પોતાના જ્ઞાનમાં આવે તો જ તેમાં ઉપયોગની એકાગ્રતારૂપ ધ્યાન થાય. ધ્યાનના ધ્યેયરૂપ આત્મસ્વભાવ કેવો છે તે ધ્યાનપર્યાય કેવી છે તે અહીં પાંચ ભાવોના કથન દ્વારા ઓળખાવ્યું છે.

## —જેમાં નજર કરતાં ન્યાલ થવાય

અરે જીવ! તું બહારનાં ડહાપણ કરે છે, ત્યાં મને બધું આવડે એમ હોશિયારી કરે છે, પણ પોતાની વસ્તુને ઓળખવામાં તું મગજ ચલાવતો નથી. બહારમાં તો ક્યાંય નજરને ઠરવાનું સ્થાન નથી; તારા ચિદાનંદસ્વભાવમાં નજર તો કર તો ત્યાં ઠરે. અંતરમાં નિજનિધાન છે તેમાં નજર કરતાં ન્યાલ થવાય તેવું છે, પણ નજર કરતાં આવડતું નથી, ને શીખવાની દરકાર કરતો નથી. નજર એટલે જ્ઞાનચક્ષુ તે પર્યાય છે; જેના ઉપર નજર કરવી છે—મીટ માંડવી છે તે ચિદાનંદ પરમભાવ સ્થિર છે—એ જ નજરને ઠરવાનું સ્થાન છે ને એ જ ધર્મીનો વિશ્રામ છે

## જ્ઞાનીની નિશાળમાં વસ્તુસ્વરૂપનું વ્યાયામ

અવસ્થામાં ભૂલ છે પણ તે ટળી શકે તેવી છે. ભૂલ ત્રિકાળી હોય તો ટળી શકે નહિ, ને ભૂલ હોય જ નહિ તો ટાળવાનું રહે નહિ. ભૂલ છે, તે ક્ષણિક છે, અને ભૂલ વગરના શુદ્ધસ્વભાવના ભાન વડે તે ભૂલ ટાળીને ભગવાન થઈ શકાય છે. આમ બધા પડખાં જાણે તે જીવ સાચા ઉપાય વડે ભૂલ ટાળીને નિર્દોષતા પ્રગટ કરે જ, જીવ જ્યારે સત્સમાગમ લક્ષમાં લઈને ધ્રુવસ્વભાવમાં નજર કરે ત્યારે નિર્મળપર્યાયરૂપ ભાવશ્રુત (જ્ઞાનચક્ષુ) પ્રગટે છે, આત્મા પોતે જ્ઞાનરૂપ થઈને પોતાનો સાક્ષાત્કાર (અનુભવ) કરે છે. આત્મવસ્તુનું આવું પરિણમન તે મોક્ષમાર્ગ છે, તે ઉપશમાદિભાવ છે, તે પરમતત્ત્વની

ભાવના છે, જ્ઞાનીની નિશાળમાં આવીને આવા વસ્તુસ્વરૂપનું વ્યાયામ (—વારંવાર અંદરના અભ્યાસવડે સ્વાનુભવનો પ્રયોગ) કર, તે મોક્ષ માટેની સાચી કસરત છે. અંતરમાં એવી કસરત વડે જ્ઞાનની પુષ્ટિ થઈને મોક્ષની પ્રાપ્તિ થાય છે, માટે અંતરમાં વારંવાર આનો પ્રયત્ન કરવા જેવું છે.

## જિજ્ઞાસુ

કોઈપણ જિજ્ઞાસુ એમ કહે કે 'સુખી થવા માટે મારે મારી ભૂલ ટાળવી છે'—તો તેમાં શું આવ્યું—તે જુઓ : પ્રથમ તો આત્મા છે; તેની અવસ્થામાં ભૂલ છે, તે ભૂલને કારણે દુ:ખ છે, બીજાના કારણે નહિ; ભૂલ પોતે કરી છે, પણ તે ક્ષણિક છે તેથી ટળી શકે છે. તે ભૂલ સ્વને ભૂલીને પરલક્ષે થઈ છે, એટલે આત્મા સિવાયની પરવસ્તુ પણ છે. પરલક્ષ છોડીને આત્મા જ્યારે પોતાના સ્વરૂપને ઓળખે—સ્વસન્મુખ લક્ષ કરે ત્યારે ભૂલ ટળીને આત્મધર્મ પ્રગટે છે, ને ત્યારે તેમાં અપૂર્વ આનંદ ને અપૂર્વ શાંતિ હોય છે; અને પોતાના સ્વભાવમાં પૂર્ણ એકાગ્ર થતાં પૂર્ણાનંદસહિત પૂર્ણ શુદ્ધદશા પ્રગટે છે, તે શુદ્ધદશા પ્રગટતાં પૂર્વની અપૂર્ણદશાનો વ્યય થાય છે ને દ્રવ્યપણે આત્મા ધ્રુવ ટકી રહે છે. માટે ધ્રુવત્વને અને પર્યાયને સર્વથા એકપણું નથી, તેમને કથંચિત્ ભિન્નપણું છે. આમ જાણી ભેદનું લક્ષ છોડી અભેદ આત્મસ્વભાવને ધ્યેય બનાવવો તે ધર્મ છે.

## ધર્મકથાનું શ્રવણ

જુઓ, આ ધર્મકથા! આત્માનો ધર્મ કેમ થાય તેની આ સાચી કથા છે. જે આનાથી વિરુદ્ધ કહે, રાગથી ધર્મ થવાનું કહે, આત્મા પરનાં કામ કરે એમ કહે—તો તે ધર્મકથા નથી, તે તો વસ્તુના ધર્મથી વિપરીત એવી વિકથા છે. આત્માને કારણે પરના કામ ન થાય, ને રાગવડે ધર્મ ન થાય. પોતાની વિકારી કે અવિકારીદશાને આત્મા પોતે કરે છે. અવસ્થા પરિણમે છે (—પાણીમાં તરંગની જેમ), અને દ્રવ્ય ધ્રુવ રહે છે (—સમુદ્રની જેમ). સમુદ્ર કાયમ ટકીને પાણીમાં તરંગો બદલાયા કરે છે, તેમ ચૈતન્યસમુદ્ર દ્રવ્યપણે કાયમ ટકીને પર્યાયરૂપ તરંગો બદલાયા કરે છે. મલિન કે નિર્મળ બંને પર્યાયોને તરંગ કહેવાય. જ્યારે તે શુદ્ધસ્વભાવની ભાવનારૂપ પરિણમે ત્યારે મોક્ષમાર્ગ પ્રગટે છે. ભગવાને કહેલા આવા માર્ગનું શ્રવણ તે ધર્મકથાનું શ્રવણ છે.

## 'કથંચિત્ ભિન્ન'ની વ્યાખ્યા

અહીં કહે છે કે જે મોક્ષમાર્ગરૂપ પર્યાય છે તે ભાવનારૂપ છે; તે પર્યાય

શુદ્ધપારિણામિકલક્ષણ શુદ્ધાત્મદ્રવ્યથી કથંચિત્ ભિન્ન છે. સર્વથા ભિન્ન નથી કહ્યું. પણ કથંચિત્ ભિન્ન કહ્યું છે, કેમકે તે પર્યાયરૂપે આત્માનું પરિણમન છે. પણ તે ભાવનારૂપ હોવાથી એટલે કે પર્યાયરૂપ હોવાથી, પર્યાયાર્થિકનયનો વિષય છે, દ્રવ્યાર્થિકનયનો વિષય તે નથી. આ અપેક્ષાએ શુદ્ધાત્મદ્રવ્યથી તે પરિણામને 'કથંચિત્' ભિન્ન કહ્યા છે. દ્રવ્ય અને પર્યાયને (જડ-ચેતનની માફક) એકબીજા 'કથંચિત્' ભિન્ન કહ્યા છે. દ્રવ્ય અને પર્યાયને (જડ-ચેતનની માફક) એકબીજા સાથે કાંઈ સંબંધ નથી—એમ નથી. દ્રવ્ય અને પર્યાયને એકબીજા સાથે સંબંધ છે, પણ પર્યાય જેટલું જ દ્રવ્ય નથી; જો પર્યાય જેટલું જ દ્રવ્ય હોય તો પર્યાયનો નાશ થતાં દ્રવ્યનોય નાશ થઈ જાય. વસ્તુ દ્રવ્ય-પર્યાય બંનેરૂપ છે. તેમાં ધ્રુવદ્રવ્ય તે દ્રવ્યાર્થિકનયનો વિષય છે ને પર્યાય તે પર્યાયાર્થિકનયનો વિષય છે. વસ્તુ દ્રવ્ય-પર્યાય સ્વરૂપ છે, તેના સ્વીકાર વગર સાચો તત્ત્વનિર્ણય કે સમ્યગ્દર્શન થાય નહીં. ધ્રુવ વગર એકલા ઉત્પાદ-વ્યય ન હોઈ શકે, ને ઉત્પાદ-વ્યય વગર એકલું ધ્રુવ કાર્ય કરી શકે નહીં. જો અવસ્થાને ન માને તો, અજ્ઞાન ટાળવાનું, સાચું સમજવાનું કે મોક્ષનું સાધન કરવાનું રહેતું નથી; એવી જ રીતે જો નિત્યતા ન માને તોપણ સાચું સમજવાનું, અજ્ઞાન ટાળવાનું કે મોક્ષનું સાધન કરવાનું રહેતું નથી. મોક્ષનું સાધન કરીને તેના ફળને ભોગવશે કોણ? સાધન કરનાર જીવ પોતે જો તેના ફળને ભોગવવા કાયમ ન રહેતો હોય, ને નષ્ટ થઈ જતો હોય તો તેનું સાધન નકામું ગયું! સાધનનું ફળ તો તે ભોગવી ન શક્યો! એવું તે સાધન કોણ કરે? પોતાનો જ અભાવ કોણ ઇચ્છે? માટે નિત્ય-અનિત્યરૂપ (દ્રવ્ય-પર્યાયરૂપ) આત્મવસ્તુ છે. આવા આત્માને ઓળખે તો સાચો નિર્ણય કહેવાય, તેને જ મોક્ષસાધન ને મોક્ષફળ—એ બધું યથાર્થ હોય.

## 'આત્મા ઊં.....ડો છે'

આત્મા એવો સૂક્ષ્મ 'ઊંડો' છે કે બહારની સ્થૂળતા વડે તે પકડાય તેવો નથી; જ્ઞાનીના અંતરના ઘર ઊંડા છે, તેમાં શુભવિકલ્પવડે પ્રવેશાતું નથી; અંતર્મુખ શુદ્ધોપયોગ વડે અનુભવાય એવું તેનું ઊંડું સ્વરૂપ છે. જેણે ધ્યાન કરવું છે તેણે પોતાનું આવું સ્વરૂપ બરાબર સમજીને તેનું ધ્યાન કરવું. આત્મા અંતરમાં ઊંડો છે, તે રાગના વિકલ્પોમાં આવે તેવો નથી.

આત્માના પાંચ ભાવો સંબંધી અને તેમાં દ્રવ્ય-પર્યાય સંબંધી ઘણું વિવેચન કર્યું; હવે તેનો નિષ્કર્ષ એટલે કે સાર કાઢે છે, તેમાં ક્યો ભાવ મોક્ષનું કારણ નક્કી થયો તે બતાવે છે.

# આત્માના ક્યા ભાવો મોક્ષનું કારણ છે?

- ✍ જ્ઞાનસ્વરૂપ આત્મા, આંખની જેમ પદાર્થોનો દૃષ્ટા જ છે–જાણનાર જ છે, કર્મની બંધ–મોક્ષ વગેરે અવસ્થાનો તે કર્તા–ભોક્તા નથી.
- ✍ આવો જ્ઞાયક આત્મા, શુદ્ધદ્રવ્યાર્થિકનયથી શુદ્ધ પારિણામિકપરમ-ભાવસ્વરૂપ છે; અને ઉદય–ઉપશમાદિ ચાર ભાવો પર્યાયરૂપ છે. આમ આત્મવસ્તુના દ્રવ્યરૂપ ભાવ અને પર્યાયરૂપ ભાવ બતાવ્યા.
- ✍ હવે તે કથનનો સરવાળો કરતાં ક્યા ભાવ મોક્ષનું કારણ છે–તે બતાવે છે : શુદ્ધ પારિણામિકભાવની ભાવનારૂપ જે ઔપશમિકાદિ ત્રણ ભાવો છે તે સમસ્ત રાગાદિ રહિત શુદ્ધ ઉપાદાન કારણભૂત હોવાથી મોક્ષનાં કારણ છે–એમ નક્કી થયું.

## મોક્ષના કારણની વિવિધ પ્રકારે ઓળખાણ

જુઓ, આ મોક્ષનું કારણ બતાવે છે. મોક્ષના કારણરૂપ આત્માના ભાવને આ ગાથામાં અનેક પ્રકારથી ઓળખાવ્યો.

- ✍ અકારક-અવેદક એવો જે જ્ઞાનમાત્ર ભાવ તે મોક્ષનું કારણ.
- ✍ અભેદથી ‘શુદ્ધજ્ઞાનપરિણત જીવ’–તેમાં મોક્ષમાર્ગ આવી ગયો.
- ✍ શુદ્ધ ઉપાદાનરૂપે કર્મનો અકર્તા એવો ભાવ તે મોક્ષમાર્ગ.
- ✍ સર્વવિશુદ્ધ-પારિણામિક-પરમભાવનું ગ્રહણ તે મોક્ષમાર્ગ.
- ✍ તાત્પર્યવૃત્તિનું લક્ષણ શુદ્ધાત્મઅનુભૂતિ–આ અનુભૂતિ તે મોક્ષમાર્ગ.
- ✍ ઔપશમિક–ક્ષાયોપશમિક–ક્ષાયિક એ ત્રણ ભાવો મોક્ષનું કારણ.
- ✍ ભવ્યત્વ શક્તિની વ્યક્તિ એટલે કે સમ્યક્ત્વાદિની પ્રાપ્તિ તે મોક્ષમાર્ગ.
- ✍ નિજપરમાત્મદ્રવ્યનાં સમ્યક્શ્રદ્ધાન-જ્ઞાન-અનુચરણરૂપ પર્યાય તે મોક્ષમાર્ગ.

✍ શુદ્ધાત્માભિમુખ પરિણામ તે મોક્ષનો માર્ગ.

✍ શુદ્ધોપયોગ તે મોક્ષનો માર્ગ.

✍ શુદ્ધપારિણામિકભાવની ભાવના તે મોક્ષમાર્ગ.

✍ સમસ્ત રાગાદિ રહિત, શુદ્ધઉપાદાનકારણરૂપ ઔપશમિકાદિભાવ તે મોક્ષમાર્ગ.

✍ શુદ્ધભાવના પરિણતિરૂપ ક્રિયા તે મોક્ષનું કારણ.

✍ શુદ્ધપારિણામિકભાવનું ધ્યાન તે મોક્ષમાર્ગ.

✍ નિર્વિકાર સ્વસંવેદલક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાન તે મોક્ષમાર્ગ.

✍ એકદેશ વ્યક્તિરૂપ (આંશિક શુદ્ધિરૂપ) મોક્ષમાર્ગ.

✍ 'નિજ પરમાત્મદ્રવ્ય તે જ હું છું'—એવી ભાવના તે મોક્ષમાર્ગ.

આટલી વ્યાખ્યાઓ તો એક જ (૩૨૦મી) ગાથાની ટીકામાં આવી; આ સિવાય મોક્ષમાર્ગનાં બીજા કેટલાય નામો છે તે અગાઉ કહેવાઈ ગયા છે. (જુઓ પાનું–૧૩૮ થી ૧૪૧)

હજારો-લાખો કે ગમે તેટલાં નામ કહો, તે બધાનું વાચ્ય જીવના ભાવમાં સમાઈ જાય છે. જીવના 'શુદ્ધભાવ'માં કાંઈ ભાષા નથી. ભાવનારૂપ એટલે આત્માના સ્વભાવની સન્મુખતારૂપ ભાવશ્રુતજ્ઞાન છે, તે ભાવશ્રુત–પર્યાય અંતર્મુખ થતાં તેમાં વસ્તુ યથાર્થ શુદ્ધભાવરૂપે પરિણમી જાય છે. તેમાં અપૂર્વ આનંદ ને અપૂર્વ શાંતિ છે. અનંતા ભાવો તેમાં સમાય છે. 'જ્ઞાનમાત્ર ભાવમાં અનંતી શક્તિઓ નિર્મળપણે ઉલ્લસે છે' એમાં તેનું અલૌકિક વર્ણન કર્યું છે.

## શુદ્ધ આત્મદ્રવ્યનાં વિશેષણો

જેમ શુદ્ધપર્યાયરૂપ મોક્ષમાર્ગને અનેક નામોથી ઓળખાવ્યો તેમ શુદ્ધદ્રવ્યને પણ અનેક વિશેષણોથી ઓળખાવ્યું છે. જેમ કે—

✍ એક જ્ઞાયકભાવ

✍ સર્વવિશુદ્ધ—પારિણામિક—પરમભાવ.

✍ શુદ્ધ ઉપાદાનભૂત (ત્રિકાળી)

✍ શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય.

✍ બંધ-મોક્ષના પરિણામથી શૂન્ય.

✍ શુદ્ધ જીવત્વશક્તિલક્ષણ પારિણામિકપણું.

✍ ત્રિકાળ નિરાવરણ.

✍ સહજ શુદ્ધ પારિણામિકભાવ

✍ નિજ પરમાત્મદ્રવ્ય

✍ શુદ્ધાત્મદ્રવ્ય

✍ અવિનાશી

✍ શક્તિરૂપ મોક્ષ

✍ નિષ્ક્રિય ભાવ

✍ ધ્યેયરૂપ

✍ સકલ નિરાવરણ—અખંડ—એક પ્રત્યક્ષ પ્રતિભાસમય

✍ ઉત્પાદ-વ્યય વગરનો ધ્રુવભાવ.

—વગેરે અનેક નામો દ્વારા શુદ્ધઆત્મદ્રવ્ય ઓળખાય છે. નામ તો ગમે તે આપો, પણ અંદર પોતાના ભાવશ્રુતજ્ઞાનવડે આત્મા અનુભવમાં આવે છે. ભાવશ્રુત કહો, કે ભાવના કહો તે રાગને અવલંબનારી નથી પણ શુદ્ધ પારિણામિકસ્વભાવને અવલંબનારી છે; અને તે જ મોક્ષનું કારણ છે.

## સ્વતત્ત્વનો સાચો વિચાર

ભાઈ, તેં કદી તારા સાચા સ્વરૂપનો વિચાર જ કર્યો નથી કે અરે, હું કોણ છું? મારામાં શું થઈ રહ્યું છે? મારી દશામાં દુઃખ ને અશાંતિ કેમ છે? તે ટાળીને શાંતિ પ્રાપ્ત કરવા માટે શું કરવું જોઈએ? મારામાં એવું ક્યું વસ્તુ સ્વરૂપ છે કે જેની સન્મુખ જોતાં દુઃખ ટળે ને સુખ પ્રગટે? દુઃખમાંથી તો કાંઈ સુખ ન આવે; તો દુઃખ વગરનું એવું ક્યું તત્ત્વ છે કે જેમાંથી મને સુખ મળે?—આ પ્રમાણે સ્વતત્ત્વનો સાચો વિચાર (એટલે કે સ્વસન્મુખ વિચાર) કરે તો સમ્યગ્જ્ઞાન થાય. અરે, આવા ઉપાયથી દેડકા જેવા આત્માઓ પણ આત્મજ્ઞાન પામીને મોક્ષમાર્ગે ચડી ગયા; ને આ ઉપાય વિના મંદકષાયપૂર્વક બહારમાં હજારો રાણીઓ ને રાજપાટ છોડીને દ્રવ્યલિંગી સાધુ થવા છતાં આત્મજ્ઞાન ન પામ્યા.

જગતમાં ભલે એ મહાત્મા તરીકે પૂજાતો હોય, પણ અંદર પોતે મહાન આત્મા રાગદ્વેષ વગરનો આનંદકંદ છે–તેના ભાન વગર એના ભવભ્રમણનો અંત નહિ આવે. વીતરાગદેવે કહેલી વાસ્તવિક પદાર્થની વ્યવસ્થા અનુસાર આત્માનો કાયમી સ્વભાવ શું ને પલટતો ભાવ શું—તેને જાણ્યા વગર જીવની અવસ્થામાં સમ્યક્ત્વાદિનું પરિણમન થતું નથી એટલે કે ધર્મ થતો નથી.

હજી તો રાગથી ને શરીરથી હું જુદો–એટલે જાણવાનું પણ જેને કઠણ લાગે, તેને અંદરનું ત્રિકાળી તત્ત્વ—કે જે નિર્મળપર્યાયથી પણ કથંચિત્ ભિન્ન છે, તેનું સ્વરૂપ ક્યાંથી લક્ષમાં આવશે? ચેતનમૂર્તિ આત્માને જડ-દેહાદિ સાથે તો કદી એકતા થઈ નથી. દેહમાં અનંતા રજકણો છે ને તેમાંનો દરેક રજકણ દ્રવ્યપણે ધ્રુવ રહીને પોતાની પર્યાયરૂપે સ્વયં પલટાયા કરે છે—આત્મા તેને કરતો નથી. દેહથી ભિન્ન ભગવાન આત્મા પણ અનંત ગુણનો પિંડ સત્ વસ્તુ છે, તે દ્રવ્યપણે ધ્રુવ રહીને ક્ષણે ક્ષણે પોતાની પર્યાયરૂપે સ્વયં પલટાયા કરે છે–તેનું કારણ કોઈ બીજું નથી. રાગ-પરિણામ હો કે વીતરાગી પરિણામ હો, તે પરિણામ પોતાની પર્યાયથી જ છે, તેનું કારણ બીજું કોઈ નથી, સત્ દ્રવ્ય ને સત્ પર્યાય બંને થઈને આખી સત્ વસ્તુ છે. આવી સત્ વસ્તુનો વિચાર કરીને તેનું સાચું જ્ઞાન કરવું જોઈએ.

## સત્ સમજતાં અમરપણું

અંદરમાં પોતાના આવા સત્‌ને સમજે તો જીવ નીડર થઈ જાય, મરણની બીક ન રહે. મરે કોણ? હું તો ત્રિકાળ આનંદકંદ છું; દ્રવ્યદૃષ્ટિમાં મારે જન્મમરણ છે જ નહિ. દેહાદિ સંયોગો તો અધ્રુવ જ છે, એના નાશથી કાંઈ મારો નાશ થતો નથી. તે તો પહેલેથી જ મારાથી જુદા છે. મારારૂપે કદી થયા જ નથી. 'હું તો અખંડ પરમાત્મતત્ત્વ છું'–એવી ભાવનારૂપ જે ઔપશમિકાદિ ભાવો તે મોક્ષનું કારણ છે. મોક્ષ કહો કે અમરપદ કહો, તે આવા ભાવવડે પમાય છે.

તે ભાવો કેવા છે? સમસ્ત રાગાદિથી રહિત છે, અને શુદ્ધઉપાદાનકારણરૂપ છે, તેથી તે મોક્ષનું કારણ છે. તે સમસ્ત રાગરહિત હોવાથી તેને મોક્ષના કારણ કહ્યા, એટલે રાગનો કોઈ અંશ તે મોક્ષનું કારણ નથી.

## સ્વદ્રવ્યની ભાવના રાગ વગરની છે

પ્રશ્ન :—સાધકને ઉપશમાદિ ભાવ વખતે રાગ તો હોય છે, છતાં તેને 'સમસ્ત

રાગાદિ રહિત’ કેમ કહ્યા?

ઉત્તર :—જે ઉપશમાદિ નિર્મળભાવો છે તે તો રાગ વગરના જ છે; તે કાળે સાધક ભૂમિકામાં રાગ હો ભલે પણ તે તો ઉદયભાવરૂપે છે તે કાંઈ ઉપશમાદિ ભાવરૂપે નથી, એટલે ઉપશમાદિ નિર્મળભાવોમાં તો જરાપણ રાગ છે જ નહિ, માટે તે ભાવો સમસ્ત રાગાદિ રહિત જ છે. અંશે શુદ્ધતા અને અંશે રાગ બંને એકસાથે વર્તતા હોવા છતાં બંનેનું સ્વરૂપ જુદું છે—એમ ઓળખે તો ભેદજ્ઞાન થાય. જે કોઈ રાગ અંશ છે તે તો બંધનું જ કારણ છે, તે મોક્ષનું કારણ જરાય નથી અને મોક્ષનું કારણ ઉપશમાદિ નિર્મળભાવો છે, તે તો રાગ વગરના જ છે. જે શુભરાગ છે તે કંઈ મોક્ષકારણરૂપ ‘ભાવના’ નથી, શુદ્ધચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થતાં જે નિર્વિકારદશા પ્રગટી તે મોક્ષકારણરૂપ ‘ભાવના’ છે, તેમાં રાગ નથી.

## તે ભાવના કોને ભાવે છે?

આ ભાવના કોને ભાવે છે? પોતાના શુદ્ધ આત્માને ભાવે છે. શુદ્ધદ્રવ્ય ત્રિકાળ ભાવરૂપ, અને તેની સન્મુખ થયેલી પરિણતિ તે ભાવના.—એ બંને શુદ્ધ છે. રાગ ધ્રુવસ્વરૂપમાં નથી અને તે તરફ ઝુકેલી પર્યાયમાં પણ રાગ નથી. શુદ્ધઆત્માની આવી ભાવના તે અમૃત છે; રાગ તો તેનાથી વિરુદ્ધ છે, બંધનું કારણ છે. શુદ્ધચૈતન્યભાવનું જેમાં ભવન હોય તેને જ સાચી ભાવના કહેવાય. અમૃતના સાગર એવા અંતર્સ્વરૂપમાં એકાગ્ર થતાં જે આનંદમય અમૃતનું ઝરણું ઝર્યું તેનું નામ ભાવના છે. તે કેવી છે?—કે પોતાના શુદ્ધપારિણામિકભાવને અવલંબનારી છે, રાગ વગરની છે. ચોથા ગુણસ્થાનથી આવી ભાવના પરિણતિ શરૂ થાય છે. ઉપશમાદિ ત્રણભાવો ચોથા ગુણસ્થાને પણ હોય છે. સમ્યક્ત્વ પ્રગટવાના કાળે, તેમજ ત્યાર પછી પણ કોઈવાર, ચોથા ગુણસ્થાને શુદ્ધોપયોગ હોય છે. તે સિવાયના કાળમાં પણ જેટલી શુદ્ધપરિણતિ થઈ છે તેનું નામ ‘ભાવના’ છે, ને તે મોક્ષનું સાધન છે. તે ભાવના કોને ભાવે છે? શુદ્ધપારિણામિકભાવને તે વિષય કરે છે એટલે તેને ભાવે છે—તેમાં તન્મય એકાગ્ર થાય છે.

## ચોથું ગુણસ્થાન શુદ્ધોપયોગપૂર્વક પ્રગટે છે

કોઈ એમ કહે કે શુદ્ધોપયોગ ચોથા ગુણસ્થાને હોય જ નહીં,—તો તેને ભગવાનના માર્ગની ખબર નથી; સમ્યક્ત્વ શું ચીજ છે એની એને ખબર નથી. બાપુ! શુદ્ધોપયોગ વગર તને ભગવાનનો માર્ગ હાથ નહિ આવે. શુદ્ધતા વગર એકલા રાગથી તું મોક્ષમાર્ગ

માની લે તે વાત વીતરાગ ભગવાનના માર્ગમાં નહિ ચાલે. ચોથા ગુણસ્થાને ઉપશમ સમ્યગ્દર્શન શુદ્ધોપયોગપૂર્વક જ થાય છે એ સિદ્ધાંતનો નિયમ છે. શુભરાગ વડે સમ્યગ્દર્શન થઈ જાય એમ કદી બનતું નથી. પરમાત્મસ્વભાવની સન્મુખતારૂપ ભાવ તે ભાવના છે. તે રાગને અવલંબનારી નથી; અંતર્મુખ શુદ્ધ ચૈતન્ય પરમભાવને ધ્યેય બનાવીને તેને જ અવલંબે છે—તેમાં એકાગ્ર થાય છે. તે શુદ્ધઉપાદાનપણે મોક્ષનું કારણ છે. તે પર્યાયરૂપ છે. એટલે તે મોક્ષનું કારણ છે, શુદ્ધપારિણામિકભાવ તો દ્રવ્યરૂપ છે, તેમાં કારણ-કાર્યપણું નથી; બંધ-મોક્ષના કારણરૂપ પરિણામ તે પર્યાય છે, દ્રવ્ય પોતે બંધ-મોક્ષનું કારણ થતું નથી, તે તો તટસ્થ-ધ્રુવભાવે એકરૂપ છે. તે પોતે ભાવનારૂપ નથી પણ ભાવનાના વિષયરૂપ છે—ધ્યેયરૂપ છે.

## સ્વદ્રવ્યની ભાવના તે મોક્ષનું કારણ

કોની ભાવનાથી મોક્ષ પ્રગટે? પોતાના શુદ્ધસ્વભાવની ભાવનાથી મોક્ષ પ્રગટે. ભાઈ, આવા તારા સ્વભાવની ભાવના છોડીને તું રાગની ને પુણ્યની ભાવનામાં ક્યાં સલવાણો? તારો આત્મા કાંઈ રાગથી ભરેલો નથી, આત્મા તો જ્ઞાનથી ભરેલો છે. જેની એક સમયની અવસ્થામાં અનંત પદાર્થોને જાણવાની તાકાત, તેના અપાર સામર્થ્યનું શું કહેવું? ચારે બાજુ અમાપ, જેનો ક્યાંય અંત નથી એવું અમાપ બેહદ આકાશ (અનંતને અનંતવાર વર્ગિત કરો તોપણ જેના પ્રદેશોનું માપ ન આવે—એવું અનંત આકાશ ક્ષેત્ર) તેને પણ એક સમયમાં જે પ્રત્યક્ષ કરી લ્યે છે,—એના કરતાંય અનંતગણું જાણવાનું જેનું સામર્થ્ય છે—અહો! તે જ્ઞાનની તાકાત કેટલી? એનો મહિમા કેટલો? આવા જ્ઞાનમાં રાગનો કણિયો કેમ સમાય? ત્રિકાળ આવા જ્ઞાનસમર્થ્યથી ભરપૂર અનાદિ અનંત છું.... છું...—એમ સ્વસન્મુખ થઈને જ્ઞાનપર્યાય જાણે છે. અનંત ગુણોને અનંત પર્યાયોરૂપ આખા આત્માને એક જ્ઞાનપર્યાય જાણી લ્યે છે. અને આત્મા સિવાયના જગતના બીજા અનંતા પદાર્થોની અસ્તિને પણ તે જ્ઞાન જાણી લ્યે છે. જેના એક અંશમાં આટલી તાકાત, એવા અનંતા અંશનો દરિયો એક ગુણ, ને એવા અનંતા ગુણોથી ભરેલું દ્રવ્ય;—આવા સ્વદ્રવ્યની ભાવના કરતાં અંદરથી જે પ્રવાહ આવ્યો તે રાગરહિત છે. આનંદથી ભરપૂર છે. આવી ભાવના તે અપૂર્વ મહાનદશા છે. રાગમાં તાકાત નથી કે આવા સ્વદ્રવ્યને ભાવી શકે. સ્વદ્રવ્યની ભાવના રાગ વગરની છે, રાગનો—વિકલ્પનો આધાર તેને નથી. રાગની મંદતાવડે અંતર્—સ્વભાવમાં પ્રવેશ થઈ જશે—એમ નથી. મંદરાગ તે કાંઈ આત્માને જાણવાનું સાધન નથી. રાગ વગરનો આત્મા રાગ વડે કેમ જણાય? એ તો જ્ઞાનવડે

જણાય. આત્મા પોતે રાગરહિત છે ને તેના આશ્રયે જે મોક્ષમાર્ગ પ્રગટ્યો તે પણ રાગ વગરનો છે.

## સાધકને રાગ હોવા છતાં રાગ વગરનો મોક્ષમાર્ગ

પ્રશ્ન :—રાગ તો દશમા ગુણસ્થાન સુધી હોય છે, તેનો અભાવ તો ૧૧-૧૨મા ગુણસ્થાને થાય છે, ને મોક્ષમાર્ગની શરૂઆત તો ચોથા ગુણસ્થાને થાય છે, તો મોક્ષમાર્ગને રાગ વગરનો કેમ રહ્યો?

ઉત્તર :—જેમ જગતમાં જડ પદાર્થો છે પણ આત્મામાં તો તેનો અભાવ જ છે; તેમ નીચેના ગુણસ્થાનોમાં રાગ હોય છે પણ સાધકનો જે નિર્મળભાવ છે તેમાં તો તે રાગનો સર્વથા અભાવ જ છે, સાધકની નિર્મળ પરિણતિ અને રાગ—એ બંનેને એકપણું નથી પણ ભિન્નપણું છે. તેમાં નિર્મળ પરિણતિ મોક્ષમાર્ગ છે, ને રાગ તે મોક્ષમાર્ગ નથી; માટે મોક્ષમાર્ગ તો (ચોથા ગુણસ્થાને પણ) રાગ વગરનો જ છે. શુદ્ધતાની ધારા અને રાગની ધારા બંને જુદી છે, ઔપશમિકાદિભાવ અને ઔદયિકભાવ બંને જુદા છે. શુદ્ધતાની ધારા મોક્ષ તરફ જાય છે ને રાગની ધારા બંધ તરફ જાય છે; આ રીતે મોક્ષમાર્ગ ત્રણેકાળે રાગ વગરનો છે, બીજા સ્થૂળ રાગની તો શી વાત—પણ, એક દ્રવ્યમાં અનંત ગુણ છે એવા ગુણગુણીભેદના વિકલ્પનોય આત્માની નિર્મળદશામાં અભાવ છે—'આવો માર્ગ વીતરાગનો ભાખ્યો શ્રી ભગવાન.'

## જેની ધગશ હોય તેમાં ઉપયોગ ઝટ જોડાય છે

જુઓ, આ મોક્ષનો માર્ગ! ભાઈ, આ તો જેને જન્મ-મરણનાં દુઃખનો થાક લાગ્યો હોય ને તેનાથી છૂટવા આત્માના અનુભવની ધગશ જાગી હોય, તેવા આત્માર્થીને માટે વાત છે. બાકી સંસારના વિષયોમાં જેને લહેર લાગતી હોય ને તેમાંથી ખસવું ન હોય એને તો વિષયાતીત આત્માની આ વાત કોઈ રીતે પકડાશે નહિ. કેમકે એને તો આત્મા સમજવાની જરૂર જ લાગી નથી, ગરજ નથી, ધગશ નથી. અંતરમાં જેને એમ થાય કે અરે! હું મારા ચૈતન્યની પ્રભુતાને ભૂલીને આ પામરપણે રખડું છું—એમ મને શોભતું નથી; આત્માનું સ્વરૂપ સમજીને કલ્યાણ કરવાનો અત્યારે આ અવસર છે—એમ ગરજૂ થઈને સમજવા માંગે તો જરૂર સમજાય છે. આત્મા સિવાય એની પરિણતિને ક્યાંય ચેન પડે નહિ (—'ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ!') એ રીતે આત્મસ્વભાવની સન્મુખ થતાં જે સમ્યક્ત્વાદિ નિર્મળભાવ પ્રગટ્યા તે મોક્ષમાર્ગ છે; તેને 'ભાવના' વગેરે અનેક નામ કહેવાય છે જેમ, સંસારની વાતનો પ્રેમ હોય તેને તેમાં (લગ્ન કે વેપાર વગેરે

કાર્યોમાં) ઉપયોગ ઝટ જોડાય છે, ત્યાં તે મુંઝાતો નથી; તેમ મોક્ષને માટે આત્માના ચૈતન્યસ્વભાવનો જેને રસ હોય તેને તેનો ઉત્સાહ આવે ને તેમાં સહજ જ્ઞાનનો વેપાર ચાલે, સૂક્ષ્મતત્ત્વમાં પણ તે મુંઝાય નહિ, પણ 'આ તો મારો સ્વભાવ જ છે' એમ તેમાં તેનો ઉપયોગ લાગે છે. તે ઉપયોગમાં રાગનું અવલંબન નથી, સ્વભાવનું અવલંબન છે.—આનું નામ ધર્મ.

## વીતરાગભાવનું પ્રતિબિંબ—જિનપ્રતિમા
## ધર્મીને વ્યવહારના સ્થાનમાં વ્યવહાર અને નિમિત્તો હોય છે

પ્રશ્ન :—જો રાગનું અવલંબન નથી તો પછી જિનપ્રતિમાનું અવલંબન શા માટે?

ઉત્તર :—જેને આત્માના વીતરાગભાવનો પ્રેમ હોય, પણ હજી રાગ હોય તેને શુભરાગ વખતે વીતરાગતાના નિમિત્તો પ્રત્યે લક્ષ જાય છે; જિનપ્રતિમા એ વીતરાગભાવનું પ્રતિબિંબ છે. આવી પ્રતિમાનું અવલંબન શુભરાગ વખતે હોય, શુદ્ધતામાં તો પોતાના સ્વભાવનું જ અવલંબન છે, તેમાં કાંઈ પરનું અવલંબન નથી. જિનપ્રતિમાજીના દર્શન–પૂજનના શુભરાગને મોક્ષમાર્ગ માની લ્યે તો તે ભૂલ છે; અને ધર્મીને એવો શુભરાગ હોય જ નહિ એમ માને તો તે પણ ભૂલ છે. જે ભૂમિકામાં જેમ હોય તેમ ઓળખવું જોઈએ. કઈ ભૂમિકામાં કેટલી શુદ્ધતા હોય, કેટલો રાગ હોય ને તે રાગમાં કેવાં નિમિત્તો હોય—એનો વિવેક ધર્મીને હોય છે. મુનિદશા જેટલી શુદ્ધતા પ્રગટી હોય ને શરીર ઉપર વસ્ત્ર ઓઢીને ફરવાનો રાગ હોય એમ બની શકે નહિ. વસ્ત્રના રાગસહિત મુનિદશા માને તેને મુનિદશાની શુદ્ધતાની ખબર નથી. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને મુનિને વસ્ત્રનો રાગ ન હોય છતાં ત્યાં વસ્ત્ર હોવાનું માને છે, અને ચોથા-પાંચમા ગુણસ્થાને જિનપૂજા વગેરે રાગ હોય છે છતાં ત્યાં તેના નિમિત્તરૂપ જિનપ્રતિમા વગેરેનો નિષેધ કરે છે,—એ પ્રમાણે અજ્ઞાનીને ધર્મની ભૂમિકાનું ભાન નથી, ને કઈ ભૂમિકામાં કેવા નિમિત્ત હોય તેની પણ તેને ખબર નથી. જિનપ્રતિમાનો સ્વીકાર કર્યો તેથી કાંઈ તેના અવલંબનને મોક્ષમાર્ગ થઈ જાય છે એમ નથી. રાગ વગરના આત્મસ્વભાવનું ભાન હોવા છતાં સાધકભૂમિકામાં રાગ બાકી હોય ત્યાં જેમ પરમાત્માના ગુણોનું સ્તવન તે શુભરાગ છે છતાં તે ભાવ આવે છે, તેવી જ રીતે ભગવાનની મૂર્તિનું અલંબન તે પણ શુભરાગ છે છતાં તે ભાવ આવે છે. તે જ વખતે નિજપરમાત્માના અવલંબને જેટલી શુદ્ધતા પ્રગટી છે તેટલો જ મોક્ષમાર્ગ છે. જેમ ગુરુની સેવા, ધર્મનું શ્રવણ વગેરે શુભભાવ છે તેમ જિનદેવના દર્શન-પૂજા તે પણ શુભભાવ છે. શુભને શુભ તરીકે જાણવું જોઈએ, તે શુદ્ધતાની ધારા તેનાથી જુદી છે—તેને ઓળખવી જોઈએ.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



આ તો સર્વજ્ઞ—વીતરાગનો અલૌકિક માર્ગ છે; તેમાં દ્રવ્યપર્યાય, નિશ્ચય-વ્યવહાર, શુદ્ધ અને શુભ, પુણ્ય અને પાપ, બધાનું સ્વરૂપ જેમ હોય તેમ ઓળખવું જોઈએ, ને તેમાંથી પોતાનું હિત ક્યા પ્રકારે છે તેનો વિવેક કરવો જોઈએ. એક ભૂમિકામાં નિર્મળતા હોય તે જુદી ને રાગ હોય તે જુદો,—બંનેનું મિશ્રણ નથી. વ્યવહારના સ્થાનમાં વ્યવહાર હોય છે, પણ નિશ્ચયસ્વભાવનું અવલંબન કરનારને અંતરમાં વ્યવહારનું અવલંબન રહેતું નથી.

## રાગના અવલંબન વગરનો વીતરાગનો માર્ગ

✍ નિશ્ચય સ્વભાવ-આશ્રિત મોક્ષમાર્ગ છે........... તેમાં રાગનું અવલંબન નથી.
✍ નિજપરમાત્માની ભાવના તે મોક્ષમાર્ગ છે ....... તેમાં રાગનું અવલંબન નથી.
✍ ઔપશમિકાદિ ભાવો તે મોક્ષમાર્ગ છે........... તેમાં રાગનું અવલંબન નથી.
✍ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર તે મોક્ષમાર્ગ છે......... તેમાં રાગનું અવલંબન નથી.
✍ શુદ્ધઉપાદાનકારણ તે મોક્ષમાર્ગ છે................ તેમાં રાગનું અવલંબન નથી.
✍ ભાવશ્રુતજ્ઞાન તે મોક્ષમાર્ગ છે ...................... તેમાં રાગનું અવલંબન નથી.
✍ શુદ્ધાત્મ-અભિમુખ પરિણામ તે મોક્ષમાર્ગ છે.... તેમાં રાગનું અવલંબન નથી.
✍ શુદ્ધાત્માના ધ્યાનરૂપ મોક્ષમાર્ગ છે ................ તેમાં રાગનું અવલંબન નથી.
✍ શુદ્ધોપયોગ તે મોક્ષમાર્ગ છે......................... તેમાં રાગનું અવલંબન નથી.
✍ વીતરાગભાવ તે મોક્ષમાર્ગ છે ..................... તેમાં રાગનું અવલંબન નથી.

—આ રીતે મોક્ષમાર્ગના ભાવમાં ક્યાંય રાગનું અવલંબન નથી, પોતાના પરમ સ્વભાવનું જ અવલંબન છે. રાગ તે ઉદયભાવ છે, જો તેના આધારે ઉપશમાદિ ભાવો થાય તો તે બંને જુદા ન રહે. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદરસનું ઝરણું છે, શાંતરસનું સરોવર છે, તેમાં એકાગ્ર થતાં જે દશા પ્રગટી તે જ મોક્ષમાર્ગ છે. આવી શુદ્ધવસ્તુના અનુભવ વગર ત્રણકાળમાં ભવથી નીવેડો નથી.

અરે, આવો માર્ગ સાંભળીને પણ જીવો પોકાર કરે છે કે અમારો વ્યવહાર ઊડી જાય છે....પુણ્ય ઊડી જાય છે! પણ જરાક ધીરો થઈને સાંભળ, ભાઈ!—શું રાગ હોય તો વીતરાગતા થાય? શું વ્યવહારના અવલંબન વડે નિશ્ચય થાય? શું દોષ દ્વારા નિર્દોષતા પ્રગટે?—અરે, એ કોના ઘરની વાત! રાગથી વીતરાગતા કદી ન થાય; રાગના અભાવથી વીતરાગતા થાય. નિશ્ચયસ્વભાવના અવલંબને જ નિશ્ચયમોક્ષમાર્ગ થાય. રાગ તે દોષ છે

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

તેના દ્વારા નિર્દોષતા ન થાય પણ નિર્દોષસ્વભાવના અનુભવથી જ નિર્દોષતા થાય. આવો સ્પષ્ટ માર્ગ, તેમાં ક્યાંય ગરબડ ચાલે તેવું નથી.

## પર્યાયમાં મોક્ષનું સાધન થવાની તાકાત છે

શુદ્ધપારિણામિકભાવરૂપ દ્રવ્ય તેમાં કારણ-કાર્યપણાની ક્રિયા નથી; પણ તેની સન્મુખતાથી પ્રગટેલી પર્યાય—કે જે ઉપશમ—ક્ષયોપશમ કે ક્ષાયિકભાવરૂપ છે—તે મોક્ષનું કારણ છે. અહીં કારણ-કાર્ય બંને પર્યાયમાં છે, દ્રવ્યમાં નહીં. પર્યાયને અભેદ કરીને કહે ત્યારે તે પર્યાયરૂપે પરિણમેલો આત્મા મોક્ષનું કારણ કહેવાય. પર્યાયને દ્રવ્યનો આશ્રય છે, દ્રવ્યની સન્મુખતાથી તેના આશ્રયે થયેલી પર્યાય તે મોક્ષમાર્ગ છે; તેમાં રાગનો અભાવ છે. નિર્મળપર્યાયમાં મોક્ષનું સાધન થવાની તાકાત છે, રાગમાં એવી તાકાત નથી. પર્યાય ભલે ક્ષણિક છે પણ તેનામાંય તેની તાકાત છે. પર્યાય એટલે તો જાણે કાંઈ જ નહીં—એમ નથી. અહીં તો उत्पादव्ययध्रौव्ययुक्तं सत् સિદ્ધ કરવું છે. જેમ દ્રવ્ય તે સત્‌નો અંશ છે તેમ પર્યાય પણ સત્‌નો અંશ છે, તે પણ વસ્તુમાં સ્વતઃસિદ્ધ છે, તે કાંઈ અસત્ નથી. સત્ વસ્તુ દ્રવ્યપણે ધ્રુવ રહીને સમયે સમયે નવી નવી અવસ્થારૂપે ઊપજે છે, ને જુની પર્યાયનો વ્યય થાય છે. આવું સત્ વસ્તુનું સ્વરૂપ છે. શાસ્ત્રકારોએ જ્યાં જે અપેક્ષાએ જે કહ્યું છે તે બરાબર છે, તેમાં ક્યાંય વિરોધ નથી.

ભગવાન! તું દ્રવ્યપણે ધ્રુવ છો ને તારી અવસ્થા બદલતી છે; તે અવસ્થામાં મોક્ષમાર્ગ ને મોક્ષ છે, ધ્રુવમાં નહી. જે દ્રવ્ય અંશ છે તે પર્યાય અંશરૂપ થઈ જતો નથી, ને જે પર્યાય અંશ છે તે ત્રિકાળી દ્રવ્ય અંશરૂપ થઈ જતો નથી. બંને અંશો, બંને ધર્મો એક વસ્તુમાં એકસાથે છે. આમ બે અંશરૂપ આખી વસ્તુ સિદ્ધ કરીને તેના પાંચ ભાવો સમજાવ્યા છે.—એક ભાવ દ્રવ્યરૂપ છે ને ચાર ભાવો પર્યાયરૂપ છે. મોક્ષમાર્ગ પર્યાય છે, તે ઉપશમાદિ ત્રણભાવોરૂપ છે; તેમાં રાગાદિ ઉદયભાવોનો અભાવ છે અને પારિણામિકભાવ બંધ-મોક્ષની અપેક્ષા વગરનો છે.

## એક વસ્તુમાં બે અંશ

એક વસ્તુમાં બે અંશ : એક દ્રવ્ય ને બીજો પર્યાય.
દ્રવ્ય તે સામાન્યરૂપ ધ્રુવ ત્રિકાળ.
પર્યાય તે વિશેષ ઉત્પાદ-વ્યયરૂપ વર્તમાન પૂરતી.

એ બંને પ્રકારના ભાવો એક વસ્તુમાં રહેલા છે, પણ અરસપરસ તો બંને ભાવો

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



એક નથી. વસ્તુપણે સામાન્ય-વિશેષ બંને થઈને એક છે, પણ તેમાં જે સામાન્ય છે તે વિશેષ નથી; સામાન્ય પોતે કે વિશેષ અંશમાં આવી જતું નથી. આત્માનો ધ્રુવ સ્વભાવ શ્રદ્ધા-જ્ઞાનમાં આવે છે. પણ એક પર્યાયરૂપ તે થઈ જતો નથી. અલિંગગ્રહણના ૨૦ અર્થમાં તેનો અદ્‌ભુત ખુલાસો કરીને પરમાર્થ આત્મા બતાવયો છે. જ્ઞાનની અધૂરી દશા વખતે પણ ધ્રુવ તો પૂરું જ છે ને કેવળજ્ઞાન પ્રગટે ત્યારે પણ ધ્રુવ એવડું ને એવડું જ છે, ધ્રુવ ઓછું કે વધારે થતું નથી. ઓછી કે પૂરી પર્યાયની અપેક્ષા ધ્રુવને નથી. અધૂરીપર્યાય વખતે ધ્રુવમાં ઝાઝું ને પૂરી પર્યાય વખતે ધ્રુવમાં ઓછું—એમ નથી. મતિજ્ઞાન કે કેવળજ્ઞાન બંને વખતે જ્ઞાનગુણ એવડો ને એવડો છે, તેમાં વધઘટ નથી. (એ રીતે જ્ઞાનની જેમ આનંદ વગેરે ગુણોમાં પણ સમજી લેવું). ગુણમાં અશુદ્ધિ ન હોય. વસ્તુનો એકરૂપ શુદ્ધસ્વભાવ તેના લક્ષે પર્યાયમાં શુદ્ધતા થાય છે. તે પર્યાય તે સમયનો સત્‌ અંશ છે, સ્વતંત્ર છે, ને તે જ વખતે ધ્રુવસત્‌ પૂર્ણ સામર્થ્યસહિત વર્તે છે. આવી ગુણપર્યાયરૂપ વસ્તુ છે તેને ઓળખતાં મોક્ષમાર્ગ પ્રગટે છે. પછી મોક્ષ થતાં પૂર્ણ જ્ઞાન-આનંદ પ્રગટે છે. પહેલાં અધૂરો આનંદ હતો ને અંદરથી પૂર્ણ આનંદ પ્રગટ્યો છતાં અંદર શક્તિરૂપ ધ્રુવ તો એવડું ને એવડું રહ્યું, તેમાંથી તો કાંઈ ઓછું ન થયું;—ત્યારે થયું શું? તો કહે છે કે પર્યાયધર્મની પરિપૂર્ણતા પ્રગટી. આત્મા દ્રવ્યધર્મે તો પૂરો હતો જ, ને હવે પર્યાયધર્મે પણ પૂરો થયો. પૂર્ણસ્વભાવને અવલંબનારી પર્યાય તે આવી મોક્ષદશાનું કારણ છે.

## પાંચ ભાવોનું પૃથક્કરણ

આત્મવસ્તુ દ્રવ્યપણે ધ્રુવ શાશ્વત, તેને પારિણામિક પરમભાવ કહેવાય છે. અવસ્થામાં રાગાદિ દુઃખરૂપ ભાવો તે ઔદયિકભાવ છે. આનંદકંદ સ્વભાવનું ભાન કરીને તેની સન્મુખ પરિણમતાં રાગ વગરના ભાવો પ્રગટે તે ઔપશમિક—ક્ષાયોપશમિક કે ક્ષાયિકભાવ છે, ને તે મોક્ષનું કારણ છે. પારિણામિકભાવ મોક્ષનું કારણ નથી કેમ કે તે ધ્રુવ છે, તે બંધ-મોક્ષરૂપ પરિણમતો નથી. પરિણમન પર્યાય અપેક્ષાએ છે એટલે મોક્ષનું કારણ પણ પર્યાયમાં છે.

શુદ્ધ એક અખંડ ચૈતન્યવસ્તુ, તે દેહની માટીથી નીરાળી, કર્મનાં રજકણથી નીરાળી, રાગથી પણ નીરાળી; ને જે એક પર્યાય વ્યક્ત અંશરૂપ છે તેટલું જ તેનું આખું અસ્તિત્વ નથી; તે તો પૂર્ણશક્તિથી સદા પરિપૂર્ણ છે. આવા સ્વભાવના આશ્રયે થતી ભાવનાપરિણતિ તે મોક્ષનું કારણ છે; તે રાગ વગરની છે, તેમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ત્રણે સમાય છે. રાગ મોક્ષનું કારણ નથી પણ બંધનું કારણ છે. ધ્રુવભાવ બંધનું કે મોક્ષનું કારણ નથી. પાંચ ભાવોના વર્ણનમાં તો કેટલાય સ્પષ્ટીકરણ આવી જાય છે.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

## પરમાત્મદ્રવ્ય....તેના અવલંબને મોક્ષના દરવાજા ઊઘડી જાય છે.

બંધ ટાળીને મોક્ષદશા પ્રગટ કરવી તે ક્રિયા છે, ને ક્રિયા તે પરિણમન છે, કારણ-કાર્યની ક્રિયારૂપ પરિણમન પર્યાયમાં છે, દ્રવ્યદૃષ્ટિના વિષયરૂપ દ્રવ્યમાં તે નથી; તેથી દ્રવ્યને 'નિષ્ક્રિય' પણ કહેવાય છે, વસ્તુ પોતે પૂર્ણાનંદસ્વરૂપ છે તેમાંથી પર્યાયનો પ્રવાહ આવે છે. પણ તેમાં સામાન્ય અંશ તે વિશેષ અંશરૂપ થતો નથી. તે-અપેક્ષાએ બંને 'કથંચિત્ ભિન્ન' કહ્યા છે. દ્રવ્યદૃષ્ટિમાં આ કારણ ને આ કાર્ય—એવા ભેદ દેખાતા નથી, કારણ-કાર્યપણું પર્યાયમાં છે, એટલે મોક્ષનું કારણ પૂર્વની મોક્ષમાર્ગરૂપ પર્યાય છે. જો કે આ વ્યવહાર છે, ખરેખર તો પર્યાયધર્મ સ્વતંત્ર છે, નિરપેક્ષ છે, કારણ-કાર્ય બંને એક સમયમાં જ સમાઈ જાય છે.—આમ વસ્તુ પોતે દ્રવ્યધર્મ અને પર્યાયધર્મ એવા બે સ્વભાવવાળી છે.

પોતાનું વાસ્તવિક સ્વરૂપ ભૂલીને જીવનો અનંતકાળ ભ્રમણામાં જ વીત્યો. દુઃખ કેમ છે ને તે ટળીને સુખ કેમ થાય? પોતાનામાં પલટે તે શું? ને ટકે તે શું? શેના લક્ષે પૂર્ણ સુખી થવાય?—એનો વિચાર કરીને સાચું ભાન કરવાનો અત્યારે અવસર આવ્યો છે. દોષ ક્ષણિક છે ને તે ટળી શકે છે, ત્રિકાળ સ્વભાવ આનંદરૂપ છે—તેની સન્મુખ થઈને તેની સાથે પર્યાયની એકતા કરતાં પર્યાય પણ આનંદરૂપ થઈ જાય છે, ને દુઃખ ટળી જાય છે.

ધ્રુવ અનાદિ અનંત સ્વભાવ તે પારિણામિકભાવ, તેએ અવલંબીને નિર્મળદશા થઈ તે ઔપશમિકાદિભાવ; રાગાદિ ઉદયભાવનો તે બંનેમાં અભાવ—આનું નામ મોક્ષમાર્ગ. ભાઈ, તારા અંતરમાં શાશ્વત ચૈતન્યપ્રભુને જોવા માટે દૃષ્ટિને સ્થિર કરીને ત્રાટક લગાવ. જ્ઞાનચક્ષુવડે અંતરમાં નજર એકાગ્ર કર, નિજપરમાત્મતત્ત્વની ભાવના કર;—એમ કરતાં તારા મોક્ષના દરવાજા ઊઘડી જશે.

## દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુના જ્ઞાન વડે સ્વકાર્યની સિદ્ધિ

અહો! આ અધ્યાત્મવસ્તુ ઓળખવા જેવી છે. ચૈતન્યના અગમ ખજાના અંદર ભર્યા છે. અંતરના અનંત પ્રયત્ન વડે જેનો પત્તો ખાય ને અનુભવમાં આવે એવી આ ચીજ છે; બહારના વિકલ્પોથી એનો પત્તો ખાય તેમ નથી. વિકલ્પનું ઉત્થાન ચૈતન્યસ્વરૂપમાં નથી, ચૈતન્યસ્વરૂપમાં વિકલ્પ હોય તો ટળે નહિ. ચૈતન્યભાવ અને વિકલ્પ-રાગભાવ એ બંનેની જાત જ જુદી છે. ચૈતન્યવસ્તુને ધ્રુવસ્વભાવપણે જુઓ તો તે મોક્ષસ્વરૂપ જ છે, તેને શક્તિરૂપ મોક્ષ કહેવાય છે; (સર્વ જીવ છે સિદ્ધસમ; અથવા સિદ્ધસમાન સદા પદ

મેરો....) તે સ્વભાવની સન્મુખ થતાં પર્યાયમાંથી રાગદ્વેષ-મોહરૂપ બંધનનો અભાવ થઈને વીતરાગી મોક્ષદશા પ્રગટે છે તે વ્યક્તિરૂપ મોક્ષ છે. અહીં તેના કારણરૂપ શુદ્ધપર્યાયની વિચારણા છે. મોક્ષના કારણરૂપ જે શુદ્ધપર્યાય છે તેમાં આનંદનું વેદન છે ને રાગનો અભાવ છે, તે ધ્રુવ સ્વભાવને અવલંબનારી છે. જીવને પોતાના અસલી ચિદાનંદ સ્વભાવની કિંમત ભાસે તો તેને રાગાદિ પરભાવોની કિંમત ઊડી જાય, ને બહારના અલ્પ જાણપણાનો મહિમા છૂટી જાય, એટલે તેનાથી વિમુખ થઈને અંતરમાં ચૈતન્યચમત્કારની સન્મુખ થાય. અસ્થિરભાવોમાં દૃષ્ટિ થંભતી નથી, મહિમાવંત એવો પોતાનો સ્થિર સ્વભાવ તેમાં દૃષ્ટિ કરે ત્યાં દૃષ્ટિ થંભે ને પરમઆનંદના વેદનરૂપ દશા પ્રગટે.—આવી દશા તે મોક્ષનું કારણ છે. મોક્ષના આવા માર્ગને અનાદિથી જીવે જાણ્યો નથી.—સાધે તો ક્યાંથી? અંદર પોતાની વસ્તુમાં કેટલી તાકાત ને કેટલો આનંદ ભર્યો છે તેનું માપ કાઢતાં જીવને આવડ્યું નથી.—તે માપ કઈ રીતે નીકળે? અંતર્મુખ જ્ઞાનપર્યાયવડે તેનું માપ નીકળે, વિકલ્પ વડે એનું માપ ન નીકળે. અંદરમાં આનંદની અખૂટ ખાણ ભરી છે તેને અવલંબીને જે ભાવ થાય તે જ પૂર્ણાનંદરૂપ મોક્ષદશાનું કારણ થાય. તેને શુદ્ધઉપાદાનકારણ પણ કહેવાય છે. ત્રિકાળી દ્રવ્યને પણ શુદ્ધઉપાદાન કહેવાય છે, ને તેના આશ્રયે થયેલી શુદ્ધપર્યાયને પણ શુદ્ધ ઉપાદાન કહેવાય છે. અને કોઈવાર પૂર્વ પર્યાયરૂપ વર્તતા દ્રવ્યને ઉત્તર પર્યાયનું ઉપાદાન કહેવાય છે. દ્રવ્યપર્યાયરૂપ વસ્તુમાં જે વખતે જે વિવક્ષા હોય તે સમજવી જોઈએ. દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુને જાણ્યા વગર કાર્ય-સિદ્ધિ થઈ શકે નહિ. પર્યાય વગરનું એકલું ધ્રુવ માનનારને પણ દુઃખ બદલીને આનંદનો અનુભવ પ્રગટવાનું બની શકતું નથી. અને ધ્રુવ વગરની એકલી અવસ્થા માનનારને પણ દુઃખીમાંથી સુખી થવાનું બનતું નથી, કેમકે બીજા સમયે તો તેનું અસ્તિત્વ જ નથી રહેતું—તો સુખી કોણ થાય? માટે દ્રવ્યપર્યાય બંનેરૂપ વસ્તુ છે તેના સ્વીકારથી જ બધી સિદ્ધિ થાય છે. કલ્પના વડે કોઈ જીવ ધર્મના નામે ગમે તેમ વિપરીત માની લ્યે તેથી કાંઈ વસ્તુસ્થિતિ તેવી નથી થઈ જતી, પણ તેના જ્ઞાન-શ્રદ્ધા મિથ્યા થાય છે ને તેથી તે જીવ દુઃખી થાય છે. અરે, આનંદનું ધામ ચૈતન્યવસ્તુ આત્મા....એને દુઃખ કેમ ગમે? ભાઈ! આનંદથી ભરેલા તારા ધ્રુવધામમાં દૃષ્ટિ કરતાં તારી પર્યાય પણ આનંદરૂપ થઈ જશે.—તેને ભગવાન મોક્ષનું કારણ કહે છે.

## મોક્ષમાર્ગમાં સર્વભાવોમાં શુદ્ધદ્રવ્યનું જ અવલંબન છે.

સમ્યગ્દર્શન શુદ્ધપારિણામિક પરમભાવને વિષય કરે છે, તેને શ્રદ્ધામાં લઈને તેમાં અભેદ થાય છે તેનું નામ ભાવના છે. એ જ રીતે સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર પણ તેને

જ અવલંબીને અભેદ થાય છે. આ રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગનું અવલંબન શું?—પોતાનો પરમ સ્વભાવભાવ જ તેનું અવલંબન છે. રાગ કે નિમિત્ત તે કોઈ મોક્ષમાર્ગનું અવલંબન નથી. કલિયુગમાં તો આગમ અને જિનબિંબનો આધાર છે—એ વાત વ્યવહારની છે. ત્રણેકાળે ભગવાન આત્મા ચૈતન્યબિંબ પોતે પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને અવલંબન દેનાર છે.

✍ સમ્યગ્દર્શનપર્યાયને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

✍ સમ્યગ્જ્ઞાનપર્યાયને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

✍ સમ્યક્ચારિત્રને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

✍ ક્ષાયિકભાવને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

✍ ઉપશમભાવને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

✍ સમ્યક્ક્ષયોપશમભાવને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

✍ શુદ્ધપરિણતિરૂપ ભાવનાને દ્રવ્યનું અવલંબન છે, રાગનું અવલંબન નથી.

—આમ મોક્ષમાર્ગના બધા નિર્મળભાવોમાં પોતાના શુદ્ધ આત્મદ્રવ્યોનું જ અવલંબન છે, બીજા કોઈનું અવલંબન તેમાં નથી. અવલંબન લેવું એટલે તેમાં અભેદ થઈને તેને ભાવવું—ધ્યાવવું; તે જ ભાવના છે. આવી અભેદભાવના તે મોક્ષમાર્ગ છે, તેમાં રાગનો વિકલ્પ નથી, આવી જે રાગ વગરની ભાવના છે તે ઉપશમાદિભાવોરૂપ છે. પારિણામિકભાવ પોતે ભાવનારૂપ નથી, પણ ભાવનાના વિષયરૂપ છે. ભાવના કહો, શુદ્ધચૈતન્યપરિણામ કહો. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો, ઉપશમાદિ ભાવ કહો, કે મોક્ષમાર્ગ વગેરે નામ કહો, તે બધા એકપર્યાયને જ લાગુ પડે છે, તે પર્યાયે અંતર્મુખ થઈને પોતાના પરમસ્વભાવનું અવલંબન લીધું છે, તે શુદ્ધાત્મઅભિમુખ થઈ છે. જીવની આવી દશા થાય ત્યારે તે મોક્ષમાર્ગમાં આવ્યો કહેવાય.

## સાધકને શુદ્ધઆત્મા જ સદા મુખ્ય છે

વસ્તુ નિત્ય—અનિત્યસ્વરૂપ છે; નયદ્વારા તેનું જ્ઞાન કરવા માટે અથવા કથન કરવા માટે તેના કોઈ ધર્મોને મુખ્ય—ગૌણ કરવામાં આવે, પણ શુદ્ધઆત્માને સાધવા માટે તો શુદ્ધઆત્માનો સ્વભાવ જ સદાય મુખ્ય છે, તે જ નિશ્ચય છે, તેનું જ અવલંબન છે. શુદ્ધસ્વભાવના જ અવલંબને શુદ્ધતા પ્રગટે છે—માટે તે જ મુખ્ય છે; ને રાગાદિ ભેદોના

અવલંબને શુદ્ધતા થતી નથી માટે તે ગૌણ છે—વ્યવહાર છે. મોક્ષનું કારણ પર્યાય છે, પણ તે પર્યાય પોતે પર્યાય સામે નથી જોતી, તે તો અંતર્મુખ થઈને શુદ્ધ દ્રવ્યને જુએ છે. શુદ્ધ દ્રવ્યની સન્મુખ થઈને તેને દેખનારી પર્યાય મોક્ષકારણરૂપ પરિણમી જાય છે. દ્રવ્યતીતિ દ્રવ્યં અર્થાત્ પોતાની પર્યાયોને દ્રવે તે દ્રવ્ય—એવી વ્યાખ્યા આવે છે તે વસ્તુને લાગુ પડે છે. વસ્તુ પોતાની પર્યાયોને દ્રવે છે. એટલે કે પોતાના પરિણમનસ્વભાવ વડે તે—તે પર્યાયરૂપે પરિણમે છે. દ્રવ્યઅંશની અપેક્ષાએ વસ્તુ અપરિણામી છે ને પર્યાય અંશે અપેક્ષાએ તે પરિણામી છે.—આમ સત્ વસ્તુ બંને અંશોરૂપ છે.

## જૈનધર્મમાં સ્યાદ્વાદની સુગંધ....ને આનંદનું ઝરણું

અહો આ તો જૈનધર્મના સ્યાદ્વાદની સુગંધ છે. શુદ્ધદ્રવ્યની ભાવના વડે શુદ્ધપર્યાય થઈ, એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેય રાગરહિત શુદ્ધ થયા. પરમાત્માની ભાવનારૂપ જે ભાવ છે તેના વડે ચૈતન્ય પરમેશ્વરના દરબારમાં પ્રવેશાય છે; તે ભાવનામાં નિશ્ચયરત્નત્રય સમાઈ જાય છે, પણ રાગનો પ્રવેશ નથી. ભાઈ, તારી મોક્ષપર્યાયનું કારણ દેહાદિ પરમાં તો નહીં, રાગાદિ ઉદયભાવમાં પણ નહીં, ધ્રુવસ્વભાવની સન્મુખ જોયે મોક્ષમાર્ગ પ્રગટે છતાં ધ્રુવસ્વભાવ પોતે મોક્ષના કારણરૂપ થતો નથી, મોક્ષના કારણરૂપ ભાવનાપરિણતિ છે. ઉત્પાદ-વિનાશ વગરનો, બંધ-મોક્ષ વગરનો, પરમ આનંદથી ભરેલો જે સહજ પારિણામિકપરમભાવ છે તેમાં પર્યાય એકાકાર થતાં અતીન્દ્રિય આનંદનું ઝરણું વહે છે. આવા નિજસ્વરૂપને ભાવવું—અનુભવવું—તેમાં પરિણમવું તે મોક્ષની સાચી ભાવના છે. આવી ભાવના વડે ભવનો અભાવ થાય છે.

## મોક્ષના કારણરૂપ ભાવના પરિણતિ.....તેમાં ત્રણ ભાવ

મોક્ષના કારણરૂપ આ ભાવના પરિણતિ ચોથા ગુણસ્થાનથી શરૂ કરીને બારમા ગુણસ્થાન સુધી હોય છે; પછી કેવળજ્ઞાન તે તો ભાવનાનું ફળ છે. સમ્યક્ત્વ ચોથાથી સાતમા ગુણસ્થાન સુધી ઔપશમિક-ક્ષાયોપશમિક-ક્ષાયિક ત્રણમાંથી કોઈપણ પ્રકારનું હોય છે; પછી શ્રેણીમાં ક્ષાયોપશમિકસમ્યક્ત્વ નથી હોતું, ઉપશમ કે ક્ષાયિક જ હોય છે. કોઈ જીવને ઉપશમસમ્યક્ત્વ સહિત ઉપશમ શ્રેણી હોય છે, ને કોઈ જીવને ક્ષાયિકસમ્યક્ત્વ સહિત ઉપશમશ્રેણી હોય છે; પણ ક્ષપકશ્રેણી તો નિયમથી ક્ષાયિકસમ્યક્ત્વસહિત જ હોય છે. ધર્મીનું જ્ઞાન તો ચોથેથી બારમા ગુણસ્થાન સુધી ક્ષાયોપશમિકભાવે જ હોય છે, પછી કેવળજ્ઞાન થાય છે. તે ક્ષાયિકભાવરૂપ છે. કેવળજ્ઞાન થયા પછી ભાવના કરવાનું કે એક તરફ ઢળવાનું રહેતું નથી.

## —આવા આત્માને લક્ષમાં લઈને તેની ભાવના કર

અરે જીવ! તારા આવા ઉત્તમ તત્ત્વની ભાવના તો કર. આવા તત્ત્વના અનુભવની તો શી વાત!—એના વિચાર કે તોપણ શરીર ને રોગ બધું ભૂલાઈ જાય તેવું છે. શરીરની સંભાળ (મમતા) આડે આત્માને ભૂલી રહ્યો છો, તેને બદલે શરીરને ભૂલીને આત્માની સંભાળ કર ને! શરીર ક્યાં તારું સાચવ્યું સચવાય છે? તું ગમે તેટલી એની સંભાળ કર છતાં એ તો એના કાળે છૂટી જવાનું છે. તેની મમતા કરીને મફતનો તું દુઃખી થઈશ. ક્યાં મૃતકકલેવર શરીર, ને કયાં આનંદથી ભરેલો આત્મા! બંને જરાક એકક્ષેત્રે રહ્યા ત્યાં તો આત્મા પોતાને ભૂલીને શરીરરૂપે જ માની બેઠો. બાપુ! તું શરીર નથી, તું તો અરૂપી આનંદઘન છો....જાણનારો જાગતો જીવ તે જ તું છો.—આવા આત્માને લક્ષમાં લે.

આત્મતત્ત્વ દેહાદિથી તો સદાકાળ ભિન્ન છે; રાગથી પણ તેનું સ્વરૂપ ભિન્ન છે. હવે અભેદથી જુઓ તો નિર્મળપર્યાયરૂપ પરિણમેલો શુદ્ધઆત્મા મોક્ષનું કારણ છે, ને ભેદથી જુઓ તો નિર્મળપર્યાય મોક્ષનું કારણ છે. પોતામાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે વાત છે. સત્‌ના આશ્રયે પરિણમેલી પર્યાય પણ સત્‌માં સમાય છે. દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સત્ છે. ધ્રુવધામને અવલંબીને પરિણમતી પર્યાય તે મોક્ષમાર્ગ છે. અભેદપણે શુદ્ધદ્રવ્યને પણ મોક્ષનું કારણ કહેવાય છે કેમ કે તેમાં એકાકાર થઈને મોક્ષપર્યાય પરિણમે છે. એક પર્યાયમાંથી બીજી પર્યાય આવતી નથી, તેથી પર્યાયનું કારણ પૂર્વ પર્યાય કહેવું તે પણ વ્યવહાર છે—ભેદ છે. તે-તે સમયના દ્રવ્ય-પર્યાય પોતાથી સત્ છે.

અત્યારે પર્યાયમાં કારણ-કાર્યપણું બતાવવું છે; ને ધ્રુવમાં કારણ-કાર્યપણું નથી તેથી તેને 'અક્રિય' કહેશે. પર્યાય અને ધ્રુવ બંને સત્‌ના અંશ છે. જેમ ધ્રુવ સત્ છે તેમ પર્યાય પણ સત્ છે. દ્રવ્ય-પર્યાય બંને વસ્તુસ્વરૂપ છે, વસ્તુ પોતે દ્રવ્ય-પર્યાયરૂપ છે. આવા બંને સ્વભાવરૂપ અનેકાંતવસ્તુને સ્યાદ્વાદથી જાણતાં શાસ્ત્રોનો પાર પમાય છે એટલે કે સમ્યગ્જ્ઞાન થાય છે.

## મોક્ષના કારણ ત્રણ ભાવ : રાગ તેનાથી બહાર
## ચોથા ગુણસ્થાનથી તેની શરૂઆત

આત્માના પાંચ ભાવોમાં ક્યા ભાવો મોક્ષનું કારણ છે તેનું આ વર્ણન ચાલે છે. સ્વભાવની ભાવનાથી પ્રગટેલા ઔપશમિકાદિ ત્રણ ભાવો મોક્ષનું કારણ છે, ને તે ત્રણે ભાવો રાગરહિત છે. એટલે રાગને (ઔદયિકભાવને) મોક્ષકારણમાં ન લેવો; આ રીતે અસ્તિ-નાસ્તિરૂપ અનેકાંતથી મોક્ષમાર્ગનું સ્વરૂપ સ્પષ્ટ કર્યું. આવા મોક્ષમાર્ગની શરૂઆત

ચોથા ગુણસ્થાનમાં થઈ ગઈ છે. રાગરહિત એવા ઉપશમાદિ ભાવ, એટલે કે શુદ્ધઆત્માનું અવલંબન ચોથા ગુણસ્થાનથી શરૂ થઈ જાય છે. જેટલું શુદ્ધ આત્માનું અવલંબન તેટલી શુદ્ધતા છે, ને તે શુદ્ધતાનાં જ ઉપશમાદિ નામો છે, ઉદયભાવો તેનાથી બહાર છે. જેટલું શુદ્ધપરિણમન થયું તેમાં તો રાગ છે જ નહિ. તે કાળે જે રાગ હોય તે શુદ્ધજ્ઞાનથી જુદાપણે છે, એકપણે નહીં. ચોથા ગુણસ્થાને પણ શુદ્ધાત્માને અવલંબીને સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સ્વરૂપાચરણ થયું છે તે તો રાગરહિત જ છે.

## 'ત્યાં રાગ છે તો ખરો ?'

—તે કાળે રાગ હો તેથી શું? આખી દુનિયા છે, પણ તેનાથી જ્ઞાન જુદું છે, જ્ઞાન તેને કરતું નથી, તેમ રાગનેય જ્ઞાન કરતું નથી, ભોગવતું નથી, જાણે જ છે, માટે સમ્યગ્દૃષ્ટિના સમ્યક્ત્વાદિ જે નિર્મળ ભાવો છે તે તો રાગથી મુક્ત જ છે, જુદા જ છે. આત્મા પરથી તો જુદો હતો જ, ને સ્વસન્મુખ પરિણતિ થતાં તે રાગથી પણ જુદો થયો. રાગ રાગમાં છે પણ રાગ જ્ઞાનમાં નથી, કેમ કે જ્ઞાને રાગને પકડ્યો નથી; જ્ઞાનમાં રાગ જણાતાં 'આ રાગ હું' એવું વેદન જ્ઞાનમાં નથી થતું, પણ 'હું જ્ઞાન છું' એમ જ્ઞાન તો પોતાને જ્ઞાનપણે જ વેદે છે. આવા જ્ઞાનવેદનની સાથે આનંદ છે, પણ રાગ તેમાં નથી.

## સમ્યગ્દૃષ્ટિની સંપદા

અરે જીવ! મોક્ષના કારણરૂપ તારી નિર્મળપર્યાય કેવી હોય તેને ઓળખ તો ખરો! તારી મોક્ષસંપદાને ઓળખીશ તો તેવી દશા પ્રગટ થશે. મોક્ષના કારણરૂપ તે પર્યાય પરભાવોથી તો શૂન્ય છે, ને પોતાના શુદ્ધસ્વભાવને જ અવલંબનારી છે. અંતરમાં ઝુકેલી તે પર્યાય જગતના પદાર્થોથી જુદી, દેહથી જુદી, વચનથી જુદી, કર્મોથી જુદી, ને રાગાદિ ભાવકર્મોથી પણ જુદી છે; પણ તે જ્ઞાનથી ભરપૂર, શ્રદ્ધાથી ભરપૂર, એમ અનંત નિજભાવોથી ભરપૂર છે. સમ્યગ્દૃષ્ટિની સંપદા કોઈ અનેરી છે. એની ચૈતન્યસંપદા પાસે જગતની કોઈ સંપદાની કિંમત નથી. જગતની જડ-સંપદાઓને ધર્માત્મા પોતાની માનતા નથી. નિજસંપદાથી ભરપૂર જે ચૈતન્ય સ્વભાવ, તેના આશ્રયે પર્યાયમાં રત્નત્રયાદિ નિર્મળ સંપદા પ્રગટે છે, ને તેના વડે સિદ્ધપદ પમાય છે. આ સિવાય પુણ્યની સંપદાવડે સિદ્ધપદ પામી શકાતું નથી.

## મોક્ષના સાધનરૂપ ભાવના—તે શુદ્ધ છે, રાગવાળી નથી

પોતાના આત્માને શુદ્ધપણે ભાવતાં શુદ્ધતા પ્રગટે છે : (જે શુદ્ધ જાણે આત્માને તે

શુદ્ધ આત્મા જ મેળવે.) સમકિતીએ નિર્વિકલ્પધ્યાનમાં પોતાના આત્માને શુદ્ધપણે ધ્યાવ્યો ત્યારે સમ્યગ્દર્શન થયું. શ્રાવકને સામાયિકના પ્રયોગમાં અનેકવાર શુદ્ધોપયોગરૂપ નિર્વિકલ્પ અનુભૂતિ થાયછે. અધ્રુવ–અશરણ વગેરે જે બાર વૈરાગ્ય અનુપ્રેક્ષા છે તેમાં પણ ખરેખર ધ્રુવસ્વભાવને ભાવવાની મુખ્યતા છે. શરીરાદિને અધ્રુવ ચિંતવીને જો ચિદાનંદ ધ્રુવસ્વભાવ તરફ ઝુકે તો જ સાચી વૈરાગ્યભાવના કહેવાય. એકલા શરીર સામે જોઈને 'આ અધ્રુવ છે' એમ ચિંતવ્યા કરે, તે તો વિકલ્પ છે, તે કાંઈ મોક્ષના કારણરૂપ ભાવના નથી. મોક્ષના કારણરૂપ ભાવના તે તો શુદ્ધસ્વભાવ તરફ ઝુકેલી, રાગ વગરની પરિણતિ છે તે પરિણતિ ઉપશમાદિ ત્રણ ભાવોરૂપ છે. 'મને સમ્યગ્દર્શન હજો, મને મુનિદશા હજો....' એવા વિચારરૂપ ભાવના છે કે તેમાં શુભરાગ છે, તેની અહી વાત નથી; આ તો શુદ્ધભાવરૂપ જે ભવન થયું તેનું નામ ભાવના છે. શુદ્ધસ્વભાવ તરફ પરિણમતાં ઉપશમાદિભાવરૂપ સાક્ષાત્ શુદ્ધ પરિણતિ થઈ તે જ ભાવના, અને તે જ મોક્ષમાર્ગ; તે સમસ્ત રાગાદિ રહિત છે. આવો વીતરાગભાવ ચોથે ગુણસ્થાને શરૂ થાય છે. અને ત્યારે તે જીવ ભગવાનના માર્ગમાં આવ્યો કહેવાય.–'આવો માર્ગ વીતરાગનો....વીતરાગના પંથ રાગથી અનેરા છે, ચોથા ગુણસ્થાને શુદ્ધતાનો જે નાનામાં નાનો અંશ તેમાં પણ રાગનો અભાવ જ છે. શુદ્ધતામાં રાગ નહિ, ને રાગમાં શુદ્ધતા નહિ; બંનેની જાત જુદી. સમ્યગ્દષ્ટિને દ્રવ્યમાં રાગ નથી, ગુણમાં રાગ નથી, ને જે નિર્મળ પર્યાય થઈ તેમાં પણ રાગ નથી. આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે રાગરહિત શુદ્ધપણે વર્તે છે. એની દૃષ્ટિમાં દ્રવ્ય-ગુણ-પર્યાય એવા ત્રણ ભેદ પણ નથી, તે તો અભેદને અનુભવે છે; ભાવનામાં ભેદનું અવલંબન નથી, અભેદને ભાવતાં (અનુભવતાં) શુદ્ધતાનું પરિણમન થયા કરે છે, આવી શુદ્ધતાની પૂર્ણતા તે મોક્ષ; અને અંશે શુદ્ધતા તે મોક્ષમાર્ગ. (મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા; તે પામે તે પંથ.) કારણ-કાર્ય એક જાતનાં હોય; શુદ્ધ કારણને અનુસરીને જ શુદ્ધ કાર્ય થાય. શુભરાગ કારણ થઈને તો અશુદ્ધ કાર્યને કરે, પણ તે કાંઈ શુદ્ધ કાર્યને ન કરે. શુદ્ધકાર્યનું કારણ તો શુદ્ધ હોય એટલે રાગ વગરનું હોય. હજી તો શુભરાગ મોક્ષનું કારણ નથી ત્યાં અજ્ઞાની જડની ક્રિયાઓને મોક્ષનું કારણ માને છે–તે વાત તો ક્યાં રહી?–એ તો ગઈ મિથ્યાત્વમાં! સાધકને સમયસમયની પર્યાય સ્વાશ્રયે જેટલી શુદ્ધઉપાદાનરૂપ પરિણમી છે તેટલું મોક્ષનું કારણ છે. શુદ્ધદ્રવ્ય કે જે ધ્રુવસ્વભાવરૂપ છે તે મોક્ષનું કારણ નથી થતું. તેમ જ તે શુદ્ધદ્રવ્યથી વિમુખ વર્તતા ભાવો પણ મોક્ષનું કારણ નથી થતા; શુદ્ધદ્રવ્યની સન્મુખ વર્તતા નિર્મળભાવો જ મોક્ષનું કારણ થાય છે–એમ સિદ્ધ કરવા અહીં પર્યાયમાં કારણ-કાર્ય બતાવ્યા છે. બાકી તો તે-તે સમયની પર્યાય શુદ્ધદ્રવ્યને અવલંબીને પોતે શુદ્ધપણે પ્રગટે છે, પૂર્વપર્યાયમાંથી તે નથી આવતી, પણ પૂર્વે આટલી શુદ્ધિપૂર્વક જ પૂર્ણ શુદ્ધતા

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



થાય છે તેથી તેમનામાં કારણ-કાર્યપણું રહ્યું; અને તેનાથી વિરુદ્ધભાવોનો નિષેધ કર્યો.— આ રીતે મોક્ષને સાધવા માટે સાચું કારણ શું છે? ક્યા ભાવથી મોક્ષ સધાય છે? તે ઓળખાવ્યું છે.

ત્રિકાળીભાવરૂપ ધ્રુવદ્રવ્ય જો મોક્ષનું કારણ હોય તો મોક્ષદશારૂપ કાર્ય પણ સદા હોવું જોઈએ, કેમકે દ્રવ્ય તો સદાય છે,—પણ મોક્ષકાર્ય તો સદાય નથી, એ તો નવું પ્રગટે છે, માટે તેનું કારણ દ્રવ્ય નથી પણ પર્યાય છે. સ્વભાવ સદાય શુદ્ધ છે—એનું ભાન કરીને પર્યાયે જ્યારે તેનું અવલંબન લીધું ત્યારે તે પર્યાય શુદ્ધ થઈને તે જ મોક્ષનું કારણ થઈ. આ રીતે દ્રવ્ય અંશ ને પર્યાય અંશરૂપ સ્વતઃસિદ્ધ વસ્તુ છે. તેમાં અભેદપણે દ્રવ્યને શુદ્ધતાનું કારણ કહેવાય કેમ કે પર્યાય તેને અવલંબીને શુદ્ધ થઈ છે. તેને નિમિત્તનું કે રાગનું અવલંબન નથી.

## પરમેશ્વરના દરબારમાં પેસવાની વાત

પરમેશ્વરના દરબારમાં પેસવાની આ વાત છે. પરમેશ્વરના દરબારમાં જે પેઠો તેને કેવા ભાવો હોય છે—તેની અહીં ઓળખાણ કરાવી છે, ને તે ભાવો કેમ પ્રગટે તે પણ બતાવ્યું છે. આ આત્મા પોતે ત્રણલોકનો નાથ ચૈતન્યપરમેશ્વર છે—તેની શક્તિમાં અનંત પરમાત્મવૈભવ ભર્યો છે, એમાંથી અનંતી સિદ્ધદશા પ્રગટવાની તાકાત છે, આવા આત્મસ્વભાવરૂપ નિજ પરમાત્મા તેની સન્મુખ થતાં ઔપશમિકાદિ ત્રણ નિર્મળભાવો પ્રગટે છે તે મોક્ષનું કારણ છે—એમ જાણવું.

(આ રીતે આત્માના પાંચ ભાવોમાંથી મોક્ષનું કારણ બતાવ્યું,
હવે જે મોક્ષનું કારણ બતાવ્યું તે મોક્ષ શક્તિરૂપ
છે કે વ્યક્તિરૂપ ? તે સંબંધી ખુલાસો કરે છે.)

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# શક્તિરૂપ મોક્ષ....અને....વ્યક્તિરૂપ મોક્ષ

જે શક્તિરૂપ મોક્ષ છે તે તો શુદ્ધપારિણામિક છે, પ્રથમથી જ વિદ્યમાન છે. આ તો વ્યક્તિરૂપ મોક્ષનો વિચાર ચાલે છે.

આત્માના આ પાંચ ભાવોમાં તો અલૌકિક સ્પષ્ટતા આવી જાય છે. આત્મામાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ કે જે શક્તિરૂપ છે. તેમાં અશુદ્ધતા નથી, તે તો સદાય શુદ્ધ છે એટલે મુક્તસ્વરૂપ જ છે; તે પારિણામિકભાવે છે, તે તો પહેલેથી એવું છે, તેમાં કાંઈ નવું કરવાપણું નથી. નવું કરવાપણું તો પર્યાયમાં છે એટલે કે વ્યક્તિરૂપ મોક્ષ નવો થાય છે; એટલે કારણ પણ તે વ્યક્તિરૂપ મોક્ષમાં હોય છે, શક્તિમાં કોઈ કારણ નથી, કેમકે તે કાર્યરૂપ નથી.

રાગ-દ્વેષ અને કર્મબંધન, તથા તેના અભાવરૂપ વીતરાગતા ને મોક્ષ, તે પર્યાયમાં થાય છે. શક્તિરૂપ મોક્ષ પારિણામિકભાવે ત્રિકાળ છે ને વ્યક્તિરૂપ મોક્ષ ક્ષાયિકભાવે સાદિ-અનંત છે (—એક જીવની અપેક્ષાએ સાદિઅનંત સમજવું.) શક્તિ પોતે જો અશુદ્ધ હોય તો આત્માની શુદ્ધતા કદી થઈ જ ન શકે. પર્યાયમાં પણ અશુદ્ધતા જો ન હોય તો તેને ટાળીને મોક્ષનો ઉપાય કરવાનું રહેતું નથી. પર્યાયમાં અશુદ્ધતા છે, ને તે ટાળીને મોક્ષદશા પ્રગટ કરવાની છે; તે કેમ પ્રગટે? કે દ્રવ્યમાં શકતિરૂપ મોક્ષસ્વભાવ વિદ્યમાન છે તેનું ભાન કરતાં પર્યાયમાં તેવી મોક્ષદશા વ્યક્ત થાય છે.

## ચૈતન્યખજાના....અને મોક્ષના વાજાં

શક્તિ એટલે દ્રવ્યનો મૂળ સ્વભાવ; અને વ્યક્તિ એટલે પર્યાય; ચાર ભાવો વ્યક્તિરૂપ છે, ને પારિણામિકભાવ શક્તિરૂપ છે. વસ્તુમાં ત્રણેકાળે પરિણમન છે પણ તે પર્યાય અપેક્ષાએ છે. બંધ-મોક્ષસંબંધી કારણ-કાર્ય પર્યાયમાં છે; દ્રવ્યમાં નથી ને પરમાં પણ નથી. આત્માના ક્યા ભાવો બંધ-મોક્ષનાં કારણ છે તે સમજ્યા વગર ક્યા ભાવને છોડવા ને ક્યા ભાવવે સેવવા? તેની ખબર પડે નહિ. સત્ય-વીતરાગમાર્ગમાં ત્રણ ભાવો મોક્ષનાં કારણ છે. આવો સત્યમાર્ગ જેને સમજવામાં પણ ન આવે તે સત્યના રસ્તે કઈ રીતે ગતિ કરશે? આત્માનો કાયમી સ્વભાવ અને તેના આશ્રયે થતો મોક્ષમાર્ગ સમજાવીને

આચાર્ય ભગવંતોએ જ્ઞાનના ખજાના ખોલી દીધા છે : હે ભાઈ! લે...લે! તારા ચૈતન્યખજાના તું લે. તારા આ ખજાનામાં ક્યાં ખોટ છે! અંદર ઊતરીને તેમાંથી જોઈએ તેટલું લે...સમ્યગ્દર્શન લે, સમ્યગ્જ્ઞાન લે, મુનિદશા લે, કેવળજ્ઞાન લે....સદાકાળ એમાંથી પૂર્ણ જ્ઞાન ને આનંદ લીધા જ કર; પણ તારા ખજાના ખૂટે તેમ નથી. તારો આત્મા મોક્ષના ખજાનાથી ભરપૂર છે—'તું છો મોક્ષસ્વરૂપ.' આવા સ્વભાવને અનુભવમાં લીધો ત્યાં મોક્ષદશા થતાં શી વાર! ને ત્યાં મોક્ષનો સંદેહ શો? એને તો સ્વભાવમાંથી મોક્ષદશા થવાના નિઃશંકત ભણકાર આવી ગયા....સમ્યગ્દર્શન થતાં જ મોક્ષનાં વાજાં વાગી ગયા. આત્મામાં શક્તિરૂપ મોક્ષ જેણે દેખ્યો તેને વ્યક્તિરૂપ મોક્ષ થયા વગર રહે નહિ.

## બંધન અને મોક્ષ પર્યાયમાં છે, દ્રવ્યમાં નહિ

જુઓ, આ અંદરની વાત છે; અંદરની એટલે પોતાના સ્વભાવની આ વાત છે. આત્માનો શુદ્ધસ્વભાવ તે જ અંતર્તત્વ છે, રાગાદિક તો બહિર્તત્ત્વ છે; ને શરીર તો ક્યાંય રહ્યું! રાગાદિ ઔદયિકભાવ તે ઔપશમિકાદિભાવોનું કારણ નથી; બંધભાવ તે મોક્ષભાવનું કારણ નથી. અહીં કહે છે કે આવા બંધ અને મોક્ષ તે પર્યાયમાં છે. દ્રવ્ય અપેક્ષાએ જુઓ તો તેને બંધ-મોક્ષ નથી. જે બંધાયો હોય ને પછી છૂટે, તેને તો એમ કહેવાય કે તમે છૂટ્યા—તમે મુક્ત થયા; પણ જે કદી જેલના બંધનમાં બંધાયો નથી તેને દેખીને એમ કેમ કહી શકાય? કે તમે બંધનમાંથી છૂટ્યા!—એ તો છૂટો હતો જ. તેમ પર્યાયમાં જીવને બંધન છે—અશુદ્ધતા છે, એટલે પર્યાયમાં શુદ્ધતા અને મુક્તિ થતાં પર્યાય અપેક્ષાએ એમ કહી શકાય કે તમે બંધનમાંથી છૂટ્યા. પણ દ્રવ્ય તો કદી બંધાયું જ નથી. એટલે દ્રવ્ય મુક્ત થયું—એમ કહેતા નથી; એ તો મુક્તસ્વરૂપ છે જ. જે બંધાયું હોય તે છૂટે; જે બંધાયું જ નથી તેને છૂટવાપણું પણ નથી. એટલે આત્મદ્રવ્યમાં શક્તિરૂપ મોક્ષ છે, ને પર્યાયમાં વ્યક્તિરૂપ મોક્ષ થાય છે. આવું દ્રવ્ય-પર્યાયનું સ્વરૂપ છે.

શુદ્ધદ્રવ્યને દેખનારી દૃષ્ટિ અનંત જ્ઞાનઆનંદથી ભરપૂર પોતાના મુક્ત સ્વરૂપને જ દેખે છે. બંધન અને મોક્ષ એવા પર્યાયભેદ તેમાં દેખાતા નથી. પારિણામિકપરમભાવ જેવો સિદ્ધને છે તેવો જ અત્યારે દરેક જીવમાં છે; ફેર છે તે પર્યાયમાં છે. તે પર્યાયનું લક્ષ ગૌણ કરીને ધ્રુવદ્રવ્યસ્વભાવને જોતાં આત્મા અબદ્ધ છે—મુક્તસ્વરૂપ છે—શુદ્ધ છે. પર્યાયમાં મુક્તદશા પ્રગટ કરવા માટે તારા આવા સ્વભાવની સન્મુખ થા.

સર્વજ્ઞદેવે કેવળજ્ઞાન-કળા વડે ત્રણકાળ ત્રણ લોકને એક સમયમાં જાણ્યાં; ને વાણી દ્વારા વસ્તુસ્વરૂપ કહેવાયું. તેમણે શક્તિરૂપે તો દરેક જીવને મુકતસ્વરૂપ જોયા છે, ને

પર્યાયમાં મોક્ષ થવાવા કારણ તરીકે ઉપશમાદિ ત્રણ ભાવો જોયા છે. તે ભાવવડે વ્યક્તિરૂપ મોક્ષ નવો થાય છે, શક્તિરૂપ મોક્ષ ત્રિકાળછે. પર્યાયમાં મિથ્યાત્વ હો કે સમ્યક્ત્વ હો, બંધન હો કે મુક્તિ હો, પણ દ્રવ્યસ્વભાવનું સામર્થ્ય તો બધી દશા વખતે મુક્તસ્વરૂપ જ છે, તેને બંધન નથી—આવરણ નથી—અશુદ્ધતા નથી—અધૂરાશ નથી. આવા નિજસ્વભાવનું (ભૂતાર્થસ્વભાવનું) ભાન કરનારને પર્યાયમાં પણ બંધન ટળીને પૂર્ણ શુદ્ધ મોક્ષદશા થવા માંડે છે. આનું નામ ધર્મ, ને આ મોક્ષમાર્ગ.

## સંતોએ સત્ પ્રસિદ્ધ કર્યું છે

આત્મા દેહથી ભિન્ન સ્વતંત્ર વસ્તુ છે; તે વસ્તુ પોતાના અનંત સ્વભાવોથી ભરેલી છે. તેમાં એક દ્રવ્યસ્વભાવ, બીજો પર્યાયસ્વભાવ. ધ્રુવરૂપ દ્રવ્યસ્વભાવ તેમાં રાગાદિ બંધન ન હોય ને છૂટવાપણું પણ ન હોય, એ તો સ્વરૂપથી મુક્ત જ છે. દુઃખ અને બંધન તો અવસ્થામાં છે, તેને ટાળીને આનંદદશારૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે, ને પછી પૂર્ણ આનંદદશારૂપ મોક્ષઅવસ્થા પ્રગટે છે—આવી બંધ-મોક્ષરૂપ અવસ્થાઓ પણ આત્મામાં થાય છે. ઘણા લોકો અવસ્થા માનતા જ નથી; અવસ્થા માનશું તો આત્મા અનિત્ય થઈ જશે—એવી બીકને લીધે એકાંત નિત્યતા જ માને છે. વસ્તુના સ્વરૂપમાં અવસ્થા છે. છતાં તેને માનતા નથી; તેથી દ્રવ્ય-પર્યાયરૂપ સત્વસ્તુ જેવી છે તેવી અહીં સંતોએ પ્રસિદ્ધ કરી છે.

વસ્તુમાં અવસ્થાયી દ્રવ્ય તો ત્રિકાળ, ને અવસ્થા વર્તમાનપૂરતી; ત્રિકાળ અવસ્થાયી દ્રવ્ય તો મુકતસ્વરૂપ છે; ને અવસ્થામાં રાગાદિની રુચિ છોડીને જ્ઞાનાનંદસ્વરૂપની સન્મુખ થઈને તેની રુચિ-શ્રદ્ધા-સ્વસંવેદન કરતાં નિર્મળદશા થાય તે આત્માની મુક્તદશારૂપ કાર્યનું કારણ છે. ધ્રુવ તે કારણ નથી, કેમકે ધ્રુવમાં ક્રિયા નથી—પલટો નથી, પલટવારૂપ ક્રિયા પર્યાયમાં છે. પર્યાયમાં વિકાર તે સંસાર; તેનો અભાવ થઈને પર્યાયમાં શુદ્ધતા તેનું નામ મુક્તિ; તે કાંઈ બહારમાં નથી ને તેનું કારણ પણ બહારમાં નથી. એક આત્મવસ્તુમાં આ બધું સમાય છે. આવી વસ્તુનું જ્ઞાન તે સત્નું જ્ઞાન છે; સંતોએ તેની પ્રસિદ્ધિ કરી છે.

## જ્ઞાનચક્ષુ વડે નજરમાં આવે તેવી વસ્તુ છે.

આત્મવસ્તુ નજરમાં આવી શકે તેવી છે; પણ પોતે નજર કરતો નથી; બહારમાં નજર કરે પછી અંદરની વસ્તુ ક્યાંથી દેખાય? અંદરમાં નજર કરે તો દેખાય ને! એક વસ્તુ હોય એક ઠેકાણે ને શોધે બીજે ઠેકાણે,—તો ક્યાંથી મળે? જ્યાં હોય ત્યાં શોધે તો

મળે, તેમ આત્માને આત્મામાં શોધે તો મળે, પણ દેહની ક્રિયામાં કે રાગમાં તે ન મળે.

કોઈ કહે : અમે અંદર આંખ મીચીને જોઈએ છીએ પણ તે દેખાતો નથી. અંધારું દેખાય છે !

—પણ ભાઈ! બહારનાં ચક્ષુ બંધ કરીને અંદરનાં જ્ઞાનચક્ષુનો ખોલ અર્થાત્ ભાવશ્રુત-ચક્ષુને અંદરમાં વાળ, તો આત્મા દેખાય. 'અંધારું દેખાય છે?'—તો તે અંધારાને દેખનારો કોણ છે? અંધકારનો દૃષ્ટા પોતે અંધારારૂપ નથી, અંધારાને દેખનાર તે તો અંધારા વિનાનો જાગૃત ચૈતન્યસત્તારૂપ છે. અંધારું અંધારાને નથી જાણતું; જાણનારો અંધારાને જાણે છે કે 'આ અંધારું છે' પણ 'હું અંધારું છું' એમ નથી જાણતો. 'હું તો ચૈતન્ય છું'—આમ પોતે પોતાના ચૈતન્યસ્વભાવને દેખે તો તે જણાય એવો છે. જે વસ્તુ 'છે' અને જેને જ્ઞાન થઈ શકે છે તેનો આ ઉપદેશ છે. (સત્પ્રરૂપણા છે); પદાર્થ સત્ છે, તેનું આ કથન છે ને તેવું સત્ જ્ઞાન થઈ શકે છે. સત્ જેવું છે તેવું જ્ઞાન કરતાં મુક્તદશા પ્રગટે છે. આ વ્યક્તિરૂપ મોક્ષ છે; ને શક્તિરૂપ મોક્ષ ત્રિકાળ દ્રવ્યરૂપ પારિણામિકભાવે છે.

(આ રીતે શક્તિરૂપ ને વ્યક્તિરૂપ મોક્ષની વાત કરી; હવે દ્રવ્ય અને પર્યાયમાં અથવા પાંચ ભાવોમાં અક્રિયપણું ને સક્રિયપણું ક્યા પ્રકારે છે—તે કહે છે.)

સહજ ચિદાનંદ.

ધર્માત્માને પોતાનો રત્નત્રયસ્વરૂપ આત્મા જ પરમપ્રિય છે, સંસાર સંબંધી બીજું કાંઈ પ્રિય નથી. જેમ ગાયને પોતાના વાછરડા પ્રત્યે અને બાળકને પોતાની માતા પ્રત્યે કેવો પ્રેમ હોય છે, તેમ ધર્મીને પોતાના રત્નત્રયસ્વભાવરૂપ મોક્ષમાર્ગ પ્રત્યે અભેદબુદ્ધિથી પરમ વાત્સલ્ય હોય છે. પોતાને રત્નત્રયધર્મમાં પરમ વાત્સલ્ય હોવાથી બીજા રત્નત્રય-ધર્મધારક જીવો પ્રત્યે પણ તેને વાત્સલ્યનો ઊભરો આવ્યા વિના રહેતો નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રીનાં વચનનામૃત બોલ નં. ૨૧૬

# નિષ્ક્રિયભાવ અને સક્રિયભાવ

સિદ્ધાન્તમાં કહ્યું છે કે 'निष्क्रियः शुद्धपारिणामिकः' અર્થાત્ શુદ્ધ પારિણામિકભાવ નિષ્ક્રિય છે. નિષ્ક્રિયનો શો અર્થ છે? બંધના કારણભૂત જે ક્રિયા (અર્થાત્ રાગાદિ પરિણતિ) તે-રૂપ નથી; અને મોક્ષના કારણભૂત જે ક્રિયા (અર્થાત્ શુદ્ધભાવના-પરિણતિ) તે-રૂપ પણ નથી.-આ અપેક્ષાએ પારિણામિકભાવને નિષ્ક્રિય કહ્યો છે.

क्रिया पर्याय की फेरनी એટલે કે જેમાં ઉત્પાદ-વ્યયરૂપ પરિણમન થાય, અથવા બંધ-મોક્ષનું કારણ થાય તેનું નામ ક્રિયા છે. હવે શુદ્ધપારિણામિકભાવમાં તો ઉત્પાદ-વ્યય નથી, કે બંધ-મોક્ષના કારણરૂપ પરિણમન તેમાં નથી તેથી તે નિષ્ક્રિય છે. બંધનું કારણ થાય તે અશુદ્ધક્રિયા છે, મોક્ષનું કારણ થાય તે શુદ્ધક્રિયા છે; બંધના કારણરૂપ અશુદ્ધક્રિયા તે ઔદયિકભાવ છે, મોક્ષના કારણરૂપ શુદ્ધક્રિયા તે ઔપશમિકાદિ ત્રણ ભાવરૂપ છે; ને પારિણામિકભાવ ક્રિયા વગરનો છે. 'મોક્ષમાર્ગ સાધવો તે વ્યવહાર છે ને અક્રિયરૂપ દ્રવ્ય તે નિશ્ચય છે' એમ પં. બનારસીદાસજીએ પરમાર્થવચનિકામાં કહ્યું છે તેમાં પણ આવો જ ધ્વનિ છે. 'निष्क्रियः शुद्धपारिणामिकः' આ સિદ્ધાંતનું વાક્ય છે-એમ અહીં (ટીકામાં) કહ્યું છે, પણ તે સૂત્ર શેમાં આવે છે તેનો ઉલ્લેખ નથી. મોક્ષમાર્ગ સાધવામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ પર્યાયની શુદ્ધિના અનેક પ્રકારો પડે છે, તેને વ્યવહાર કહ્યો અને તે ક્રિયારૂપ છે; દ્રવ્યસ્વરૂપ સદા એકરૂપ રહેનારો છે, તેને નિશ્ચય કહ્યો, ને તે અક્રિય છે. અધ્યાત્મશૈલીમાં રાગાદિને આત્માના વ્યવહાર તરીકે ન લીધા પણ શુદ્ધપર્યાયને જ વ્યવહાર કહ્યો. પ્રવચનસાર (ગા. ૯૪માં) પણ કહ્યું છે કે અજ્ઞાનીઓ 'અવિચલિત ચેતનાવિલાસમાત્ર આત્મવ્યવહાર'ને જાણતા નથી. તેઓ આત્માની સાચી ચૈતન્યક્રિયાને ઓળખતા નથી ને દેહાદિની ક્રિયાને જ પોતાની માનીને જડ-ચેતનની ભેળસેળ કરી રહ્યા છે. ચેતનાવિલાસ એટલે કે ઔપશમિકાદિ ભાવરૂપ ક્રિયા તે ધર્મીનો વ્યવહાર છે. રાગાદિ વિકલ્પોને આત્માનો સાચો વ્યવહાર નથી કહેતા, ધર્મી તેને સાધતા નથી, ધર્મી તો નિર્મળપર્યાયરૂપ મોક્ષમાર્ગને સાધે છે, એ જ એનો વ્યવહાર છે ને એ જ એની ક્રિયા છે.

## સાચો વ્યવહાર ને સાચી ક્રિયા

ઘણા લોકો પૂછે છે કે તમે વ્યવહારને અને ક્રિયાને માનો છો?

હા, ભાઈ! ધર્માત્માને મોક્ષમાર્ગનો સાચો વ્યવહાર ને સાચી ક્રિયા હોય છે, તે વ્યવહારને અને તે ક્રિયાને ધર્મ માનીએ છીએ, પણ એ તારો માનેલો વ્યવહાર નહિ ને તારી માનેલી ક્રિયા નહીં. અજ્ઞાની તો શરીરની ક્રિયાને ક્રિયા માને છે ને શુભરાગને વ્યવહાર માને છે—પણ એમાંથી એક્કેય મોક્ષમાર્ગમાં નથી, એક્કેય ધર્મ નથી; શરીરની ક્રિયા તો જડ છે ને રાગ તો વિકાર છે; ધર્મી તેને સાધતા નથી, તે ક્રિયાને કે તે રાગને પોતાનો માનતા નથી. ધર્મી તો ચિદાનંદ-સ્વભાવના આશ્રયે મોક્ષમાર્ગને સાધે છે; આ મોક્ષમાર્ગને સાધવારૂપ ક્રિયા તે જ ધર્મની ક્રિયા છે, ને તે જ તેનો વ્યવહાર છે ત્રિકાળ અક્રિય ચિદાનંદસ્વભાવરૂપ દ્રવ્ય તે નિશ્ચય છે. ધર્મીને આવા નિશ્ચય-વ્યવહારની અલૌકિક સંધિ છે. આવા નિશ્ચય-વ્યવહારને સમ્યગ્દષ્ટિ જ જાણે છે.

## બંધની ક્રિયા, મોક્ષની ક્રિયા; અને નિષ્ક્રિયભાવ

શુદ્ધપારિણામિકભાવરૂપ દ્રવ્ય નિષ્ક્રિય છે; તે નિષ્ક્રિય કેમ છે? કારણ કે તે બંધના કારણરૂપ નથી તેમજ મોક્ષના કારણરૂપ પણ નથી, બંધમોક્ષના પરિણામથી રહિત અપરિણામી છે, અપરિણામી હોવાથી નિષ્ક્રિય છે; તે સદાય વીતરાગ વિજ્ઞાનઘન એકરૂપ છે. આવા દ્રવ્યસ્વભાવને ઓળખતાં પર્યાયમાં ધર્મક્રિયા થઈ જાય છે. 'ઓળખવું' પોતે જ ધર્મક્રિયા છે. પરસન્મુખ એવી રાગાદિપરિણતિ તે બંધના કારણરૂપ ક્રિયા છે અને સ્વસન્મુખ શુદ્ધભાવનાપરિણતિ તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે; જેટલા અશુભભાવો છે કે જેટલા શુભભાવો છે તે બધાય રાગભાવો બંધકારણરૂપ ક્રિયામાં સમાય છે, તે કોઈ મોક્ષની ક્રિયામાં નથી આવતા. પર તરફના વલણવાળો ભાવ તે મોક્ષનું કારણ કેમ થાય? એ તો ઔદયિકભાવની ક્રિયા છે. બંધની ક્રિયા છે,—ભલે શુભ હોય. ભગવાન આત્માના સ્વભાવમાં તેનું કારકપણું નથી. અહીં તો નિર્મળપર્યાયરૂપ ક્રિયા કે જે મોક્ષનું કારણ છે—તે પણ ધ્રુવમાં નથી. ધ્રુવભાવમાં પલટવારૂપ ક્રિયા જ નથી, એટલે કે નિર્મળપર્યાયરૂપ ક્રિયા પણ તેમાં નથી, તો પછી રાગાદિ બંધભાવોની ક્રિયાનું કર્તૃત્વ તેનામાં ક્યાંથી હોય? તેનું કર્તૃત્વ ધ્રુવમાં તો નથી ને ધ્રુવસ્વભાવ તરફ વળેલી પર્યાયમાં પણ તે રાગક્રિયાનું કર્તૃત્વ નથી. એવી પર્યાયરૂપે પરિણમેલા આત્માને અકર્તા ને અભોક્તા કહ્યો છે. વિકલ્પ ઊઠે તેનું કારકપણું શુદ્ધ આત્મામાં નથી, ને તે વિકલ્પ આત્માની શુદ્ધતાનું કારણ નથી—આમ બંનેને જુદા પાડી નાંખ્યા, આવો શુદ્ધઆત્મા તે શુદ્ધનયનો વિષય છે.

## સ્વ-પરની વહેંચણી; સ્વભાવ-વિભાવની વહેંચણી

પ્રમાણ અપેક્ષાએ એમ કહેવાય કે જેટલા પરિણામ છે-અશુદ્ધ કે શુદ્ધ, તે બધાય તે વસ્તુના જ આશ્રયે છે, બીજી વસ્તુના આશ્રયે નથી, એટલે રાગપરિણામ તે પણ આત્માના આશ્રયે છે, કેમકે તે આત્માનું પરિણમન છે; એનો કર્તા આત્મા છે, ને તે આત્માનો ભાવ છે. પાંચે ભાવો જીવતત્ત્વના છે. આ રીતે પરદ્રવ્યોથી આત્માની ભિન્નતા સમજાય છે. હવે આત્મામાં પણ શુદ્ધ-અશુદ્ધભાવોની વહેંચણી કરવાની વાત ચાલે છે. તેમાં પરસન્મુખતાથી થયેલા જેટલા વિભાવભાવો તે બધાય પરાશ્રયે થયેલા કહેવાય. શુદ્ધઆત્માનું તત્ત્વ તે નથી. પોતાના શુદ્ધસ્વભાવની સન્મુખતાથી થયેલા ભાવો તે આત્માના આશ્રયે થયેલા કહેવાય. ને તે આત્માનું તત્ત્વ છે, તે મોક્ષનું કારણ છે. અને દ્રવ્યદૃષ્ટિથી ધ્રુવતત્ત્વરૂપ પારિણામિકભાવને જોતાં તેમાં બંધ-મોક્ષના હેતુરૂપ ક્રિયા નથી તેથી તેને નિષ્ક્રિયભાવ કહેવાય છે. આ રીતે દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિય અને પર્યાય અપેક્ષાએ સક્રિય એવું આત્માનું સ્વરૂપ છે.

## સક્રિય અને નિષ્ક્રિય બાબત ખુલાસો

'નિષ્ક્રિય'ના પણ અનેક અર્થ છે. અહીં બંધ-મોક્ષની ક્રિયા જેનામાં નથી, અથવા ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા જેનામાં નથી તેને નિષ્ક્રિય કહેલ છે એટલે કે ધ્રુવદ્રવ્યને નિષ્ક્રિય કહેલ છે ને પર્યાયને સક્રિય કહેલ છે. પ્રવચનસારની ૮૦મી ગાથામાં જે અભેદ અનુભૂતિ થઈ તેને નિષ્ક્રિયચિન્માત્રભાવ કહ્યો છે; તે નિર્મળપર્યાયની વાત છે, ભેદના વિકલ્પરૂપ ક્રિયા છૂટી ગઈ ને નિર્વિકલ્પ ચૈતન્યના અનુભવમાં ઉપયોગ એકાગ્ર થયો ત્યાં તેને નિષ્ક્રિય ચૈતન્યભાવ કહ્યો; તેમાં સ્વાનુભૂતિની ક્રિયા તો છે, ઉત્પાદ-વ્યય પણ છે ને તે મોક્ષનું કારણ છે, પણ ભેદના વિકલ્પરૂપ ક્રિયાનો તેમાં અભાવ હોવાથી તેને નિષ્ક્રિય કહ્યો, તેને જ અહીં સક્રિય કહ્યો, ને દ્રવ્યને નિષ્ક્રિય કહ્યું.—જ્યાં જે વિવક્ષા હોય—તે સમજવી જોઈએ.

પ્રશ્ન :—વસ્તુ ક્રિયા વગરની હોય?

ઉત્તર :—વસ્તુ નિષ્ક્રિય અને સક્રિય બંને ભાવરૂપ છે. પર્યાયઅપેક્ષાએ તેમાં સક્રિયપણું છે ને દ્રવ્ય અપેક્ષાએ નિષ્ક્રિયપણું છે. ઉત્પાદવ્યયધ્રૌવ્ય યુક્ત વસ્તુ છે, તેમાં ઉત્પાદ-વ્યય તે ક્રિયારૂપ છે—પરિણમનરૂપ છે, ને ધ્રુવ તે અક્રિય છે—અપરિણામી છે. ઔદયિકાદિ ચાર ભાવો સક્રિય છે, પારિણામિકભાવ અક્રિય છે. દ્રવ્ય કહો, ધ્રુવ કહો, પારિણામિકભાવ કહો, કે અક્રિયભાવ કહો—તે બધા અહીં એકાર્થસૂચક છે; પર્યાય કહો,

ઉત્પાદ-વ્યય કહો, ચાર ભાવ કહો કે ક્રિયા કહો—તે બધા એકાર્થ છે. આવા ભાવોરૂપ આત્મવસ્તુ છે.

## દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ—તેમાં મોક્ષની ક્રિયા ક્યા પ્રકારે?

આત્મવસ્તુનો જે પારિણામિકભાવ છે તે ઔપશમકાદિ ક્ષણિક ભાવરૂપ નથી. કથંચિત્ ભિન્ન છે—એ વાત અગાઉ આવી ગઈ છે. આવા સ્વભાવના ભાનથી પર્યાયમાં જે નિર્મળ ભાવોરૂપ મોક્ષમાર્ગ પ્રગટ્યો તેમાં વિકારરૂપ ઔદયિકભાવ નથી. જીવના આ પાંચે ભાવોમાં ક્યાંય પરની તો વાત જ નથી, પરનો તો તેમાં સર્વથા અભાવ છે. અત્યંત અભાવ છે. પોતામાં ને પોતામાં દ્રવ્ય-પર્યાયના જોડલાંની વાત છે. દ્રવ્યમાં ક્યો ભાવ લાગુ પડે ને પર્યાયમાં ક્યા ભાવો લાગુ પડે, મોક્ષનું કારણ ક્યો ભાવ થાય, ક્યા ભાવને સક્રિય કહેવાય ને કયા ભાવને નિષ્ક્રિય કહેવાય, ક્યો ભાવ ધ્યાનરૂપ છે ને ક્યો ભાવ ધ્યેયરૂપ છે—એમ ઘણા ખુલાસા કરીને આત્માના ભાવો સમજાવ્યા છે.

જડની ક્રિયાઓ બોલવું-ચાલવું-ખાવું-પીવું-લખવું-રાંધવું વગેરે તો આત્મામાં નથી, મિથ્યાત્વ-રાગાદિભાવરૂપ વિકાર ક્રિયા અજ્ઞાની કરે છે, ધર્મીના જ્ઞાનભાવમાં તે ક્રિયા નથી.

ધર્મીના જ્ઞાનભાવરૂપ ક્રિયા કે જે મોક્ષની સાધક છે તે ક્રિયા પર્યાયમાં છે, દ્રવ્યમાં તે નથી. 'જ્ઞાયકભાવ એક છે તે પ્રમત્ત-અપ્રમત્તરૂપ થયો નથી.'

આવા અક્રિય જ્ઞાયકસ્વભાવને જ્યારે સ્વાનુભૂતિરૂપ ક્રિયાવડે અનુભવમાં લીધો, એટલે કે પરથી ભિન્નપણે ઉપાસ્યો ત્યારે તેને 'શુદ્ધ આત્મા' કહ્યો. તે શુદ્ધભાવરૂપે પરિણમ્યો, તે મોક્ષમાર્ગ છે. શુદ્ધદ્રવ્ય ને શુદ્ધપર્યાય બંનેની વાત આમાં આવી ગઈ. શુદ્ધદ્રવ્ય તરફ જે પર્યાય ઝુકી તે શુદ્ધ જ છે—આવો વસ્તુ સ્વભાવ છે. અલૌકિક શૈલીથી અંતરનો વસ્તુસ્વભાવ સંતોએ સમજાવ્યો છે.

વાહ રે વાહ! વનવાસી-વીતરાગી દિગંબર સંતો! તમારી વાણીએ વીતરાગમાર્ગના રહસ્યો ખોલીને મોટો ઉપકાર કર્યો છે.

મિથ્યાત્વથી માંડીને યોગના કંપન સુધીના ભાવો તે બધા ઔદયિકભાવરૂપ ક્રિયા છે; સમ્યક્ત્વથી માંડીને અયોગદશા સુધીના ભાવો તે ક્ષાયિકાદિભાવરૂપ ક્રિયા છે—તે મોક્ષનું કારણ છે; અને સિદ્ધદશા તે પણ ક્રિયારૂપ છે. તેમાં ક્ષાયિકભાવે ઉત્પાદ-વ્યયરૂપ ક્રિયા છે. આવી ક્રિયારૂપ પર્યાયો તે પર્યાયનયનો વિષય છે; દ્રવ્ય એકરૂપ નિષ્ક્રિય

પારિણામિકભાવરૂપ; બંધ-મોક્ષ વગરનું છે તે દ્રવ્યનયનો વિષય છે. નિર્મળચેતનાપર્યાય તે આત્માનો સાચો વ્યવહાર છે, તે સાચી ક્રિયા છે; તે ક્રિયા જ મોક્ષની ક્રિયા છે; એ ક્રિયામાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સમાય છે. રાગનો કે જડની ક્રિયાનો તેમાં અભાવ છે. શુભક્રિયાઓ મોક્ષના કારણમાં ન આવે.

## સ્યાદ્વાદની મીઠી લહેર

જુઓ, આ તો વીતરાગશાસનના સ્યાદ્વાદની મીઠી લહેર છે. સ્યાદ્વાદ અનુસાર થતા ભાવશ્રુતજ્ઞાનમાં અતીન્દ્રિયઆનંદની લહેર ઊઠે છે. જેમ દરિયો પોતામાં ને પોતામાં ઘૂઘવે, તેમ આ પોતામાં ને પોતામાં દ્રવ્ય અને પર્યાય વચ્ચે જ બધી રમત છે, એનાથી બહારની તો વાત જ નથી. તારું કાર્ય-કારણપણું તારી પર્યાયમાં જ સમાય છે, તે માટે બહાર જોવાની જરૂર નથી. તારા અખંડ આત્માને ધ્યેયરૂપ બનાવ.—એ જ મોક્ષનો ઉપાય છે.

## મોક્ષની ક્રિયા શેમાં થાય?

જુઓ, આ મોક્ષની ક્રિયાની વાત ચાલે છે. એકકોર મોક્ષની ક્રિયા, ને એકકોર અક્રિય દ્રવ્યસ્વભાવ,—બંને એકસાથે જ છે. મોક્ષના કારણરૂપ ક્રિયા એટલે શુદ્ધભાવનાપરિણતિ; તે ક્રિયા શેમાં થાય? શું દ્રવ્યમાં થાય?—ના; તો શું પરમાં થાય?—ના; તો ક્યાં થાય?—આત્માની પર્યાયમાં તે ક્રિયા થાય છે. 'ભાવના' તે પર્યાયરૂપ છે. તે ભાવના કોને ભાવે છે? અક્રિયધ્રુવસ્વભાવને ભાવે છે. સ્વભાવસન્મુખ થયેલી આત્માની પર્યાય તે ભાવના, અને તે જ મોક્ષની ક્રિયા; તે જ અવિચલિતચેતનાવિલાસરૂપ ધર્મીનો વ્યવહાર. મોક્ષમાર્ગમાં આવો વ્યવહાર છે; આનાથી વિરુદ્ધ વ્યવહાર મોક્ષમાર્ગમાં નથી, એ તો બંધમાર્ગમાં છે.

## મોક્ષને સાધવાની ક્રિયા સ્વસન્મુખ પર્યાયવડે થાય છે

જે જીવને પોતાના ભાવમાં બંધ-મોક્ષના કારણની પણ ખબર નથી, તે અજ્ઞાનથી બંધના કારણને (રાગને) સેવે છે, ને એમ સમજે છે કે હું મોક્ષનું સાધન કરું છું.—બાપુ! એમ આત્માના જ્ઞાન વગર મોક્ષમાર્ગ તારા હાથમાં નહીં આવે. મોક્ષમાર્ગ એ તો આત્મસન્મુખ પરિણામ છે, તે કાંઈ રાગરૂપ નથી, તે તો રાગ વગરના ઔપશમિકાદિ ભાવરૂપ છે. સ્વસન્મુખપરિણામ, શુદ્ધોપયોગ, ભાવશ્રુતજ્ઞાન, ધર્મધ્યાન, પરમાત્મતત્ત્વની ભાવના, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર,—એ બધાય રાગ વગરના જ છે, પર્યાયને રાગથી

જુદી અંતર્મુખ કરીને શુદ્ધાત્માને ધ્યાવતાં નિર્વિકલ્પ આનંદસહિત જે અપૂર્વદશા થાય છે તેમાં ઉપરના બધા બોલ સમાઈ જાય છે. તે પર્યાય પોતે પર્યાયને નથી ધ્યાવતી, અંતર્મુખ અભેદ થઈને અખંડ આત્માને ધ્યાવે છે. ધ્યાનપર્યાય પોતે ઉત્પન્નધ્વંસી હોવા છતાં તેનું ધ્યેય વિનશ્વર નથી, એટલે તે અવિનશ્વર શુદ્ધ ધ્રુવધામને અવલંબીને એવી ને એવી નિર્મળ-નિર્મળપર્યાયો નવી-નવી થયા કરે છે. આ રીતે વસ્તુમાં ધ્રુવ-ટકતો અંશ ને બીજો પલટાતો અંશ, બંને એકસાથે છે, દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુ છે; તેમાં ક્રિયારૂપ પર્યાયઅંશ છે, દ્રવ્યઅંશ ક્રિયારૂપ નથી તે અક્રિય છે.

પાંચ ભાવોમાં દ્રવ્ય અને પર્યાય બંને આવી જાય છે. વસ્તુમાં બે વાત છે; બેમાંથી એકને કાઢી નાંખો તો વસ્તુ જ સિદ્ધ નહીં થાય. 'આ વસ્તુ છે' એમ નિર્ણય અવસ્થાવડે થાય છે. ધ્રુવ એકરૂપ છે, તે કાર્યરૂપ નથી, કાર્ય તો અવસ્થા દ્વારા થાય છે; અવસ્થા વગર દ્રવ્યનો સ્વીકાર કરશે કોણ? દ્રવ્ય તો નિષ્ક્રિય છે. નિષ્ક્રિય એટલે શું?—રાગાદિ પરિણતિ તે બંધની ક્રિયા, વીતરાગ પરિણતિ તે મોક્ષની ક્રિયા; આવા બંધ-મોક્ષની ક્રિયારૂપે પારિણામિકભાવ નથી માટે તે અક્રિય છે. આવા પરમતત્ત્વની ભાવના વડે (તેની સન્મુખતા વડે) શુદ્ધભાવ પ્રગટે છે. જેને આવા પરમ અક્રિયતત્ત્વની ભાવના નથી તે જ રાગ-દ્વેષનો કર્તા થાય છે, અને બંધના કારણરૂપ એવી રાગાદિ ક્રિયાને તે મોક્ષનું કારણ માને છે. જીવની પર્યાયના ભાવોને પણ તે ઓળખતો નથી ને દ્રવ્યના સ્વભાવને પણ ઓળખતો નથી.

## તીર્થંકર ભગવંતોએ કરેલી તપસ્યા કેવી હતી?
## અજ્ઞાનીઓ જડની ક્રિયાને દેખે છે,
## ચેતનના અંતરંગ ભાવને દેખતા નથી

જો ધ્રુવસ્વભાવમાં રાગ હોય તો તો આખો આત્મા જ રાગરૂપ થઈ જાય; રાગ સિવાયનું કાંઈ અસ્તિત્વ જ ન રહે. પણ ધ્રુવમાં રાગ નથી, રાગ તો પર્યાયનો ક્ષણિકભાવ છે; એ કાંઈ અનાદિ-અનંતભાવ નથી, એ તો સાદિ-સાંત છે, ને આત્માના સ્વભાવભૂત નથી. બંધ-મોક્ષનું કારણ બહારમાં નથી, ને પોતાના ધ્રુવમાં પણ નથી, અંદર પોતાની પર્યાયમાં જ છે. જે લોકો અંદરના સૂક્ષ્મભાવોને નથી ઓળખતા તેઓ બહારની ક્રિયાવડે બંધ-મોક્ષ માનીને તેના કર્તા થાય છે. ભગવાન મહાવીરે કે ભગવાન ઋષભદેવે મુનિદશામાં અંદરની અનુભવદશાના આનંદનું વેદન કરતાં કરતાં ચૈતન્યના પ્રતપનરૂપ તપ કર્યું હતું, ત્યાં આહારની ઈચ્છા સહેજે તૂટી ગઈ; ત્યાં ભગવાનની અંતરની દશાને નહિ

દેખનારા જીવોએ તો આહાર ન આવ્યો તેને જ તપ માની લીધો; ને એ રીતે પોતે પણ અનાજ ન ખાય તેમાં તપ માની લીધો. જેમ એક બાઈ કમોદ ખાંડતી હતી. તેમાં દાણા તો કસદાર હોવાથી ઉપર દેખાતા ન હતા. ઉપર તો ફોતરા દેખાતા હતા; તે જોઈને 'આ બાઈ ફોતરાં ખાંડે છે' એમ સમજીને એક મૂરખી બાઈ ઘરે જઈને ફોતરાનો ઢગલો ખાંડવા બેઠી.–પણ ફોતરાં ખાંડ્યે કાંઈ ચોખા નીકળે? તેમ બાહ્યદૃષ્ટિવાળા અજ્ઞાની પણ જડની બાહ્ય ક્રિયાઓને ધર્મ માનીને ફોતરાં ખાંડવા જેવું કરે છે. કસદાર અંદરની વસ્તુ જે ચોખ્ખી પરિણતિ તેને તે દેખતો નથી. ભગવાનને અંદર અતીન્દ્રિય આનંદનું જે વેદન હતું ને જે રાગના કર્તૃત્વ વગરનો જ્ઞાનભાવ હતો—તે અજ્ઞાનીએ જોયું નહીં, તેનો માર્ગ જોયો નહિ, ને બહારમાં અનાજ ન ખાધું તેથી અમે પણ ભગવાન જેવો તપ કરીએ છીએ–એમ માની લીધું; અરે! ક્યાં ભગવાનનો તપ! ને ક્યાં તારી ભ્રમણા! તું તો તપના નામે જડ-ચેતનની એકતાબુદ્ધિનું મિથ્યાત્વ સેવી રહ્યો છે. તારે વળી તપ કેવો? ચૈતન્યના ભાન વિના તને ખબર નહીં પડે કે ભગવાને તપમાં શું કર્યું હતું? ભાઈ, તારો તપ કે તારું મોક્ષનું સાધન બહારમાં નથી. ચિદાનંદ સ્વભાવસન્મુખ પરિણતિ એકાગ્ર થાય તેમાં સમ્યક્ તપ વગેરે મોક્ષમાર્ગના બધા બોલ સમાઈ જાય છે. લીંબોડીને કોઈ નીલમ માની લ્યે તેથી તેની કિંમત નીલમ જેટલી ન ઉપજે; તેમ શુભવિકલ્પને-પુણ્યને-બંધભાવને કોઈ ધર્મ કે મોક્ષમાર્ગ માની લ્યે તેથી કાંઈ મોક્ષમાર્ગ તેના હાથમાં આવી ન જાય. ધર્મ તો આત્માનો કોઈ અપૂર્વભાવ છે; એક સમય પણ ધર્મનું સેવન કરે તે જીવ મુક્ત પરમાત્મા થયા વગર રહે નહિ. બીજ ઊગી તે વધીને પૂનમ થાય જ; તેમ શુદ્ધસ્વભાવના અવલંબને જેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનરૂપ ચેતનાબીજ ઊગી તેને અલ્પકાળમાં જ કેવળજ્ઞાનરૂપી પૂરો ચાંદો ઊગશે, આવી પવિત્ર અરાગીદશા તે શુદ્ધભાવના છે, તે રાગ વગરની છે, તે ચૈતન્યસ્વભાવને જ અવલંબનારી છે, તે જ ધર્મ અને મોક્ષનું કારણ છે.

## સ્વસન્મુખ થા...તો સુખનો ભંડાર મળે

ધ્રુવ ચિદાનંદ પરમસ્વભાવમાં દૃષ્ટિ કરતાં શું થશે?–કે પરમાત્મદશા પ્રગટ થશે; ને સ્વભાવને નહિ દેખે તેને રાગાદિ વિકારના કર્તૃત્વરૂપ અજ્ઞાનદશા જ રહેશે. સવળી કે ઊંધી ચૈતન્યની રમત ચૈતન્યમાં છે. જડ વસ્તુઓ જડપણે રહી છે, તે તારી થઈને રહી નથી. તારામાં આવી નથી; જગતની ચીજો જગતમાં છે, તારામાં નથી, છતાં તેને હું રાખું, તેને હું કરું, તેમાંથી હું સુખ લઉં—એમ માને છે તે તો તારી મૂઢતા છે. અહીં પોતામાં બે પડખાં જાણીને શુદ્ધસ્વભાવ તરફ ઝુકવાની વાત છે. જ્યાં પોતાની પર્યાયના ભેદોનુંય લક્ષ છોડાવે છે ત્યાં પરદ્રવ્યની તો વાત જ ક્યાં રહી? આવા તારા સ્વભાવને જાણીને

સ્વસન્મુખ થા ભાઈ! સુખના ભંડાર તો એમાં છે.

## અનુભવમાં લેવા જેવી ગંભીર વાત

ભાઈ, આ વસ્તુ તો ગંભીર છે! વાણીમાં તો કેટલુંક આવે?—અમુક ઈશારા આવે; બાકી તો શ્રોતાને પોતાને અંદરની ગંભીરતા ભાસે ને અંતરના વિચારમાં વસ્તુને પકડી લ્યે ત્યારે તેનો ભાવ ઉલ્લસે, અપૂર્વ ભાવભાસન થાય ને અંતરમાં ઊતરીને અનુભવ કરી લ્યે. આવો અનુભવ કરનારા જીવો અત્યારે છે; ને એવો અનુભવ થઈ શકે છે. સ્વાનુભવમાં લેવા જેવી આ વાત છે.

## ક્યાં જવું ને ક્યાં ઠરવું?

ક્યાં જવું? ને ક્યાં ઠરવું? તો કહે છે કે ક્યાંયે જાવું નથી, તું તારામાં જ રહે; તારા ધ્રુવસ્વભાવને ધ્યેય બનાવતાં તને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષકારણ પ્રગટ થશે, તારું સુખ તને અનુભવાશે, સુખને માટે તારે ક્યાંય બીજે નજર નાંખવી નહીં પડે. તારી વસ્તુ, દ્રવ્ય ને પર્યાય—એવા બે ભાવવાળી છે; સામાન્યરૂપ ધ્રુવ તે દ્રવ્ય, ને વિશેષરૂપ ક્રિયા તે પર્યાય; તેમાં ધ્રુવનો આશ્રય કરીને થતી જે ક્રિયા તે મોક્ષની ક્રિયા છે. 'પૂર્ણાનંદી ચૈતન્યસ્વભાવી આત્મા હું છું'—એવી સ્વાનુભૂતિરૂપ ભાવના તે ક્રિયા છે, ને ધ્રુવ તો અક્રિય છે. આવું દ્રવ્ય-પર્યાયરૂપ વસ્તુસ્વરૂપ છે. આ રીતે સત્ વસ્તુને ન ઓળખે ને બીજી રીતે ગડમથલ કરીને ધર્મ કરવા માંગે તો તે જીવ સત્‌ના માર્ગે નથી પણ અસત્ માર્ગે છે. તેને ધર્મ થતો નથી. ધર્મ માટે તો અંતર્મુખ થઈને પોતામાં જ ઠરવાનું છે—બીજે ક્યાંય જવાનું નથી.

ધર્મ કરવા માંગે છે તે જીવ 'કંઈક કરવા માંગે છે—એનો અર્થ એ થયો કે તેની ચાલતી વર્તમાન દશામાં તેને સંતોષ નથી એટલે તે ફેરવીને તેનાથી જુદી જાતની નવી દશા કરવા માંગે છે તેમાં પોતે ટકી રહેવા માંગે છે; એટલે ફરવાપણું ને ટકવાપણું બંને ધર્મો તેમાં આવી ગયા. તો પોતામાં ટકે તે શું? ને ફરે તે શું? એમ પોતાના દ્રવ્ય-પર્યાયને ઓળખવા જોઈએ. તો પર્યાયમાં સમ્યક્ પલટો થઈને મોક્ષમાર્ગ પ્રગટે.

## જડથી જુદો, રાગથી જુદો, ભેદજ્ઞાન વડે પર્યાયની શુદ્ધિ

પોતાના ગુણ-પર્યાયરૂપ અસ્તિત્વમાં વર્તતો ચેતનસ્વરૂપ આત્મા તેમાં જડની ક્રિયા કદી નથી. તેના જ્ઞાનમાં જડની અવસ્થા જ્ઞેયપણે જણાય છે ખરી; પણ તે જડની ક્રિયા જડપણે સત્ છે ને જ્ઞાન જ્ઞાનપણે સત્ છે.—આમ જડથી તો ભિન્નતા છે.

હવે જે રાગાદિ ભાવ થાય છે તે આત્માની પર્યાયમાં છે પણ જ્ઞાનસ્વરૂપથી તેની જાત જુદી છે; જ્ઞાનસ્વરૂપના આશ્રયે તેની ઉત્પતિ થતી નથી–એટલે જ્ઞાનસ્વરૂપ તે રાગથી પણ ભિન્ન છે.

હવે આવું ભેદજ્ઞાન કરીને શુદ્ધચૈતન્યસ્વરૂપની સન્મુખ પરિણતિ થતાં સમ્યક્ત્વાદિ નિર્મળ પર્યાય પ્રગટી; ત્યાં પર્યાય નવી પ્રગટી છે, આખી વસ્તુ નવી નથી પ્રગટી; વસ્તુનો ધ્રુવ-અંશ તો પહેલેથી શુદ્ધ હતો. પર્યાય શુદ્ધ થઈ તે મોક્ષમાર્ગ છે.

તેમાં પર્યાય નહોતી ને થઈ—એટલે તે અપેક્ષાએ વસ્તુ ક્રિયારૂપ છે, અને ધ્રુવપણે દ્રવ્ય તો કાંઈ નવું નથી થતું એટલે તેની અપેક્ષાએ વસ્તુ અક્રિય છે.–આવા બંને ધર્મ વસ્તુમાં એકસાથે છે.

## આત્માની સાચી ધર્મક્રિયા

રાગ વગરની નિર્મળ અવસ્થારૂપ જે ક્રિયા છે તે જ આત્માની સાચી ક્રિયા છે, તે જ ધર્મની ક્રિયા છે.

સ્વસન્મુખ થતાં ચિદાનંદસ્વભાવ છું એવી શ્રદ્ધા થઈ તે સમ્યક્ત્વની ક્રિયા થઈ.

સ્વસન્મુખ થઈને ચિદાનંદસ્વભાવ છું–એમ જાણ્યું તે સમ્યગ્જ્ઞાનની ક્રિયા થઈ.

સ્વસન્મુખ એકાગ્ર થઈને લીન થયો–તે સમ્યક્ચારિત્રની ક્રિયા થઈ.

સ્વસન્મુખ એકાગ્ર થતાં આનંદનો અનુભવ થયો તે આનંદની ક્રિયા થઈ.

—આમ આત્માના અભેદસ્વભાવના વેદનમાં અનંતગુણોની ક્રિયા એકસાથે સમાય છે; રાગની ક્રિયા કે જડની ક્રિયા તેમાં નથી. ભાઈ, આ તારા આત્માની ક્રિયા કહેવાય છે. આ જ ધર્મની ક્રિયા છે, આ જ મોક્ષની સાચી ક્રિયા છે. મોક્ષને માટે ક્રિયા નથી–એમ નથી, ક્રિયા તો છે, પણ તે શુદ્ધભાવનાપરિણતિરૂપ છે, રાગરૂપ નથી. સાદું ખાય, સાદાઈથી રહે, લૌકિક અનીતિ ન કરે ને ન્યાયનીતિથી રહે. એટલા માત્રથી કાંઈ સમ્યક્ચારિત્ર કે ધર્મક્રિયા થઈ જતી નથી. એ તો સામાન્ય શુભરાગ છે.

## સાધુજીવન તે સાદુ જીવન; રાગ વગરનું જ્ઞાનજીવન તે સાચું જીવન; અને એ જ સુખી જીવન

બાપુ! રાગને મોક્ષમાર્ગ માનતાં મોટી અનીતિ ને અધર્મ થઈ જાય છે.—એનું જીવન એ તો રાગવાળું છે, ભલે બહારમાં સાદાઈ દેખાય–પણ એને સાદું જીવન એટલે

કે ધર્મજીવન કહેતા નથી. સાદુ જીવન એટલે રાગ વગરનું જીવન....વીતરાગભાવરૂપ જીવન એ જ સાદું જીવન છે....ને એ જ સાધુજીવન છે. સાધુજીવન તે જ સાદું જીવન;– ‘જીવી જાણ્યું નેમનાથે જીવન....તારું જીવન ખરું તારું જીવન.’ બધાય ધર્માત્મા પોતાના ચિદાનંદસ્વભાવની સન્મુખ થઈને આવું રાગ વગરનું જીવન જીવે છે.–એ જ સુખી જીવન છે. બહારના સંયોગવડે આત્માને જીવતો માનવો એ તો પરાધીન જીવન છે–તે તો ભાવમરણ છે, દુઃખીજીવન છે.

અરે જીવ! તને તારું જીવન જીવતાં પણ નથી આવડતું! તારું ચૈતન્ય જીવન રાગ વિનાનું કેવું છે–એને ઓળખ! નિજ સ્વરૂપને ભૂલીને ક્ષણે ક્ષણે ભાવમરણ થઈ રહ્યું છે તેમાંથી આત્માને ઉગાર. નિજસ્વરૂપને ઓળખીને અરાગી શાંતદશામય જીવન જીવ, તે જીવન મોક્ષનું સાધક છે.

## દ્રવ્ય-પર્યાયરૂપ સ્વતત્ત્વ,–તેમાં આત્મા વસે છે. તેને જાણતાં જ્ઞાનચક્ષુ ખૂલે છે

આત્માનું મૂળસ્વરૂપ ધ્રુવ પણ છે ને પલટે પણ છે. આવા પોતાના મૂળતત્ત્વને જાણ્યા વગર બીજા જાણપણાની ગમે તેટલી વાતો કરે તે બધી સાર વગરની છે, તેમાં આત્માનો પત્તો ખાય તેમ નથી. આત્મા તો બાલ-ગોપાલ દરેકમાં બિરાજે છે; એના નિજઘરની આ વાત છે. પણ તે પોતે પોતાને ભૂલી ગયો છે. નિજઘરમાં ભરેલો અપાર ચૈતન્યવૈભવ તેનો મહિમા ભૂલીને બહારમાં ભટકે છે. પોતાનો જે સહજ મહિમા પોતામાં છે તેને નથી જાણતો એટલે બહારમાં બીજા વડે મારો મહિમા થાય તો ઠીક પડે–એમ માને છે. અરે કેવી ભ્રમણા! બાપુ. બહારમાં બીજા નિંદાના શબ્દો બોલે કે આબરૂના શબ્દો બોલે, તેમાં ક્યાં તું છો? ને તે શબ્દો ક્યાં તારામાં આવી જાય છે? શરીરમાંય તું નથી ને રાગમાંય ખરેખર તું નથી. ચૈતન્યસ્વભાવથી ભરેલો જે ધ્રુવભાવ અને તેની સન્મુખ થયેલો પર્યાયભાવ–તેમાં તું છો. વસ્તુ પોતાના ગુણ-પર્યાયમાં વસે છે. બહાર રહેતી નથી. અંતરમાં આવી તારી વસ્તુ સત્ છે તેને તું જાણ. શરીરમાં આંખ તે પુદ્‌ગલની રચના, કાન તે પુદ્‌ગલની રચના, નાક તે પુદ્‌ગલની રચના, હાથ-પગ તે પુદ્‌ગલની રચના; એ પુદ્‌ગલના પિંડમાં ક્યાં આત્મા ગરી ગયો છે? એ તો પુદ્‌ગલથી જુદો પોતાના ચૈતન્યસ્વરૂપમાં જ રહ્યો છે. અરે ભગવાન! તારામાં મોક્ષના કારણરૂપ જે નિર્મળ પરિણામ થાય તે પરિણામ જેટલુંય જ્યાં તારું આખું દ્રવ્ય નથી, ત્યાં જડના પરિણામને તું ક્યાં વળગ્યો? અહા, જુઓ તો ખરા, કેવી વસ્તુ સિદ્ધ કરી છે! વસ્તુમાં પર્યાય અને દ્રવ્ય

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



બંને સાથે ને સાથે સિદ્ધ કર્યા છે. જેઓ વસ્તુમાં પર્યાયને બિલકુલ માનતા નથી તેની સામે ઉત્પાદ-વ્યયરૂપ પર્યાય સિદ્ધ કરી છે; અને જેઓ ધ્રુવને બિલકુલ માનતા નથી તેમની સામે ધ્રુવતત્ત્વ સિદ્ધ કર્યું છે. ધ્રુવ અને પર્યાય—એ બે થઈને વસ્તુ છે. જૈનધર્મના અનેકાંતની બલિહારી છે. એનું જ્ઞાન કરતાં સાચી દૃષ્ટિ થાય છે ને જ્ઞાનચક્ષુ ખુલે છે.

આત્મવસ્તુના પાંચભાવો, તેમાં નિષક્રિયભાવ અને ક્રિયારૂપભાવ ક્યા પ્રકારે છે તે સમજાવ્યું; હવે તેમાં ધ્યેયરૂપ કોણ છે? તે બતાવે છે.

## સ્વાનુભવનો રંગ.....અને તેની ભૂમિકા

જીવે શુદ્ધાત્માના ચિંતનનો અભ્યાસ કરવો જોઈએ. જેને ચૈતન્યના સ્વાનુભવનો રંગ લાગે એને સંસારનો રંગ ઊતરી જાય. ભાઈ, તું અશુભ ને શુભ બંનેથી દૂર થા ત્યારે શુદ્ધાત્માનું ચિંતન થશે. જેને હજી પાપના તીવ્ર કષાયોથી પણ નિવૃત્તિ નથી, દેવ–ગુરુની ભક્તિ, ધર્માત્માનું બહુમાન, સાધર્મીઓનો પ્રેમ વગેરે અત્યંત મંદકષાયની ભૂમિકામાં પણ જે નથી આવ્યો તે અકષાય ચૈતન્યનું નિર્વિકલ્પધ્યાન ક્યાંથી કરશે? પહેલાં બધાંય કષાયનો (શુભ–અશુભનો) રંગ ઊડી જાય....જ્યાં એનો રંગ ઊડી જાય ત્યાં એની અત્યંત મંદતા તો સહેજે થઈ જ જાય, ને પછી ચૈતન્યનો રંગ ચડતાં તેની અનુભૂતિ પ્રગટે. બાકી પરિણામને એકદમ શાંત કર્યા વગર એમને એમ અનુભવ કરવા માંગે તો થાય નહિ. અહા, અનુભવી જીવનાં અંદરની દશા કોઈ ઓર હોય છે!

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ધ્યેય અને ધ્યાન

આત્માને શુદ્ધપારિણામિકભાવની અપેક્ષાએ જોતાં તે અક્રિય છે, ને ચાર ભાવોની અપેક્ષાએ તે સક્રિય છે, એ વાત કરી. હવે કહે છે કે– ‘શુદ્ધપારિણામિકભાવ ધ્યેયરૂપ છે પણ ધ્યાનરૂપ નથી. શા માટે ? કારણ કે ધ્યાન વિનશ્વર છે, અને શુદ્ધપારિણામિકભાવ તો અવિનાશી છે.

## ધ્યાનમાં ભેદ રહેતા નથી...અભેદધ્યાનમાં આનંદની ધારા

ક્રિયા ને નિષ્ક્રિય. ધ્યાન ને ધ્યેય–એમ જુદી જુદી શૈલીથી વસ્તુસ્વરૂપ સમજાવે છે. શુદ્ધચૈતન્યરૂપ પારિણામિકભાવ તે ધ્યેયરૂપ છે, અને તેમાં ઉપયોગની એકાગ્રતા તે ધ્યાન છે. આ ધ્યાન તે પર્યાય છે, ઔપશમિકાદિભાવરૂપ છે અને તે બદલી જાય છે, તેથી તે પર્યાય પોતે ધ્યેયરૂપ નથી, ધ્યેયરૂપ ત્રિકાળ સ્થિર એવું ધ્રુવદ્રવ્ય છે. તે ધ્રુવ-ધ્યેયમાં તન્મય થઈને ધર્મી તેનું ધ્યાન કરે છે. જોકે ધ્યાનદશા વખતે ‘આ ધ્યેય ને આ ધ્યાતા’ એવા ભેદ રહેતા નથી.

મોક્ષમાર્ગને ધ્યેયરૂપ કહો, ભાવનારૂપ કહો, ક્રિયારૂપ કહો, ત્રણભાવરૂપ પરિણતિ કહો–તે પર્યાય છે; અને પારિણામિકસ્વભાવરૂપ ધ્રુવદ્રવ્ય છે તે ભાવનારૂપ નથી, ક્રિયારૂપ નથી પણ અક્રિય છે, ધ્યાનરૂપ નથી પણ ધ્યેયરૂપ છે. ધ્યાનપર્યાય બદલાયા કરે છે પણ ધ્યેય તો એવું ને એવું રહ્યા કરે છે. ધ્યેયને અભેદ થઈને ધ્યાવતાં તે ધ્યાનમાં પરમ આનંદની ધારા વહે છે. ધ્યાનપર્યાય અભેદ થઈને નિર્વિકલ્પપણે ધ્યેયરૂપ પરમસ્વભાવને ધ્યાવે છે, તેને ધ્યાવી-ધ્યાવીને પર્યાય પુષ્ટ થાય છે.

## રાગ વગરનું ધ્યાન તે અહિંસા....તે મોક્ષમાર્ગ

ધ્યેયરૂપ આવો પરમપારિણામિકસ્વભાવ, અને તેને ધ્યાવનારી પર્યાયરૂપ ઔપશમિકાદિ ભાવ,–તે બંને રાગરહિત છે. જેટલો રાગ છે (–પછી તે અશુભ હો કે શુભ) તે હિંસા છે, ને રાગ વગરનો જે શુદ્ધભાવ તે પરમ અહિંસા છે.–આ જૈન ઉપદેશનું રહસ્ય છે,–એમ પુરુષાર્થસિદ્ધિઉપાયમાં અમૃતચંદ્રસ્વામીએ કહ્યું છે. રાગ તો ઉદયભાવ

છે—કર્મ તરફનો ભાવ છે, તે કાંઈ સ્વભાવ તરફનો ભાવ વથી, એટલે તે મોક્ષમાર્ગ નથી; ધ્યાનપર્યાય રાગ વગરના નિર્મળભાવરૂપ છે ને તે મોક્ષનું કારણ છે. પણ સિદ્ધને ધ્યાનપર્યાયનો અભાવ છે. આ રીતે ધ્યાનપર્યાય વિનશ્વર છે, ને ધ્યેયરૂપ પરમસ્વભાવ અવિનશ્વર છે. તારી વસ્તુમાં ધ્રુવત્વ શું, ને પલટતું શું? તે બંનેને ઓળખ; ને ધ્રુવસ્વભાવમાં ઉપયોગને સ્થિર કરીને તેને ધ્યાવ.

## બંધન અને છૂટકારો, ઊપજવું અને વિનશવું તે પર્યાયમાં છે, ધ્રુવધ્યેયમાં નહિ

આત્માના ભાવ આત્મામાં છે, પરને લીધે નથી. તેમાં બંધ-મોક્ષના કારણથી રહિત હોવાથી પહેલાં જેને નિષ્ક્રિય કહ્યો હતો તે પારિણામિકભાવને અહીં ધ્યેયરૂપ કહ્યો છે, તે ધ્યાનરૂપ નથી; ધ્યાનપર્યાય નાશ પામે છે પણ ધ્યેય નાશ પામતું નથી. માટે ધ્યેય અને ધ્યાન સર્વથા એક નથી, કથંચિત્ ભિન્ન છે. આવું શુદ્ધાત્મપરિણતિરૂપ ધ્યાન તે મોક્ષમાર્ગ છે. ભલે શુક્લધ્યાન હોય તોપણ તે ઉત્પન્નધ્વંશી છે, પણ તે ધ્યાનપર્યાયનો નાશ થતાં કાંઈ દ્રવ્યનો નાશ નથી થતો. આ રીતે ધ્યાનપર્યાય તે વિશેષ અને ધ્યેયરૂપ દ્રવ્ય તે સામાન્ય, આવા સામાન્ય-વિશેષરૂપ વસ્તુ છે.

વસ્તુ પોતાના સામાન્ય-વિશેષથી બહાર પરમાં તો કાંઈ કરે કે ભોગવે નહિ. પરદ્રવ્યનું કર્તૃત્વ જૈનમાં નથી એટલે કે ભગવાને જોયેલા વસ્તુસ્વરૂપમાં તે નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરે કે પુણ્યથી ધર્મ થાય એ વાત જૈનશાસનની મર્યાદાથી બહાર છે. દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ, તેને જો દ્રવ્યપણે દેખો તો તે ઊપજતી નથી, વિનશતી નથી, ને પર્યાયપણે જુઓ તો તેમાં ઊપજવું-વિણસવું છે.

પરમાત્મપ્રકાશ ગા. ૬૮માં શ્રી યોગીન્દુદેવે કહ્યું છે કે—

णवि उपज्जइ णवि मरइ बंध ण मोक्खु करेइ।
जिउ परमत्थे जोइया जिणवर पउ भणेइ॥

પરમાર્થથી એટલે કે શુદ્ધનિશ્ચયનયથી વિચારતાં જીવ નથી તો ઊપજતો કે નથી મરતો; તેમજ નથી બંધ-મોક્ષને કરતો;—એમ જિનવરદેવ કહે છે.

જોકે શુદ્ધાત્મઅનુભૂતિના અભાવમાં અજ્ઞાનીજીવ શુભાશુભનો કર્તા થાય છે એટલે બંધનો કર્તા થાય છે, તથા શુદ્ધાત્મઅનુભૂતિવડે જ્ઞાનીજીવ મોક્ષના કર્તા થાય છે; એ રીતે પર્યાયમાં જીવ બંધ-મોક્ષને કરે છે, પણ પરમભાવગ્રાહક એવા શુદ્ધનયથી જોતાં આત્મા

એક પારિણામિકસ્વભાવ છે, તે બંધ-મોક્ષને કરતો નથી. બંધાયેલો હોય તે છૂટે, પણ જેને કદી બંધન જ નથી તેને છૂટવાપણું શું? પર્યાયમાં બંધન છે ને પર્યાયમાં મુક્તિ થાય છે; તે મુક્તિનો ઉપાય પણ પર્યાયમાં છે. જેમ એક પુરુષ સાંકળથી બંધાયેલો હોય ને પછી છૂટે; તથા બીજો એક પુરુષ કદી બંધાયો ન હોય, પહેલેથી છૂટો જ હોય; ત્યાં પ્રથમ પુરુષને એમ કહેવું કે 'તમે છૂટ્યા'—તે તો બરાબર છે, પણ બીજો પુરુષ કે જેને કદી બંધન હતું જ નહીં તેને એમ કહેવું કે 'ભાઈ, તમે જેલમાંથી છૂટ્યા તે સારું થયું'—તો તે વ્યાજબી નથી. ભાઈ! હું જેલમાં હતો જ નહિ પછી છૂટવાની વાત કેવી! તેમ જીવને પર્યાયમાં બંધન ને પર્યાયમાં મુક્તિ છે, પણ શુદ્ધદ્રવ્યરૂપ પારિણામિકભાવમાં તો બંધન કે મુક્ત થવાપણું નથી. આવા આત્મસ્વભાવને ઓળખે તેને જ મોક્ષનો સાચો પ્રયત્ન પ્રગટે. વીતરાગ નિર્વિકલ્પસમાધિમાં પોતાનો આવો સિદ્ધસમાન શુદ્ધઆત્મા જ ઉપાદેય કરીને ધ્યાવતાં સિદ્ધપદ પ્રગટે છે.

## સાચો જીવ

દેહાદિના સંયોગરૂપ જીવન, ને વિયોગરૂપ મરણ, એ તો આત્માને નથી; પર્યાયમાં જે ઉત્પત્તિ-વિનાશ છે, તે પણ ધ્રુવસ્વભાવને નથી. દસપ્રાણથી જીવે તે 'સાચો જીવ' નથી. સાચો જીવ તો ત્રિકાળ ચૈતન્યપ્રાણથી જીવે છે. તે જીવ 'પરિણામસ્વભાવી' છે, એટલે પરિણામરૂપ તે થાય છે ખરો, પણ પરિણામ તે પર્યાયનયનો વિષય છે; દ્રવ્યાર્થિકનય એકરૂપ દ્રવ્યને દેખે છે, તેમાં બંધ-મોક્ષ પરિણામો ન આવે, તેમાં તો એકલો પારિણામિકપરમભાવ આવે; તે પારિણામિકભાવ બંધ-મોક્ષપર્યાય સાથે સર્વથા તન્મય નથી. કેમકે તે તો દ્રવ્યરૂપ છે. દ્રવ્યનું દ્રવ્યસત્તાપણે સદાય હોવું તેનું નામ 'દ્રવ્યનો આત્મલાભ' છે, અને આવા द्रव्यात्मलाभहेतुक પારિણામિકભાવ છે.

## તારા દ્રવ્ય-પર્યાય તારામાં....બીજા સામે શું જોવું?

આત્માનો સ્વભાવ ઝીણો છે—અતીન્દ્રિય છે, એટલે આંખથી તે ન દેખાય, વિકલ્પથી ન જણાય; અંતર્મુખ જે પર્યાયથી જણાય છે તે પર્યાય તેનો એક અંશ છે; અખંડ દ્રવ્ય ત્રિકાળ પૂરું શુદ્ધ છે. તે શુદ્ધસ્વરૂપની સન્મુખ થયેલી પરિણતિ વિકલ્પરૂપ થતી નથી. હવે જે નિર્મળ પરિણતિ થઈ તેની કર્તા પર્યાય છે, દ્રવ્ય નહિ. પરિણામ અને પરિણામીને અભેદપણે કહેતાં 'પરિણમે તે કર્તા' એમ કહેવાય. પણ દ્રવ્ય પોતે પર્યાયરૂપ થઈ જતું નથી; દ્રવ્યમાં તો બંધ-મોક્ષથી નિરપેક્ષપણું છે, અનાદિઅનંત એકરૂપપણું છે,—આવા સ્વભાવની સન્મુખ થતાં મોક્ષમાર્ગ થાય છે.

અહા, જ્યાં દ્રવ્ય ને પર્યાયનું આવું સ્વરૂપ પોતામાં છે. ત્યાં જગતમાં બીજા સામે શું જોવું? બીજાની શી ચિંતા! આવા આત્મસ્વભાવને પરનો કર્તા કહેવો કે રાગરૂપે પરિણમનાર કહેવો, તે તો વિપરીતતા છે. રાગનું કર્તૃત્વ અજ્ઞાનમાં છે, જ્ઞાનમાં નહી. જ્ઞાનીને મોક્ષમાર્ગરૂપ નિર્મળપર્યાયનું કર્તૃત્વ છે, પણ તે પર્યાય વ્યવહારનયનો વિષય છે, શુદ્ધનયનો નહીં. શુદ્ધનય તો આત્માને પરમસ્વભાવે જ દેખે છે.

## અમર થવા ધ્રુવધામને ધ્યેય બનાવીને ધ્યાનમાં ધ્યાવ.

પરમસ્વભાવી આત્મા અમૃતરસનો કુંડ છે; તે અમૃતના અનુભવ વડે અમર થવાની આ વાત છે. અમર એવું સિદ્ધપદ પામવા માટે અખંડ ચૈતન્યસ્વભાવને ધ્યાનમાં ધ્યેયરૂપ બનાવવો. તે ધ્યેય સદા આનંદથી ભરેલું છે, તેને ધ્યાવતાં આનંદનું વેદન થાય છે. આવા સ્વધ્યેયને ભૂલેલો જીવ વિકારને જ અનુભવતો થકો દુઃખી થાય છે, તે દુઃખથી મુક્ત થવા માટેનો આ ઉપદેશ છે. દુઃખથી છૂટીને તારે શાંતિ પ્રગટ કરવી હોય તો, જેમાં કદી દુઃખનો પ્રવેશ નથી એવા તારા ધ્રુવધામને ધ્યેય બનાવીને ધ્યાનમાં ધ્યાવ. જીવ પોતાના સ્વભાવમાંથી સંસરીને પરભાવમાં આવ્યો તે સંસાર, અને પરભાવોથી છૂટીને નિજભાવમાં લીન થયો તે મુક્તિ. એ બંને અવસ્થા છે; ત્રિકાળસ્વભાવી દ્રવ્ય પારિણામિકભાવે હોવાથી તેને બંધન-મુક્તિ નથી. આવા ધ્રુવસ્વરૂપના ધ્યાનવડે વીતરાગતાની ઉત્પત્તિ ને રાગનો વ્યય થાય છે, તે મોક્ષની ક્રિયા છે; તેમાં સંવર-નિર્જરા આવી જાય છે.

## વસ્તુમાં ધ્રુવ રહેવું અને બદલવું એવી બંને શક્તિ છે

વસ્તુ દ્રવ્યપણે કાયમ રહીને પર્યાયમાં ઉલટ-પલટ થાય એવી એની પોતાની શક્તિઓ છે. જો વસ્તુ બદલતી ન હોય તો દુઃખદશાનો નાશ થઈને સુખદશાની પ્રાપ્તિ કેમ થઈ શકે? ને જો ધ્રુવ ન રહેતી હોય તો એક અવસ્થાનો નાશ થયા પછી બીજી અવસ્થા કોને આધારે થાય? માટે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુ છે, તેને ઓળખવી જોઈએ. તેને ઓળખીને સ્વભાવસન્મુખ એકાગ્ર થતાં આનંદના વેદનરૂપદશા પ્રગટે છે. આવી ક્રિયાને ધ્યાન કહો, મોક્ષમાર્ગ કહો કે ધર્મ કહો. પહેલાં વિકારના વેદનમાં એકાગ્ર થતો, તેને બદલે હવે શુદ્ધસ્વભાવના આનંદના અનુભવમાં એકાગ્ર થયો, એ રીતે પર્યાયનો પલટો થયો, પણ તેના ધ્યેયરૂપ ધ્રુવ તે તો ધ્રુવ જ રહ્યું.

જુઓ, આ વીતરાગી ન્યાયો છે. જ્ઞાનને સત્યસ્વભાવ તરફ દોરી જાય—એટલે કે અંતરમાં જેવો સ્વભાવ છે તેવું જ્ઞાન કરે, તે સમ્યગ્જ્ઞાન જ સાચો ન્યાય છે. લૌકિક ન્યાય

કરતાં આ અંતરનો અલૌકિક ન્યાય ત્રિકાળ સત્યને સિદ્ધ કરનાર છે, તે ત્રણકાળમાં નથી ફરનાર.

## ધ્યેય અને ધ્યાન

આત્માનું સત્યસ્વરૂપ જેવું છે તેવું બરાબર જ્ઞાનમાં આવ્યા વિના આત્માને સાધી શકાય નહિ. અનુભવી શકાય નહિ. ટકતું ને બદલતું—એવા બંને અંશ થઈને આખું આત્મતત્ત્વ સિદ્ધ થાય છે. પરથી જુદી, શરીરથી જુદી, કર્મથી જુદી, ને રાગથી પણ જુદી, એવી ચૈતન્યધાતુ—જેણે જ્ઞાનઆનંદસ્વભાવને ધાર્યો છે, તે ત્રિકાળશક્તિપણે ધ્રુવ ટકતી છે, ને અવસ્થા બદલતી છે. તેના શુદ્ધસ્વરૂપને ધ્યેય બનાવતાં અવસ્થામાં વિકાર ટળીને નિર્વિકલ્પદશા થાય છે. તે અવસ્થા પોતે પોતાનું ધ્યેય નથી, અવસ્થાને જુદી લક્ષમાં લેવા જાય તો વિકલ્પ ઊઠે છે, ને ધ્યાનદશા રહેતી નથી. જ્ઞાનીના ધ્યાનમાં ધ્રુવ-ધ્યેય છે, ત્રિકાળ ચિદાનંદસ્વરૂપને તે ધ્યાનમાં ધ્યાવે છે. તે-કાળે તન્મય હોવા છતાં, ને રાગ વગરની હોવા છતાં, તે ધ્યાનપર્યાય વિનશ્વર છે ને ધ્યેયરૂપ પારિણામિકભાવ અવિનશ્વર છે; ધ્યાનપર્યાય ઔપશમિકાદિ ત્રણ ભાવરૂપ છે, ને ધ્યેયદ્રવ્ય પારિણામિકભાવરૂપ છે, ધ્યાન તે ક્રિયા છે, ને ધ્યેયરૂપ દ્રવ્ય અક્રિય છે;—આમ કથંચિત્ ભિન્નતા છે. પણ ધ્યાનકાળે 'આ દ્રવ્ય ને આ પર્યાય' એવા વિકલ્પ રહેતા નથી, તેમાં તો અભેદ અનુભવનો નિર્વિકલ્પ આનંદ જ છે.

## પાંચ ભાવોનો કાળ; તેમાં આનંદથી ભરેલો ધ્રુવનો ઢગલો અનાદિઅનંત

ભગવાન આત્મા આનંદથી ભરેલો ધ્રુવ ઢગલો, તેમાં એકાગ્ર થઈને તેને ધ્યેય કરનારી દશા તે મોક્ષમાર્ગ; આત્માનો ધ્રુવસ્વભાવ અનાદિઅનંત આનંદથી ભરેલો છે, એટલે પારિણામિકભાવ અનાદિઅનંત છે; ક્ષાયિકભાવ પ્રગટ્યા પછી એવો ને એવો સદા કાળ પરિણમ્યા કરે છે તેથી તે સાદિ-અનંત છે; બાકીના ત્રણે ભાવોને સાદિ-સાંત કહ્યા છે. ઔદયિક ને ક્ષાયોપશમિક એ બંને ભાવો પ્રવાહપણે અનાદિના હોવા છતાં તે એવા ને એવા નથી રહેતા, વધતા-ઘટતા છે. એટલે તેમને પણ સાદિ-સાંત જ ગણ્યા છે. ઔદયિકભાવનો એકવાર સર્વથા અભાવ થયો પછી તે કદી થતો નથી, ને ક્ષાયિકભાવ એકવાર પ્રગટ્યા પછી તે કદી જતો નથી—જો કે તેમાં પરિણમન છે પણ સદાકાળ એકસરખો પૂર્ણશુદ્ધ રહે છે. ધ્રુવના અવલંબને પ્રગટેલો તે નિર્મળ આનંદમય ક્ષાયિકભાવ સદાકાળ ધ્રુવ સાથે રહ્યા કરે છે.

## અક્રિયભાવ અને ક્રિયા—બંને એકસાથે છે
## પર્યાય તે ઉપાધિ નથી, એ તો સિદ્ધમાંય છે

દરેક આત્મા સત્ છે. અનંતા આત્મા મોક્ષ પામેલા છે, ને અનંતા આત્મા સંસારમાં છે. છતાં શક્તિસ્વભાવ બધા આત્માનો સરખો છે. વર્તમાન ક્ષણિક અવસ્થા મલિન છે તેને ન જોતાં ધ્રુવતત્ત્વને જુઓ તો તેમાં દુઃખ કે વિકાર છે જ નહિ; તેની સન્મુખ જે પર્યાય થઈ તેમાં પણ દુઃખ કે વિકાર નથી, તે તો સ્વભાવના લક્ષે આનંદરૂપ થઈ છે. આવી દશા પ્રગટ્યા વગર મોક્ષમાર્ગ હોય નહી. હું શુદ્ધ ચિદાનંદ અખંડ તત્ત્વ છું—એવો અંતર્અનુભવ તે મોક્ષની ક્રિયા છે; એ જ વખતે ધ્રુવભાવ અક્રિય છે. આ રીતે અક્રિયપણું તેમજ ક્રિયા એ બંને વસ્તુમાં એકસાથે છે.

ભાઈ, આવા મનુષ્યશરીર તો અનંતવાર મળ્યા ને છૂટ્યા, આ શરીર કાંઈ નવું નથી; અનંતીવાર ગ્રહેલા ને છોડેલા પરમાણુઓ ફરીને આ શરીરરૂપ થયા છે. એનાથી ભિન્ન તારું શુદ્ધ ચિદાનંદસ્વરૂપ શું છે તેની ઓળખાણ કરે તે નવીન છે. અમુક શબ્દોના (અરિહંત સહજાત્મસ્વરૂપ વગેરેના) જાપ જપ્યા કરે ને વિકલ્પો કર્યા કરે પણ તેના વાચ્યરૂપ ધ્યેયરૂપ શુદ્ધઆત્મા પોતે અંતરમાં કેવો છે તેને ધ્યાનમાં ન લ્યે ત્યાંસુધી સાચું કલ્યાણ થાય નહીં. તારું ધ્રુવ ટકવાપણું તેમજ બદલવાપણું બંને તારામાં સમાય છે. બદલવાની અવસ્થા ક્યાંક બીજે ને ધ્રુવ પોતામાં—એમ બે ભાગ નથી. પણ એક વસ્તુમાં એકસાથે બંને ભાવો (બંને ધર્મો) રહેલા છે; તેમને પરસ્પર કથંચિત્ ભિન્ન કહ્યા છે.

માત્ર બદલવું (પર્યાયનું પલટવું) તે કાંઈ દોષ નથી; પર્યાયનું પલટવું તો સિદ્ધનેય થયા કરે છે. તે ઉપાધિ નથી. અને પલટવા વખતે જ અખંડ સ્વભાવથી ભરેલું ધ્રુવત્વ પણ દરેક વખતે એવું ને એવું વર્તી રહ્યું છે. તે સ્વભાવને ભૂલીને, પોતાને રાગાદિ જેટલો જ માનીને અજ્ઞાની અશુદ્ધપણે પરિણમે છે; અશુદ્ધતા તે દોષ છે. આખી શક્તિ એક અવસ્થા જેટલી નથી, એ તો ધ્રુવ સામર્થ્યથી ભરેલી છે. (કદી ન વપરાય એને ધ્રુવફંડ કહેવાય છે, તેમ અહીં જે શક્તિ કદી ન ખૂટે, સદા એવી ને એવી અખંડ રહે—તેને ધ્રુવશક્તિ કહે છે.) આવા પોતાના સ્વભાવને જાણ્યા વગર શાસ્ત્રોનાં ભણતર ભણે તોપણ અજ્ઞાન મટે નહી. સર્વજ્ઞદેવે પરિપૂર્ણ આનંદ ને જ્ઞાન પ્રગટ્યા, ત્રણકાળ ત્રણ લોક જાણ્યા, જેવું વસ્તુસ્વરૂપ જાણ્યું તેવું વાણીમાં આવ્યું; તે સ્વરૂપ ઝીલીને આચાર્યદેવે જગતને સમજાવ્યું છે. આ સમજીને અનુભવ્યે જ જગતનું કલ્યાણ છે.

## ધ્રુવ અને પર્યાય બંનેને જાણતાં ધ્રુવસ્વભાવ તરફ ઝુકાવ થઈ જાય છે. ચૈતન્ય મહાસત્તામાં ઉપયોગને જોડવો તે જ સાચો યોગ છે.

પહેલાં અજ્ઞાનદશામાં રાગ-દ્વેષમાં એકાગ્રતારૂપ આર્ત્ત-રૌદ્રધ્યાન હતા, હવે આત્માનું ભાન કરીને ચૈતન્યસ્વભાવમાં એકાગ્ર થતાં ધર્મ-શુક્લધ્યાન થયા; સિદ્ધદશા થતાં તે ધ્યાન પણ નહિ રહે. આ રીતે ધ્યાનદશા વિનશ્વર છે. જેટલો ધ્યેયનો કાળ છે તેટલો ધ્યાનદશાનો કાળ નથી. ધ્યેયરૂપ ધ્રુવસ્વભાવ કાયમ રહેનાર છે, પર્યાય કાયમ રહેનાર નથી. પર્યાય કાયમ રહેનાર હોય તો અધૂરામાંથી પૂરી દશા થાય નહીં. પર્યાય તો પરિણમનશીલ છે. ધ્રુવતા અને પરિણમન એવો પોતાનો સૂક્ષ્મસ્વભાવ લક્ષમાં લેતાં સમ્યગ્જ્ઞાન થાય છે. ધ્રુવસ્વભાવ અને પર્યાય બંનેનું સ્વરૂપ જે ઓળખે તેની પર્યાય અંતરમાં ધ્રુવસ્વભાવ તરફ ઝુકી જાય છે. ને તેના ધ્યાનમાં અતીન્દ્રિય ઉપશાંતરસનો સમુદ્ર ઉલ્લસે છે, મોક્ષનું સુખ અનુભવાય છે. આવા સ્વભાવમાં જે ઉપયોગનું જોડાણ કરે તે જ સાચા યોગી અને સાધક છે. બાકી તો બધા હઠયોગ છે. શરીરના પ્રાણાયામ વગેરે આત્માની ચીજ નથી; રાગમાં ધર્મ માનીને તેમાં ઉપયોગને એકાગ્ર કરે તે અધર્મ છે. દેહનું અને રાગનું લક્ષ છોડીને પરમ સત્ ચૈતન્યમહાપ્રભુમાં લક્ષને જોડે ને તેને ધ્યાવે તે પરમયોગી છે. જોડાય છે તે અવસ્થા છે, પણ તે જોડાય છે શેમાં? ધ્રુવમાં; આ રીતે ધ્રુવસ્વભાવ સાથે પર્યાયનું જોડાણ (અભેદ) કરવું તે યોગ છે. આવી યોગસાધના વડે મોક્ષ સધાય છે. દ્રવ્ય છે, પર્યાય છે,—આવા સત્ સ્વભાવનું મહાન અસ્તિત્વ સ્વીકાર્યા વગર સાચો યોગ કે એકાગ્રતા થાય નહી. સ્વભાવનું અસ્તિત્વ ક્યારે સ્વીકાર્યું?—કે પર્યાય તેમાં એકાગ્ર થઈ ત્યારે.—આવો અલૌકિક અંતરનો માર્ગ છે. ભાઈ, તારા અંતરમાં ચૈતન્યમહાસત્તા છે તેમાં અનંતસ્વભાવો ધ્રુવપણે ભરેલા છે, તેમાં તારી વર્તમાનદશાના ઉપયોગને જોડ; આવું જોડાણ, આવી એકાગ્રતા તે જ ધર્મનો યોગ છે, તે નિર્વિકારદશા છે, તેમાં આનંદ છે, તે મોક્ષમાર્ગ છે.

સંસારમાં જીવ એકગતિમાંથી મરે ને બીજી ગતિમાં ઊપજે, એમ ગતિના ભવ પલટાયા કરે છે, ને તેના કારણરૂપ શુભાશુભભાવો પણ પલટાયા કરે છે, તે કોઈ કાયમ રહેતા નથી પણ ધ્રુવસ્વભાવપણે આત્મા કાયમ રહે છે,. તે ઊપજતો-વિનશતો નથી. ધ્રુવ જન્મે નહિ, ધ્રુવ મરે નહિ. આવા આત્મસ્વભાવને હે જીવ! તું જાણ. બંધ-મોક્ષ પર્યાયમાં હોય, દ્રવ્યમાં ન હોય; માટે ધ્રુવદ્રવ્ય બંધ-મોક્ષને નથી કરતું, પર્યાય બંધ-મોક્ષને કરે છે. આ રીતે પર્યાયનો કર્તા પર્યાય જ છે. બીજો નહિ ને ધ્રુવ પણ નહિ. આ અપેક્ષાએ ક્રિયા તે પર્યાય છે ને ધ્રુવ તે અક્રિય છે. આ રીતે એક ધ્રુવરૂપ અક્રિયભાવ (દ્રવ્ય) અને બીજો

ઉત્પાદ-વ્યયની ક્રિયારૂપ ભાવ (પર્યાય)—એવા દ્રવ્ય-પર્યાય સ્વરૂપ આત્મવસ્તુ છે; તે ચૈતન્યભાવરૂપ છે તે સ્વાનુભવથી ઓળખાય છે.

## પરમસત્યનો પરમ મહિમા; અભેદને લક્ષ્ય બનાવીને મોક્ષને સાધ

અહો, આત્માનું આવું પરમ સત્ય! આ પરમ સત્ય વારંવાર સાંભળવા જેવું છે, સમજવા જેવું છે ને અનુભવમાં લેવા જેવું છે. અંદર વારંવાર આનું ઘોલન કરવા જેવું છે. ભાઈ, તારું ધ્રુવ-લક્ષ્ય અને તેને લક્ષમાં લેનાર પર્યાય, એ બંને તારામાં જ સમાય છે. તારા લક્ષ-લક્ષ્ય બહારમાં નથી, ને અંદર પર્યાયના ભેદ પડે તે પણ તારું ખરું લક્ષ્ય નથી. અભેદવસ્તુ લક્ષ્ય છે. તેના લક્ષે મોક્ષમાર્ગ પ્રગટે છે ને મોક્ષ સધાય છે. ભેદના લક્ષે મોક્ષમાર્ગ પ્રગટતો નથી ને મોક્ષ સધાતો નથી. સર્વજ્ઞપદના ભંડાર અંતરના સ્વભાવમાં ભર્યા છે તેમાંથી તે પ્રગટે છે.

ભાઈ, આ વાત ગંભીરપણે ઊંડાણથી લક્ષમાં લેવા જેવી છે. તારો સ્વભાવ જેવો છે તેની જ આ વાત છે. તારી વસ્તુ જ આવી દ્રવ્ય-પર્યાયરૂપ બે સ્વભાવવાળી છે. અરે, તારી વસ્તુમાં જે ભર્યું છે તે સમજવું તને કઠણ લાગે છે!—એ આશ્ચર્ય છે. પોતે પોતાને ન સમજે એ કેવી વાત! તારું વસ્તુસ્વરૂપ તો આવું જ છે, ને તે સમજ્યે જ તને સુખ-શાંતિ-ધર્મ થશે.

## ઉત્પાદવ્યયધ્રુવરૂપ સત્ છે...એનો જ આ ઉપદેશ છે

બંધ-મોક્ષ અંશના છે, અંશીના નહીં. પર્યાય ને પર્યાય છૂટે તે વ્યવહારનો વિષય છે, દ્રવ્ય એકરૂપ રહે તે નિશ્ચયનો વિષય છે; વસ્તુમાં નિત્યતા અને અનિત્યતા બંને છે. સ્યાદ્વાદનો આ મહાસિદ્ધાન્ત છે. આનાથી વિરુદ્ધ બીજી રીતે માને તો કાંઈ સિદ્ધ જ ન થઈ શકે. કોઈપણ જીવ જ્યારે એમ વિચારે કે મારે દુઃખ ટાળીને સુખી થવું છે,—ત્યારે તેમાં બંને વાત સિદ્ધ થઈ જાય છે—

(૧) દુઃખદશા ટળીને સુખદશા થઈ શકે છે. (उत्पादव्यय)

(૨) દુઃખ ટળીને સુખદશા થતાં પોતે કાયમ ટકી રહે છે. (ध्रुवता)

આ રીતે 'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં સત્' એવું વસ્તુસ્વરૂપ છે. તેને ઓળખતાં ધ્રુવસ્વભાવના આશ્રયે સુખની પર્યાય ઉત્પન્ન થાય છે ને દુઃખપર્યાય નષ્ટ થાય છે. આ રીતે દુઃખ ટળ્યું ને સુખ થયું, અધર્મ ટળ્યો ને ધર્મ થયો; તે ક્રિયા પર્યાયમાં થઈ છે, ધ્રુવ તો ધ્રુવ છે.

પરમાર્થે જીવ ઊપજતો નથી એટલે દ્રવ્ય અપેક્ષાએ ઉત્પાદવ્યય નથી.

વ્યવહારે જીવ ઊપજે છે એટલે પર્યાયઅપેક્ષાએ ઉત્પાદ-વ્યય છે.

એકગતિમાંથી બીજી ગતિમાં જવા છતાં દ્રવ્યસ્વભાવ અપેક્ષાએ જીવ એવોને એવો રહે છે. આવા સ્વભાવને ભૂલીને અજ્ઞાનપણે તે સંસારમાં રખડે છે, સ્વભાવને સમજીને એકવાર મોક્ષદશા પ્રગટ કરે તો ફરીને ચારગતિમાં અવતાર રહે નહિ. આમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ બધું આવી જાય છે. અણસમજ છે તે ટાળવી, સાચી સમજ પ્રગટ કરવી, ધ્રુવપણે સળંગ ટકી રહેવું—એમ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ વસ્તુ સિદ્ધ થાય છે.

સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વરે આવું વસ્તુસ્વરૂપ જાણીને, આત્માને સાધ્યો ને કેવળજ્ઞાન પ્રગટ કર્યું; જ્ઞાનઆનંદની પરિપૂર્ણ લક્ષ્મી અંતર્સ્વભાવમાં ભરી હતી તે પર્યાયમાં પ્રગટ કરી અને પછી ઈચ્છા વગર વાણીમાં પણ તે સ્વરૂપ જગતને બતાવ્યું. આત્માની સાધના કરતાં કરતાં, વચ્ચે પૂર્ણતાની ભાવનાના વિકલ્પમાં જે વાણી બંધાણી, અને પછી વિકલ્પ તોડીને કેવળજ્ઞાન થતાં તે વાણીનો ઉદય આવ્યો, ત્યારે અસંખ્યપ્રદેશેથી અદ્ભુતવાણી છૂટી ને તેમાં જગતને પૂર્ણતાની પ્રાપ્તિનો માર્ગ બતાવ્યો; ને સમસવરણમાં શ્રોતાઓએ તે માર્ગ ઝીલીને આત્માની સમજણ કરી. ભગવાને જે સ્વરૂપ ઉદેશ્યું તે જ વીતરાગી સંતોએ બતાવ્યું છે. ને એનો જ આ ઉપદેશ છે.

## આત્મામાં ક્રિયા હોય?—'હા'. ક્રિયા પણ છે ને અક્રિય પણ છે

જીવના પાંચ ભાવમાં પારિણામિકભાવને કારણ-કાર્ય વગરનો નિષ્ક્રિય કહ્યો, અને તેને અવલંબનારી પર્યાયરૂપ જે પરમાત્મભાવના તેને મોક્ષમાર્ગની ક્રિયા કહી.—આમ દ્રવ્ય-પર્યાયરૂપ બંને સ્વભાવવાળી વસ્તુ સિદ્ધ કરી. એકલા ધ્રુવમાં કારણ-કાર્ય ન હોય; એકલા ક્ષણિકમાં કારણ-કાર્ય ન હોય; ધ્રુવને અવલંબીને પ્રવર્તતી પર્યાય તે મોક્ષકારણ છે. આત્મામાં ક્રિયા હોય?—કે હા; આત્મામાં શુદ્ધસ્વરૂપની ભાવનારૂપ જે ક્રિયા છે તે મોક્ષની ક્રિયા છે. રાગાદિભાવો તે બંધના કારણરૂપ ક્રિયા છે, શુદ્ધઆત્માની ભાવનારૂપ સમ્યગ્દર્શનાદિ તે મોક્ષના કારણરૂપ ક્રિયા છે. આમાં બંધના કારણરૂપ ક્રિયા તે ઔદયિકભાવે છે; મોક્ષના કારણરૂપ ક્રિયા તે ઔપશમિકાદિભાવે છે; અને પારિણામિકભાવ બંધ-મોક્ષના કારણરૂપ ક્રિયાથી રહિત છે તેથી નિષ્ક્રિય છે.

પરમપારિણામિકભાવ ધ્યેયરૂપ છે, ધ્યાનરૂપ નથી.

ઔપશમિકાદિ ત્રણ ભાવો ધ્યાનરૂપ છે, મોક્ષકારણ છે.

ઔદયિકભાવ તે પરભાવ છે ને બંધનું કારણ છે.

વસ્તુનું ધ્રુવસ્વરૂપ ઊપજતું–વિનશતું નથી.

ઊપજવું–વિનશવું તે વસ્તુની પર્યાયમાં છે.

એ બંને ધર્મો વસ્તુમાં ન હોય તો દુઃખ ટળીને સુખ થાય નહિ.

—આ રીતે ધ્રુવને ન ઓળખે તેને ધ્રુવનું લક્ષ કરાવે છે; ને પર્યાયને ન માને તેને પર્યાય બતાવે છે. બે થઈને વસ્તુસ્વરૂપ છે. બંનેને જાણ્યા વગર સાચું જ્ઞાન થાય નહિ ને મોક્ષમાર્ગ સધાય નહિ.

## આત્માનો લાભ ક્યારે થાય ?

આ વાત ઘણીવાર પ્રવચનમાં આવે છે તો ખરી; ઘણા ન્યાયો આવે તેમાં ગંભીરપણું આ બધું આવતું હોય છે; પણ સાંભળનાર તેની ગંભીરતાને પકડી લ્યે તો ખ્યાલમાં આવે. બાકી ઉપર ટપકે સાંભળીને ધારણા કરી લ્યે પણ અંદરની ગંભીરતા જો ખ્યાલમાં ન લ્યે તો ખરું રહસ્ય ન સમજાય. શ્રોતા પોતે અંદર મહેનત કરીને ગંભીરતા પકડે ત્યારે ખરું રહસ્ય લક્ષમાં આવે, ને આત્માનો લાભ થાય—એટલે કે અનુભવ થાય.

આત્માના જ્ઞાયકસ્વભાવનું ઘણા પ્રકારે વર્ણન કર્યું. હવે આ ૩૨૦મી ગાથાની આધ્યાત્મિક-પારાયણ પૂરી થવા આવી છે. તેમાં છેલ્લે ધર્માત્મા જીવો પોતાના આત્માને કેવો ભાવે છે ? તે કહે છે.

સહજ ચિદાનંદ.

વીતરાગી મોક્ષમાર્ગનો પડકાર કરતાં સંતો કહે છે કે અરે, રાગને ધર્મ માનનારા કાયરો ! તમે ચૈતન્યના વીતરાગ માર્ગે નહીં ચડી શકો....ચૈતન્યને સાધવાનો સ્વાધીન–પુરુષાર્થ તમે નહિ પ્રગટાવી શકો....સ્વાધીન ચૈતન્યનો તમારો પુરુષાર્થ ક્યાં ગયો ? તમે ધર્મ કરવા નીકળ્યા છો, તો ચૈતન્યશક્તિની વીરતા તમારામાં પ્રગટ કરો. એ વીતરાગી વીરતા વડે જ મોક્ષમાર્ગ સધાશે.

—વીતરાગી સંતોની આવી હાક સાંભળીને કોણ ન જાગે ?

# ધર્મી જીવ કોને ભાવે છે?

શુદ્ધાત્માની ભાવનારૂપ પરિણતિ તે મોક્ષમાર્ગ છે–એમ કહ્યું. આ ભાવના કેવી છે? 'વિવક્ષિત–એકદેશ શુદ્ધનયાશ્રિત આ ભાવના નિર્વિકાર–સ્વસંવેદન–લક્ષણ ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ હોવાથી એકદેશ–વ્યક્તિરૂપ છે.' પણ ધ્યાતાપુરુષ એમ ભાવે છે કે 'સંપૂર્ણ નિરાવરણ અખંડ એક પ્રત્યક્ષપ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધ પારિણામિકપરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું.' પરંતુ–એમ નથી ભાવતો કે ખંડજ્ઞાનરૂપ હું છું.'

## મોક્ષના કારણરૂપ 'ભાવના' કેવી છે?

જુઓ, પ્રથમ તો મોક્ષના કારણરૂપ જે આ 'ભાવના' છે તે જ્ઞાનરૂપ છે, રાગરૂપ નથી. આ ભાવના પોતે જોકે પર્યાય છે, પણ તે ભાવનાનો વિષય અખંડ આત્મા છે. જ્ઞાનપર્યાય પોતે અંતર્મુખ થઈને શુદ્ધસ્વભાવમાં અભેદ થઈ એટલે તે ખંડખંડરૂપ ન રહી, તે અભેદસ્વભાવની ભાવનામાં એકાગ્ર થઈ. શુદ્ધનયરૂપ આવી ભાવના તે પર્યાય છે, ત્રિકાળી દ્રવ્ય તેનો વિષય છે. આવી એકદેશ શુદ્ધતારૂપ જે શુદ્ધપર્યાય પ્રગટી તેને ભેદ પાડીને લક્ષમાં લ્યો તો તે એકદેશ શુદ્ધનયનો વિષય છે, તેમાં રાગ નથી. જો કે પર્યાયના ભેદ તે વ્યવહારનો વિષય છે, પણ તેમાં શુદ્ધતાનો અંશ છે તેથી તેને એકદેશ શુદ્ધનય કહ્યો; ને ભાવનાને 'એકદેશશુદ્ધનયાશ્રિત' કીધી. જોકે તેનો આશ્રય (ધ્યેય) તો અંતરમાં ધ્રુવઅભેદ સ્વભાવ છે, પણ તેને વિષય કરનારો એકદેશ શુદ્ધનય છે માટે તેને 'એકદેશશુદ્ધનયાશ્રિત' કીધી છે. એકદેશશુદ્ધનયાશ્રિત ભાવના, ઔપશમિકાદિ ત્રણ ભાવ, આત્માસન્મુખ પરિણામ, નિર્વિકલ્પસ્વસંવેદન ઈત્યાદિ ઘણા વિશેષણોથી મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજાવ્યું છે.

## ચોથા ગુણસ્થાનથી રાગરહિતપણાનો પ્રારંભ

આવા મોક્ષમાર્ગની ચોથા ગુણસ્થાને શરૂઆત થાય છે. અહો! ચોથા ગુણસ્થાને પણ ધર્મીને આત્માની જેટલી પ્રભુતા પ્રગટી તે તો રાગથી જુદી જ છે. સાથે રાગ રહ્યો છે તેથી કાંઈ પ્રગટેલી શુદ્ધપર્યાય પોતે રાગરૂપ થઈ જતી નથી. જગતમાં તો જ્ઞેયપણે આખી

દુનિયા છે. છએ દ્રવ્યો છે, તેથી શું શુદ્ધપર્યાય તે છે દ્રવ્યસહિત છે ?—ના, તેનાથી ભિન્ન છે. તેમ રાગ હોવા છતાં ધર્મીને તે જ્ઞાનના જ્ઞેયપણે જ છે, જ્ઞાન તેનાથી ભિન્ન છે. શુદ્ધ જ્ઞાન સાથે રાગ એકમેક નથી. ચૈતન્યબિંબ આત્મા એકરૂપ છે તે-રૂપે જ ધર્મી પોતાને અનુભવે છે. ચોથા ગુણસ્થાને પણ જેટલી શુદ્ધતા છે તેમાં રાગ નથી, તે તો રાગરહિત જ છે. ચોથા ગુણસ્થાનથી શરૂ થયેલ શુદ્ધતાનો અંશ, તે વધી વધીને સિદ્ધદશામાં પૂર્ણ શુદ્ધતા થઈ, તેમાં ક્યાંય રાગનો સ્પર્શ નથી.—આવો વીતરાગનો માર્ગ છે.

## સમવસરણમાં લોકસ્વભાવના શ્રોતાઓ.....

સીમંધર ભગવાને સમવસરણની વચ્ચે આવો આત્મસ્વભાવ બતાવ્યો તે રાગ વગરનો મોક્ષમાર્ગ ઉપદેશ્યો; એ વાત ભવ્યશ્રોતાજનોના કાનમાં પડી ને તે શ્રોતાઓએ એવો અનુભવ પ્રગટ કર્યો. 'અહા! સમસવસરણની દિવ્ય શોભા વચ્ચે ભગવાન આમ કહેતા હતા. ભગવાન લોકસ્વભાવનું વર્ણન કરતા હતા ને રાગ વગરનો માર્ગ દેખાડતા હતા'—એમ 'શ્રો...તા...ઓ...એ...' સાંભળ્યું. 'લોકસ્વભાવના શ્રોતાઓને ભગવાન તીર્થંકરદેવે આમ કહ્યું'....એમ કુંદકુંદાચાર્યદેવે પંચાસ્તિકાય ગા. ૯૫માં કહ્યું છે : (—लोगसहावं सुणंताणं).....

રે જીવો! મનુષ્યનો આવો અવતાર મળ્યો તેમાં આવી ચીજ લક્ષમાં લેવા જેવી છે. લક્ષ પર્યાયવડે થાય છે પણ પર્યાય ઉપર લક્ષ નથી, અખંડ ઉપર લક્ષ છે. અહો, જિનમાર્ગના સ્યાદ્વાદની આ અદ્ભુત લીલા છે; અનેકાંતમાર્ગ અમૃતરૂપ છે; ભગવાન પરમાત્માનું આવું સ્વરૂપ છે; તે ભગવાને જાણ્યું ને વાણીમાં કહ્યું, કાંઈ નવું બતાવ્યું નથી.

## તારો પંથ તારામાં છે, દુનિયા સામે ન જો

ભાઈ, તારું દ્રવ્ય ને તારી પર્યાય બંને પોતામાં છે, તેમાં ઝઘડા ને વાદવિવાદ કોની સાથે? તારી વસ્તુ તારામાં પડી છે તેને જો....તેને અનુભવ, દુનિયા શું કરે છે ને શું કહે છે તેનું તારે પ્રયોજન નથી. દુનિયા એના ઘરે રહી. એના સ્થાનમાં, એ તારા સ્થાનમાં તું. તું તારું સંભાળ. અહો! આચાર્યદેવે કરુણાથી કેવું સ્પષ્ટીકરણ કર્યું છે! બહારના બીજા વિકલ્પોની તો વાત દૂર રહો, ને પોતાના બંધ-મોક્ષના વિકલ્પ પણ છોડીને, અંતર્મુખ નિર્વિકલ્પ જ્ઞાનવડે પોતાની અખંડ ચૈતન્યવસ્તુને જાણીને તેમાં ઠરવું તે મોક્ષમાર્ગ છે. અભેદસ્વભાવની સન્મુખ થયેલી થયેલી પોતાની સ્વતંત્ર પર્યાયથી આવો મોક્ષમાર્ગ સધાય છે; તેને 'પરમ અદ્વૈત' પણ કહેવાય છે. (જુઓ પાનું—૯૬)

## અનુભૂતિમાં દ્વૈત નથી, પરમ અદ્વૈત મોક્ષમાર્ગ છે

અનુભૂતિમાં દ્રવ્ય-પર્યાયનું અદ્વૈતપણું તે મોક્ષમાર્ગ છે,—દ્વૈતનો ભેદ તેમાં નથી રહેતો; ત્રિકાળી વસ્તુ શુદ્ધ છે તેવી શુદ્ધપર્યાય પ્રગટી તેને પરમ અદ્વૈત કહ્યું, વિકલ્પમાં ભંગ પડતો તે મટીને અભેદ થઈ ગયું. નિર્વિકારી એકદેશ શુદ્ધનયરૂપ વીતરાગી ભાવના તે પરમ અદ્વૈત મોક્ષમાર્ગ છે. આવો વીતરાગનો માર્ગ છે. જડ-ચેતન બધું થઈને એક—એવો કાંઈ અદ્વૈતનો અર્થ નથી. વિકાર સાથે પણ જ્યાં એકતા નથી ત્યાં જડની તો શી વાત? સ્વસંવેદન-પ્રત્યક્ષજ્ઞાન પોતાનું છે, તે અંતરમાં અભેદ થઈને અખંડ આત્માનો અનુભવ કરે છે ત્યારે તેમાં દ્રવ્ય-પર્યાયના દ્વૈતનો વિકલ્પ રહેતો નથી. આવા અનુભવને અદ્વૈત-અનુભવ કહેવાય છે કેમકે એવા અનુભવમાં શુદ્ધાત્મા સિવાય બીજું દ્વૈત પ્રતિભાસતું નથી— (अनुभवमुपयाते भाति न द्वैतमेव સમયસાર કળશ ૯)

## ધ્યેયરૂપ પરમાત્મા કેવા હશે? ક્યાં રહેતા હશે?

ધ્યાન વખતે ધ્યાતા પુરુષ શું ધ્યાવે છે? 'આ સ્વસંવેદનપ્રત્યક્ષ અખંડ નિજપરમાત્મદ્રવ્ય હું છું—એમ તે ધ્યાવે છે. જેમાં ગુણ-ગુણીભેદ નથી, આ દ્રવ્ય ને આ પર્યાય—એવો ભેદ જેમાં નથી, એવા નિર્વિકલ્પ એક અંખડ આત્માને ધર્મી ભાવે છે. ભાવે છે એટલે અનુભવે છે. અનુભવમાં આત્મા પ્રત્યક્ષપ્રતિભાસરૂપ થાય છે. આવા નિજપરમાત્મામાં સન્મુખ થઈને પર્યાય તેને ધ્યાવે છે. આત્માની અનંત શક્તિઓમાં એક પ્રકાશશક્તિ એવી છે કે આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ થાય. ધર્મી તેને જ્ઞાનમાં પ્રત્યક્ષ કરે છે. ધર્મીના ધ્યેયરૂપ આત્મા પરમપારિણામિકભાવલક્ષણવાળો છે, અવિનશ્વર છે. તે ધ્યેયમાં લીન થઈને પર્યાય તેને ધ્યાવે છે. ધ્યેયરૂપ આવા આત્માને 'પરમાત્મા' કહ્યો છે. તે ક્યાં રહેતો હશે? શું ક્યાંક દૂરદૂર રહેતો હશે?—ના; એ તો પોતે જ છે; નિજપરમાત્મદ્રવ્ય હું પોતે જ છું—એમ ધર્મી પોતાને અનુભવે છે. આવા અનુભવને પરમાત્મભાવના કહેવાય છે. દરેક જીવે આવી ભાવના કરવા જેવી છે.

## આત્મધ્યાનમાં બોજો નથી પણ આનંદ છે,
## તું ભિખારી નથી પણ ભગવાન છો

ચિદાનંદસ્વભાવના અનુભવરૂપ ભાવના છે તે વિકલ્પરૂપ નથી પણ સ્વસંવેદનરૂપ છે, તે ક્ષાયોપશમિકજ્ઞાનરૂપ છે. (જ્ઞાન અપેક્ષાએ તેમાં ક્ષાયોપશમિકભાવ છે; શ્રદ્ધા અપેક્ષાએ કોઈને ક્ષાયિકભાવ પણ હોય, ઔપશમિક પણ હોય કે ક્ષાયોપશમિક પણ

હોય.) ત્રણભાવરૂપ આવી ભાવનાપરિણતિ સાધક જ્ઞાનીને હોય છે. અજ્ઞાની તો પોતામાં રહેલા ભગવાન આત્માના નિજનિધાનને ભૂલીને બહારની લક્ષ્મી વગેરેની ભાવના કરે છે. અરે ! ત્રણલોકનો નાથ ભીખારી થઈને લોકમાં ભમે છે.—એ તે કાંઈ એને શોભે છે ! આનંદકંદ સુખભંડાર આત્મા છે તેના શ્રદ્ધા-જ્ઞાન જેને થાય તે સુખ માટે બહારમાં વલખાં નાંખે નહિ; એને આત્માના આનંદ સિવાય બીજે ક્યાંય આનંદ ભાસે નહી. પોતાના સ્વભાવમાં જેવો આનંદ ધર્મીએ અનુભવ્યો છે તે જાતનો આનંદ બીજે ક્યાંય શરીરમાં—લક્ષ્મીમાં—સ્ત્રીમાં—સ્વર્ગમાં કે પુણ્ય-પાપના ભાવમાં ક્યાંય નથી. આત્મામાં આવા આનંદનો અનુભવ થાય ત્યારે જીવને ધર્મી કહેવાય; એ સિવાય બહારની ક્રિયા ઉપરથી ધર્મી કહેવાય નહી. આ બધું સમજવામાં અજ્ઞાનીને મહેનત ને બોજો લાગે છે. પણ ભાઈ, આ તો વસ્તુ સહજ છે ને આનંદદાયક છે; આત્માને સાધવામાં—ધ્યાવવામાં બોજો નથી પણ આનંદ છે; એમાં જ સાચી વિશ્રાંતિ છે.

## ધર્માત્મા ધ્યેયપણે કોને ધ્યાવે છે ?

અરે ભગવાન ! તને સ્વઘરની ખબર ન પડે—એ તે કેવી ભૂલ ? આત્મામાં સાધ્ય શું ને સાધન શું, તેના ભાન વગર રાગથી ધર્મ સાધવા માંગે કે આંખ મીંચીને બેસે તેથી કાંઈ ધર્મ ન થાય. અંતરમાં પૂર્ણાનંદથી પરિપૂર્ણ સ્વસત્તા કેવી છે તેના સ્વીકાર વગર ને તેમાં ઢળ્યા વગર જ્ઞાનચક્ષુ ખૂલતા નથી. જેવો સ્વભાવ છે તેવો જાણીને તે સ્વભાવ તરફ ઢળવું—વળવું—પરિણમવું તે ધર્મ છે. ધર્મી જીવ મોક્ષને માટે કોઈ પરનું—નિમિત્તનું ધ્યાન નથી કરતો, પાપનું કે પુણ્યનું ધ્યાન નથી કરતો, ભેદનું—વ્યવહારનું કે નિર્મળપર્યાય પ્રગટી તેનું ધ્યાન નથી કરતો, પણ ધ્રુવસ્વભાવથી પરિપૂર્ણ વસ્તુને ધ્યાનમાં ધ્યાવે છે. તેના ધ્યેયે નિર્મળપર્યાય પ્રગટી તેને એકદેશવ્યક્તિ કહેવાય છે; ને કેવળજ્ઞાન તે પૂર્ણવ્યક્તરૂપ છે' વ્યક્તપર્યાય અપેક્ષાએ કેવળજ્ઞાન પૂર્ણ છે, પણ આખી વસ્તુની અપેક્ષાએ તો કેવળજ્ઞાનપર્યાય પણ તેનો એક અંશ છે; એટલે ધ્યાનપર્યાયનું ધ્યેય તે નથી, ધ્યાનનું ધ્યેય તો અખંડરૂપ નિજપરમાત્મદ્રવ્ય છે. ધ્યેય પારિણામિકભાવરૂપ છે, ને ધ્યાનદશા ઔપશમિકાદિ ત્રણ ભાવોરૂપ છે; ઉદયભાવ (રાગાદિ) તે તો ધ્યેયમાં કે ધ્યાનમાં એક્કેયમાં આવતા નથી. વીતરાગી ધ્રુવસ્વભાવમાં અંતર્મુખ થઈને તેને ધ્યેય કરતાં એટલે કે અભેદ અનુભવ કરતાં સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધપદ સુધીની નિર્મળપર્યાયો પ્રગટી જાય છે. પર્યાયનો કે ગુણનો ભેદ પાડીને ધ્યેય કરવા જાય તો રાગ થાય છે. ચંચળતા થાય છે, ચિત્ત સ્થિર થતું નથી. ધ્યાનદશા તો અનાકુળ શાંત વીતરાગભાવરૂપ છે. અંતરમાં સત્‌વસ્તુને ધ્યેય બનાવવાની રીત સંતોએ બતાવી છે, એ રીતે મોક્ષમાર્ગ બતાવ્યો છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



સ્વભાવના ધ્યાને જે નિર્મળદશા થઈ તે જાણવાયોગ્ય છે પણ તે ધ્યેય કરવા યોગ્ય નથી,— જેમ વ્યવહાર તે કાળે જાણેલો પ્રયોજનવાન છે, પણ તે આશ્રય કરવાયોગ્ય નથી. અંતરમાં અભેદસ્વભાવને ધ્યાવવો—ભાવવો—અનુભવવો તે જ મોક્ષમાર્ગ છે.

## ધર્મી ભેદને નથી ભાવતો. અભેદને ભાવે છે —ધ્યાવે છે—ચૂસે છે—અનુભવે છે

પર્યાયઅપેક્ષાએ કેવળજ્ઞાનાદિને 'પરમભાવ' કહેવાય, મોક્ષદશાને પરમપદ કહેવાય, પણ દ્રવ્યસ્વભાવઅપેક્ષાએ તો શુદ્ધ પારિણામિકસ્વભાવ તે જ પરમભાવ છે—જે ત્રિકાળ એકરૂપ છે. આવા પરમભાવરૂપ નિજ પરમાત્મદ્રવ્ય હું જ છું—એમ અંતર્મુખપરિણતિવડે ધર્મી અનુભવે છે—ધ્યાવે છે—ભાવે છે, ધ્યાતા પોતાના આત્માને આવો ધ્યાવે છે, તે જ મોક્ષના કારણરૂપ ધ્યાન છે. પોતાથી ભિન્ન બીજા અનંત પરમેશ્વરભગવંતો થયા, તેમનાથી તો પોતે જુદો છે, ધ્યાતા પોતે તો પોતાના જ આત્માને પરમાત્મસ્વરૂપે ધ્યાવે છે. આત્માથી ભિન્ન પરદ્રવ્યોનું ચિંતન તે તો સવિકલ્પધ્યાન છે, તે ધ્યાન મોક્ષનું કારણ થતું નથી. મોક્ષના કારણરૂપ એવા પરમાર્થધ્યાનમાં તો પોતાનો શુદ્ધઆત્મા જ ધ્યેયરૂપ છે, તેમાં બીજા ઉપર લક્ષ હોતું નથી, લક્ષ અને લક્ષ્ય બંને અભેદ થાય છે તેનું નામ ધ્યાન છે. તે રાગથી શૂન્ય છે ને અતીન્દ્રિય આનંદથી ભરેલું છે. આ ધ્યાનમાં ધર્મીને પરલક્ષ તો નથી, ને પોતામાં પણ 'ખંડજ્ઞાનરૂપ હું છું' એમ પર્યાયભેદને તે ધ્યાવતો નથી,—ભેદની સામે જોતો નથી; અભેદઆત્માને ભાવે છે,—ભાવે છે એટલે ધ્યાવે છે એટલે ચૂસે છે,—ચૂસે છે એટલે અનુભવરસનો સ્વાદ લ્યે છે. આ રીતે ધર્મી પોતાના પરમાત્મતત્ત્વને ભાવીને-ધ્યાવીને પર્યાયમાં પુષ્ટ થાય છે, ને કેવળજ્ઞાન પ્રગટ કરીને પરમાત્મા થાય છે. આ રીતે બધા જીવોએ પોતાના પરમાત્મસ્વભાવને ધ્યાવવો તે ભાવાર્થ છે.

## મોક્ષના કારણરૂપ આ ભાવના....તેને તમે ભાવો

આ મોક્ષના કારણરૂપ જે ભાવના છે તે એકદેશ શુદ્ધનયનો વિષય છે, તેમાં નિર્વિકાર સ્વસંવેદનલક્ષણરૂપ ભાવશ્રુત છે, આત્માની એકદેશ શુદ્ધતારૂપ આ ભાવના મોક્ષમાર્ગમાં હોય છે; પૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષદશા થતાં 'ભાવના'દશા રહેતી નથી, ત્યાં તો ભાવનાનું ફળ પ્રગટ્યું છે. મોક્ષના કારણરૂપ એવી આ ભાવનામાં ધર્મી શું ભાવે છે?— 'જે સકલ નિરાવરણ અખંડ એક પ્રતિભાસમય અવિનશ્વર શુદ્ધપારિણામિક-પરમભાવલક્ષણ નિજપરમાત્મદ્રવ્ય તે જ હું છું, એમ જ્ઞાની ભાવશ્રુતવડે ભાવે છે; પરંતુ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

'ખંડજ્ઞાનરૂપ હું છું' એમ જ્ઞાની ભાવતા નથી. આ પ્રકારે શુદ્ધાત્માની ભાવનારૂપે પરિણમવું તે આ તાત્પર્યવૃત્તિનું તાત્પર્ય છે; ને આ ભાવના ભવનાશિની છે.

✍ સકલનિરાવરણ એટલે જેમાં બિલકુલ આવરણ નથી.

✍ અખંડ=જેમાં ખંડ નથી, ભેદ નથી.

✍ એક=જેમાં પર્યાયના ભેદો નથી.

✍ પ્રત્યક્ષ-પ્રતિભાસમય=જ્ઞાનમાં જેનો પ્રત્યક્ષ પ્રતિભાસ થાય; પરોક્ષ એવા ઈન્દ્રિયજ્ઞાનમાં જે ન આવે; સાક્ષાત્ જ્ઞાનમાં જ ભાસે એવો છે.

✍ અવિનશ્વર=જેનો નાશ નથી; પર્યાય નાશવાન છે.

✍ શુદ્ધ=જેમાં કોઈ પ્રકારની અશુદ્ધતા નથી.

✍ પારિણામિક-પરમભાવલક્ષણ=જેમાં કોઈની અપેક્ષા નથી, બંધ-મોક્ષની પણ અપેક્ષા જેને નથી એવો નિરપેક્ષ પરમભાવ, સદા ધ્રુવપણે એકરૂપ રહેનારો પારિણામિકસ્વભાવ.

✍ નિજપરમાત્મદ્રવ્ય=કોઈ બહારના બીજા પરમાત્મા નહિ પણ પોતાનો જ પરમસ્વભાવી પરમાત્મા, તે ધર્મીનો ધ્યેય છે.

જુઓ તો ખરા! કેટલા વિશેષણોથી ધ્યેયરૂપ આત્મા ઓળખાવ્યો છે! આવો જ હું છું—એમ પોતે પોતાના નિજપરમાત્મને ધ્યાવતાં પરમાત્મદશા પ્રગટે છે; બીજા જુદા પરમાત્માને ધ્યાવતાં શુભ રાગ છે, તેના વડે પરમાત્મા થવાતું નથી. આ રીતે નિજપરમાત્મનું સ્વરૂપ જાણીને દરેક જીવે તેની ભાવના કરવા જેવી છે, તેની ભાવના વડે જ ધર્મ અને મુક્તિ થાય છે.

## ઉ...પ...સં...હા...ર

આ રીતે, જ્ઞાનસ્વરૂપ આત્મા પરભાવનો અકર્તા-અભોક્તા છે તે ચક્ષુના દૃષ્ટાંતે બતાવ્યું; જીવના પાંચ ભાવો વર્ણવીને તેમાંથી મોક્ષનું કારણ ત્રણ ભાવો છે તે સમજાવ્યું; દ્રવ્ય અને પર્યાયને ભિન્નપણું ક્યા પ્રકારે છે તેની વ્યાખયા કરી; શક્તિ અને વ્યક્તિ, ક્રિયા અને નિષ્ક્રિય તે પણ બતાવ્યા; ધ્યાન શું ને ધ્યેય શું તે પણ બતાવ્યું; અને છેલ્લે ધર્મી કેવા આત્માની ભાવના કરે છે તે સમજાવીને તેવી ભાવનાનો ઉપદેશ આપ્યો. હવે આ કથનનો ઉપસંહાર કરતાં કહે છે કે—આ વ્યાખ્યાન પરસ્પર સાપેક્ષ એવાં આગમ-અધ્યાત્મના

અવિરોધપૂર્વક કહ્યું છે, તેમ જ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—એ બંને નયોના અભિપ્રાયના અવિરોધપૂર્વક જ કહેવામાં આવ્યું છે. તેથી તે યથાર્થ છે, સિદ્ધ છે, બાધા રહિત છે એમ વિવેકીઓએ જાણવું.

રાજકોટમાં આઠ દિવસની, ને સોનગઢમાં છ દિવસની એમ કુલ ૧૪ દિવસની, ૩૨૦ ગાથા ઉપરની આ અલૌકિક પારાયણ હવે પૂરી થાય છે. ભગવાન આત્માની આ અપૂર્વ ભાગવત-કથા છે. ઘણા ઘણા પ્રકારથી વિસ્તાર કરીને આમાં શુદ્ધાત્માનું સ્વરૂપ સમજાવ્યું છે, તેના દ્રવ્ય-પર્યાય જેમ છે તેમ બતાવ્યા છે, તેમાં ક્યાંય વિરોધ નથી. આ પ્રમાણે યથાર્થ વસ્તુસ્વરૂપ ઓળખીને વિવેકી જીવોએ, મુમુક્ષુ જીવોએ અંતરમાં પોતાના શુદ્ધાત્માની ભાવના કરવી,—તે જ બધાનો સાર છે. રાગથી ભિન્ન પાડીને જ્ઞાનસ્વરૂપ શુદ્ધાત્માને વારંવાર ભાવવો. આવી ભાવના વડે ભવનો નાશ થઈને સિદ્ધપદ પમાય છે.

જય હો...ધ્યેયરૂપ પરમાત્મભગવાનનો.

જય હો....નિજ પરમાત્મદર્શન માટે જ્ઞાનચક્ષુદાતાર ગુરુદેવનો.

જય હો....અનેકાંતરહસ્યભરપૂર જૈનશાસનનો.

સહજ ચિદાનંદ.

સંસારમાં ગમે તેવા ક્લેશના કે પ્રતિકૂળતાના પ્રસંગો આવે પણ જ્ઞાનીને જ્યાં ચૈતન્યના ધ્યાનની સ્ફૂરણા થઈ ત્યાં તે બધાય ક્લેશ ક્યાંય ભાગી જાય છે, ગમે તેવા પ્રસંગમાંય એનાં શ્રદ્ધા જ્ઞાન ઘેરાઈ જતા નથી. જ્યાં ચિદાનંદ–હંસલાનું સ્મરણ કર્યું ત્યાં જ દુનિયાના બધા ક્લેશો દૂર ભાગી જાય છે. સંસારના ઝેરને ઉતારી નાંખનારી આ જડીબુટ્ટી છે. એ જડીબુટ્ટી સૂંઘતાં સંસારના થાક ક્ષણભરમાં ઊતરી જાય છે.


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.